ઈર્ષા, (જેલસી) *n.* Jealousy. અદેખાઇ.
ઈર્ષાખોર, -ળુ, (જેલસ) *a.* Jealous. અદેખું.
ઈશ, -શ્વર, (ગૉડ્) *n.* God. ભગવાન.
ઈશાન, (નાર્થ-ઇસ્ટ) *n.* Noth-east. ઉત્તર અને પૂર્વ દિશા વચ્ચેનો ખૂણો.
ઈશુખ્રિસ્ત, (જીસસ ક્રાઈસ્ટ) *n.* Jesus Christ. ખ્રિસ્તી ધર્મના સંસ્થાપક.
ઈશ્વરદત્ત, (નેચરલ) *a.* Natural. કુદરતી.
ઈસવીસન, (ક્રીસ્ચ્યન ઈરા) *n.* Christain era. ખ્રિસ્તી સંવત.
ઈસાઈ, (ક્રીસ્ચ્યન) *n.* & *a* Christain. ખ્રિસ્તી.
ઈંટ, (બ્રીક) *n.* Brick. ઘર વગેરે ચણવામાં વપરાતું માટીનું ચોસલું.
ઈંડું, (એગ્) *n.* Egg. બેદું.

ઉ

ઉકરડો, (ડંગહીલ) *n* Dung-hill. છાણ-પૂંજાનો ઢગલો.
ઉકરાંટા, (શીવરીંગ) *n.* Shivering. ટાઢની ધ્રુજારી.
ઉકળાટ, (હીટ્) *n.* Heat. ઘામ; તાપ.
ઉકાળવું, (બોઇલ) *vt.* Boil. ઉકળે એમ કરવું.
ઉકાળો, (ડીકૉકશન) *n.* Decoction. કાઢો.
ઉકેલ, (વે આઉટ્) *n.* Way out. નિકાલ.
ઉકેલવું, (ડીસએન્ટેંગલ) *vt.* Disentangle. ગૂંચ કાઢવી. (રીડ્) *vt.* Read. વાંચવું.

ઉક્ત, (સ્પોકન) *ad*. Spoken. કહેલું.
ઉક્તિ, (સ્પીચ) *n*. Speech: કથન.
ઉખાડવું,(ઇરેડીકેટ) *vt*. Eradicate. ચોંટેલું જુદું કરવું
ઉખાણું, (રીડલ) *n*. Riddle. સમસ્યા; કોયડો.
ઉગમણું, (ઇસ્ટર્ન) *a*. Eastern. પૂર્વ દિશાનું.
ઉગાડવું, (મેક ગ્રો) *vt*. Make grow. ઊગે એમ કરવું.
ઉગામવું, (રેઇઝ) *vt*. Raise. મારવા ઉપાડવું.
ઉગારવું, (સેવ) *vt*. Save. બચાવવું.
ઉગ્ર, (શાર્પ) *a*. Sharp. જલદ. (હોટ) *a*. Hot. ક્રોધી.
ઉગ્રતા, (સીવીરીટી) *n*. Severity. ઉગ્ર હોવું તે.
ઉઘરાણી, (ડીમાન્ડ) *n*. Demand. તકાદો.
ઉઘરાણું, (સબસ્ક્રીપ્શન) *n*. Subscription. ફાળો.
ઉઘરાવવું, (કલેક્ટ) *vt*. Collect. એકઠું કરવું.
ઉઘાડવું, (ઓપન) *vt*. Open. ખુલ્લું કરવું.
ઉઘાડું, (અનકવર્ડ) *a*. Uncovered. નહિ ઢાંકેલું.
ઉઘાડેચોક,–છોગે, (ઓપન્લી) *ad*. Openly. ખુલ્લી રીતે.
ઉચાટ, (એંક્ષાયટી) *n*. Anxiety. ચિંતા; અધીરાઇ.
ઉચાપત,(મીસએપ્રોપ્રીએશન) *n*. Misappropriation. [ઓળવવું તે.
ઉચિત, (ફીટ) *a*. Fit. યોગ્ય.
ઉચ્ચ, (હાય) *a*. High. ઊંચું.
ઉચ્ચાર, (પ્રોનન્શીએશન) *n*. Pronunciation. બોલ- [વાની ઢબ.
ઉચ્ચારવું, (પ્રોનાઉન્સ) *vt*. Pronounce. બોલવું. [યોજના.
ઉચ્ચાલન, (લીવર) *n*. Lever. વજન ઊંચું કરવાની એક
ઉચ્છૃંખલ, (રેશ) *a*. Rash. ઉદ્ધત.
ઉચ્છેદક, (ડીસ્ટ્રક્ટર) *n*. Destructor. નાશ કરનાર.

ઉછાળવું, (ટૉસ અપ) *vt.* Toss up. ઊંચે ફેંકવું.
ઉછાળો, (જમ્પ) *n.* Jump. કૂદકો. (સડન રાઈઝ) Sudden rise. એકાએક વધારો. | તોફાની.
ઉછાંછળું, (ચાઈલ્ડીશ) *a.* Childish. અવિચારી;
ઉછેરવું, (બ્રીડ) *vt.* Breed. પાળીપોષી મોટું કરવું.
ઉજળિયાત, (હાઈ કાસ્ટ) *a.* High caste. ઉચ્ચ ગણાતા વર્ગનું. [*n.* Anxiety. ચિંતા.
ઉજાગરો,(વેકીંગ) *n.* Waking. જાગરણ. (એંકઝાયટી)
ઉજાણી, (ફેસ્ટીવલ) *n.* Festival. જ્યાફત; મીજબાની.
ઉજ્જડ, (બેરન) *a.* Barren. વેરાન.
ઉજ્જવળ, (બ્રીલીયન્ટ) *a.* Brilliant. દેદીપ્યમાન.
ઉઝરડવું, (બ્રુઇઝ) *vt.* Bruise. નખ કે ધારવાળા કશીઆરથી ઘસરકોને ઉખાડવું. | પડેલા લીસોટા.
ઉઝરડો, (બ્રુઈઝ) *n.* Bruise. કાંટા વિના ઘસારાથી
ઉંટાટિયું,(હુપીંગ કફ) *n.* Whooping cough. એક રોગ.
ઉઠાઉગીર, (પીકપૉકેટ) *n.* Pickpocket. ચોર.
ઉઠાડવું, (અરાઉઝ) *vt.* Arouse. ઊઠે એમ કરવું.
ઉઠાવ, (ડીમાન્ડ) *n.* Demand. ઉપાડ; ખપત. (એપીઅરંસ) *n.* Appearance. દેખાવ. | ખરચાળ.
ઉડાઉ, (સ્પેન્ડથ્રીફ્ટ) *a.* & *n.* Spendthrift. અતિ
ઉડાડવું,-ડવું, (કૉઝ ટુ ફ્લાય) *vt.* Cause to fly ઊડે એમ કરવું (સ્પેન્ડ) *vt.* Spend. વાપરી નાખવું.
ઉડ્ડયન, (ફ્લાઈટ) *n.* Flight. ઊડવું તે. | ઉકેલવું.
ઉતરડવું,-ેડવું, (અનસ્યુ) *vt.* Unsew. સીવણ
ઉતરાણ,-ત્તરાયણ, *n.* The sun's northward

passage towards the tropic of capricorn મકરસંક્રાંતિ. [n. Ebb. ઓટ.
ઉતાર, (એન્ટીડોટ્) n. Antidote. મારણ. (એબ્)
ઉતારવું, (બ્રીંગ ડાઉન) vt. Bring down. ઉપરથી નીચે મૂકવું. (કોપી) vt. Copy. નકલ કરવી. (ડીગ્રેડ) vt. Degrade. હલકી પાયરી પર મૂકવું.
ઉતાવળ, (હેસ્ટ) n. Haste. ત્વરા. (સ્પીડ્) n. Speed.
ઉતાવળિયું, (રેશ) a. Rash. અધીરૂં. [ઝડપ.
ઉત્કર્ષ, (પ્રોસ્પેરીટી) n. Prosperity. ઉન્નતિ; વૃદ્ધિ.
ઉત્કંઠ, (ઇગર) a. Eager. આતુર.
ઉત્કંઠા, (ઈગરનેસ્) n. Eagerness. આતુરતા.
ઉત્ક્રાંતિ, (ઇવોલ્યુશન) n. Evolution. વિકાસ.
ઉત્તમ, (બેસ્ટ) a. Best. સૌથી વધારે સારૂં.
ઉત્તર, (નોર્થ) n. North. ઉત્તર દિશા. (એન્સર) n. Answer. જવાબ. (લેફ્ટ્) a. Left. ડાબું.
ઉત્તરક્રિયા, (ફ્યુનરલ રાઈટસ્) n. Funeral rites. અંતિમ ક્રિયા. [ધરીનો ઉત્તર તરફનો છેડો.
ઉત્તરધ્રુવ, (નૉર્થ પોલ) n. North Pole. પૃથ્વીની
ઉત્તરાધિકારી, (એર) n. Heir. વારસ.
ઉત્તરાર્ધ, n Last half part. બાકીનો અર્ધો ભાગ.
ઉત્તરાવસ્થા, (ઓલ્ડ એજ) n. Old age. ઘડપણ.
ઉત્તરોત્તર, (સૂરસેસીવલી) ad. Successively. ક્રમશઃ.
ઉત્તીર્ણ, (સકસેસફુલ) a. Successful. પાસ થયેલું.
ઉત્તેજન, n. Encouragement. પ્રોત્સાહન.
ઉત્તેજીત, (ઈન્સાઇટેડ્) a. Incited. ઉશ્કેરાયલું.

ઉત્પત્તિ, (ઓરીજીન) *n.* Origin. મૂળ. Birth. જન્મ.
ઉત્પન્ન,-ત્પાદન, (પ્રોડયુસ) *a.* & *n.* Produce. નીપજ.
ઉત્પાદક, (પ્રોડયુસર) *a.* & *n.* Producer. ઉત્પન્ન [કરનાર.
ઉત્સવ, (ફેસ્ટીવલ) *n.* Festival. તહેવાર.
ઉત્સાહ, (ઝીલ) *n.* Zeal. હોંશ; ઉમંગ.
ઉત્સાહી, (ઝીલસ) *a.* Zealous. ઉમંગી.
ઉત્સુક, (ઈગર) *a.* Eager. આતુર.
ઉથલાવવું, -થામવું, (ટર્ન ઓવર) *vt.* Turn over.
ફેરવવું. *vt.* Reverse. ઉંધું ચતું કરવું.
ઉદય, (રાઇઝ) *n.* Rise. ઊગવું તે; ઉન્નતિ. [ગર્ભાશય.
ઉદર, (સ્ટમક) *n.* Stomach. પેટ. (વુમ્બ) *n.* Womb.
ઉદરનિર્વાહ,-પોષણ, *n.* Maintainance. આજીવિકા.
ઉદાર,-ત્ત, (જનરસ) *a.* Generous. સખી; દાનશીલ.
ઉદારતા, (જનરોસીટી) *a.* Generosity. દાનશીલતા.
ઉદાસ,-સીન, (સેડ) *a.* Sad. ગમગીન; ખિન્ન.
ઉદાહરણ, (એકઝામ્પલ) *n.* Example. દાખલો.
ઉદ્‌ગાર, (અટરન્સ) *n.* Utterance. ઉચ્ચાર; બોલ.
ઉદ્દામ, (ફોરવર્ડ) *a.* Forward. સ્વચ્છંદી.
ઉદ્દેશ, (ઇન્ટેન્શન) *n.* Intention ઇરાદો. Motive.હેતુ.
ઉદ્ધત, (રૂડ) *a.* Rude. અસભ્ય.
ઉદ્ધાર, (ડીલીવરન્સ) *n.* Deliverance. છુટકારો.
ઉદ્ધારક, (સેવીઅર) *a.* & *n.* Saviour. ઉદ્ધાર કરનાર.
ઉદ્‌ભવ, (ઓરીજન) *n.* Origin. પેદાશ; જન્મ. [ઉદ્યોગ.
ઉદ્યમ,-દ્યોગ, (વર્ક) *n.* Work. કામ. Industry. ધંધો;
ઉદ્યમી,-દ્યોગી, (ડીલીજન્ટ) *a.* Dilligent. મહેનતુ.

ઉદ્યાન, (ગાર્ડન) *n.* Garden. બગીચો.
ઉદ્યોગશાળા, *n.* Technical school. કલાભવન.
ઉદ્વિગ્ન, (ગ્રીવ્ડ) *a.* Grieved. આકુળ; દુઃખી.
ઉદ્વેગ,-ધરાવો, (એંક્ષાયટી) *n.* Anxiety. ચિંતા; દુઃખ.
ઉધરસ, (કફ) *n.* Cough. ઠાંસો; ખાંસી.
ઉધાર, (ઓન ક્રેડીટ) *ad.* On credit. પૈસા આપ્યા વિના નામે લખાવી લીધેલું.
ઉધારવું, (ડેબીટ) *vt.* Debit. નામે લખવું.
ઉનાળો, (સમર) *n.* Summer. ગરમીની ઋતુ.
ઉન્નત, (હાઇ) *a.* High. ઊંચું.
ઉન્નતિ, (પ્રોસ્પેરીટી) *n.* Prosperity. ચડતી; આબાદી.
ઉન્મત્ત, (હૉટી) *a.* Haughty. અહંકારી.
ઉન્માદ, (મેડનેસ) *n.* Madness. ઘેલછા.
ઉપકાર, (ઓબ્લીગેશન) *n.* Obligation. પાડ; સહાય.
ઉપકૃત, (ઓબ્લાઇજ્ડ) *a.* Obliged. આભારી.
ઉપગ્રહ, (સેટેલાઇટ) *n.* Satellite. મુખ્ય ગ્રહની આસપાસ ફરનારો નાનો ગ્રહ. [ઉપાય.
ઉપચાર, (ટ્રીટમેન્ટ) *n.* Treatment. સારૂં કરવાના
ઉપજાવવું, (પ્રોડયુસ) *vt.* Produce. પેદા કરવું.
ઉપડામણ, (વેજીસ) *n.* Wages. ઉપાડવાનું મહેનતાણું.
ઉપદેશ,(એડમોનીશન) *n.* Admonition. બોધ, સલાહ.
ઉપદ્રવ,(મોલેસ્ટેશન) *n.* Molestation. પજવણી.(હાર્મ) Harm. પીડા. (કેલેમીટી) Calamity. સંકટ.
ઉપનગર, (સબર્બ) *n.* Suburb. પરૂં. [જનોઈ દેવી તે.
ઉપનયન, -ચીત, *n.* Sacred thread ceremony.

ઉપપ્રમુખ, (વાઇસ પ્રેસીડેન્ટ) *n.* Vice-president.
ઉપભોગ, (યુઝ) *n.* Use. ઉપયોગ. [મહત્ત્નીશ પ્રમુખ.
ઉપમા, (સીમીલી) *n* Simile. અર્થાલંકાર. (કંપેરીઝન)
n. Comparison. સરખામણી.
ઉપયુક્ત, (પ્રોપર) *a.* Proper. યોગ્ય. Useful.
ઉપયોગ, (યુઝ) *n.* Use. વપરાશ. [ઉપયોગી.
ઉપયોગિતા,(યુઝફુલનેસ) *n.* Usefulness. ઉપયોગીપણું.
ઉપર, (એબોવ) *prep.* Above. ઊંચે; આગળ.
ઉપરાઉપરી, (વન એબોવ ધી અધર) *ad.* One above
the other. એક પછી એક; લાગલાગટ.
ઉપરાંત,(બીસાઇડઝ) *prep.* Besides. વિશેષમાં; સિવાય.
ઉપરી, (સુપીરીયર) *n.* Superior. ઉપરનો અધિકારી.
ઉપર્યુક્ત, *a.* Abovementioned. ઉપર જણાવેલું.
ઉપલક, *a.* Supernumerary. ફાલતુ; વધારાનું.
ઉપલબ્ધ, (ઓબ્ટેઇન્ડ) *a.* Obtained. મળેલું; મેળવેલું.
ઉપલભ્ય, (ઓબ્ટેઇનેબલ) *a.* Obtainable. મેળવી
ઉપવન, (ઓર્ચર્ડ) *n.* Orchard. બાગ. [શકાય એવું.
ઉપવાસ, (ફાસ્ટ) *n.* Fast. અનશન; ન ખાવું તે.
ઉપસંહાર, (સમીંગ અપ) *n.* Summing up. સારાંશ.
ઉપસાગર, (બે) *n.* Bay. પહોળા મુખનો અખાત.
ઉપસાવવું, (એક્ષપાન્ડ) *vt.* Expand. ફુલાવવું;
પહોળું કરવું. [માંથી ફલિત થતો સિદ્ધાંત.
ઉપસિદ્ધાંત, (કારોલરી) *n.* Corollary. મુખ્ય સિદ્ધાંત-
ઉપસ્થિત, (એરાઇવ્ડ) *ad.* Arrived. હાજર.
ઉપહાર, (ગીફ્ટ) *n.* Gift. ભેટ; બક્ષિસ.

ઉપહાસ, (રીડીક્યુલ) *n.* Ridicule. મશ્કરી.
ઉપાડવું, (લીફ્ટ અપ) *vt.* Lift up. ઊંચકવું.
ઉપાધિ, (એફ્લીક્શન) *n.* Affliction. પીડા. (ડીગ્રી) *n.* Degree. પદવી. (ટાઇટલ) *n.* Title. ખીતાબ.
ઉપાધ્યાય, (પ્રીસેપ્ટર) *n.* Preceptor. પુરોહિત; ગોર.
ઉપાય, (રેમેડી) *n.* Remedy. ઇલાજ.
ઉપાર્જિત, (એક્વાયર્ડ) *a.* Acquired. મેળવેલું.
ઉપાશ્રય, (મોનેસ્ટ્રી) *n.* Monastery. અપાસરો.
ઉપાસના, (વર્શીપ) *n.* Worship. ભક્તિ; સેવા.
ઉપાહાર, *n.* Light refreshment. નાસ્તો.
ઉપાહારગૃહ, (હૉટેલ) *n.* Hotel. હૉટલ. [બેદરકારી.
ઉપેક્ષા, (કંટેંપ્ટ) *n.*Contempt. તિરસ્કાર.Negligence.
ઉપોદ્ઘાત, (પ્રીફેસ) *n.* Preface. પ્રસ્તાવના.
ઉભય,(બોથ) *prn.* & *a.* Both. બન્ને.[બંનેને જોડનારૂં.
ઉભયાન્વયી,(કનેક્ટીંગ બોથ) *a.* Connecting both.
ઉમદા, (નોબલ) *a.* Noble. સારૂં; ખાનદાન.
ઉમ્મર, (એજ) *n.* Age. વય.
ઉમ્મરલાયક, (મેજોર) *a.* Major. પુખ્ત વયનું.
ઉમરાવ, (પીઅર) *n.* Peer. અમીર. [વ્હાલહેતનો ઉભરો.
ઉમળકો, (આર્ડન્ટ ફીલીંગ) *n.* Ardent feeling.
ઉમંગ, (ઝીલ) *n.* Zeal. ઉત્સાહ. (જોય) *n.* Joy.હર્ષ.
ઉમંગી, (ઝીલસ) *a.* Zealous. ઉત્સાહી. [રાત્રિ.
ઉમા,-મિયા, *n.* Parvati. શંકરની પત્ની. [Night..
ઉમાપતિ,-મેશ, (શંકર) *n.* Shankar. શંકર ભગવાન.
ઉમેદ, (હોપ) *n.* Hope. આશા. [ઉમેદવાર.

ઉમેદવાર, (કૅન્ડીડેટ) *n.* Candidate. નોકરી માટેનો
ઉમેદવારી, (કૅન્ડીડસી) *n.* Candidacy. ઉમેદવારીપણું.
ઉમેરવું, (ઍડ્) *vt.* Add. વધારો કરવો.
ઉમેરણ,–રો, (એડીશન) *n.* Addition. વધારો.
ઉર, (હાર્ટ) *n.* Heart. હૃદય. (ચેસ્ટ) *n.* Chest. છાતી.
ઉરફે,–ર્ફે, (ઓર) *prep.* Or. અથવા; કિંવા.
ઉરાંગઉટાંગ, (એપ) *n.* Ape. એક પ્રકારનો વાંદરો.
ઉરૂ,(વાઇડ) *a.* Wide. વિશાળ. (હાઈ) High. ઊંચું.
ઉર્વશી, (ફેરી) *n.* Fairy. એક અપ્સરા.
ઉલંઘવું, (ક્રોસ) *vt.* Cross. ઓળંગવું. (ડીસરીગાર્ડ) *vt.* Disregard. અનાદર કરવો.
ઉલાળ,–ળ, (સ્લોપ) *n.* & *a.* Slope. ઢોળાવ.
ઉલાળવું, (ટૉસ અપ) *vt.* Toss up. ઉછાળવું.
ઉલાળો, (લૅચ) *n.* Latch. ઊભો આગળો.
ઉલેચવું, (ડ્રૉ આઉટ્) *vt.* Draw out. થોડે થોડે બહાર કાઢવું.
ઉલ્કા, (મીટીઓર) *n.* Meteor. ખરતો તારો.
ઉલ્કાપાત, (કેટેસ્ટ્રોફ) *n.* Catastrophe. મહા અનર્થ.
ઉલ્લંઘન,–પરવટ,(વાયોલેશન) *vt.* Violation. અનાદર.
ઉલ્લાસ,–લ્હાદ, (જોય) *n.* Joy. આનંદ.
ઉલ્લેખ, (મેન્શન) *n.* Mention. નિર્દેશ.
ઉશીકું, (પીલો) *n.* Pillow. તકિયો.
ઉશ્કેરવું, (એકસાઇટ) *vt.* Excite, ઉત્તેજીત કરવું.
ઉશ્કેરણી, (ઇન્સ્ટીગેશન) *n.* Instigation. ઉશ્કેરવું તે.
ઉશ્કેરણી, (એકસાઇટમેન્ટ) *n.* Excitement. આવેશ.
ઉષઃકાલ, (મોર્નીંગ ટાઇમ) *n.* Mornng itime.

ઉષા, (ડૉન્) n. Dawn. પરોઢ.
ઉષ્ણ, (હૉટ્) a. Hot. ગરમ.
ઉષ્ણકટિબંધ, (ટૉરીડ ઝોન) n. Torrid zone. વિષુવ-
વૃત્તથી ૨૩॥ અંશ ઉત્તર અને ૨૩॥ અંશ દક્ષિણ
ઉષ્ણતા,-મા, (હીટ્) n. Heat. ગરમી. [વચ્ચેનો ભાગ.
ઉષ્ણતામાપક, (થરમૉમીટર) n. & a. Thermometer.
ઉષ્ણતા માપવાનું યંત્ર. [વહન કરનારૂં,
ઉષ્ણતાવાહી, (ડાયાથરમીક્) n. Diathermic. ગરમી
ઉષ્ણોદક, (હૉટ વૉટર) n. Hot water. ગરમ પાણી.
ઉસ, (સૉલ્ટ્) n. Salt. મીઠાનો ખાર.
ઉસરડવું, (કલેક્ટ્) vt. Collect. એકઠું કરવું.
ઉસેટવું, (થ્રો અવે) vt. Throw away. ફેંકી દેવું.
ઉસ્તાદ, n. Teacher. ગુરૂ. a. Clever. કામેલ.
ઉસ્તાદી, (ક્લેવરનેસ) n. Cleverness. કામેલિયત.
ઉંદર, (રૅટ) n. Rat. ઉંદર. [પિંજરૂં.
ઉંદરિયું. n. Trap to catch rats. ઉંદરો પકડવા માટેનું
ઉંબરો, (થ્રેશહોલ્ડ્) n. Threshold. ઘરનો ઉંબરો.

ઊ

ઊકલવું, (બી અનટાઇડ્) vi. Be untied. છૂટવું
ઊકળવું, (બૉઇલ) vt. Boil. ગરમ કરવું. [ખૂલવું; સળગવું.
ઊખડવું, (બી ઇરેડીકેટેડ્) vt. Be eradicated.
ઊખડેલ, (વેવાર્ડ) a. Wayward. વંઠી ગયેલું. [છુટા પડવું.
ઊગરવું, (બી રીસક્યુડ્) vt. Be rescued. બચવું.

(રીમેઈન ઓવર) *vt.* Remain over. બચવું.
ઊગવું, (ગ્રો) *vt.* Grow. ઉત્પન્ન થવું; ફૂટવું.
ઊઘડવું, (ઓપન) *vt.* Open. ખુલવું; ઉઘાડું થવું.
ઊઘાડું, (ઓપન) *a.* Open. ખુલ્લું.
ઊચકવું, (રેઇઝ) *vt.* Raise, ઊંચું કરવું. Undertake.
ઊચરવું, (અટર) *vt.* Utter. બોલવું. [માથે લેવું.
ઊછરવું, (ગ્રો) *vt.* Grow. વૃદ્ધિ પામવી; મોટા થવું.
ઊછળવું, (લીપ) *vt.* Leap. કૂદવું. [ઉત્સવ કરવો.
ઊજવવું, (મેક એ ફેસ્ટીવલ) *vt.* Make a festival.
ઊજળું, *a.* White. સફેદ. Stainless. નિષ્કલંક.
ઊઠવું, (રેઈઝ) *vt.* Raise. ઊભા થવું.
ઊડઈ, (કાઈટ) *n.* Kite. પતંગ.
ઊડકવું,-ટકવું, (ક્લીન્સ) *vt.* Cleanse. માંજવું.
ઊડઝૂડ, (રેશલી) *ad.* Rashly. વિવેક વિચાર વિના.
ઊડઈ, (ફ્લાય) *vt.* Fly. હવામાં અદ્ધર જવું. (રન
અવે) *vt.* Run away. નાસી જવું.
ઊણપ, (વાન્ટ) *n.* Want. ઓછપ.
ઊણું, (ઇનકંપ્લીટ) *a.* Incomplete. અધૂરૂં.
ઊતડવું,-રડવું, (અનસ્યુ) *vt.* Unsew. દોરા છુટા કરવા.
ઊતરવું, (ડીસેન્ડ) *vt.* Descend. નીચે આવવું.
(લેસન) *vt.* Lessen. ઓછું થવું. [ફેરફાર.
ઊથલપાથલ, (ગ્રેટ ચેન્જ) *n.* Great change. મહાન
ઊથલો, (રીલેપ્સ) *n.* Relapse. ગયેલો મંદવાડ પાછો
ઊદું, (ગ્રે) *vt.* Gray. ભૂરૂં. [આવે તે.
ઊધઈ, (એન્ટ) *n.* Ant. જીવડું.

ઊન, (વુલ) *n.* Wool. ઘેટાંના વાળ.
ઊનું, (હૉટ) *a.* Hot. ગરમ.
ઊપજ, (ઇન્કમ) *n.* Income. આવક.
ઊપજવું,(બી પ્રોડયુસ્ડ) *vt.* Be produced. ઉત્પન્ન થવું.
ઊપડવું, (સ્ટાર્ટ) *vt.* Start. ચાલતા થવું. [કરવું.
ઊપણવું, (વીનો) *vt.* Winnow. પવનદ્વારા ચોકખું
ઊપસવું, (સ્વેલ) *vt.* Swell. ફૂલવું.
ઊબ, (મોલ્ડ) *n.* Mould. ફૂગ.
ઊબકો, (બેલ્ચીંગ) *n.* Belching. બકારી.
ઊભરાવું, (એફરવેસ) *vt.* Effervesce. ઉછાળો.
ઊભરો, (એફરવેસન્સ) *n.* Effervescence. ઉછાળો.
ઊભવું, (સ્ટેન્ડ) *vt.* Stand. ઊભા રહેવું.
ઊભું, (સ્ટેન્ડીંગ) *a.* Standing. નહિ બેઠેલું. (સ્ટ્રેઇટ) *ad.*
ઊરૂ,(થાય) *n.* Thigh જાંગ. [Straight ટટાર; સીધું.
ઊર્ધ્વ, (હાય) *a.* High, ઊંચું. (સ્ટ્રેઇટ) *a.* Straight.
ઊર્ધ્વલોક, (હેવન) *n.* Heaven. સ્વર્ગ. [સીધું.
ઊર્ધ્વાકાંક્ષી. (એમ્બીશ્યસ) *a.* Ambitious. મહત્વાકાંક્ષી.
ઊર્મિ. (વેવ) *n.* Wave તરંગ; મોજું. (ફ્લો) *n.* Flow. પ્રવાહ. (ફીલીંગ) *n.* Feeling. લાગણી. [ર્મિકાવ્ય,
ઊર્મિકાવ્ય, (લીરીક) *n.* Lyric. ઊર્મિથી ભરેલું ગીત
ઊર્મિલ, (સેન્સીટીવ) *a.* Sensitive. લાગણીપ્રધાન.
ઊલટ, (ઝીલ) *n.* Zeal. ઉમંગ.
ઊલટભેર, (ઝીલસલી) *ad.* Zealously. ઊમંગથી.
ઊલટવું, (રશ) *vt.* Rush ધસી આવવું. (રીલેપ્સ) *vt.* Relapse. ફરી થવું.

ઊલટી, (વૉમીટ્) *n*. Vomit. ઓકવું તે; વમન.
ઊલટું, (ક્રૉસ) *a*. Cross. ઊંધું. (ઓન ધી કાન્ટ્રારી) *ad*. On the contrary. સામું.
ઊલળવું, *vt*. Be overturned. ઉથલી પડવું; ઊલટાઈ જવું.
ઊહાપોહ, (ડીસ્કશન) *n*. Discussion. ચર્ચા.
ઊકરાંટો, (શીવરીંગ) *n*. Shivering. ધ્રૂજારી.
ઊંઘ, (સ્લીપ) *n*. Sleep. નિદ્રા.
ઊંઘરેટું, (સ્લીપી) *ad*. Sleepy. ઊંઘમાં ભરાયેલું.
ઊંઘણશી,-ધાળ, (આયડલ) *a*. Idle. એદી.
ઊંઘવું, (ટેક સ્લીપ) *vt*. Take sleep. નિદ્રા લેવી.
ઊંચું, (નોબલ) *a*. Noble. ઉમદા.
ઊંચાઇ,-ણ, (હાઈટ્) *n*. Height. ઊંચાપણું.
ઊંચકવું, (રેઈઝ) *vt*. Raise. ઉપાડવું.
ઊંટ, (કેમલ) *n*. Camel. એક પ્રાણી.
ઊંટવૈદ, (ક્વેક્) *n*. Quack. લેભાગુ વૈદ્ય.
ઊંડું, (ડીપ) *a*. Deep. સપાટીથી નીચે ઉતરતું. (પ્રોફા-ઉન્ડ્) *a*. Profound. ગહન; ગંભીર.
ઊંડાઈ, (ડેપ્થ) *n*. Depth ઊંડાપણું; ગહનતા.
ઊંધું, (ક્રોસ) *a*. Cross. ઊલટું.
ઊંહું, *n*. Negative utterance. ઇનકાર દર્શાવનો [ઉદગાર.

ઋ

ઋક,-ચ, (રીગ્વેદ) *a*. Rig-veda. ઋગ્વેદ-તેનો મંત્ર.
ઋક્ષા, (સેવન સ્ટાર્સ) *n*. Seven stars. સપ્તઋષિ

નામના સાત તારાઓનું ઝૂમખું. [જૂનો વેદ.
ઋગ્વેદ, *n.* Oldest of four Vedas.ચાર વેદોમાં સૌથી
ઋજુતા, (અપરાઈટનેસ) *n.* Uprightness. સરળતા.
ઋણ, (ડેડ) *n.* Debt. દેવું.
ઋણી,-ણિયું, (ઈનડેટેડ) *ad.* Indebted. દેવાદાર.
ઋતુ, (સીઝન) *n.* Season. મોસમ. Weather. હવાપાણી. Menstrual flux. અટકાવ.
ઋતુદાન, (કન્સેપ્શન) *n.* Conception. ગર્ભાધાન.
ઋતુપતિ, -રાજ, (સ્પ્રીંગ) *n.* Spring. વસંત.
ઋતુમતી, *a.* In mensuration. રજસ્વલા.
ઋત્વિજ, (પ્રીસેપ્ટર) *n.* Preceptor. પુરોહિત.
ઋષભ, (બુલ) *n.* Bull. બળદ; આખલો.
ઋષિ, (સેજ) *n.* Sage. મુનિ; સાધુ.

એ

એ, (પેટ) *prn.& a.* That પેલું (ઓહ) *int.* Oh. અરે, હો. [(સેમ) *a.* Same. સરખું.
એક, (વન) *a.* One. ૧. (સર્ટન) *a.* Certain.અમુક.
એકચિત્ત, -તાન, -ધ્યાન, (એટેન્ટીવ) *a.* & *n.* Attentive. તલ્લીન; ધ્યાનસ્થ. [સાથે; એક ઠેકાણે.
એકજથે, (કલેક્ટીવલી) *ad.* Collectively. એક
એકઠું, (જોઇન્ટ) *a.* Joint. ભેગું.
એકડો, (ફીગર વન) *n.* Figure one. એકનો આંક. Signature. સહી. Caste. જ્ઞાતિનો ગોળ.

એકતરફી,-પક્ષી, (પાર્શયલ) *a.* Partial. પક્ષપાતી.
એકતા,-ત્રતા,(યુનેનીમીટી) *n.* Unanimity.સંપ;ઐક્ય.
એકતારો, *n.* Musical instrument. એક તારવાળો તંબુરો.
એકત્ર, (ટુગેધર) *ad.* Together. સાથે.
એકદમ,(ઇમીડીયેટલી) *ad.* Immediately. તાબડતોબ.
એકદા, (વન્સ) *ad.* Once. એક સમયે. (ફોર્મરલી) *ad.* Formerly. પહેલાં.
એકધારું, (ઇનવેરીએબલ) *a.* Invariable. એકસરખું.
એકનિષ્ઠા, (ફાઇડાલીટી) *n.* Fidelity. વફાદારી.
એકપગે, (ઇગરલી) *ad.* Eagerly. તલપાપડ; અધીરું.
એકમ, (યુનિટ) *n.* Unit. અંક; એકડો. First day of a fortnight. પડમા પડવો.
એકમત, (યુનેનીમસ) *a.* Unanimous. સર્વાનુમત.
એકમાત્ર, (ઓન્લી વન) *a.* Only one. ફક્ત એક જ.
એકમાર્ગી, (નોટ વર્સટાઇલ) *a.* Not versatile. એક જ માર્ગને વળગી રહેનારું.
એકમેક, (રેસીપ્રોકલ) *a.* & *ad.* Reciprocle.પરસ્પર.
એકમેક, (એકર) *n.* Acre.પોણાબે વિઘાં જેટલી જમીન.
એકલ,-લું, (સીંગલ) *a* Single. એકાકી.
એકલદોકલ,-કાકી, (એલોન) *ad.* Alone. એકલું.
એકલપેટું, (સેલ્ફીશ) *a.* Selfish. સ્વાર્થી.
એકલવાયું, (હેલ્પલેસ) *a.* Helpless. નિરાધાર.
એકલિયું, (સીંગલ બેડ) *n.* Single bed. એકને સૂવાના આપનું ગોદડું.
એકવચની, (સીન્સીયર) *a.* Sincere. બોલ્યું પળે એવું.

એકસરખું,-રૂપ, (યુનીફોર્મ) *a.* Uniform. સમાન.
એકસંપ,-રાગ,(યુનીઅન) *n.* & *a.* Union. એકચતા.
એકહથ્થુ, (મોનોપોલાઈઝડ) *a.* Monopolised. એકજ
એકંદર, (ઈન ઓલ) *ad.* In all. કુલ. [હાથમાં હોય એવું.
એકાએક, (સડન) *a.* Sudden. આચિંતું.
એકાકાર, (જંબલ) *a.* Jumble. સેળભેળ. [અક્ષરવાળું.
એકાક્ષરી, (મોનોસીલેબીક) *a.* Monosyllabic. એક
એકાગ્ર,-રસ, (એન્ગ્રોસ્ડ) *a.* Engrossed. તલ્લીન.
એકાદ,-દું,-દેક, (સરટન) *a.* Certain. અમુક. (રેરલી વન) *ad.* Rarely one. ભાગ્યે એક.
એકાંત, (સોલીટયુડ) *n.* Solitude. જ્યાં કોઈ ન હોય તેવી જગા. (પ્રાઇવેટ) *a.* Private. ખાનગી.
એકાંતવાસ,(રીટાયરમેન્ટ) *n.* Retirement. એકાંતમાં રહેવું તે. [ત્રીજે દિવસે આવતું.
એકાંતર, -રિયો, (ઇંટરમીટન્ટ) *a.* Intermittent.
એકી,(ઑડ નંબર) *a.* & *a.* Odd number. એકી સંખ્યા.
એકીકરણ, (સીન્થેસીસ) *n.* Synthesis. અનેકને
એકીમેકી, (ગેઈમ) *n.* Game. રમત. [એક કરવાં તે.
એકેએક, (એવરી વન) *ad.* Every one. દરેક.
એકેક, (સીંગલી) *ad.* Singly. એકી વખતે એક એમ.
એક્કો, (એક્સપર્ટ) *a.* Expert. શ્રેષ્ઠ.
એજન, (ડીટો) *ad.* Ditto. ઉપર પ્રમાણે. [સંખ્યાનું.
એટલું, (સો મચ) *ad.* So much. જણાવેલા માપ કે
એટલે,-થી, (ધેરફોર) *ad.* Therefore. તેથી.
એઠવાડ,-ડો,-ડું, (રીફયુઝ) *n.* Refuse. છાંડણ વિ૦

એડી, (હીલ) *n.* Heel. પાનીનો ફેંદો.
એણીપેર,–રે,(ઇન ધેટ વે) *prep.* In that way. એ રીતે.
એદી, (આયડલ) *a.* Idle. આળસુ.
એધાણ,–ણી, (સાઇન) *n.* Sign. નિશાની.
એબ, (ડીફેકટ) *n.* Defect. ખોડ.
એમ, (સો) *ad.* So. એ રીતે.
એરણ,(એન્વીલ) *n.* Anvil લુહાર જેના પર ઘડે છે તે.
એરંડિયું, (કેસ્ટર ઓઇલ) *n.* Castor-oil. િવેલ
એરીંગ, (ઇયર-રીંગ) *n.* Ear-ring. કાનનું ઘરેણું.
એરૂ, (સ્નેક) *n.* Snake. સાપ.
એલચી, (કાર્ડમિમ) *n.* Cardamom. ઇલાયચી.
(એમ્બેસડર) *n.* Ambassador. રાજ્યના પ્રતિનિધિ.
એલફેલ, (પ્રેંકસ) *n.* Pranks. આડું અવળું તોફાન.
એવ, (સર્ટનલી) *ad.* Certainly. નિશ્ચિતપણે.
(ઓન્લી) *prep.* Only. ફક્ત.
એવડું, (સો લાર્જ) *a* So large. એટલા કદનું
એવામાં,–ટલામાં, (મીનવ્હાઇલ) *ad.* Meanwhile.
એવું, (સચ) *a.* Such. એ રીતનું. | તે દરમ્યાન.
એશઆરામ, (એન્જાયમેન્ટ) *n.* Enjoyment સુખચેન.
એળિયો, *n.* Aloes. કુંવારના પાઠાંનો સૂકવેલો ગર્ભ.
એળે, *ad.* In vain. ઇઝીલી *ad.* Easily. સહજમાં.

ઐ

ઐકાંતિક. (એકસકલુઝીવ) *a.* Exclusive. નિરાળું.

ઐક્ય, (યુનીઅન) *n.* Union. સંપ.
ઐચ્છિક, (ઓપ્શનલ) *a.* Optional. પોતાની ઇચ્છાનું.
ઐતિહાસિક, *a.* Historical. ઇતિહાસને લગતું.
ઐરાવત, *n.* Elephant of Indra. ઇંદ્રનો હાથી.
ઐશાની, (નોર્થ ઈસ્ટર્ન) *a.* North eastern. ઇશાન
ઐશ્વર્ય, (ગ્રાંડયોર) *n.* Grandeur. સાહેબી. [કોણની.
ઐશ્વર્યશાળી, (પાવરફુલ) *a.* Powerful. સંપત્તિશાળી.
ઐહિક, (ટેમ્પોરલ) *a.* Temporal. સાંસારિક.
ઐંદ્રિય, (સેન્સ્યુઅલ) *a.* Sensual. ઇંદ્રિયોને લગતું.

ઓ

ઓ, (ઓહ) *int.* Oh. અરેરે! ઓરે. That. પેલું.
ઓઈગાં, (ઈરક્ટેશન સાઉંડ) *n* Eructation sound.
ઓડકારનો અવાજ, (સ્વાલોઇંગ) *n.* Swallowing.
પચાવી જવું તે. [*vt.* Surrender. પાછું સોંપવું.
ઓકવું, (વૉમીટ) *vt.* Vomit. ઊલટી કરવી.(સરેન્ડર)
ઓકારી, (રેચીંગ) *n.* Retching. ખકારી. [કરાવવી.
ઓકાવવું, (ગેટ વોમીટેડ) *vt.* Get vomited. ઊલટી
ઓખાત,-દ, (પાવર) *n.* Power. શક્તિ: તાકાત.
ઓગળવું, (મેલ્ટ) *n.* Melt. પીગળવું. (લીક્વીફાય)
vt. Liquify. પ્રવાહી થવું.
ઓગાળવું, (ડીસોલ્વ) *vt.* Dissolve. ગાળી નાખવું.
ઓઘરાળો, (સોઈલ) *n.* Soil. ડાઘો. (લાર્જ સ્પૂન)
n. Large spoon મોટો ચમચો.

ઓઘો, (હીપ ઓફ ગ્રાસ) *n*. Heap of grass. ઘાસની ગંજી.
ઓચિંતું, (સડનલી) *ad*. & *a*. Suddenly. અણધાર્યું.
ઓછાડવું, (કવર) *vt*. Cover. ઢાંકવું; ચાદર પાથરવી.
ઓછું, (લેસ) *a*. Less. કમી.
ઓછાબોલું, (રીઝર્વ્ડ) *a*. Reserved. થોડાબોલું.
ઓજ, –સ, (લસ્ટ્ર) *n*. Lustre. પ્રકાશ.
ઓજસ્વિતા, (સ્ટ્રેંગ્થ) *n*. Strength. બળ.
ઓજાર, (ટુલ) *n*. Tool. હથિયાર.
ઓઝલ, (વેઇલ) *n*. Veil. પડદો; બુરખા ; પડની.
ઓટ, (એબ) *n*. Ebb. ભરતીનું ઊતરી જવું તે. Fall.
ઓટવું, (હેમ) *vt*. Hem. બખિયા દેવા. સીવવું.
ઓઠ, –ષ્ઠ, (લીપ) *n* Lip હોઠ.
ઓઢવું, (વેર) *vt*. Wear. પહેરવું; માથે લઈ લેવું
ઓઢાડવું, *vt*. Put a covering on. ઢાંકણ કરવું.
ઓતપ્રોત, (એંગ્રોસ્ટ) *a* Engrossed. પરોવાયેલું
ઓતરાતું, (નોર્ધન) *a* Northern. ઉત્તર દિશાનું
ઓનાકું, (રીમોટ) *a*. Remote. અપરિચિત
ઓથ, (શેલ્ટર) *n*. Shelter. આશરો
ઓથો (શેડ) *n*. Shade. છાંયો
ઓપ, (ગીલ્ટ) *vt*. Gilt ઢોળ
ઓપનાર, (શાઇનીંગ) *a*. Shining ચળકાટવાળું
ઓપટી, (નેસેસીટી) *n*. Necessity જરૂરિયાત.
ઓપવું, (શાઇન) *vt*. Shine. શોભવું.
ઓરડો, (રુમ) *n*. Room. ખંડ.
ઓરત, *a*. Woman. સ્ત્રી. different mother. સાવકું.

ઓરમાન,-યું, *a.*Having the same father, but
ઓરવું, (સૉ) *vt.* Sow. વાવવું; નાખવું. [ભળિયા.
ઓરી, (સ્મોલપોક્ષ) *n.* Smallpox. એક ચેપી રોગ;
ઓરે, -Expression of pain. દુ:ખનો ઉદ્ગાર.
ઓલવવું, (ક્વેંચ) *vt.* Quench. બૂઝવવું.
ઓલાદ, (પ્રોજેની) *n.* Progeny. સંતતિ.
ઓવારણું,(બેનીડીકશન) *n.* Benediction. આશીર્વાદ.
ઓવારો, (રીવરસાઈડ) *n.* Riverside. નદી કિનારો.
ઓશરી,-સરી, (ફ્રંટેજ) *n.* Frontage. માંડવી; અડાળી.
ઓશિયાળું, (ડીપેન્ડેન્ટ) *a.* Dependent. પરાધીન.
ઓશિકું,-સીકું, (પીલો) *n.* Pillow. તકિયો.
ઓસ, (ડયુ) *n.* Dew. ઝાકળ. [ઉપાય.
ઓસડ, (મેડીસીન) *n.* Medicine. દવા. Remedy.
ઓહો,—Expression of surprise. આશ્ચર્ય દર્શાવનો
ઓળ, (રો) *n.* Row. હાર; પંક્તિ. [ઉદ્ગાર.
ઓળખવું, (રેકગ્નાઇઝ) *vt.* Recognise. પિછાનવું.
ઓળખાણ,(એક્વેઈન્ટન્સ) *n.* Acquaintance.પરિચય.
ઓળખાવવું, (ઇંટ્રોડયુસ) *vt.* Introduce. પરિચય
ઓળખીતું,(ફેમીલીયર) *a.* Familiar.જાણીતું. [આપવો.
ઓળવવું, (યુઝર્પ) *vt.* Usurp. પચાવી પડવું.
ઓળવું, (કોમ્બ) *vt.* Comb. હોળવું; વાળ ઠીક કરવા.
ઓળંગવું,-ડવું, *vt.* Cross. પાર જવું. Violate.
ઓળો, (શેડો) *n.* Shadow. પડછાયો.[ઉલ્લંઘન કરવું,

ઔ

ઔચિત્ય. (ફીટનેસ) *n.* Fitness. યોગ્યતા.
ઔદાર્ય, (જનરોસીટી) *n.* Generosity. ઉદારતા.
ઔદ્યોગિક, *a.* Relating to an industry. ઉદ્યોગને લગતું.
[ણેલી સ્ત્રીથી પેદા થયેલું.
ઔરસ. (લેજીટીમેટ) *a.* Legitimate. પોતાની પર-
ઔષધ, (મેડીસીન) *n.* Medicine. દવા.
ઔષધશાળા, (ડીસ્પેન્સરી) *n.* Dispensary. દવાખાનું. (ફાર્મસી) *n.* Pharmacy. દવાઓ બનાવવાનું કારખાનું.

ક

કઅવસર, *n.* Inopportune time. પ્રતિકૂળ સમય.
કકડતું, -ડકકડતું, (બોઇલીંગ) *a.* Boiling. ઉકળતું; ઉગ્ર.
કકદ્ધજ, (સ્ટ્રોંગ) *a.* Strong. બળવાન.
કકડીને, (સીવીયરલી) *ad.* Severely. સખત રીતે.
કકરું, (રફ) *a.* Rough. ખડબચડું. [કલ્પાંત; બૂમરાણ.
કકલાણ, -ળાટ, (લેમેન્ટેશન) *n.* Lamentation.
કકળવું, (લેમેન્ટ) *vt.* Lament. કલ્પાંત કરવું.
કક્કો, *n.* Elementary knowledge. પ્રાથમિક જ્ઞાન.
કક્ષા, (ઓર્બીટ) *n.* Orbit. ગ્રહનો આકાશમાં ફરવાનો માર્ગ. (ગ્રેડ) *n.* Grade. શ્રેણી.
કચકચ, (આઇડલ ટૉક) *n.* Idle talk. ટકટક.
કચકડો, (ટોરટોઇઝ શેલ) *n.* Tortoise shell. કાચબાની પીઠનું હાડકું. Celluloid. તેની એક બનાવટ.

કચડવું,-રવું, (ક્રશ) *vt.* Crush. ચગદવું; ખૂંદવું.
કચરો, (રીફ્યુઝ) *n.* Refuse. નકામી ફેંકી દેવાની વસ્તુ.
કચરાપેટી, *n.* Dust-bin. કચરો એકઠો કરવાની પેટી.
કચવાટ, *n.* Dissatisfaction. અસંતોષ.
કચવાવું, *vt.* Be dissatisfied. અસંતોષ અનુભવવો.
કચુંબર,-ચૂમર, *n.* Peelings. ઝીણી કકડીઓ; ખૂંદો.
કચેરી, (કૉર્ટ) *n.* Court. અદાલત. Office. કાર્યાલય.
કચ્ચરઘાણ, *n.* Complete ruin. સર્વનાશ.
કજિયો, (ક્વોરલ) *n.* Quarrel. તકરાર.
કજિયાખોર, (ક્વોરલસમ) *a.* Quarrelsome. તકરારી.
કજોડું, (મીસમેચ) *a.* & *n.* Mismatch. અયોગ્ય જોડું.
કટક, (આર્મી) *n.* Army. સૈન્ય.
કટકટ,-ટારો, (ફૉલ્ટ ફાઈન્ડીંગ) *n.* Fault-finding.
કટાક્ષ, (લીયર) *n.* Leer. વક્રોક્તિ. [ટકટક.
કટાણું, (રસ્ટી) *a.* Rusty. કાટવાળું. Dejected.
અણગમાભર્યું. *n.* Inopportune time. કવેળા.
કટાર, -રી, (ડૅગર) *n.* Dagger. એક શસ્ત્ર.
કટિ, -ટી, (હીપ) *n.* Hip. કેડ.
કટુ, -ક, (બીટર) *a.* Bitter. કડવું; તીખું. [સમય.
કટોકટી, (ક્રીટીકલ ટાઈમ) *n.* Critical time. અણીનો
કઠર, (મોર્ટલ) *a.* Mortal. જીવલેણ.
કઠણ, (હાર્ડ) *a.* Hard. સખત.
કઠિન, -પણું, (ડીફીકલ્ટ) *a.* Difficult. મુશ્કેલ.
કઠિયારો, (વુડ-કટર) *n.* Wood cutter. લાકડાં કાપી
તે વેચવાનો ધંધો કરનાર. [તે માટે કરેલી આડ.

કઠેડો,–રો, (રેઈલીંગ) *n.* Railing. બારીએ પડી ન જવાય
કઠોર, (હાર્શ) *a.* Harsh. કર્કશ. Cruel. નિર્દય.
કઠોરતા, (ક્રુઅલટી) *n.* Cruelty. નિર્દયપણું.
કઠોળ, (પલ્સ) *n.* Pulse. દાળ પડે એવું અનાજ.
કડક, (સીવીઅર) *a.* Severe. આકરૂં.
કડવું,–ડૂચું, (બીટર) *a.* Bitter. કરિયાતાના સ્વાદ જેવું.
કડવાટ,–શ, (બીટરનેસ) *n.* Bitterness. કડવો સ્વાદ.
કડાકૂટ, (બૅાધર) *n.* Bother. માથાકૂટ.
કડાકો, (થંડરકલેપ) *n.* Thunder-clap. કડાક એવો મોટો અવાજ. Rigid fast. લાંઘણ. [કરનાર.
કડિયો, (મેસન) *n.* Mason. છોવા–ચણવાનું કામ
કડિયાકામ, *n.* Masonry. છોવા–ચણવાનું કામ.
કડી, (રીંગ) *n.* Ring. વાળી. (હુક) *n.* Hook. આંકડી. (કપલેટ) *n.* Couplet. કવિતાનું પદ.
કડું, (બ્રેસલેટ) *n.* Bracelet. હાથનું ઘરેણું.
કઢંગું, (ઑાકવર્ડ) *a.* Awkward. બેડોળ. [વાસણ.
કઢાઇ,–યું, (ફ્રાઇંગ પૅન) *n.* Frying pan. તળવાનું
કઢાવવું,(એક્સટ્રેક્ટ) *vt.* Extract. બળજબરીથી મેળવવું.
કણ,–ણી, (પાર્ટીકલ) *n.* Particle. પરમાણું. Grain.
કણક,–ણિક, (ડૉ) *n.* Douph. બાંધેલો લોટ. [દાણો.
કણપીઠ, (ગ્રેન ડીપો) *n.* Grain depot. દાણાપીઠ.
કણબી, (ફાર્મર) *n.* Farmer. ખેડૂત.
કણસલું, *n.* Ear of corn. ડૂંડું. [કરવો.
કણસવું, *vt.* Suffer agony. દુઃખને લીધે ઉંહકાર
કતરાવું, (લુક રાયલી) *vt.* Look wryly. ખીજાવું.

કતલ, (મેસેકર) *n*, Massacre. કાપાકાપી.[કસાઇખાનું.
કતલખાનું, (સ્લૉટર હાઉસ) *n*. Slaughter-house.
કતલેઆમ, (જનરલ મેસેકર) *n*. General massacre.
કતાર, (રો) *n*. Row. હાર. [ભારે કાપાકાપી.
કથન, (નેરેશન) *n*. Narration. વર્ણન.
કથની, (સ્ટોરી) *n*. Story. વૃત્તાંત.
કથળવું, (બી સ્પૉઇલ્ડ્) *vt*. Be spoiled. બગડવું.
કથા, (ટેલ) *n*. Tale. વાર્તા; કહાણી. (રીલીજીયસ લીજેન્ડ્) *n*. Religious legend. કિર્તન.
કથાનક, (સબ-સ્ટોરી) *n*. Sub-story. ઉપકથા.
કથાનાયક, (હીરો) *n*. Hero. વાર્તાનો નાયક.
કથીર, (ઝીંક) *n*. Zinc. જસત.
કદ, (સાઇઝ) *n*. Size. પ્રમાણ.
કદમ, (સ્ટેપ) *n*. Step. પગલું. [કિંમત કરવી તે.
કદર, (એપ્રીશીએશન) *n*. Appreciation. બૂઝ; ઘટતી
કદરદાન, (એપ્રીશીએટીંગ) *a*. Appreciating. ગુણજ્ઞ.
કદરૂપું,-દ્રુપ, (અગ્લી) *a*. Ugly. બેડોળ.
કદાચ,-ચિત,-પિ, (પરહેપ્સ) *ad*. Perhaps. દૈવયોગે.
કદાવર, (સ્ટાઉટ્) *a*. Stout. મજબૂત.
કદી,-ક, (સમટાઇમ્સ) *ad*. Sometimes. ક્યારેક.
કનક, (ગોલ્ડ્) *n*. Gold. સોનું.
કનકવર્ણું, (ગોલ્ડન) *a*. Golden. સોનેરી.
કનડવું, (હેરેસ) *vt*. Harass. પજવવું.
કનડગત, (હેરેસમેન્ટ્) *n*. Harassment. પજવણી.
કનકવો, (કાઇટ) *n*. Kite. પતંગ.

કનિષ્ઠ, (વર્સ્ટ) *a.* Worst. સાવ હલકું. (યંગેસ્ટ) *a.* Youngest. સૌથી નાનું. Inferior. હલકું.
કને, (નીયર) *ad.* Near. પાસે. [શોખીન પુરુષ.
કનૈયો, (કૃષ્ણ) *n.* Krishna. કૃષ્ણ. (ફોપ) *n.* Fop.
કન્યા,—ન્યકા, (મેઇડન) *n.* Maiden. કુંવારી છોકરી. (ડૉટર) *n.* Daughter. પુત્રી.
કન્યાશાળા,(ગર્લ્સ સ્કુલ) *n.* Girls school.છોકરીઓની
કપટ, (ફ્રૉડ) *n.* Fraud. પ્રપંચ. [નિશાળ.
કપટી, (ડીસીટફુલ) *a.* Deceitful. પ્રપંચી.
કપડાંલત્તાં, (ક્લોધ્સ) *n.* Clothes. લુગડાંલત્તાં.
કપડું, (ક્લોથ) *n.* Cloth. કાપડ; લૂગડું.
કપાળ, (ફોરહેડ) *n.* Forehead. લલાટ. [કરવું.
કપાવવું, (કૉઝ ટુ કટ) *vt.* Cause to cut. કાપે તેમ
કપાવું. (બી કટ) *vt.* Be cut. કપાઈ જવું.
કપાસ. (કૉટન) *n.* Cotton. બી સાથેનું રૂ.
કપાસિયો, (કૉટન સીડ) *n.* Cotton seed. રૂનું બી.
કપૂર, (કૅમ્ફર) *n.* Camphor. એક સુગંધી પદાર્થ.
કપોત, (ડવ) *n.* Dove. કબૂતર.
કપોલ,—ળ, (ચીક) *n.* Cheek. ગાલ.
કપોલકલ્પિત, (ફીકટીશ્યસ) *a.* Fictitious. બનાવટી.
કફ, (કૉફ) *n.* Couph. ઉધરસ; ગળફો. [કપડું.
કફન, *n.* Coffin. શબ મૂકવાની પેટી; શબને ઓઢાડવાનું
કફની, (ક્લોક) *n.* Cloak. ટૂંકી બાંયનું લાંબું પહેરણ.
કબજિયાત, (કૉન્સ્ટીપેશન) *n.* Constipation.બંધકોશ.
કબજો, (પઝેશન) *n.* Possession. તાબો; હવાલો.

(વેસ્ટ કોટ) *n.* **Waist coat.** ચોળી; બંડી; વાસ્કુટ.
કબર,-બ્ર, (ગ્રેવ) *n.* Grave. સમાધિ; ઘોર. [જગા.
કબરસ્તાન, (સીમેટરી) *n.* Cemetery. મડદાં દાટવાની
કબાટ, (કપબોર્ડ) *n.* Cupboard. વસ્તુ મૂકવાની ખાના-
કબાલો, (કોંટ્રાક્ટ) *n.* Contract. સાટું. [વાળી બનાવટ.
કબૂતર, (પીજીઅન) *n.* Pigeon. કપોત પક્ષી.
કબૂલ, (એકસેપ્ટેડ) *a.* Accepted. મંજૂર; માન્ય.
કબૂલત,-લાત, (એકસેપ્ટન્સ) *n.* Acceptance. મંજૂરી.
કબૂલવું, (એકસેપ્ટ), *vt.* Accept. મંજૂર રાખવું.
કમ, (લેસ) *a.* Less. ઓછું. Mean. હલકું.
કમઅક્કલ, (સ્ટુપીડ) *a.* Stupid. મૂર્ખ. [આવડત.
કમઆવડત, (ઇનએફીશ્યંસી) *n.* Inefficiency. ઓછી
કમકમવું, (ટ્રેમ્બલ) *vt.* Tremble. ધ્રૂજવું.
કમકમાટ,-ટી,-કમી, (શડર) *n.* Shudder. ધ્રૂજારી.
કમકૌવત,-જોર,-તાકાત, (ફીબલ) *a.* Feeble. નબળું.
કમજાત, (અનવર્ધી) *a.* Unworthy. નાલાયક.
કમનસીબ,-બ્રખ્ત, (અનલકી) *a.* & *n.* Unlucky.
કમનસીબી, (ઇલ-લક) *n.* Ill-luck. દુર્ભાગ્ય. [દુર્ભાગી.
કમનીય, (ચાર્મીંગ) *a.* Charming. સુંદર.
કમર,-મ્મર, (વેસ્ટ) *n.* Waist. કેડ. [વાનો પટો.
કમરપટી,-ટો,-બંધ, (બેલ્ટ) *n.* Belt. કમરે બાંધ-
કમલિની, *n.* Lotus plant. કમળની વેલ.
કમળ,-લ, *n.* Lotus. એક ફૂલ. Womb. ગર્ભસ્થાન.
કમળકાકડી, *n.* Seed of lotus plant. કમળનું બી.
કમળી,-ળો, (જૉન્ડાઇસ) *n.* Jaundice. એક રોગ.

કમાઇ,–ણી, (અર્નીંગ) *n.* Earning. રળતર.
કમાઉ, (અર્નીંગ) *a.* Earning. રળતું.
કમાડ, (ડોર) *n.* Door. બારણું. [સ્થાપક ગુણવાળું ગૂંછળું.
કમાન, *n.* Bow. ધનુષ. Arch. મહેરાબ. Spring. સ્થિતિ-
કમાનદાર, (આર્ચ્ડ) *a.* Arched. અર્ધગોળાકાર.
કમાલ, (એક્સેલંટ) *a.* Excellent. સુંદર.
કમાવવું, (ટૅન) *n.* Tan. સાફ અને સુંવાળું કરવું.
કમાવું, (અર્ન) *vt.* Earn. પેદા કરવું.
કમી, (લેસ) *a.* & *n.* Less. ઓછું.
કમુરત, *n.* Inauspicious time. અયોગ્ય સમય.
કમોત, *n.* Unnatural death. અસ્વાભાવિક મૃત્યુ.
કયું, (વીચ) *a.* & *prn.* Which. કોણ ? What. શું ?
કર, *n.* Tax. જકાત; મહેસૂલ. Hand. હાથ. Ray. કિરણ.
કરકરિયાવર, *n.* Dowry. પહેરામણી–તેની રીત.
કરકસર, (ફ્રુગૅલીટી) *n.* Frugality. જરૂરી ખર્ચ
કરગરવું, *vt.* Beseech. કાલાવાલા કરવા. [કરવું તે.
કરચલી,–ચોળી, (રીંકલ) *n.* Wrinkle. સંકોચાવાથી
કરજ, (ડેટ) *n.* Debt. દેવું. [કે વાળવાથી પડતી રેખા.
કરજદાર, (ડેટર) *n.* Debtor. દેવાદાર.
કરડવું, (બાઇટ) *vt.* Bite. બચકું ભરવું.
કરડાકી,–ગી, (ટૉન્ટ) *n.* Taunt. કટાક્ષ.
કરડું, (સીવીઅર) *a.* Severe. આકરું; સખત.
કરણી,–રતૂક, (ડીડ) *n.* Deed. આચરણ.
કરતાં, (ધૅન) *conj.* Than. થી; થકી.
કરતાલ,–ળ, *n.* Musical instrument. ઝાંઝ; કાંસી.

કરપ,-બ, (ડેડ્) *n.* Dread. ધાક; અંકુશ. [જોડાં.
કરપીણ, (ક્રુઅલ) *a.* Cruel. નિર્દય.
કરમ, (ડીડ્) *n.* Deed. કર્મ; કર્તવ્ય.
કરમાવું, (વીધર) *vt.* Wither. ચીમળાવું.
કરમોડ, (સ્પ્રેઈન) *n.* Sprain. લચક.
કરવત, (સૉ) *n.* Saw. લાકડાં વહેરવાનું ઓજાર.
કરવું, (ડુ) *vt.* Do. આચરવું; યોજવું. Make. બનાવવું.
કરંડિયો, કંડિયો, (બાસ્કેટ્) *n.* Basket. ટોપલી.
કરાડ, (પ્રેસીપાઈસ) *n.* Precipice. ભેખડ; ખડક.
કરામત, (સ્કીલ) *n.* Skill. ચાતુરી; ખૂબી.
કરાર, (એગ્રીમેન્ટ્) *n.* Agreement. ઠરાવ; કબૂલાત.
Ease. નિરાંત. Recovery. આરામ.
કરાવવું, (ગેટ ડન) *vt.* Get done. કરે એમ કરવું.
કરિયાણું, (ગ્રોસરી) *n.* Grocery.ગાંધિયાટું.
કરિયાતું, (ચીરેટા) *n.* Chiretta. એક ઓષધ.
કરૂણ, (પીટીએબલ) *a.* Pitiable. દયાજનક.
કરૂણા, (પીટી) *n.* Pity. અનુકંપા.
કરૂણાંત, (ટ્રેજીક) *a.* & *n.* Tragic.કરૂણ અંતવાળું.
કરો,(સાઈડ-વૉલ) *n.* Side-wall. ઘરની બાજુની દિવાલ.
કરોડ, (ટેન મીલીયન્સ) *a.* Ten millions. સો લાખ.
n. Backbone. બરડો. [જ્ઞાનતંતુનું દોરડું.
કરોડરજ્જુ, *n.* Spinal chord. કરોડમાંથી પસાર થતું
કરોળિયો, (સ્પાઈડર) *n.* Spider. એક જીવડું.
કર્કરેખા,-વૃત્ત, (ટ્રોપીક ઓફ કેન્સર) *n.* Tropic of Cancer.વિષુવવૃત્તની ઉત્તરે ૨૩°૨૭' અક્ષાંસની ગોળરેખા.

કર્કશ,(હાર્ડ) *a.* Hard. કઠોર. Merciless. ઘાતકી.
કર્ણ, (ઇયર) *n.* Ear. કાન. Helm. સુકાન.
કર્તરિ પ્રયોગ, *n.* Active voice. જેમાં કર્તા પ્રમાણે જાતિ અને વચન લેતું હોય તેવા ક્રિયાપદનો પ્રયોગ.
કર્તવ્ય, (એકશન) *n.* Action. કાર્ય. Duty. ફરજ.
કર્તવ્યનિષ્ઠ, –પરાયણ, (ડ્યુટીફુલ) *a.* Dutiful. પોતાના કામમાં મંડયું રહેનાર.
કર્તા, (મેકર) *n.* & *a.* Maker. બનાવનાર; રચયિતા.
કર્તાહર્તા, (ગોડ્) *n.* God. ઈશ્વર. Sole managor. સર્વોપરી સત્તા ધરાવનાર માનવી.
કર્મ, (એકશન) *n.* Action. ક્રિયા; કામ. Conduct. આચરણ. Destiny. નસીબ. Object. જેના પર ક્રિયા થતી હોય તે.
કર્મગતિ,–રેખા, (ફેઈટ) *n.* Fate નસીબ.
કર્મનિષ્ઠ, (ડ્યુટીફુલ) *a.* Dutiful કર્તવ્યપરાયણ.
કર્મણિપ્રયોગ, (પેસીવ વ્હોઈસ) *n.* Passive voice. જેમાં કર્મ પ્રમાણે ક્રિયાપદ જાતિ અને વચન લેતું હોય તેવો પ્રયોગ.
કર્મી, *a.* Fortunate. નસીબદાર.
કલકલાટ, (અપરોર) *n* Uproar. ઘોંઘાટ.
કલગી, (નોઝગે) *n.* Nosegay. ફૂલનો ગોટો; મંજરી.
કલણ,–ળણ, (સ્વેંપ) *n.* Swamp. પોચી ભીની જગા.
કલપ,–ફ, (હેર ડાય) *n.* Hair-dye. વાળ રંગવાની બનાવટ.
કલમ, (પેન) *n.* Pen. લેખણ.
કલમવાર, *ad.* Clause by clause. દરેક ફકરા પ્રમાણે.
કલરવ,–શોર, *n.* Sweet sound. મધુર અવાજ.
કલશ, (વૉટરપૉટ્) *n.* Water-pot. કળશ; લોટો.

(ડોમ) *n.* Dome. હ્હેરાપર મુકાતું ઘડાના આકારનું શિખર.
કલહ, (ક્વોરલ) *n.* Quarrel. કજિયો.
કલંક, (બ્લોટ) *n.* Blot. ડાઘ; લાંછન.
કલા, –ળા, (પાર્ટ) *n.* Part. ભાગ. Minute. મિનિટ. Device. યુક્તિ. Art. સૌંદર્યયુક્ત રચના કરનારો પુરૂષ.
કલાકાર, (આર્ટીસ્ટ) *n.* Artist. કલાયુક્ત રચના.
કલાકૌશલ્ય, (એબીલીટી) *n.* Ability. આવડત.
કલાભવન, *n.* Technical school. હુન્નરઉદ્યોગ શાળા.
કલાઇ, (ટીન) *n.* Tin. એક ધાતુ.
કલાક, (અવર) *n.* Hour. ૬૦ મિનિટ જેટલો સમય.
કલાપ, (ગ્રુપ) *n.* Group. સમૂહ, Feathers of a peacock. મોરનાં પીછાંનો સમૂહ. Moon. ચંદ્ર.
કલાપી, (પીકૉક) *n.* Peacock. મોર
કલાલ, *n.* Liquor vendor. દારૂનો દુકાનદાર.
કલાવવું, (ઇંડ્યુસ) *vt.* Induce. કળથી સમજાવવું.
કલાંઠ, (કનીંગ) *a.* Cunning. લુચ્ચું.
કલુષિત, (વીકેડ) *a.* Wicked. પાપી. Dejected. કચવાયેલું.
કલેજું, (લીવર) *n.* Lever. કાળજું; હૃદય.
કલેવર, (બૉડી) *n.* Body. શરીર.
કલોલ, –લ્લોલ, (મેરીમેન્ટ) *n.* Merriment. આનંદથી ઊભરાવું તે.
કલ્કિ, *n.* The tenth and last incarnation of Vishnu. વિષ્ણુનો છેલ્લો અને દશમો અવતાર.
કલ્પના, (ઇમેજીનેશન) *n.* Imagination. ધારણા.
કલ્પવું, (ઇમેજીન) *vt.* Imagine. કલ્પના કરવી.
*કલ્પસૂત્ર, Manual of rituals in the form of

Sutras. વૈદિક કર્મોની વિધિઓનું શાસ્ત્ર.
કલ્પાંત, (બીવેઈલમેન્ટ) *n.* Bewailment. રડારોળ.
કલ્પિત, (ફીકટીશ્યસ) *a.* Fictitious.જોડી કાઢેલું;
કલ્યાણ, (વેલ્ફેર) *n.* Welfare.શ્રેય; કુશળ. [ખોટું.
કલ્લોલિની, (રીવર) *n.* River. નદી.
કવખત,-વેળા, (રોંગ ટાઈમ) *n.* Wrong time.
કવચ, (આર્મર) *n.* Armour.બખ્તર. [અશુભ સમય.
કવયિત્રિ, (પોએટેસ) *n.* Poetess. સ્ત્રીકવિ.
કવરાવવું, (હેરેસ) *vt.* Harass. હેરાન કરવું.
કવાયત, (પેરેડ) *n.* Parade. લશ્કરી તાલીમ.
કવાલ,-વ્વાલ, (સોંગ્સ્ટર) *n.* Songster. ગવૈયો.
કવિ, (પોએટ) *n.* Poet. કવિતા કરનાર.
કવિજન, (પોએટ્સ) *n.* Poets. કવિઓ. [એક છંદ.
કવિત, (કાઈન્ડ્ ઑફ મીટર) *n.* Kind of metre.
કવિતા,-વન, (પોએમ) *n.* Poem. કાવ્ય; પદબંધ.
કવિત્વ,-શક્તિ, *n.* Poetical genius. કાવ્ય રચવાની
કશું, (એની) *n.* Any. કોઈ; કંઈ. [શક્તિ.
કષ્ટ, (પેઈન) *n.* Pain.દુઃખ. Bodily exertion.શ્રમ.
કષ્ટકારક,-દાયક,-પ્રદ, *a.* Troublesome. કષ્ટ કરે એવું.
કષ્ટાવું, (સફર) *vt.* Suffer. પીડાવું.
કસ, (ઈસેન્સ) *n.* Essence. સાર; સત્વ. (સ્ટ્રેંગ્થ) *n.* Strength. બળ. Quality of gold or silver as determined by rubbing it on a touch-stone. કસોટી પરથી નક્કી કરેલો સોનારૂપાનો આંક.
કસકસતું, (ટાઈટ) *a.* Tight. ખૂબ ખેંચીને બાંધેલું.

કસકસવું,-કસાવું, (બાઈન્ડ ટાઈટલી) *vt.* Bind tightly. ખૂબ ખેંચીને બાંધવું.
કસબ, (ઓકયુપેશન) *n.* Occupation. ધંધો. Gold or silver thread used in embroidery. રેશમ સાથે વણાતો સોનારૂપાનો તાર. Device. હુન્નર.
કસબો. (ટાઉન) *n.* Town. મોટું ગામ.
કસમ, (ઓથ) *n.* Oath. સોગંદ.
કસર, (ડીફીસ્યંસી) *n.* Deficiency. ખોટ; ઉણપ.
કસરત, (એક્ષરસાઈઝ) *n.* Exercise. વ્યાયામ.
કસરતી, (એથલેટીક) *a.* Athletic. કસરત કરનારૂં.
કસરતશાળા, *n.* Gymnasium. વ્યાયામશાળા.
કસવું, (ટેસ્ટ) *vt.* Test. કસોટી કરવી. Harass. પીડવું. Bind tightly. સખત બાંધવું.
કસાઈ, (બુચર) *n.* Butcher. ખાટકી. [ચડસી.
કસાકસી, (કોમ્પીટીશન) *n.* Competetion. ચડસા-
કસાયેલું,(એક્ષપીરીયન્સ્ડ) *a.* Experienced. અનુભવી.
કસુવાવડ, (મીસકેરેજ) *n.*Miscarriage. અધૂરે જણવું તે.
કસુંબી, (રેડ) *a.* Red. રાતું.
કસૂર, (મીસ્ટેક) *n.* Mistake. ભૂલ. Fault. દોષ.
કસોટી, (ટેસ્ટ) *n.* Test. પરીક્ષા.
કસ્તર, *n.* Small particle of dust. તણખલું; રજ.
કસ્તી, *n.* Sacred thread of Parsis. પારસીઓની [જનોઈ.
કસ્તુરી, -રિકા, (મસ્ક) *n.* Musk. મૃગમદ.
કસ્તુરીમૃગ, (મસ્ક ડીયર) *n.* Musk-deer. જેની ડૂંટી-માંથી કસ્તુરી નીકળે છે તેવું હરણ.

કહાણી, (એનેકડોટ) *n.* Anecdote. દંતકથા.
કહીં, (વ્હેર) *ad.* Where. ક્યાં. [લોકાપવાદ.
કહેણી,–તી, *n.* Maxim. કહેવત. Public scandal.
કહેવત, (પ્રૉવર્બ) *n.* Proverb. લોકોક્તિ.
કહેવું, (ટૅલ) *vt.* Tell. જણાવવું.
કહ્યાગરૂં, (ઓબીડીયંટ) *a.* Obedient. આજ્ઞાંકિત.
કળ, (મીકૅનીકલ કોન્ટ્રાયવન્સ) *n.* Mechanical contrivance. પેટી ઉઘાડવાસ કરવાનું યંત્ર. Swoon.
કળકળવું, (મોન) *vt.* Moan. વિલાપ કરવો. [મૂર્છા.
કળણ, (સ્વૅંપ) *n.* Swamp. કાદવવાળી જમીન. [વેદના.
કળતર,(મસ્કયુલર પેઈન) *n.* Muscular pain. શારીરિક
કળશિયો,–શો, (વૉટર પૉટ) *n.* Water pot. લોટો.
કળશી, *n.* Measure of 16 maunds. સોળ મણનું
કળા, (આર્ટ) *n.* Art. સૌંદર્યયુક્ત રચના. [માપ.
કળી, (બડ) *n.* Bud. અણખીલ્યું ફૂલ. [ચૂનો.
કળીચૂનો, (ક્વીકલાઈમ) *n.* Quicklime. વિશુદ્ધ કરેલો
કંઇ, (વ્હેર) *ad.* Where. ક્યાં. (સર્ટન) *a.* Certain. અચૂક. (મેની) *a.* Many. અનેક.
કંઇક, (સમવ્હેર) *ad.* Somewhere. ક્યાંક. (સમથીંગ) *prn.* Something. કશુંક. *a.* Little. થોડુંક.
કંકણ,–ગન, (બ્રેસલેટ) *n.* Bracelet. કાંગરાવાળી ચૂડી.
કંકાસ, (ક્વૉરલ) *n.* Quarrel. કજિયો.
કંકાસિયું,(ક્વૉરલસમ) *a.* Quarrelsome. કજિયાખોર.
કંકુ, (રેડ ટર્મેરીક પાવડર) *n.* Red turmeric powder. ચાંલ્લા માટે વપરાતું દ્રવ્ય; કુંકુમ.

કંકોતરી,-ત્રી, *n.* An invitation note on an auspicious occasion.લગ્નાદિ શુભ પ્રસંગની આમં- [ત્રણ પત્રિકા.
કંગાલ,-ળ, *a.* Poor. દીન, ગરીબ;
કંગાલિયત, (પૉવર્ટી) *n.* Poverty. દીનતા.
કંચન, (ગોલ્ડ) *n.* Gold. સોનું.
કંચુકી, (બૉડીસ) *n.* Bodice. કાંચળી.
કંજૂસ, (માઇઝર) *a.* & *n.* Miser. કૃપણ.
કંટક, (થૉર્ન) *n.* Thorn. કાંટો. Obstacle, વિઘ્ન.
કંટાળવું, *a.* Be disgusted. કંટાળો આવવો.
કંટાળો, (ડીસ્લાઇક) *n.* Dislike. અણગમો.
કંઠ, (નૅક) *n.* Neck. ડોક. Throat. ગળું. Voice. અવાજ; સૂર. Bank. કિનારો.
કંઠમાધુર્ય, *n.* Sweetness of voice. અવાજની [મીઠાશ.
કંઠમાળ, *n.* Disease of the neck. ગળાનો એક રોગ.
કંઠસ્થ, (ગટરલ) *a.* Guttural. ગળાનું. Oral, [મોઢેનું.
કંઠાગ્ર, *ad.* By heart. મોઢે.
કંઠી, (નેકલેસ) *n.* Necklace. ગળાનો હાર.
કંડિકા, (પેરેગ્રાફ) *n.* Paragraph. ફકરો.
કંતાન,(ફ્લેક્ષન ક્લોથ) *n.* Flaxon cloth.શણનું કપડું; [ગૂણપાટ.
કંથ, (હઝબન્ડ) *n.* Husband. વર; પતિ.
કંથાધારી,-થવો, (એસેટીક) *n.* Ascetic. સાધુ; વૈરાગી.
કંદ,(ટ્યુબરસ રૂટ) *n.* Turberous root.જેમાં ખાવાનો [ગર હોય તેવું મૂળ.
કંદરા, (કેવ) *n.* Cave. ગુફા;બખોલ.
કંદોઈ, (કનફેક્શનર) *n.* Confectioner. સુખડિયો.
કંપ,-પારી, (શીવરીંગ) *n.* Shivering. ધ્રૂજારી.

કંપવા,-વાયુ, (પેરેલીસીસ) *n.* Paralysis. જેને લીધે શરીરનો કોઇ પણ ભાગ ધ્રૂજે તેવો વા.
કંપવું, (ટ્રેમ્બલ) *vt.* Tremble. ધ્રૂજવું. [હોકાયંત્ર.
કંપાસ, (કોમ્પાસ) *n.* Compass. વર્તુલ દોરવાનું યંત્ર;
કંસારી, (ક્રોકેટ) *n.* Crocket. એક જીવડું. [માણસ.
કંસારો, *n.* Copper-smith. ધાતુનાં વાસણ ઘડનારો
કાકડી, (કમકંબર) *n.* Cumcumber. આરિયું.
કાકડો, (થીક ટોર્ચ) *n.* Thick torch. ચીંથરાની મોટી
કાકડી, (ટોન્સીલ) Tonsil. ચોરિયા.
કાકલૂદી, (બીસીચીંગ) *n.* Beseeching. કાલાવાલા.
કાકા, (અંકલ) *n.* Uncle. બાપનો ભાઈ.
કાકાજી,(અંકલ-ઇન-લૉ) *n.* Uncle-in-law. કાકોસસરો.
કાકાકૌઆ, (કૉકેટુ) *n.* Cockatoo. એક જાતનો પોપટ.
કાકી, (આન્ટ) *n.* Aunt. બાપના ભાઇની પત્ની.
કાખ,-ખી, (આર્મપીટ) *n.* Arm pit. બગલ.
કાગ,-ડો, (ક્રો) *n.* Crow. કાગડો.
કાગદી, (પેપર મેન્યુફેકચરર) *n.* Paper manufacturer. કાગળ બનાવનારો કારીગર. [બનાવટ.
કાગળ, (પેપર) *n.* Paper. લખવાના કામ માટેની એક
કાચ, (ગ્લાસ) *n.* Glass. રેતી અને ખારવાળી માટી ઓગાળીને બનાવાતો એક પારદર્શક પદાર્થ.
કાચબો, (ટોરટોઇઝ) *n.* Tortoise. એક જળચર પ્રાણી.
કાચું, (અનરાઇપ) *a.* Unripe. પાકેલું નહિ એવું.
કાછિયો, *n.* Vegetable seller. શાકભાજી વેચનારો
કાજ, (વર્ક) *n.* Work. કામ. [ધંધો કરનાર.

કાજળ,-ળી, (લૅંપ બ્લૅક) *n.* Lamp black. મેંશ.
કાજી,-ઝી, (મોહમેડ્ન જજ) Mohmmaden judge.
ઇસ્લામી ન્યાયાધિશ.
કાજુ, (કેશો-નટ) *n.* Cashew-nut. એક સુકો મેવો.
કાટ, (રસ્ટ) *n.* Rust. ધાતુ પર લાગતો મેલ.
કાટખુણ,-ખૂણો, *n.* Right angle. નેવું અંશનો ખૂણો.
કાટમાળ, (ટીંબર) *n.* Timber. બાંધકામનો સામાન.
કાટપીટિયો,(ટીંબર મરચન્ટ) *n.* Timber-merchant.
ઈમારતી લાકડાનો વેપારી. [લાકડાનું આસન.
કાઠડી,-ડો-ડું, (વુડન સેડલ) *n.* Wooden saddle.
કાઢવું, (ટેક આઉટ) *vt.* Take out. બહાર ખેંચવું.
કાણું, (હોલ) *a.* & *n.* Hole. છિદ્ર; બાકું.
કાતર, (કાવર્ડ.) *a.* Coward. નામર્દ;બીકણ.(સીઝર્સ) *n.*
Scissors. કાતરવાનું ઓજાર.
કાતરવું, (શેર) *vt.* Shear. કાતરથી કાપવું.
કાતિલ (ડેડલી) *a.* & *n.* Deadly. ઘાતક.
કાથો, (કાટેશુ) *n.* Catechu. ખેરસાલનું સત્વ.
કાદવ, (મડ) *n.* Mud. ગારો. [કોકિલા.
કાદંબરી, (નોવેલ) *n.* Novel. નવલકથા. Cuckoo.
કાન, (ઇયર) *n.* Ear. સાંભળવાની ઇંદ્રિય. [એક જીવડો.
કાનખજુરો, (સેન્ટીપેડ) *n.* Centipede. ઘણા પગવાળો
કાનડી, (કનારસી) *a.* & *n.* Canarese. કર્ણાટકને
કાનડો, (ટયુન) *n.* Tune. એક રાગ. [લગતું-તેની ભાષા.
કાનસ, (ફાઇલ) *n.* File. એક ઓજાર.
કાનૂન, (લૉ) *n.* Law. કાયદો. Custom. રિવાજ.

કાપ,–પો, (કટ) *n.* Cut. વાઢ; આંકો. [ઘટાડો.
કાપકૂપ,–પી, (રીટ્રેન્ચમેન્ટ) *n.* Retrenchment.
કાપડ, (પીસ-ગુડ્ઝ) *n.* Piece-goods. કોરૂં કાપડ.
કાપણી, (રીપીંગ) *n.* Reaping. લાવણી.
કાપવું, (કટ) *vt.* Cut. વાઢવું. Reduce. ઘટાડવું.
કાપાકાપ,–કાપી, (મેસેકર) *n.* Massacre. કતલ.
કાફર, (ઇનફાઇડલ) *n.* Infidel. અધર્મી.
કાફલો, (કૅરેવાન) *n.* Caravan. સંઘ.
કાબરચીતરૂં, (વેરીગેટેડ) *a.* Variegated. ચિત્રવિચિત્ર.
કાબૂ, (કંટ્રોલ) *n.* Control. અંકુશ; સત્તા.
કાબેલ, (એડેપ્ટ) *a.* Adept. હોશિયાર; પ્રવિણ.
કાબો, (પાયરેટ) *n.* Pirate. ચાંચિયો.
કામ,(એક્ટ) *n.* Act. કાજ; કર્તવ્ય.Occupation. ધંધો.
કામચલાઉ,–જોગું, (ટેમ્પરરી) *a.* Temperory. હંગામી.
કામઠું, (બાઉ) *n.* Bow. ધનુષ્ય.
કામણટુમણ, (સોરસેરી) *n.* Sorcery. જંતરમંતર.
કામદાર, *n.* Minister. રાજકર્મચારી. Labourer.
કામદેવ, (ક્યુપીડ) *n.* Cupid. મદન. [શ્રમજીવી.
કામધંધો,–કાજ, (બીઝનેસ) *n.* Business. વ્યવસાય.
કામના, (ડીઝાયર) *n.* Desire. ઈચ્છા; વાસના. [સુંદરી.
કામિની, (બ્યુટીફુલ વુમન) *n.* Beautiful woman.
કામવાસના, *n.* Sensual desire. વિષયવાસના.
કામળ,–ળો, (બ્લેંકેટ) *n.* Blanket. ઊનની ધાબળી.
કામાતુર,–ર્ત,–સક્ત,–માંધ, *a.* Love-sick. કામ-
કાય,–યા, (બૉડી) *n.* Body. શરીર. [વાસનાથી આતુર.

કાયદાસર,-હેસર, (લીગલી) *ad.* Legally. કાયદા પ્રમાણે.
કાયદો, (લૉ) *n.* Law.ધારો.
કાયમ, (પરમેનન્ટ) *a.* Permanent. હંમેશ માટેનું.
કાયર, (ટીમીડ્) *n.* Timid. નાહિંમત.
કારકિર્દી, (કેરીઅર) *n.* Career. વહીવટ; કારભાર [કરમિયાનનો સમય.
કારકુન, (કલાર્ક) *n.* Clerk. ગુમાસ્તો.
કારખાનું, (ફૅક્ટરી) *n.* Factory. જ્યાં હુન્નરઉદ્યોગનું કામ થતું હોય તે સ્થાન. [મૃત્યુ સંબંધી વરો.
કારજ, (ફ્યુનરલ સેરીમની) *n.* Funeral ceremony.
કારણ, (કૉઝ) *n.* Cause. સબબ.
કારણકે, (બીકૉઝ) *conj.* Because. કેમકે; સબબકે.
કારણભૂત,-રૂપ, *a.* Instrumental. સાધનરૂપ બનેલું.
કારણસર, *a.* On account of. ના કારણથી.
કારતૂસ, *n.* Cartridge. બંદુકમાં ફોડવાની ટોટી.
કારભાર,-રું,-રોબાર, (એડમીનીસ્ટ્રેશન) *n.* Administration. વહીવટ; કારોબાર. [વ્યવસ્થાપક.
કારભારી, (એડમીનીસ્ટ્રેટર) *n.* Administrator.
કારમું, (હૉરીબલ) *a.* Horrible. ભયંકર.
કારસ્તાન, (પ્લૉટ) *n.* Plot. પ્રપંચ.
કારાગાર,-ગૃહ,-વાસ, (પ્રીઝન) *n.* Prison. જેલખાનું.
કારીગર, *n.* Artisan. યંત્રાદિ ચલાવી જાણનાર.
કારીગરી,-ગીરી, *n.* Workmanship. કળાકૌશલ્ય.
કારોબારી, *a.* Executive. કારોબારને લગતું.
કાર્ય, (વર્ક) *n.* Work. કામ. [કામમાં કુશળ.
કાર્યકુશળ,-નિપુણ,-દક્ષ, (એફીશ્યંટ) *a.* Efficient.

કાર્યવાહી, (પ્રોસીજર) *n.* Procedure. કાર્ય કરવાની
કાર્યાલય, *n.* Office. કામ કરવાની જગા. [રીત; કાર્યક્રમ.
કાલ,(ટાઇમ) *n.* Time.સમય.Death.મૃત્યુ.Tomorrow.
આવતો દિવસ. Yesterday.ગયો દિવસ.Season.મોસમ.
કાલવવું, (મીક્ષ અપ) *vt.* Mix up. મિશ્રણ કરવું.
કાલાવાલા, (એનટ્રીટીઝ) *n.* Entreaties. આજીજી.
કાલિમા, (બ્લેકનેસ) *n.* Blackness. કાળાશ.
કાલિંગડું, (વૉટર-મેલન) *n.* Water-melon. તડબૂચ.
કાલું, (ચાઇલ્ડીશ) *a.* Childish. બાલિશ; તોતળું.
(કૉટન પૉડ્) *n.* Cotton pod. કપાસનું જીંડવું.
કાલ્પનિક, (ઇમેજીનરી) *a.* Imaginary. સાચું નહિ તેવું.
કાવડ,-ડી, (વૉટર લીટર) *n.* Water litter. બાંધે
બોજો ઉપાડવાની તુલા.
કાવતરાંખોર,-બાજ,(ક્રેફ્ટી) *a.* & *n.* Crafty. કાવતરું
કાવતરું,-વાદાવા,(ફ્રૉડ્) *n.* Fraud. કપટ. [કરનારું.
કાવ્ય, (પોએટીકલ કૉમ્પોઝીશન) *n.* Poetical composition. પદ્ય; કવિત. [કાવ્ય કરવાની શક્તિ.
કાવ્યશક્તિ, (પોએટીક જીનીયસ) *n.* Poetic genius.
કાવ્યશાસ્ત્ર,(પોએટીક્સ) *n.* Poetics. કવિતાનું શાસ્ત્ર.
કાષાય, (રેડ) *a.*& *n.* Red. રાતું; ભગવું વસ્ત્ર.
કાષ્ટ, (વુડ્) *n.* Wood. લાકડું.
કાસદ, (મેસેન્જર) *n.* Messenger. ખેપિયો.
કાસળ, (હિન્ડ્રન્સ) *n.* Hindrance. આડખીલી.
કાળ, (ટાઇમ) *n.* Time. સમય. (સીઝન) Season.ઋતુ.
(ફેમીન) Famine. દુકાળ. (એંગર) Anger. ક્રોધ.

કાળજ,-જું, (હાર્ટ) *n.* Heart. હૃદય. Liver. યકૃત.
કાળજી, (કન્સર્ન) *n.* Concern. ચિંતા; ચીવટ.
કાળિયાર, *n.* Black buck. હરણનો કાળો નર.
કાળું. (બ્લેક) *a.* Black. શ્યામ. Mean. અધમ.
કાંકરી, (સેન્ડ્) *n.* Sand. રેતી.
કાંકરો, (પેબલ) *n.* Pebble. ઝીણો પત્થર.
કાંચન, (ગોલ્ડ્) *n.* Gold. સોનું.
કાંચળી, (બૉડીસ) *n.* Bodice. કાપડું; કમખો. (સ્લાઉ) Slough. સાપે ઉતારી નાખેલી કાંચળી.
કાંજી, (ગ્રુએલ) *n.* Gruel. રાબ; લાહી. Starch. ખેળ.
કાંટાળું, (થૉર્ની) *a.* Thorny. કાંટાવાળું.
કાંટો, (થૉર્ન) *n.* Thorn. શૂળ. Balance. ત્રાજવું. Hand of clock. ઘડિયાળનો હાથ. Sting. ડંખ.
કાંઠલો, (શટલ) *n.* Shuttle. વણકરનું ઓજાર.
કાંઠો, (બેન્ક) *n.* Bank. કિનારો; તટ. Limit. હદ.
કાંડું, (રીસ્ટ) *n.* Wrist. જ્યાં હાથનો પંજો જોડાયલો છે તે ભાગ.
કાંત, (હઝબંડ્) *n.* Husband. પતિ. Lover. [પ્રિયતમ.
કાંતવું, (સ્પીન) *vt.* Spin. વળ દઇને તાર કાઢવો.
કાંતા, (વાઇફ) *n.* Wife. પત્ની.
કાંતિ, (બ્યુટી) *n.* Beauty. શોભા.
કાંતો, (આઇધર) *conj.* Either. અથવા; અગર તો.
કાંદો, (અનીઅન) *n.* Onion. ડુંગળી. Root. કંદ.
કાંધ, (શોલ્ડર) *n.* Shoulder. ખભો. [કાળો કાદવ.
કાંપ, (ટ્રેમોર) *n.* Tremor. ધ્રૂજારી. Black-clay.

કાંસકી,-ગસી, (કોમ્બ) *n.* Comb. વાળ ઓળવાનું
કિકિયારી,-રો, *n.* Shriek. તીણી ચીસ. [સાધન.
કિત્તો, (રીડ પેન) *n.* Reed pen. બરૂની લેખણ. (ડીટ્ટો)
prep. Ditto. એજન; સદર. [બુટ્ટાનું કાપડ.
કિનખાબ, (બ્રોકેડ) *n.* Brocade. કસબ; જરી-
કિનારી,-રી,-રો, (બોર્ડર) *n.* Border. ધાર; કાંઠો.
કિફાયત,-તી, (ચીપ) *a.* Cheap. સસ્તું.
કિરણ, (રે) *n.* Ray. તેજની રેખા; રશ્મિ.
કિરતાર, (ક્રીએટર) *n.* Creator. સૃષ્ટા; કિર્તાર.
કિરમજી, (ક્રીમસન) *a.* Crimson. ઘેરું; લાલ.
કિરીટ, (ક્રાઉન) *n.* Crown. તાજ.
કિલકિલાટ,-લાટ,-લારવ,-કાર, *n.* Noise. હર્ષધ્વનિ.
કિલ્લેબંધી, *n.* Fortification. રક્ષણ મળે એવું
કિલ્લો, (ફોર્ટ) *n.* Fort. દુર્ગ; ગઢ. [બાંધકામ.
કિશોર, (યુથ) *a.* & *n.* Youth. સગીર.
કિશોરી, (મેઈડન) *n.* Maiden. સગીર બાળા.
કિસાન, (કલ્ટીવેટર) *n.* Cultivator. ખેડૂત.
કિસ્મત, (ફેટ) *n.* Fate. નસીબ.
કિસ્સો, (સ્ટોરી) *n.* Story. કહાણી. [સહેજ.
કિંચિત,(લીટલ) *a.* Little. થોડુંક. *ad.* Somewhat.
કિંતુ, (યટ) *ad.* Yet. તોપણ.
કિંમત, (પ્રાઈસ) *n.* Price. મૂલ્ય. Estimate. અંદાજ.
કિંવા, (ઑાર) *ad.* Or. અથવા.
કીકી, *n.* Pupil of the eye. આંખની પૂતળી.
કીચડ, (મડ) *n.* Mud. કાદવ.

કીટલી, (ટી-પૉટ) *n.* Tea-pot. ચાહદાની.
કીડી, (એન્ટ) *n.* Ant. એક ઝીણું જંતુ.
કીડા,-ટ,-ટક, (વર્મ) *n.* Worm. જીવડો.
કીનાખોર, (મેલીશ્યસ) *a.* Malicious. દ્વેષીલું.
કીમતી, (કૉસ્ટલી) *a.* Costly. ભારે કિંમતનું.
કીમિયો, (આલકેમી) *n.* Alchemy. હલકી ધાતુને કિમતી બનાવવાની વિદ્યા. [કરી જાણનાર પુરૂષ.
કીમિયાગર, (આલકેમીસ્ટ) *n.* Alchemist. કીમિયો
કીર્તિ, (ફેમ) *n.* Fame. ખ્યાતિ.
કીર્તિમાન,-વંત, (ફેમસ) *a.* Famous. પ્રસિદ્ધ.
કુકર્મ, (ઇવીલ ડીડ) *n.* Evil deed. ખરાબ કામ.
કુચ, (બ્રેસ્ટ) *n.* Breast. સ્ત્રીની છાતી. Nipple. સ્તન.
કુછંદ,-ટેવ. *n.* Vicious way of life.
કુટિ,-ર, (હટ) *n.* Hut. ઝૂંપડી.
કુટિલ, (ક્રૂકેડ) *n.* Crooked. વાંકું; કપટી.
કુટુંબ, (ફેમીલી) *n.* Family. એક પિતાનો પરિવાર.
કુટુંબકલહ, (ફેમીલી ફ્યુડ) *n.* Family feud. કુટુંબમાં
કુટુંબી, (રીલેટીવ) *n.* & *a.* Relative. સગું. [કંકાસ.
કુતર્ક, (બૅડ થૉટ) *n.* Bad thought. ખરાબ વિચાર.
કુતૂહલ, (ક્યુરીઓસીટી) *n.* Curiosity. જીજ્ઞાસા.
કુત્સિત, (વાઇલ) *a.* Wile. નિંદિત; નીચ.
કુદરત, (નેચર) *n.* Nature. નિસર્ગ. Disposition. જાતિસ્વભાવ. Power. તાકાત.
કુદરતી, (નેચરલ) *a.* Natural. સ્વાભાવિક.
કુદ્રષ્ટિ, *n.* Evil look. ખરાબ ખ્યાલથી જોવું તે.

કુનેહ, (ક્લેવરનેસ) *n*. Cleverness. ચતુરાઇ.
કુપ્પી,-પ્પો, (ઓઇલ કૅન) *n*. Oil can. કુલ્લું.
કુબજા,-બારજા, (હૅગ) *n*. Hag. ખરાબ કૂબડી સ્ત્રી.
કુબેર, (ગૉડ) *n*. God. એક દેવ; ધનપતિ.
કુમક, (હેલ્પ) *n*. Help. સહાય; મદદ.
કુમકુમ, *n*. Red turmeric powder. કંકુ.
કુમળું, (ડેલીકેટ) *a*. Delicate. કોમળ.
કુમાર, (લૅડ) *n*. Lad. યુવાન; કિશોર.
કુમારિકા, *n*. Young unmarried girl. કુંવારી કન્યા.
કુમાર્ગ, (બૅડ વે) *n*. Bad way. ખરાબ માર્ગ.
કુમાશ, (ફાઇનનેસ) *n*. Fineness. નરમાશ. [વેલો.
કુમુદિની, (વૉટર લીલી) *n*. Water lily. કમળનો
કુરકુરિયું, (પપ્પી) *n*. Puppy. કૂતરાનું નાનું બચ્ચું. [કરવી તે.
કુરનિસ,-નસ, (સેલ્યુટ) *n*. Salute. ઝુકીને સલામ
કુરબાની, (સેક્રીફાઇસ) *n*. Sacrifice. બલિદાન.
કુલ, (ટોટલ) *a*. Total. એકંદર. Whole. તમામ.
n. Race. વંશ. Client. અસીલ-વકીલનો.
કુલક્ષણ, (મીસકંડક્ટ) *n*. Misconduct. અપલક્ષણ.
કુલપતિ, (ચાન્સેલર) *n*. Chancellor. વિદ્યાપીઠનો
સૌથી વડો અધિકારી. [કુલપતિથી ઉતરતો અધિકારી.
કુલનાયક, (વાઇસ-ચાન્સેલર) *n*. Vice-chancellor.
કુલાંગના, *n*. Lady. કુલીન ઘરની સ્ત્રી.
કુલાંગાર, *n* Bane in the family. કુળમાં અંગારા જેવો
કુલીન, (નોબલ) *a*. Noble. ખાનદાન. [નિવડેલો આદમી.
કુલે,-લ્લે, *ad*. On the whole. જુમલે; સરવાળે.

કુશળતા, (વેલ-બીઈંગ) *n.* Well-being. આરોગ્ય.
કુશાગ્રબુદ્ધિ, (શ્રુડ) *a.& n.* Shrewd. તીવ્ર બુદ્ધિવાળું.
કુષ્ઠ, (લેપ્રોસી) *n.* Leprosy. કોઢ.
કુસંગ,-ત, *n.* Bad company. ખરાબ સોબત.
કુસંપ, (ડીસેન્શન) *n.* Dissention. અણબનાવ.
કુસુમ, (ફ્લાવર) *n.* Flower. પુષ્પ.
કુસ્તી, (રેસલીંગ) *n.* Wrestling. બથ્થંબથ્થા.
કુસ્તીબાજ, (એથલેટ) *n.* Athlete. કસરતી ખેલાડી.
કુહાડી,-ડો, (એક્ષ) *n.* Axe. લાકડાં ફાડવાનું ઓજાર.
કુહુ,-કુહુ,-કાર, *n.* Cry of cuckoo. કોયલનો ટહુકાર.
કુળ, (રેસ) *n.* Race. જાત.
કુંજ, (આર્બર) *n.* Arbour. લતામંડપ.
કુંડ, (ઓલ્ટાર) *n.* Altar. વેદી. Basin. પાણીનો ખાડો.
કુંડળ,-લ, (ઈયરીંગ) *n.* Ear-ring. કાને પહેરવાનું ઘરેણું.
કુંડળી,-લી, *n.* Small circle. નાનું કૂંડાળું. An astrological chart. ગ્રહ વગેરેની ગણતરીનું ખાના- [વાળું ચોકઠું.
કુંદો, (કજલ) *n.* Cudgel. ડંડો.
કુંભ, (પીચર) *n.* Pitcher. ઘડો. The frontal lobe on the forehead of an elephant. ગંડસ્થળ.
કુંભાર, (પોટર) *n.* Potter. માટીનાં વાસણ ઘડનાર.
કુંવર, (પ્રીન્સ) *n.* Prince. રાજપુત્ર; છોકરો.
કુંવરી, (પ્રીન્સેસ) *n.* Princess. રાજપુત્રી.
કુંવાર, (એલો પ્લાન્ટ) *n.* Aloe plant. એળિયો.
કુંવારૂં, (અનમેરીડ) *n.* Unmarried. નહિ પરણેલું.
કૂકડી, (હેન) *n.* Hen. મરઘી.

કૂકડો, (કૉક) *n.* Cock. મરઘો.
કૂખ,–ક્ષ, (વુમ્બ) *n.* Womb. ગર્ભસ્થાન.
કૂચ, (માર્ચ) *n.* March. રવાના થવું તે.
કૂચડો, (સ્મોલ બ્રશ) *n.* Small brush.જાડા વાળની [પીંછી.
કૂચો, (સેન્ડીમેન્ટ) *n.* Sendiment. કચરો.
કૂટ, (એમ્બીગ્યુઅસ) *a.* Ambiguous. ન સમજાય એવું. *n.* Summit. શીખર. Heap. ઢગલો.
કૂટવું, (બીટ) *vt.* Beat. ઠોકવું.
કૂડ, –કપટ, (ડીસીટ) *n.* Deceit. છેતરપીંડી.
કૂણું, (ડેલીકેટ) *n.* Delicate. નાજુક.
કૂતરી, (બીચ) *a.* Bitch. કૂતરાની માદા.
કૂતરો, (ડૉગ) *n.* Dog. શ્વાન.
કૂદકો, (જમ્પ) *n.* Jump. ઠેકડો.
કૂદવું, (જમ્પ) *vt.* Jump. ઠેકડો મારવો.
કૂલો, (હીપ) *n.* Hip. ઢગડો.
કૂવત, કૌવત, (સ્ટ્રેન્ગથ) *n.* Strength.બળ; શક્તિ.
કૂવો,–પ,(વેલ) *n.*Well. જમીનમાંથી પાણી કાઢવા માટે ખોદેલો મોટો ઊંડો ખાડો. [ઇલાજ.
કૂંચી, (કી) *n.* Key. ચાવી. (રેમેડી) *n.* Remedy.
કૂંડાળું, (સરકલ) *n.* Circle. વર્તુલ; ગોળ આકૃતિ.
કૂંડ, (સ્મોલ પીટ) *n.* Small pit. નાનો ખાડો.
કૂંપળ, (ફ્રેશ લીફ) *n.* Fresh leaf. નવું ફૂટતું પાંદડું.
કૃત, (ડન) *a.* Done. કરેલું.
કૃતઘ્ન,–ઘ્ની, (અનગ્રેટફુલ) *a.* Ungrateful. નિમકહરામ.
કૃતજ્ઞ,–જ્ઞી, (ગ્રેટફુલ) *a.* Grateful. નિમકહલાલ.

કૃતજ્ઞતા, (ગ્રેટીટ્યુડ) *n.* **Gratitude.** આભાર.
કૃતિ, (વર્ક) *n.* **Work.** કાર્ય. **Creation.** સર્જન.
કૃત્ય, (ડીડ) *n.* **Deed.** કાર્ય; આચરણ.
કૃત્રિમ, (આર્ટીફીશ્યલ) *a.* **Artificial.** બનાવટી.
કૃદંત, (પાર્ટીસીપલ) *n.* **Participle.** ધાતુને કાળ કે અર્થવાચક પ્રત્યય લાગવાથી બનતું અપૂર્ણ અર્થવાચક [રૂપ.
કૃપણ, (માઇઝર) *a.* **Miser.** કંજુસ.
કૃપા, (ફેવર) *n.* **Favour.** મહેરબાની.
કૃમિ, (વર્મ) *n.* **Worm.** જીવડો; કરમિયો.
કૃશ, (લીન) *a.* **Lean.** પાતળું.
કૃષિક,-કાર, (ફાર્મર) *n.* **Farmer.** ખેડૂત.
કૃષ્ણ, *a.* **Black.** શ્યામ. *n.* **Lord Krishna.** ભગવાન કૃષ્ણ.
કૃષ્ણપક્ષ, *n.* **Dark half of a month.** અંધારિયું.
કે, (ધેટ) *conj.* **That.** કે. **Or.** યા; અથવા.
કેકા,-રવ, (વોઇસ ઓફ પીકૉક) *n.* **Voice of peacock.** મોરનો અવાજ.
કેટલું, *ad.&a.* **How much? Of what size?** શા [માપનું-પ્રમાણનું?
કેડ, (વેઇસ્ટ) *n.* **Waist.** કમર. **Pursuit.** પૂંઠ; કેડો.
કેડી, (ફુટપાથ) *n.* **Footpath.** પગથી.
કેડો, (બીહાઇન્ડ) *ad.* **Behind.** પૂંઠે. *n.* **Track.** રસ્તો.
કેણી,-ગમ,-પા,-મગ, (વ્હીધર) *ad.* **Whither.** [કઈ તરફ?
કેતુ, (પ્લેનેટ) *n.* **Planet.** એક ગ્રહ.
કેદખાનું, (જેલ) *n.* **Jail.** કારાગાર.
કેદી, (પ્રીઝનર) *n.* & *a.* **Prisoner.** બંદીવાન.
કેફ, (ઇન્ટોક્ષીકેશન) *n.* **Intoxication.** ઘેન; નશો.

કેફિયત, (સ્ટેટમેન્ટ) *n.* Statement. વિગતવાળી હકીકત.
કેમ, (વ્હાય) *ad.* Why. શા માટે ?
કેર, (સ્લોટર) *n.* Slaughter. મહાનાશ.
કેરી, (મેંગો) *n.* Mango. આંબાનું ફળ.
કેલિ,-લી, *n.* Amorous sport. રતીક્રિડા.
કેવડું, (હાઉ લાર્જ) *ad.* How large ? કેટલું મોટું ?
કેવળ, (પ્યોર) *a.* Pure. શુદ્ધ. *ad.* Only. ફક્ત.
(એબ્સોલ્યુટ) *a.* Absolute. એકમાત્ર.
કેશ, (હેર) *n.* Hair. વાળ [ઉપરના કેશ-વાળ.
કેશવાળી, (મેઇન) *n.* Mane. સિંહ કે ઘોડાની ગરદન
કેસર, (સેફ્રોન) *n.* Saffron. એક સુગંધીદાર વનસ્પતિ.
કેળ, *n.* Plantain tree. જેને કેળાં આવે છે તે છોડ.
કેળવણી, (એજ્યુકેશન) *n.* Education. શિક્ષણ; તાલીમ.
કેળવવું, (એજ્યુકેટ) *vt.* Educate; train. શિક્ષણ આપવું. Tan. ચામડું પકવીને નરમ સફાઇદાર બનાવવું.
કેળું, (પ્લેનટેઇન) *n.* Plantain. કેળનું ફળ.
કેંદ્ર, (સેન્ટર) *n.* Centre. મધ્યબિંદુ.
કેંદ્રગામી, (સેન્ટ્રીપિટલ) *a.* Centripetal. કેંદ્ર તરફ જતું.
કૈલાસ, (એબોડ ઓફ શીવ) *n.* Abode of Shiva. શીવનું રહેઠાણ; હિમાલયનું એક શીખર.
કૈલાસવાસી, (ડીસીઝ્ડ) *a.* Deceased. સદ્ગત.
કો, -ઈ, (સમ) *a.* Some. કોઇ. Any. ગમે તે.
કોઇક,-એક, (સમવન) *a.* Someone. ગમે તે એક.
કોકડી,-ડું, (હેંક ઓફ થ્રેડ) *n.* Hank of thread. નાનું કોકડું; દોરડાની દડી. [એક ખાટું ફળ.

કોકમ, (ગાર્સીનીયા ઇંડિકા) *n*. Garcinia indica.
કોકરવરણું,-વાયું, (ટીપીડ) *a*. Tepid. જરાતરા ઊનું.
કોકિલા, (કકુ) *n*. Cuckoo. કોયલ. [એક રોગ.
કોગળિયું, (કોલેરા) *n*. Cholera. કોલેરા; ઝાડા ઊલટીનો
કોગળો, (માઉથફુલ ઓફ લીકવીડ) *n*. Mouthful of liquid. મોં ભરાય એટલું પ્રવાહી.
કોચવું, *vt*. Make a hole. શારવું; કાણું પાડવું.
કોટ, (ફૉર્ટ) *n*. Fort. કિલ્લો. Coat. ડગલો. Neck.
કોટડી, (રૂમ) *n*. Room. ઓરડી. [ડોક.
કોટડું, (વૉલ) *n*. Wall. દિવાલ.
કોટિ,-ટી, (ટેન મીલીયન્સ) *a*. & *n* Ten millions. કરોડ. (એમ્બ્રેસ) *n*. Embrace. આલિંગન.
કોઠાર, (સ્ટોર હાઉસ) *n*.Store house.ભંડાર; વખાર.
કોઠારી, (સ્ટોરકીપર) *n*. Store-keeper. ભંડારી.
કોઠી, (અર્થન જાર) *n*. Earthen jar. માટીનો ઊંચો નળો. Godown. વખાર. Residential police stat-
કોડો, (ટેબલ) *n*. Table. કોષ્ટક. [ion. થાણું.
કોડ, (લોંગીંગ) *n*. Longing. અંતરની ઉમેદ.
કોડિયું, (અર્થન કપ) *n*. Earthen cup. દિવો કરવાનું માટીનું નાનું શકોરું. [વીસની સંખ્યા.
કોડી, (સી-શેલ) *n*. Sea-shell. શંખલી. *a*. Twenty.
કોઢ, (લેપ્રોસી) *n*. Leprosy. ચામડીનો એક રોગ. (સ્ટેબલ) *n*. Stable. ગમાણ; ઢોર બાંધવાની જગા.
કોણ, (હુ) *a*. Who ? કયું ?
કોણી,(એલ્બો) *n*. Elbow. ખભા નીચેનો હાથનો સાંધો.

કોતર, (કેવ) *n.* Cave. ઊંડી બખોલ.
કોતરકામ,-ણી,(એન્ગ્રેવીંગ) *n.* Engraving. નકશીકામ.
કોતરવું, (એનગ્રેન) *vt.* Engrave. આછું આછું ખોદવું.
કોથળી, (પર્સ) *n.* Purse. થેલી.Covering of the
કોથળો, (બૅગ) *n.* Bag.થેલો. [testicles. અંડકોષ.
કોદાળી, (સ્પેડ) *n.* Spade.ખોદવાનું એક ઓજાર.
કોનું, (હુઝ) *prn.* Whose. કોઇનું.
કોપ, (એંગર) *n.* Anger, ક્રોધ.
કોપરું, *n.* Kernel of a cocoanut. ટોપરું.
કોપવું, (બી એંગ્રી) *vt.* Be angry. ગુસ્સે થવું.
કોપાયમાન,-પિત, (એંગ્રી) *a.* Angry.ગુસ્સે થયેલું.
કોમ, (ટ્રાઇબ) *n.* Tribe. એક જ નામથી ઓળખાતો
કોમી, (ટ્રાઇબલ) *a.* Tribal. કોમનું. [લોકસમૂહ.
કોમળ, (સોફ્ટ) *a.* Soft. કુમળું. Tender. મુલાયમ.
કોયડો, (પઝલ) *n.* Puzzle. ઉખાણું; સમસ્યા.
કોયલ, (કકુ) *n.* Cuckoo. કોકિલા.
કોર, (બોર્ડર) *n.* Border. કિનાર. Edge. ધાર.
કોરવું, (બોર એ હોલ) *vt.* Bore a hole. કાણું પાડવું.
કોરું, (ડ્રાય) *a.* Dry. સૂકું. New. નવું.
કૉલ, (પ્રોમીસ) *n.* Promise. વચન; કબુલાત.
કૉલકરાર, (એગ્રીમેન્ટ) *n.* Agreement.સંધિપત્ર.
કોલસો,-ચલો, (કોલ)*n.* Coal.એક પ્રકારનું બળતણ.
કોલાહલ, (અપરોર) *n.* Uproar.ઘોંઘાટ; ધાંધલ.
કોવાવું,-હવું, (રૉટ) *vt.* Rot. સડી જવું.
કોશ,-ષ, *n.* Treasury. ખજાનો. Dictionary. શબ્દકોશ.

કોશિશ, (એફર્ટ) *n.* Effort. પ્રયત્ન.
કોશેટો, (સીલ્કવર્મ) *n.* Silk-worm. રેશમનો કિડો.
કોષ્ટક, (ટેબલ) *n.* Table. કોઠો.
કોહ, –વારો, (રૉટ) *n.* Rot. સડો.
કોહિનૂર, *n.* Brilliant diamond. કોહિનૂરનો હિરો.
કોળિયો. *n.* Mouthful. મોંમાં એકવાર લેવાય એટલો [ગ્રાસ.
કોળું, (ગુર્ડ) *n.* Gourd. એક શાક.
કૌટુંબિક,(ઓફ ફેમીલી) *a.* Of family. કુટુંબને લગતું.
કૌતક, –તુક, *n.* Wonder. આશ્ચર્ય. Curiosity. [જીજ્ઞાસા.
કૌતુહલ, –કુલ,—જુઓ કુતૂહલ.
કૌમાર, –માર્ય, (વર્જીનીટી) *n.* Virginity. કુંવારા-[પણું.
કૌમુદી, (મુન લાઇટ) *n.* Moon-light. ચાંદની.
કૌવચ, (કાઉ-ઇચ) *n.* Cow-itch. એક વનસ્પતિ.
કૌવત, (સ્ટ્રેંગ્થ) *n.* Strength. શક્તિ.
કૌંસ, (બ્રેકેટ) *n.* Bracket. લખાણમાં વપરાતું ( ) આવું [ચિહ્ન.
ક્યારે, (વ્હેન) *ad.* When. કયે વખતે?
ક્યારેક, (સમટાઈમ્સ) *ad.* Sometimes. કોઈક વખતે.
ક્યાં, (વ્હેર) *ad.* Where. કયે સ્થળે.
ક્રમ, (ઓર્ડર) *n.* Order. શ્રેણી.
ક્રાંતિ, (રેવોલ્યુશન) *n.* Revolution. પરિવર્તન.
ક્રિયા, *n.* Deed. કાર્ય; કર્મ. Ceremony. વિધિ.
ક્રિયાત્મક, *a.* Experimental. પ્રયોગાત્મક.
ક્રિયાપદ, (વર્બ) *n.* Verb. ક્રિયા બતાવનારૂં પદ.
ક્રિયાવિશેષણઅવ્યય, (એડવર્બ) *n.* Adverb. ક્રિયાપદના વિશેષણ તરીકે વપરાતો શબ્દ.

ક્રિડન, ક્રીડા, (સ્પોર્ટ) *n.* Sport. ખેલવું તે.
ક્રૂર, (ક્રુઅલ) *a.* Cruel. નિર્દય
ક્રૂરતા, (ક્રુઅલ્ટી) *n.* Cruelty. નિર્દયતા.
ક્રોધ, (એંગર) *n.* Anger. ગુસ્સો. [ભરાયેલું.
ક્રોધાયમાન, -ધિત, ક્રુદ્ધ, (એંગ્રી) *a.* Angry. ક્રોધે
ક્લાંત, (ટાયર્ડ) *a* Tired. થાકેલું [નહિ એવું.
ક્લિષ્ટ, *a.* Afflicted. પીડિત. Far-fetched સુગમ
ક્લેશ, (ડીસ્ટ્રેસ) *n.* Distress. પીડા; દુઃખ. Quarrel.
ક્વચિત, (સેલ્ડમ) *ad.* Seldom. કદાપિ. [કજિયો.
ક્વાથ, (ડીકોક્શન) *n.* Decoction. ઉકાળો.
ક્ષણ, (મોમેન્ટ) *n.* Moment. પળ. [અસ્થાયી.
ક્ષણજીવી, -ભંગુર, -ણિક, (ટેમ્પરરી) *a.*Temporary.
ક્ષતિ, (લૉસ) *n.* Loss. નુકસાન. Wound. ઘા.
ક્ષત્ર, -ત્રિ, -ત્રિય, (રાજપુત) *n.* Rajput. રજપૂત.
ક્ષમતા, (પેશન્સ) *n.* Patience. ધીરજ.
ક્ષમા, (પારડન) *n.* Pardon. માફી. [યોગ્ય.
ક્ષમાયોગ, ક્ષમ્ય, ક્ષંતવ્ય, *a.* Pardonable. ક્ષમાને
ક્ષય, (વેસ્ટ) *n.* Waste. ઘટાડો. (થાઈસીસ) Pthisis.
ક્ષાર, (સૉલ્ટ) *n.* & *a.* Salt. ખાર. [ક્ષય.
ક્ષિતિજ, (હોરીઝન) *n.* Horizen. પૃથ્વી ને આકાશ જ્યાં
મળતાં દેખાય છે તે રેખા. [Weak. નબળું.
ક્ષીણ, (ઇમેશીએટેડ) *a.* Emaciated. ઘસાઈ ગયેલું.
ક્ષીર, (મીલ્ક) *n.* Milk. દૂધ. Water. પાણી.
ક્ષુદ્ર, (અનઇમ્પોર્ટન્ટ) *a.* Unimportant. બીન-
ક્ષુધા, (હંગર) *n.* Hunger. ભૂખ. [મહત્વનું;નજીવું.

ક્ષુધાતુર, -ર્ત, (હંગ્રી) *a.* Hungry. ભૂખ્યું.
ક્ષુબ્ધ, (એજીટેટેડ) *a.* Agitated. આકુળવ્યાકુળ.
ક્ષુલ્લક, (ટ્રાઈફ્લીંગ) *a.* Trifling. નજીવું.
ક્ષેત્ર, (ફીલ્ડ) *n.* Field. ખેતર. Place. સ્થાન.
ક્ષેત્રપાલ, (ફાર્મર) *n.* Farmer. ખેડુત. King. રાજા.
ક્ષેત્રફળ, (એરીઆ) *n.* Area. જમીનની લંબાઇપહોળાઇનું
ક્ષેમ, (વેલ્ફેર) *a.* Welfare. કલ્યાણ; આરોગ્ય. [માપ.
ક્ષોભ, (એજીટેશન) *n.* Agitation. મનનો ગભરાટ.
ક્ષૌર, -કર્મ, (શેવીંગ) *n.* Shaving. હજામત.

ખ

ખ, *n.* The second letter of the Gujarati consonants, of the gluttural class. કંઠસ્થાની બીજો વ્યંજન. (સ્કાય) *n.* Sky. આકાશ.
ખખડધજ, (સ્ટ્રોંગ) *a.* Strong. મજબૂત બાંધાનું.
ખખડવું, (રેટલ) *vt.* Rattle. ખડખડ એવો અવાજ થવો.
ખખડાટ, *n.* Rattling noise. ખડખડ અવાજ.
ખખરો, -રખરો, (કોન્ડોલંસ) *n.* Condolence. દિલાસો.
ખખળતું, -ળખળતું, *a.* Very hot. ખૂબ ઊનું.
ખગ, (બર્ડ) *n.* Bird. પક્ષી. (સ્ટાર) Star. તારો.
ખગોળ, (ગ્લોબ) *n.* Globe. ગગનમંડળ.
ખગોળવિદ્યા, -શાસ્ત્ર, (એસ્ટ્રોનોમી) *n.* Astronomy. ગ્રહ, નક્ષત્ર વગેરેનું શાસ્ત્ર.
ખચકાવું, *vt.* Shrink back. પાછા પડવું.
ખચિત, (સર્ટનલી) *ad.* Certainly. જરૂર.

ખચ્ચર, (મ્યુલ) *n.* Mule.ઘોડો અને ગધેડું એ બન્નેની મિશ્ર જાતિનું પ્રાણી.
ખજવાળ, ખંજવાળ, (ઇચી સેન્સેશન) *n.* Itchy sensation. વલુરવાની ઇચ્છા.
ખજાનચી, (ટ્રેઝરર) *n.* Treasurer. કોષ; ભંડાર.
ખજાનો, (ટ્રેઝર) *n.* Treasure. કોષાધ્યક્ષ.
ખજૂર, (ડેટ ફ્રુટ) *n.* Date fruit. એક ફળ.
ખટકવું, (બી પ્રીક્ડ) *vt.* Be pricked. ખૂંચવું.
ખટપટ, (ઇન્ટ્રીકસી) *n.* Intricacy. પ્રાપંચિક ગોઠવણ.
ખટરાગ, (ડીસએગ્રીમેન્ટ) *n.* Disagreement. ઝઘડો.
ખટાઈ,–શ, (એસીડીટી) *n.* Acidity. ખાટાપણું.
ખટારો, (કાર્ટ) *n.* Cart. ગાડું. Motor Lorry.ભાર ભરવાની મોટર.
ખટાવવું, *vt.* Benefit. લાભ આપવો.
ખડ, (ગ્રાસ) *n.* Grass. ઘાસ.
ખડક, (રૉક) *n.* Rock. ટેકરો.
ખડકવું, (એમાસ) *vt.* Amass. સીંચવું.
ખડકી, *n.* Front part of the house. ડેલી.
ખડગ, (સ્વોર્ડ) *n.* Sword. તલ્વાર.
ખડબચડું, –રબચડું, *a.* Uneven. ખાડાખૈયાવાળું.
ખડબૂચ, (વૉટર–મેલન) *n.* Water–melon. તડબૂચ.
ખડમાંકડી, (ગ્રાસહોપર) *n.* Grasshopper. એક જીવડું.
ખડિયો, (ઈંકસ્ટેન્ડ) *n.* Inkstand. શાહી રાખવાનું પાત્ર.
ખડું, (સ્ટેંડીંગ) *a.* Standing. ઊભેલું. Erect. ટટાર.
ખડેચોક, (ઓપન્લી) *ad.* Openly. ખુલ્લી રીતે.
ખણખણવું,(ટીંકલ) *vt.* Tinkle. ખણખણ અવાજ થવો.
ખણવું, (સ્ક્રેચ) *vt.* Scratch. વલુરવું.

ખત, (ડીડ) *n.* Deed. દસ્તાવેજ. (લેટર) Letter. પત્ર.
ખતમ, (ઓવર) *a.* & *ad.* Over. સમાપ્ત; પૂરું.
ખતા, -ત્તા, (મીસ્ટેક) *n.* Mistake. ભૂલ; ઠોકર.
ખદખદવું, (એફરવેસ) *vt.* Effervesce. ખદખદ અવાજ
ખદડવું, (ટાયર) *vt.* Tire. થકવી નાખવું. [સાથે ઊકળવું.
ખનીજ, (મીનરલ) *n.* Mineral. ધાતુ.
ખપ, (યુઝ) *n.* Use. વપરાશ; ઉપયોગ.
ખપાવવું, (ગેટ સોલ્ડ્) *vt.* Get sold. ખપે એમ કરવું.
ખપ્પર, *n.* Destructive vessel of a goddess.
ખબર, (ન્યુઝ) *n.* News. સમાચાર. [દેવીનું નાશપાત્ર.
ખબરઅંતર, *n.* Inquiry about health. તબિયતના
સમાચાર. [ખબર મોકલનાર.
ખબરપત્રી, (કોરસપોન્ડન્ટ) *n.* Correspondent.
ખભો, *n.* Shoulder. ધડ ને હાથ જ્યાં જોડાય છે
ખમણવું, (સ્ક્રેપ) *vt.* Scrap. છીણવું. [તે અવયવ.
ખમવું, (બૅર) *vt.* Bear. સહન કરવું. Wait. થોભવું.
ખમીસ, (શર્ટ) *n.* Shirt. એક પ્રકારનું પહેરણ.
ખર, (ઍસ) *n.* Ass. ગધેડો.
ખરચ, *n.* Expenditure. ખર્ચ; વ્યય. Cost. કિંમત.
ખરચવું, (સ્પેન્ડ્) *vt.* Spend. વાપરવું.
ખરચાઉ, -ળ, -ળું, *a.* Spendthrift. હાથનું છૂટું.
ખરજવું, (એકઝીમા) *n.* Eczema. ચામડીનો એક રોગ.
ખરડવું, (સૉઇલ) *vt.* Soil. બગાડવું.
ખરડો, (ડ્રાફ્ટ) *n.* Draft. કાચો મુસદ્દો. List. યાદી.
ખરલ, (સાલ્વ) *n.* Salve. ઘૂંટવાનું વાસણ.

ખરવું, (ફૉલ ઑફ).vt. Fall off. પડી જવું.
ખરાબ, (બૅડ) a. Bad. સારૂં નહિ એવું.
ખરાબી, (રૂઇન) n. Ruin. નાશ. [વાળા નામ હોય છે તે.
ખરી, (હુફ) n. Hoof. ચોપગાં પ્રાણીને આખા કે ફાંટા-
ખરીદ, -દી, (પરચેઝ) n. Purchase. ખરીદવું તે.
ખરીદવું, (પરચેઝ) vt. Purchase. વેચાતું લેવું.
ખરૂં, (ટ્રુ) a. True. સાચું. ad. Well! વારૂ.
ખરે, -ખર, (ઇન્ડીડ) ad. Indeed. સાચે.
ખંજર, (ડૅગર) n. Dagger. કટાર.
ખંડ, (પોર્શન) n. Portion. ભાગ. Chapter. પ્રકરણ. Apartment. ઓરડો. Continent. પૃથ્વીનો એક મોટો ભાગ. [રાજ્યને ભરવી પડતી રકમ.
ખંડણી, (ટ્રીબ્યુટ) n. Tribute. તાબેદાર રાજ્યે ઉપરી
ખંડન, n. Breaking. તોડવું તે. Refutation. રદિયો.
ખંડિયું, (ટ્રીબ્યુટરી) a. Tributary. ખંડણી ભરતું.
ખંડિએર, -ડેર, (રૂઇન્સ) n. Ruins. ભાંગીતૂટી ઇમારત.
ખંત, (પરસીવીયરંસ) n. Perseverance. ચીવટ; કાળજી.
ખંતીલું, (પરસીવીયરીંગ) a. Persevering. ચીવટવાળું.
ખંધું, (કનીંગ) a. Cunning. લુચ્ચું.
ખાઇ, (ડીચ) n. Ditch. ઊંડો ખાડો.
ખાટકી, (બુચર) n. Butcher. કસાઇ. [મંદવાડ.
ખાટલો, (બેડસ્ટેડ) n. Bedstead. ચારપાઈ. Sickness.
ખાટલાવશ, (સીક) a. Sick. આજારી.
ખાટું, (સાવર) a. Sour. ખટાશવાળું. [પ્રવાહ.

ખાડી, *n.* Channel. જમીનમાં ગયેલો દરિયાનો સાંકડો
ખાણ, (માઇન) *n.* Mine. ખનીજ પદાર્થો કાઢવા માટે
ખોદેલો ખાડો. [મિજબાની.
ખાણું, (ડીનર) *n.* Dinner. ભોજન. Dinner-party.
ખાતર, (મેન્યોર) *n.* Manure. ખેતી સુધારવા ખેતરમાં
નખાતો કચરો. Theft. ચોરી. [lity. ખરદાસ; સરભરા.
ખાતર, -દારી, -બરદાસ. (હોસ્પીટાલીટી) *n.* Hospita-
ખાતરી, (સર્ટનટી) *n.* Certainty. ભરોસો.
ખાતુ, (એકાઉન્ટ) *n.* Account. ઉમેદવારનો હિસાબ.
Department. વિભાગ [નોંધવાનો ચોપડો.
ખાતાવહી, (લેજર) *n.* Ledger. ખાતાવાર હિસાબ
ખાદ્ય, (ઇટેબલ) *a.* & *n.* Eatable. ખવાય એવું.
ખાધાખોરાકી, *n.* Maintainance. ભરણપોષણ માટેની
ખાનગી, (પ્રાઇવેટ) *n.* Private. ગુપ્ત. [રકમ.
ખાનદાન, (નોબલ) *a.* Noble. ઉમદા; ઊંચું.
ખાબોચિયું. *n.* Pool. પાણીથી ભરેલો નાનો ખાડો.
ખામી, (ડીફેક્ટ) *n.* Defect. ખોડ. Want. કસર.
ખામોશ, -શી, (પેશન્સ) *n.* Patience. ધીરજ; સબૂરી.
ખાર, (સૉલ્ટ) *n.* Salt. મીઠું. Malice. દ્વેષ.
ખારવા, (સેલર) *n.* Sailor. ખલાસી; નાવિક.
ખારીલું, (મેલીસ્યસ) *a.* Malicious. રાગદ્વેષવાળું.
ખારું, (સૉલ્ટીશ) *a.* Saltish. ખારાશવાળું.
ખારેક, (ડ્રાય ડેટ) *n.* Dry date. સૂકવેલી ખજૂર.
ખાલસા, *a.* Of one's own. પોતાનું; આગવું. Of
state ownership. સરકારની માલીકીનું.

ખાલી, *a.* Empty. ઠાલું. Vacant. વસવાટ વિનાનું.
ખાવું, (ઈટ) *vt.* Eat. જમવું. [*ad.* Merely. ફક્ત.
ખાસ, (પીક્યુલીઅર) *a.* Peculiar. વિશિષ્ટ.
ખાસિયત, *n.* Habit. ટેવ. Characteristic. લક્ષણ.
ખાળ, *n.* Gutter. મેલા પાણીના નીકાલ માટેની નીક.
ખાળકૂંડી, -કુવો, *n.* Cesspool. ખાળના પાણીની કૂંડી.
ખાળવું, (પ્રીવેન્ટ) *vt.* Prevent. અટકાવવું.
ખાંચો, (લેન) *n.* Lane. ગલી. Corner. ખુણો.
ખાંડ, (શુગર) *n.* Sugar. એક ગળ્યો પદાર્થ.
ખાંડણિયો, -ણી, (મોર્ટર) *n.* Mortar. ખાંડવા માટેનું
ખાંડવું,(પાઉન્ડ) *n.* Pound. કચરવું. [લાકડા કે પત્થરનું સાધન
ખાંડી, *n.* Measure of 20 maunds. ૨૦ મણનું માપ-
ખાંધ, (શોલ્ડર) *n.* Shoulder. ખભો. [તોલ.
ખાંપણ, *n.* Covering on the dead body. કફન.
ખાંભી, (મોન્યુમેન્ટ) *n.* Monument. સ્મરણસ્તંભ.
ખાંસી, (બ્રોન્કાઇટીસ) *n.* Bronchitis. ઉધરસ; ઠાંસો.
ખિજવાટ, ખીજ, (રાથ) *n.* Wrath. ગુસ્સો.
ખિજમત, -દમત, (સર્વિસ) *n.* Service. ચાકરી.
ખિજવું, (બી વેક્સ્ડ) *vt.* Be vexed. ક્રોધે ભરાવું.
ખિતાબ, (ટાઇટલ) *n.* Title. ઇલ્કાબ.
ખિન્ન, (સૅડ) *a.* Sad. દિલગીર; ગમગીન.
ખિસકોલી, (સ્કવીરલ) *n.* Squirrel. એક જનાવર.
ખિસિયાણું, (પેલ) *a.* Pale. ઝંખવાણું.
ખિસ્સુ, -સું, (પૉકેટ) *n.* Pocket. ગજવું.
ખીચોખીચ, (ક્રાઉડેડલી) *ad.* Crowdedly. ભરચક.

ખીણ, *n*. Valley. પર્વતના બે ઊંચા ભાગ વચ્ચેનો પ્રદેશ.
ખીલ, (પીમ્પલ) *n*. Pimple. મોં પર જુવાનીમાં થતી [ફોલ્લી.
ખીલવું, (બ્લૉસમ) *vt*. Blossom. વિકસવું.
ખીલી, ખીંટી, (પેગ) *n*. Peg. નાનો ખીલો.
ખીલો, ખીંટો, ખૂંટો, (નેઈલ) *n*. Nail. મેખ.
ખુટાડવું, (એક્ઝોસ્ટ) *vt*. Exhaust. પૂરું કરવું; ઘટે એમ [કરવું.
ખુડદો, -રદો, (ચેન્જ) *n*. Change. પરચુરણ.
ખુદ, (સેલ્ફ) *prn*. Self. પોતે; જાતે. [અન્નદાતા.
ખુદાવંત, -વંદ, (ઑલમાઈટી) *n*. & *a*. Almighty.
ખુનામરકી, (મૅસેકર) *n*. Massacre. કાપાકાપી.
ખુન્નસ, (રૅન્કર) *n*. Rancour. વેરઝેર.
ખુમારી, *n*. Intoxication. ઘેન; મસ્તી. Pride, ગર્વ.
ખુરશી, -સી, (ચેર) *n*. Chair. એક પ્રકારનું બેસવા માટેનું લાકડાનું સાધન.
ખુલાસો, (એક્સપ્લેનેશન) *n*. Explanation સ્પષ્ટીકરણ.
ખુલ્લું, (ઓપન) *a*. Open. ઉઘાડું. Clear. સ્પષ્ટ.
ખુવારી, (રૂઇન) *n*. Ruin. પાયમાલી.
ખુશ, (પ્લીઝ્ડ) *a*. Pleased. પ્રસન્ન. [માર્ગ.
ખુશકી, (ઓવરલેન્ડ રૂટ) *n*. Overland route. જમીન-
ખુશબોદાર, (ફ્રેગરંટ) *a*. Fragrant. સુગંધીદાર.
ખુશામત, -દ, (ફ્લેટરી) *n*. Flattery. સ્વાર્થ માટે કરેલાં [વખાણ.
ખુશી, (જોય) *a*. Joy. આનંદ.
ખૂણો, (કૉર્નર) *n*. Corner. કોણ; ખાંચો.
ખૂન, *n*. Blood. લોહી. Murder. જીવથી મારી નાખવું તે.
ખૂનખાર, (બ્લડી) *a*. Bloody. ઘાતકી.

ખૂની, (મર્ડરર) *n.* & *a.* Murderer. ખૂન કરનાર.
ખૂનસ, —નસ, (રેન્કર) *n.* Rancour. વેરની તરસ.
ખૂબ, (ફાઈન) *a.* Fine. સરસ. (મચ) Much. ઘણું.
ખૂબસુરત, (બ્યુટીફુલ) *a.* Beautiful. સુંદર.
ખૂબી, *n.* Pecularity. ખાસ ગુણ. Dexterity. ચતુરાઈ.
ખૂંચવું, *vt.* Pain. નડવું. Pierce. ભોંકાવું. Stick. ચોંટી
ખૂંદવું, (ક્રશ) *vt.* Crush. ગદડવું; કચરવું. [જવું.
ખૂંધ, (હમ્પ) *n.* Hump. વાંસા પર હોતો ઢેકો.
ખૂંધૂં, (હન્ચ-બેક્ડ) *a.* Hunch-backed. ખૂંધવાળું.
ખેડવું, (ટીલ) *vt.* Till. જમીનને હળ વડે પોચી કરવી.
ખેડૂત, (ફાર્મર) *n.* Farmer. ખેતી કરનાર.
ખેતર, *n.* Farm. ખેડ મારેની જમીનનો ટુકડો.
ખેદ, (એફ્લીકશન) *n.* Affliction. સંતાપ; શોક.
ખેદાનમેદાન, (ડીસ્ટ્રોયડ) *a.* Destroyed. પાયમાલ.
ખેપ, (ટ્રીપ) *n.* Trip. આંટો; ફેરો. Journey. મુસાફરી.
ખેરાત, (ચેરીટી) *n.* Charity. દાન. [Turn. વારો.
ખેલ, (પ્લે) *n.* Play. નાટક; રમત. Show. તમાસો.
ખેલાડી, (પ્લેઅર) *n.* Player. રમનાર માણસ. *a.*
ખેંચવું, (પુલ) *vt.* Pull. તાણવું. [Clever. ચતુર.
ખોખરું, (હોઅર્સ) *a.* Hoarse. જાડો ને પોલો અવાજ
ખોખું, (સ્કેલેટન) *n.* Skeleton. કલેવર. [નીકળે તેવું.
ખોટ, (લૉસ) *n.* Loss. નુકસાન.
ખોટું, (ફૉલ્સ) *a.* False. જૂઠું; અસત્ય.
ખોડ, (હૅબીટ) *n.* Habit. ટેવ. Defect ખામી; દોષ.
ખોડું, (લેઈમ) *a.* Lame. લંગડું.

ખોદવું, (ડીગ) *vt.* Dig. ભોંય ઉખાડવી.
ખોદાણ, *n.* Ground wasted away by water. પાણીથી ખોદાયેલી જમીન. [પેટી જેવું લાકડું.
ખોપરી, (સ્કલ) *n.* Skull. જેમાં મગજ છે તે માથાની
ખોરડું, (હટ) *n.* Hut. ઝૂંપડું.
ખોરાક, (ફુડ) *n.* Food. ખાવાનો પદાર્થ.
ખોરાકી, –પોશાકી, *n.* Maintainance. અન્નવસ્ત્ર.
ખોવું, (લુઝ) *vt.* Lose. ગુમાવવું.
ખોળવું, (સર્ચ) *vt.* Search. શોધ કરવી.
ખોળો, *n.* Lap. પલાંઠી મારી બેસતાં બન્ને જાંઘ ઉપર ને
ખ્યાતિ, (ફેમ) *n.* Fame. કીર્તિ. [ઘૂંટણ લગીનો ભાગ.
ખ્યાલ, (થૉટ) *n.* Thought. વિચાર; કલ્પના; ધારણા.
ખ્રિસ્ત, (ક્રાઇસ્ટ) *n.* Christ. ઇસુખ્રિસ્ત. [માનનાર.
ખ્રિસ્તી, (ક્રીશ્ચીયન) *n.* Christian. ઇસુખ્રિસ્તને

ગ

ગ, The third consonant letter of the Gujarati Alphabet, of the gluttural class. ગુજરાતી મૂળાક્ષરનો ત્રીજો કંઠસ્થાની વ્યંજન. [પૂર્વના દિવસે.
ગઇકાલે, (યસ્ટરડે) *prep.* Yesterday. આજના
ગગડાટ, –ડગડાટ, (થંડર) *n.* Thunder. ગાજવીજ.
ગણગણાટ, (હમીંગ) *n* Humming. ગણગણવું તે.
ગગન, (સ્કાય) *n.* Sky. આકાશ. [ઊંચું.
ગગનચુંબિત, –ચુંબી, –સ્પર્શી, *a.* Very high. બહુ

ગગરો, ગાગર, (મૅટલ પૉટ) n. Metal pot. ધાતુનો ઘડો.
ગગળું,-ભગળું, (સૉફ્ટ-હાર્ટેડ) a. Soft-hearted. ઢીલું; દીન. Ripe. પાકવા આવેલું.
ગચ્ચી, -અગાશી, (ટેરેસ) n. Terrace. ધાબું.
ગજ, (એલીફન્ટ) n. Elephant. હાથી Measure of two feet. ચોવીસ તસુનું માપ Bar of iron. લોઢાનો
ગજરો, (બોકે) n. Bouquet. ફૂલનો હાર [ગળિયો.
ગજવવું, -ગાજવવું, vt. Proclaim loudly. ગાજે તેમ
ગજવું, (પૉકેટ) n. Pocket. ખીસું. [કરવું.
ગજવાકાતરૂ, (પીકપૉકેટ) n. Pickpocket. ખીસાકાતરૂ
ગજવેલ, (સ્ટીલ) n. Steel. પોલાદ.
ગજું, (કૅપેસીટી) n. Capacity. શક્તિ.
ગટર, (ગટર) n. Gutter. મોરી; ખાળ
ગટ્ટી, (લૅમ્પ) n. Lamp [illegible].
ગડ, -ગુમડ, (બૉઈલ) n. Boil. ગુમડું; ફોલ્લો.
ગડબડ, -ગડબડાટ, -ગરબડ, (અપરોર) n. Uproar ધાંધલ
ગડમથલ, (વેન ઍફર્ટ્સ) n. Vain efforts. ફાંફાં.
ગઢ, (ફોર્ટ) n. Fort. કિલ્લો.
ગઢવી, (બાર્ડ) n. Bard. ચારણ Watchman
ગણકારવું, (રીગાર્ડ) vt. Regard. ગણવું [રખેવાળ.
ગણગણવું, (મર્મર) vt. Murmur. બબડવું Hum. મધમાખીઓના જેવો અવાજ કરવો. [ગણવાની રીત.
ગણતરી, (કૅલ્ક્યુલેશન) n. Calculation. ગણવું તે;
ગણના, -તરી, (રીગાર્ડ) n. Regard. માન; પ્રતિષ્ઠા.
ગણવત, -પટો, (ટેનન્સી લીઝ) n. Tenancy lease.

સંધિનો કરાર.   [કરવો. Regard. માનવું.
ગણવું, (કાઉન્ટ) vt. Count. સંખ્યા કાઢવી; હિસાબ
ગણવેશ, (યુનીફોર્મ) n. Uniform. એકસરખો પોશાક.
ગણાવું, vt. Be regarded. ગણતરીમાં આવવું.
ગણિતવિદ્યા, –શાસ્ત્ર, (મેથેમેટીક્સ) n. Mathematics.
ગત, (પાસ્ટ) n. Past. ગયેલું [ગણિતનું જ્ઞાન કે શાસ્ત્ર.
ગતાંક, (લાસ્ટ નંબર) n. Last number. ગયો અંક.
ગતિ, (મોશન) n. Motion. ચાલ; ઝડપ. (એક્સેસ) Access. પ્રવેશ; તેમ કરવાની બુદ્ધિશક્તિ. (પાવર) Power. બળ. (કંડીશન) Condition. સ્થિતિ.
ગતિમાન, (મુવીંગ) a. Moving. ગતિમાં છે તેવું. (મોમેન્ટમ) n. Momentum, ગતિનું પ્રમાણ. [શાસ્ત્ર.
ગતિશાસ્ત્ર, (ડાઇનામીક્સ) n. Dynamics. ગતિ દર્શાવતું
ગદગડું, (ડીકોમ્પોઝડ) a. Decomposed. કોહી ગયેલું.
ગદા, (ક્લબ) n. Club. લડાઈનું એક હથિયાર.
ગદાધર, (વિષ્ણુ) n. Vishnu. વિષ્ણુ. [તોલાનું વજન.
ગદિયાણો, n. Weight of half a tola. અરધા
ગદ્ય, (પ્રોઝ) n. Prose. ગવાય નહિ એવું લખાણ.
ગધાડું, –ધેડું, –ધેડો, (ઍસ) n. Ass. ખર.[મહેનત.
ગદ્ધામજુરી, –વૈતરું, (ડ્રજરી) n. Drudgery. ખાલી
ગપ, –પોડું, –પ્પું, –પાષ્ટક, –પાટો, –ગોળો, (રયુમર) n. Rumour. ઊડતી વાત; અફવા.
ગફલત, n. Negligence. બેદરકારી. Mistake. ભૂલ.
ગબડવું, –રગડવું, vt. Roll. આળોટવું; ગગડી જવું.
ગભરાટ,–મણ, n. Confusion. અકળામણ.

ગભરાવું, *vt.* Be Confused. અકળાવું; ગૂંચાવું.
ગભરાવવું, (એલાર્મ) *vt.* Alarm. મૂંઝવવું.
ગભીર, (ડીપ) *a.* Deep. ઊંડું. Profound. ઘાડું.
ગમ, *n.* Side. બાજુ. Knowledge. જ્ઞાન. Sorrow.
ગમગીન, (સૅડ) *a.* Sad. ઉદાસ; શોકાતુર. [શોક.
ગમત, -મ્મત, *n.* Sport. રમત. Amusement.વિનોદ.
ગમતી, (એમ્યુઝીંગ) *a.* Amusing. વિનોદી.
ગમન, (ડીપાર્ચર) *n.* Departure. જવું તે.
ગમવું, (લાઈક) *vt.* Like. પસંદ પડવું.
ગમાર,(અનમેનર્લી) *a.*Unmannerly. ગામડિયું; મૂર્ખ.
ગમ્ય, (ઇનટેલીજીબલ) *a.* Intelligible. સમજાય એવું.
ગરક, –કાવ, (એન્ગ્રોસ્ડ) *a.* Engrossed. લીન; મગ્ન.
ગરગડી, –રેડી, (પુલી) *n.* Pulley.ફરે ેવું નાનું પૈડું.
ગરજ, (નીડ) *n.* Need. ખપ; જરૂર.Self-interest.
ગરજમતલબી, *a.* Selfish. આપમતલબી. [સ્વાર્થ.
ગરજવું, –ર્જવું, (થંડર) *vt.* Thunder. ગર્જના કરવી;
ગરદન, –ધચી,(નૅક) *n.* Neck. ડોકી; બોચી. [ગાજવું.
ગરનાળું, (કલવર્ટ) *n.* Culvert. પાણી આવવા જવા
માટે બાંધેલો સાંકડો માર્ગ.
ગરમ, (હૉટ) *a.* Hot. ઉષ્ણ. Angry. ક્રોધાયમાન.
ગરમાટો, –વો, –મી, (હીટ) *n.* Heat. ઉષ્ણતા.
ગરાસ, *n.* Land given in lieu of services
rendered to state. રાજ્યે કાઢી આપેલી જમીન.
ગરિમા, (ગ્રેટનેસ) *n.* Greatness. મોટાઈ; પ્રૌઢતા.
ગરીબ, (પુઅર) *a.* Poor. નિર્ધન. Meek.સાલસ;રાંક.

ગરીબાઇ, (પૉવરટી) *n.* Poverty. નિર્ધનતા.
ગરૂડ, (ઈગલ) *n.* Eagle. એક પક્ષી.
ગરોળી, (લીઝાર્ડ) *n.* Lizard. એક ઝેરી જાનવર.
ગર્જન, -ના, (રોર) *n.* Roar. ગર્જવાનો અવાજ.
ગર્દભ, -ર્ધવ, (ઍસ) *n.* Ass. ગધેડો.
ગર્ભ, -રભ, (એમ્બ્રયો) *n.* Embryo. માના પેટમાં રહેલું જીવનું રૂપ. Pulp. ગર. [રહેવાનું સ્થાન.
ગર્ભકોશ, -કોપ, -ભાશય, (વુમ્બ) *n.* Womb. ગર્ભને
ગર્ભવતી, -વંતી, -ભિણી, (પ્રેગનન્ટ) *a.* & *n.* Pregnant. ગર્ભવાળી. [કરવો તે.
ગર્ભાધાન, (કન્સેપ્શન) *n* Conception. ગર્ભ ધારણ
ગર્ભિત, (ઇમ્પ્લાઈડ) *a.* Implied. સૂચિત; છૂપું.
ગર્વ, (એરોગંસ) *n.* Arrogance. અભિમાન. [મગરૂર.
ગર્વિત, -ષ્ટ, -વી, -લું, (હૉટી) *a.* Haughty.
ગલીપચી, (ટીલીટેશન) *n.* Tillitation. શરીરના અમુક ભાગને સ્પર્શથી થતી સળવળાટની મજેદાર અસર.
ગલી, -કૂંચી, (લેઈન) *n.* Lane. શેરી.
ગલીચ, (ફીલ્થી) *a.* Filthy. ગંદું.
ગલેફ, (કવરીંગ) *n.* Covering. ગાદીતકિયાની ખોલ.
ગલ્લો, *n.* Money box. પરચુરણ નાણું રાખવાનું પાત્ર.
ગવડાવવું, -રાવવું, *vt.* Make sing. ગાય તેમ કરવું.
ગવૈયો, ગાયક, (સોંગસ્ટર) *n.* Songster. ગાનારો.
ગહન, *a* Deep. ઊંડું. Incomprehensible. ગૂઢ.
ગળચટ્ટું, -ચ્યું, (સ્વીટ) *a.* Sweet. ગળપણના સ્વાદવાળું.

ગળપણ, (સ્વીટનેસ) *n.* Sweetness. ગળ્યો સ્વાદ.
ગળફો, (ફ્લેમ) *n.* Phlegm. બળખો.
ગળવું, (સ્વૉલો) *vt.* Swallow. ગળામાં ઉતારી જવું.
Filter. ગાળવું. Ripen. પાકવું. [વાદળી રંગ.
ગળી, *n.* Indigo. એક વનસ્પતિ; તેમાંથી નીકળતો
ગળું, *n.* Throat. શરીરનું એક અંગ. Voice. અવાજ.
ગંજાવર, (વાસ્ટ) *a.* Vast. ઘણું મોટું. [ઓઘો.
ગંજી, (હે સ્ટોક) *n.* Hay stock. ઘાસનો ઢગલો;
ગંજીફો, (પૅક ઓફ કાર્ડ્ઝ) *n.* Pack of cards. રમવાનાં પાનાંનો જથો. [ભાંગગાંજાનો વ્યસની.
ગંજેડી,-રી, *a.* & *n.* Addicted to intoxication.
ગંદકી,-વાડ,-વાડો, (ફીલ્થ) *n.* Filth. અસ્વચ્છતા.
ગંદું, (ડર્ટી) *a.* Dirty. મેલું; ગંદકીવાળું.
ગંધ, (સ્મેલ) *n.* Smell. વાસ. Dirty smell. દુર્ગંધ.
ગંધક, (સલ્ફર) *n.* Sulphur. એક ખનિજ પદાર્થ.
ગંધાવું, (સ્ટીંક) *vt.* Stink. ખરાબ વાસ આવવી.
ગંભીર, *a.* Serious. પ્રૌઢ. Patient. ધીર.
ગાઉ, *n.* A distance of two miles. અંતરનું એક પરિમાણ–આશરે બેએક માઈલ. [વાનું નાકું.
ગાજ, (બટન હોલ) *n.* Button hole. બોરિયું ઘાલ-
ગાજવીજ, (થંડરીંગ) *n.* Thudering. ગર્જના.
ગાજવું, (થંડર) *vt.* Thunder. ગરજવું.
ગાડી,-ડું, (કૅરેજ) *n.* Carriage. વાહન. [ગાડી હાંકનાર.
ગાડીત,-વાન,-વાળો, (કોચમેન) *n.* Coachman.
ગાઢ,-ઢું, (ડેન્સ) *a.* Dense. ઘટ્ટ; અત્યંત.

ગાણું, -ન, -યન, (સોંગ) *n.* Song. ગીત.
ગાત્ર, (બૉડી) *n.* Body. શરીર. Limb. અવયવ.
ગાથા, (સ્ટોરી) *n.* Story. કથા; વાર્તા.
ગાદી, (થ્રોન) *n.* Throne. સિંહાસન.
ગાદીપતિ, (કીંગ) *n.* King.રાજા. (એર) Heir. વારસ.
ગાફેલ, -ફલ, (કેરલેસ) *a.* Careless. બેદરકાર.
ગામ, (વીલેજ) *n.* Village.માણસના વસવાટનું સ્થળ.
ગામડિયો, (વીલેજર) *n.* Villager.ગામડાનો વાસી.
ગાય, -વડી, -ગૌ, (કાઉ) *n.* Cow. દૂધ દેતું એક જનાવર.
ગાયત્રી. *n.* A Vedic prayer. એક પવિત્ર પ્રાર્થના.
ગારૂડી, (જગલર) *n.* Juggler. મદારી. [ભાગ.
ગાલ, (ચીક) *n.* Cheek. માણસના મોંની બે બાજુનો
ગાલપચોરિયાં, (ટોન્સીલ્સ) *n.* Tonsils. કાકડા કે
ગાવું, (સીંગ) *vt.* Sing. ગીત ગાવાં વિ. [ચોરિયા.
ગાળ, *n.* Abusive word. અપશબ્દ. The dirt at the bottom of a well. કૂવાના તળિયે જમેલો કચરો.
ગાળવું, (ફીલ્ટર) *vt.* Filter. શુદ્ધ કરવું.
ગાળો, (નૂઝ) *n.* Noose. સરકાવી જવાય એવું નાકું.
ગાંગડો, (લાર્જ પીસ) *n.* Large piece. મોટો કકડો.
ગાંગરવું, (બેલો) *vt.* Bellow. બરાડવું.
ગાંજો, (હેમ્પ) *n.* Hemp. એક માદક પદાર્થ.
ગાંઠ, (નૉટ) *n.* Knot. આંટીવાળો બંધ. Bulb. લોહી ગંઠાઈ જઈ બાઝેલી ગોળી. [ગાંડાપણું.
ગાંડછા, -પણ, -ડાઇ, (મૅડનેસ) *n.* Madness.
ગાંડું, -ડિયું, (સ્ટુપીડ) *a.* Stupid. મૂર્ખ.

ગાંડિવ. (બાઉ) *n.* Bow. ધનુષ્ય (અર્જુનનું).
ગાંધી, (ગ્રૉસર) *n.* Grocer. કરિયાણું વેચનારો.
ગાંધિયાટું, -વટું,(ગ્રૉસરી) *n.* Grocery. કરિયાણું વિ;
ગાંયજો, (બાર્બર) *n.* Barhar. હજામ. [તેનો ધંધો.
ગિરદી, ગડદી, (થ્રોંગ) *n.* Throng. ભીડ.
ગિરવર, -ધારી, -રિધર, *n.* Krishna. કૃષ્ણ.
ગિરફતાર, (અરેસ્ટેડ) *a.* Arrested. પકડાયેલું.
ગિરફતારી. (અરેસ્ટ) *n.* Arrest. બંધન; ધરપકડ.
ગિરા, (લેંગ્વેજ) *n.* Language.ભાષા. Speech. વાણી.
ગિરિ, (માઉન્ટન) *n.* Mountain. પર્વત.
ગીચ, -ચોગીચ, *ad.* Crowdedly. પાસેપાસે સંકડાઇને
ગીત, (સોંગ) *n.* Song. ગાયન. [આવી રહેલું.
ગીધ, ગૃધ,(વલ્ચર) *n.* Vulture. એક મોટું માંસાહારી પક્ષી.
ગીરો, (મોર્ટગેજ્ડ) *a.* Mortgaged. ઘરાણે મૂકેલું.
ગીર્વાણભાષા, (સંસ્કૃત) *n.* Sanskrit. સંસ્કૃત ભાષા.
ગુચ્છ, -ચ્છો,(બોકેટ) *n.* Bouquet.કલગી. Curl.જુલફું.
ગુજરવું, (પાસ) *vi.* Pass. વીતવું. Be fall.આવી પડવું.
ગુજરાન, -જારો, *n.* Maintainance. નિર્વાહ.
ગુજારવું, (સ્પેન્ડ) *vt.* Spend. સમય વીતાવવો.
ગુણ, (ક્વોલીટી) *n.* Quality. જાતિસ્વભાવ, (વર્ચ્યુ) Virtue. સદ્‌ગુણ.(એફીકસી) Efficacy. અસર;ફાયદો. (માર્ક) Mark.ટોકટો. [tageous. ફાયદાકારક.
ગુણાકાર, -કારક, -કારી, (ઍડવાનટેજીયસ) *a.* Advan-
ગુણકારી, *n.* Multiplication. ગુણવું તે; એથી આવતી
ગુણિયલ,(વરચ્યુઅસ) *a.* Virtuous. સદ્‌ગુણી. [રકમ.

ગુદા, (એનસ) *n.* Anus. ગાંડ; વિષ્ઠાદ્વાર.
ગુનો, (ફૉલ્ટ) *n.* Fault.તકસીર. Crime. અપરાધ.
ગુનેગાર, (ઑફેન્ડર) *n.* Offender. અપરાધી.
ગુપચુપ, (સાયલંટલી) *ad.* Silently. છાનુમાનુ.
ગુપ્ત, (હીડન) *a.* Hidden. સંતાડેલું. Secret. છાનુ.
ગુપ્તચર, (સ્પાય) *n.* Spy. જાસુસ.
ગુફા, –હા, (કેવ) *n.* Cave. પહાડમાં ઊંડી બખોલ.
ગુમ, (લોસ્ટ્) *a.* Lost. ખોવાયેલું.
ગુમાન, (પ્રાઇડ) *n.* Pride. અહંકાર.
ગુમાની, (પ્રાઉડ) *a.* Proud. અભીમાની.
ગુમાવવુ, (લુઝ) *vt.* Lose. ખોવું.
ગુમાસ્તો, (કલાર્ક) *n.* Clerk. કારકુન; મહેતો.
ગુરખો, *n.* Native of Nepal. નેપાળનો વતની.
ગુરૂ, *n.* Teacher. શિક્ષક. Priest. ગોર. Jupiter. એ નામનો ગ્રહ; બ્રહસ્પતિ. *a.* Great. મોટું.
ગુરૂત્વાકર્ષણ, (ગ્રેવીટેશન) *n.* Gravitation. ભારનું પૃથ્વીના કેન્દ્ર તરફ ખેંચાવું તે. [ગુલાબને સાકરનો મુરબ્બો.
ગુલકંદ, *n.* Compound of sugar and roses.
ગુલતાન, (એન્ગ્રોસ્ડ) *a.* Engrossed. તલ્લીન.
ગુલાબ,(રોઝ) *n.* Rose. એક સુગંધીદાર પુષ્પ; તેનો છોડ.
ગુલાબજળ, *n.* Rosewater.ગુલાબની ખુશબોવાળુ જળ.
ગુલાબી, (રોઝી) *a.* Rosy. ગુલાબ જેવું. Sweet. મીઠું.
ગુલામ, (સ્લેવ) *n.* Slave. ખરીદ કરેલો ચાકર.
ગુલામી,–મગીરી, *n* Slavery. તાબેદારી; પરાધિનતા.
ગુલાંટ,(સમરસૉલ્ટ) *n.* Summersault. ગોટમડું; ઊલટું

ગુસ્સો, (એંગર) *n.* Anger. ક્રોધ. [ફરી જવું તે.
ગુહ્ય, ગૂઢ, (સીક્રેટ) *a.* & *n.* Secret. છૂપું.
ગુંજાર, -રવ, (હમીંગ) *n.* Humming. ગણગણવાનો
ગુંજાશ, (કેપેસીટી) *n.* Capacity તાકાત. [અવાજ.
ગુંઠો, *n.* Measure of land. જમીનનું માપ; એકરનો
૧/૪૦ ભાગ. [બાવળનો રસ.
ગુંદ,-દર, (ગમ) *n.* Gum. ચોંટાડવાના કામમાં આવતા
ગૂગળ, (ઇંડિયન ડેલીયમ) *n.* Indian bdellium. એક
ડુંગરી ઝાડનો ગુંદર. [તે કપડું.
ગૂણપાટ, *n.* Sack cloth. જેમાંથી કોથળા બને છે
ગૂમડ, -મડું, (ટ્યુમર) *n.* Tumour. ફોલ્લો. [રૂંધાવો.
ગૂંગળાવવું, (બી સફોકેટેડ) *vt.* Be suffocated. શ્વાસ
ગૂંચ,-વણ,-વણી, (એન્ટેંગલમેન્ટ) *n.* Entanglement
આંટીઘૂંટી; મુશ્કેલી; ગંઠાઈ જવું તે. [નાખવું.
ગૂંચવવું, (એન્ટેંગલ) *vt.* Entangle. ગૂંચવણમાં
ગૂંચવાવું, -ચાવું, *vt.* Be entangled. ગૂંચવણમાં
ગૂંથવું, (નીટ) *vt.* Knit. સાંકળવું. [પડવું.
ગૂંદવું, (પાઉન્ડ) *vt.* Pound. પગ તળે કચરવું.
ગૃહ, (હાઉસ) *n.* House. ઘર.
ગૃહપતિ, *n.* House-holder. ગૃહસ્થ. Superintendent
of a hostel. છાત્રો પર દેખરેખ રાખનાર શિક્ષક.
ગૃહસચિવ, (હોમ મેમ્બર) *n.* Home member. દેશની
આંતરિક વ્યવસ્થા રાખનાર પ્રધાન. [માણસ.
ગૃહસ્થ, (જેન્ટલમેન) *n.* Gentleman. સારો ખાનદાન
ગૃહસ્થાશ્રમ, *n.* Married life. વૈવાહિક જીવન.

ગૃહિણી, *n.* Mistress of the house; wife. ઘરધણિ-
ગેડીદડો, (ગેમ) *n.* Game. એક રમત. [યાણી; પત્ની.
ગેબ, –બી, (ઇન્વીઝીબલ) *a.* Invisible. અદૃશ્ય.
ગેરઇન્સાફ, (ઈનજસ્ટીસ) *n.* Injustice. અન્યાય.
ગેરકાયદેસર, *a.* Unlawful કાયદા પ્રમાણે નહિ એવું.
ગેરવાજબી, (અનજસ્ટ) *a.* Unjust. વ્યાજબી નહિ એવું.
ગેરસમજ, –સમજુત, –સમજુતી, (મીસઅંડરસ્ટેન્ડીંગ) *n.*
Misunderstanding. ખોટી સમજ.
ગેરહાજર, (એબસંટ) *a.* Absent. હાજર નહિ એવું.
ગેરહાજરી, (એબસંસ) *n.* Absence હાજર નહિ.
ગેલ, (કેરેસીંગ) *n.* Caressing લાડ.
ગેંડો, (રીનોસરસ) *n.* Rhinoceros એક જંગલી જનાવર.
ગો, (કાઉ) *n.* Cow. ગાય. Earth. પૃથ્વી. Sky. આકાશ.
ગોકળગાય, (સ્નેલ) *n.* Snail એક જીવડું; ઈંદ્રગોપ.
ગોખ, –લો, (પોર્ટીકો) *n.* Portico. ઝરૂખો. (નીચ)
Nitch. ભીંતમાં વસ્તુ મૂકવા રાખેલી જગા.
ગોખવું, *vt.* Commit to memory. મોઢે કરવું.
ગોઝારૂં, (સીનફુલ) *a.* Sinful. પાપી; હત્યારૂં.
ગોટલો, –લી, *n.* Large stone in fruit. ફળની
અંદરનું કોટલાવાળું બીજ. [વ્યવસ્થા.
ગોટાળો, –લમાલ, (કન્ફ્યુઝન) *n.* Confusion. અ-
ગોઠવવું, (એરેન્જ) *vt.* Arrange. વ્યવસ્થિત કરવું.
ગોઠવણ, –વણી, (એરેન્જમેન્ટ) *n.* Arrangement.
ગોઠવું, (સ્યુટ) *vt.* Suit. ગમવું. [ગોઠવણ કરવી તે.
ગોઠિયો, (ફ્રેંડ) *n.* Friend. મિત્ર.

ગોતવું, (સર્ચ) *vt.* Search. શોધવું.
ગોત્ર (રેસ) *n.* Race. કુલ; વંશ.
ગોથું, *n.* Vain struggle. નકામા ફાંફાં. Deception.
ગોદ, (લૅપ) *n.* Lap. ખોળો. [ભૂલથાપ.
ગોદડું, –ડી, (ક્વીલ્ટ) *n* Quilt. પાથરણ.
ગોદાન, ગૌદાન, *n.* Alms of a cow. ગાયનું દાન.
ગોદો, (થ્રસ્ટ) *n* Thrust. ભૂકો; ઠોંસો.
ગોદી, (ડૉક) *n.* Dock. બંદર.
ગોપીચંદન, *n.* Kind of yellow earth. એક જાતની
ગોફણ, *n.* Sling. પથરા ફેંકવાનું એક સાધન. [પીળી માટી.
ગૉર, (ફેમીલી પ્રીસ્ટ) *n.* Family priest. પુરોહિત.
ગોરજ, (ડસ્ક) *n.* Dusk. સમી સાંજ.
ગોરસ, (મીલ્ક) *n.* Mik. દૂધ. (વ્હેય) Whey.
ગોરૂં, ગૌર, (વ્હાઇટ) *a.* White. સફેદ. [છાશ; દહીં.
ગોલંદાજ, (ગનર) *n.* Gunner. તોપચી.
ગોવાળ, –ળિયો, (શેફર્ડ) *n.* Shepherd. ઢોર ચરાવનારો.
ગોષ્ઠિ, –ષ્ઠી, (કોનવરસેશન) *n.* Conversation. વાતચીત.
ગોળ, (રાઉન્ડ) *a.* Round. વર્તુલના આકારનું. [ઉડાઉ.
ગોળગોળ, (એમ્બીગ્યુઅસ) *a.* Ambiguous. અસ્પષ્ટ;
ગોળગોળ, (સરક્યુલર) *a.* & *n.* Circular. ગોળ.
ગૉળ, (જૅગરી) *n.* Jaggery. શેરડીના રસને ઉકાળીને
ગોળી, (પીલ) *n.* Pill. ગોળ ટીકડી. [બનાવતું એક ખાદ્ય.
ગોળીબાર, (શુટીંગ) *n.* Shooting. બંદૂક કે પીસ્તોલ-
માંથી ગોળી છોડવી તે. [વાયુનો એક રોગ.
ગોળો, (ગ્લોબ) *n.* Globe. પિંડો. Disease. પેટાના

ગોંધવું, (કનફાઈન) *vt.* Confine. બંધ જગામાં પૂરવું.
ગોચર, (પેશ્ચ્યોર) *n.* Pasture. ચરો.
ગૌણ, (સેકંડરી) *n.* Secondary. મુખ્ય નહિ એવું.
ગૌતમ, *n.* Lord Buddha. ભગવાન બુદ્ધ.
ગૌરવ, (ગ્રેવીટી) *n.* Gravity. મહત્તા.
ગ્યાસતેલ,(કેરોસીન ઓઇલ) *n* Kerosine oil. ઘાસતેલ.
ગ્રસવું, (કૅચ) *vt.* Catch. પકડવું. [એક ગ્રહ.
ગ્રહ, (પ્લેનેટ) *n.* Planet. સૂર્ય, ચંદ્ર, વિ નવ ગ્રહોમાંનો
ગ્રહણ, (ઇકલીપ્સ) *n.* Eclipse. સૂર્ય અને પૃથ્વી વચ્ચે ચંદ્ર આવવાથી કે સૂર્ય અને ચંદ્ર વચ્ચે પૃથ્વી આવવાથી, સૂર્ય ને ચંદ્રનું ઘેરાવું તે.
ગ્રહમંડળ, *n.* Planatery system. ગ્રહમાળા.
ગ્રંથ, (બુક) *n.* Book. પુસ્તક.
ગ્રંથકર્તા, -કાર, (ઑથર) *n.* Author. પુસ્તક રચનાર.
ગ્રંથપાલ, -પાળ, (લાઇબ્રેરીયન) *n.* Librarian. પુસ્તકાલયનો અધિકારી.
ગ્રામ, (વીલેજ) *n.* Village. ગામડું.
ગ્રામ્ય, *a.* Relating to a village. ગામડાને લગતું.
ગ્રાસ, (મોર્સલ) *n.* Morsel. કોળિયો. [યોગ્ય.
ગ્રાહ્ય, (એકસેપ્ટેબલ) *a.* Acceptable. ગ્રહણ કરવા
ગ્રીષ્મ, (સમર) *n.* Summer. ગરમીની મોસમ.
ગ્લાનિ, (ડીપ્રેશન) *n.* Depression. ખિન્નતા

ઘ

ઘ, The Fourth consonant of the gluttural

class. કંઠસ્થાની ચોથો વ્યંજન.
ઘઉં, (વ્હીટ) *n.* Wheat. એક અનાજ. [રંગનું.
ઘઉંવર્ણું, *a.* Of wheaten colour. ઘઉં જેવા
ઘટ, (લૉસ) *n.* Loss. ખોટ. Decrease. ઘટાડો. Pot.
ઘડો. Body. શરીર. Mind. મન.
ઘટના, (ઈન્સીડંટ) *n.* Incident. બનાવ.
ઘટમાળ, (રૂટીન) *n.* Routine. ક્રમ; પ્રણાલી.
ઘટવું, (ડીક્રીઝ) *vt.* Decrease. ઓછું થવું.
ઘટતું, (સ્યુટેબલ) *a.* Suitable. યોગ્ય.
ઘટાડવું, (રીડયુસ) *vt.* Reduce. ઓછું કરવું.
ઘટાડો, (રીડકશન) *n.* Reduction. ઓછપ.
ઘટાવવું, (ફીટ) *vt.* Fit. બેસતું કરવું.
ઘટ્ટ, (ડેન્સ) *a.* Dense. ઘાટું; ઘાડું.
ઘડતર, (મેન્યુફેક્ચર) *n.* Manufacture. ઘડામણ.
ઘડપણ, -ઘડપો, (ઓલ્ડ એજ) *n.* Old age. વૃદ્ધાવસ્થા.
ઘડિયાળ, (વૉચ) *n.* Watch. સમય જણાવનારું યંત્ર.
ઘડિયાળી, *n.* Watch-repairer. ઘડિયાળ દુરસ્ત કરનાર.
ઘણું, (પ્લેન્ટી) *a.* Plenty. ખૂબ; પુષ્કળ. [મોટે ભાગે.
ઘણુંકરીને, -ખરું, (મોસ્ટલી) *ad.* Mostly. બહુધા;
ઘન, (સૉલીડ) *a.* & *n.* Solid. નક્કર. Dense. ઘાટ્ટ.
Cubic. લંબાઈ, પહોળાઈ અને ઊંચાઇવાળું.
ઘનઘોર, (વેરી ડાર્ક) *a.* Very dark. ગાઢું.
ઘનફળ, (વૉલ્યુમ) *n.* Volume. વસ્તુના કદનું માપ.
ઘમંડ, *n.* False show. ખોટો ડોળ. Arrogance.
ઘમંડી, (પ્રાઉડ) *a.* Proud. અભિમાની. [અભિમાન.

ઘર, (હાઉસ) *n.* House. રહેવાનું ઠેકાણું. Home. નિવાસસ્થાન. [સંસારવહેવારનું કામકાજ.
ઘરખટલો,–સંસાર,*n.* Household affairs. ઘરવાખરો;
ઘરખૂણે, –મેળે,(પ્રાઇવેટલી).*ad.* Privately. ખાનગીમાં.
ઘરગતું, –ગથુ, –ઘરાઉ, (પ્રાઇવેટ) *a.* Private. ખાનગી; અંદર અંદરનું.
ઘરડું, *a.* Advanced in years. વૃદ્ધ. Old. જૂનું.
ઘરવેરો,(હાઉસ ટેક્ષ) *n.* House tax. ઘર ઉપર લેવાતો કર.
ઘરાક, (કસ્ટમર) *n.* Customer. ખરીદનાર.
ઘરાકી,(સેલ) *n* Sale. વેચાણ; ખપત.[રૂપાની કિંમતી વસ્તુ.
ઘરેણું, (ઓર્નામેન્ટ) *n.* Ornament. પહેરવાની સોના-
ઘર્ષ, –ણ, (ફ્રીકશન) *n.* Friction. ઘસારો.
ઘવાવું, (બી વુન્ડેડ) *vt.* Be wounded. ઘાયલ થવું.
ઘસઘસાટ, (સાઉન્ડલી) *ad.* Soundly. ગાઢ રીતે.
ઘસડવું, (ડ્રેગ) *vt.* Drag. ઢસરડાતું ખેંચવું. [ચોળવું.
ઘસવું,(રબ) *vt.* Rub. જોરથી દાબી આમતેમ ખેંચવું;
ઘસારો, (વેસ્ટેજ) *n.* Wastage. ઘસાવાથી લાગતી ખોટ.
ઘંટ, –ટા, (બેલ) *n.* Bell. ધાતુની વગાડવાની વસ્તુ.
ઘંટી, *n.* Grinding mill. દળવાનું સાધન.
ઘા, –વ, (વુન્ડ) *n.* Wound. જખમ; Stroke. ઝટકો. (ક્વાયર ઓફ પેપર) Quire of paper. ૨૪ કાગળનો
ઘાઘરો, (પેટીકોટ) *n.* Petticoat. ચણિયો. [જથો.
ઘાટ, (શેપ) *n.* Shape. આકાર. Wharf. ઓવારો. Mountain pass. પહાડી રસ્તો. Opportunity. લક.
ઘાડ, –ડું, (થીક) *a.* Thick. ઘટાદાર.

ઘાણી, *n*. Oil mill. તેલી ની પીલવાનું યંત્ર.
ઘાતક, (ડીસ્ટ્રક્ટીવ) *a*. Destructive. પ્રાણ લે એવું.
ઘાતકી, (પીટીલેસ) *a*. Pitiless. ક્રૂર. [પસીનો.
ઘામ, (વૉર્મથ) *n*. Warmth. તાપ; ઉકળાટ; Sweat.
ઘાયલ, (વુન્ડેડ) *a*. Wounded. જખમી.
ઘાસ, (ફોડર) *n*. Fodder. ચારો; ખડ. [ગ્યાસતેલ.
ઘાસતેલ, -લેટ, (કેરોસીન ઓઈલ) *n*. Kerosine oil.
ઘાંચ, (ઓબસ્ટેકલ) *n*. Obstracle. ગૂંચ; મુશ્કેલી.
ઘાંચી, *n*. One who deals in oil. તેલ વેચનારો.
ઘાંટો, (નૉઈઝ) *n*. Noise. સાદ.
ઘી, (ક્લેરીફાઈડ બટર) *n*. Clarified butter. ઘૃત; તૂપ.
ઘીચ, (ડેન્સ) *a*. Dense. ગીચ.
ઘુઘવાટ, -વાટો, (રોર) *vt*. Roar. ગર્જના.
ઘુમાવવું, *vt*. Turn in a circle. ગોળગોળ ફેરવવું.
ઘુરકવું, (બાર્ક) *vt*. Bark. ભસવું.
ઘુરકિયું, (ગ્રાઉલ) *a* Growl. છાંછિયું; ઘુરકવાનો અવાજ.
ઘુવડ, (આઉલ) *n*. Owl. રાત્રે જ દેખી શકતું એક પક્ષી.
ઘુસાડવું, ઘાલવું, (થ્રસ્ટ ઇન) *n*. Thrust in. પેસાડવું.
ઘુમટ, ઘુંમટ, (ડોમ) *n*. Dome. ગુંબજ.
ઘૂંટ, -ટો, (ડ્રૉટ) *n*. Draught. પ્રવાહીનો ઘૂંટડો.
ઘૂંટણ, (ની) *n*. Knee. ઢીંચણ.
ઘૃણા, (ડીસગસ્ટ) *n*. Disgust. તીરસ્કાર. [તે પ્રાણી.
ઘેટું, (શીપ) *n*. Sheep. જેના શરીર પર ઉન થાય છે
ઘેન, (ડ્રાઉઝીનેસ) *n*. Drousiness. નશો; કેફ.
ઘેરાવ, -વો, (સરકમફરંસ) *n*. Circumference. પરિઘ;

ચારે તરફનો વિસ્તાર. [વળવું.
ઘેરવું, (સરાઉન્ડ) *vt.* Surrounded. ચારે તરફ વિંટળાઈ
ઘેરું, (ડીપલી કલર્ડ) *ad.* Deeply coloured. પાકું
ઘેરો, (સીજ) *n.* Seige. ઘેરી લેવું તે. [રંગેલું.
ઘેલું, (ક્રેઝી) *a.* & *n.* Crazy. ગાંડું. [તરંગ.
ઘેલછા, (ક્રેઝીનેસ) *n.* Craziness. ગાંડપણ. Whim.
ઘો, (ઇગ્વાના) *n.* Iguana. ગરોળી જેવું એક ઝેરી
ઘોચવું, ઘોંચવું, (પીયર્સ) *vt.* Pierce. ભોંકવું. [જનાવર.
ઘોડદોડ, (હોર્સ રેસ) *n.* Horse race. ઘોડાઓની દોડવાની હરીફાઈ. Race course. તે માટેનું મેદાન.
ઘોડાગાડી, *n.* Horse carriage. ઘોડાવડે ખેંચાતી
ઘોડાર, (સ્ટેબલ) *n.* Stable. તબેલો. [ગાડી.
ઘોડિયું, (ક્રેડલ) *n.* Cradle. પારણું.
ઘોડો, *n.* Horse. અશ્વ; સ્વારીનું પશુ. Frame. ચોકઠું.
ઘોર, (ગ્રેવ) *n.* Grave. કબર. *a.* Horrible. ભયાનક.
ઘોરવું, (સ્નોર) *vt.* Snore. નસકોરાં બોલાવી ઊંઘવું.
ઘોળવું, (શેક એબાઉટ) *vt.* Shake about. જોરથી
ઘોંઘાટ, (અપરોર) *n.* Uproar. શોરબકોર. [ઘુમડવું.
ઘ્રાણેંદ્રિય, (નોઝ) *n.* Nose. નાક.

ઙ

[આ વ્યંજનથી શરૂ થતો એક પણ શબ્દ નથી.]

ચ

ચ, Sixth letter, and first consonant of the

palatal class. મૂળાક્ષરનો છઠ્ઠો અક્ષર અને તાલુસ્થાની પહેલો વ્યંજન. (એન્ડ) *conj*. And. અને; વળી.
ચકચકાટ, (બ્રીલીયંસ) *n*. Brilliance. ચળકાટ.
ચકચકિત, (બ્રાઈટ) *a*. Bright. ચળકતું. (ક્લીન) Clean. સ્વચ્છ. [Absorbed in. તલ્લીન.
ચકચૂર, (ડેડ ડ્રંક) *a*. Dead drunk. કેફમાં મસ્ત.
ચકમક, (મીનરલ) *n*. Mineral. એક પત્થર જે ઘસવાથી તણખા ઝરે છે. Spark. તણખો.
ચકલી, (સ્પેરો) *n*. Sparrow. એક પંખી. (વૉટરકૉક) Watercock. પાણીનો નળ. [આકુળવ્યાકુળ.
ચકળવકળ, -વિકળ, (એજીટેટેડ) *ad*. Agitated.
ચકિત, (એસ્ટોનીસ્ડ) *a*. Astonished. છક થઈ ગયેલું.
ચકોર, (એલર્ટ) *a*. Alert. ચાલાક. (પાર્ટ્રીજ) *n*. Partridge. એક પક્ષી, [પૈડું. Giddiness. તમ્મર.
ચક્કર, (ક્રેઝી) *a*. Crazy. ગાંડું; ચસકેલું. *n*. Wheel.
ચક્ર, (વ્હીલ) *n*. Wheel. પૈડું. Circle. કૂંડાળું.
ચક્રમ, (મેડ મેન) *n*. Mad man. ગાંડો માણસ. [રાજા.
ચક્રવર્તી, (એમ્પરર) *n*. Emperor. શહેનશાહ; સાર્વભૌમ
ચક્રવૃદ્ધિ, (કમ્પાઉન્ડ) *a*. Compound (interest). મુદ્દલ સાથે વ્યાજનું પણ વ્યાજ ગણાતું હોય તેવું.
ચક્રાકાર, (રાઉન્ડ) *a*. Round. ગોળ.
ચક્ષુ, (આઈ) *n*. Eye. આંખ; નયન.
ચખાડવું, *vt*. Cause to taste. ચાખે એમ કરવું.
ચગદાવું, (બી ક્રશ્ડ) *vt*. Be crushed. પીલાવું; દબાવું.
ચગદવું, -દોળવું, (ક્રશ) *vt*. Crush. પીલવું; દબાવવું.

ચગદવું, *vt.* Eat slowly. મમળાવીને ખાવું.
ચચણવું, -ણચણવું, -રવું, -રચરવું, *vt.* Feel a burning pain. બળતરા થવી.
ચટણી, (સૅલેડ) *n.* Salad. એક ચટકદાર વાની.
ચટપટી, *n.* Uneasiness. તાલાવેલી; અકળામણ.
ચટાડવું, *vt.* Make to swallow. ચાટે તેમ કરવું.
ચડણ, -ડાણ, (એસેંટ) *n.* Ascent. ચડાવ.
ચડતી, -ઢતી, (પ્રોગ્રેસ) *n.* Progress. ઉન્નતિ; વૃદ્ધિ.
ચડતીપડતી, *n.* Rise and fall. અસ્તોદય.
ચડપ, (ઇન્સ્ટંટલી) *ad.* Instantly. તત્કાળ.
ચડભડવું, (ઑલ્ટરકેટ) *vt.* Altercate. બોલાચાલી થવી.
ચડવું, *vt.* Ascend. ઉપર જવું. Mount. સવાર થવું.
ચડસાચડસી, (રાઇવલરી) *n.* Rivalry. હરિફાઈ.
ચડસીલું, (ઑબ્સ્ટીનેટ) *a.* Obstinate. હઠીલું.
ચડાઇ, -ઢાઇ, (એસૅાલ્ટ) *n.* Assault. હુમલો.
ચડિયાતું, -ઢિયાતું, (બેટર) *a.* Better. વધારે સારૂં.
ચડ્ડી,(શૉર્ટટ્રાઉઝર્સ) *n.* Short trousers નાનો જાંગીઓ ।
ચઢાવ, (એકલીવીટી) *n.* Aclivity. ઊંચાણ.
ચઢાવવું, (કલાઈમ્બ) *vt.* Climb. ઉપર લઈ જવું.
ચણતર, *n.* Masonary work. ચણવાનું કામ.
ચણવું, *vt.* Erect. ઊભું કરવું; બાંધવું. Eat. વીણીને [ખાવું.
ચણિયો, (પેટીકોટ) *n.* Petticoat. ઘાઘરો.
ચણો, -ણા, (ગ્રામ) *n.* Gram. કઠોળ.
ચતુર, -પણ, -ખરાક, (કલેવર) *a.* Clever. હોંશિયાર.
ચતુરાઈ,-પણતા, (કલેવરનેસ) *n.* Cleverness..

ચતુર્થ, (ફોર્થ) *a.* Fourth. ચોથું. [હોશિયારી.
ચતુર્ભુજ, *a.* Quadrangular. ચાર ખૂણા કે બાજુ-
ચતુર્વિધ, *a.* Of four kinds. ચાર પ્રકારનું. [વાળું.
ચતુષ્કોણ, (ક્વૉડ્રીલેટ્રલ) *a.* & *n.* Quadrilateral.
ચાર ખૂણાવાળી-તેવી આકૃતિ. [Flat. બેઠેલું.
ચતું, -પટ, -પટું, (પ્રોપીશ્યસ) *a.* Propitious. છતું.
ચપ, -ચપ, -પાચપ, -પોચપ, (ક્વીકલી) *ad.* Quickly.
ઝટપટ. [આંગળી ભીડવાં તે.
ચપટી, (પીંચ) *n.* Pinch. ચીમટી; હાથનો અંગૂઠો અને
ચપ્પુ, (નાઇફ) *n.* Knife. કાપવાનું ઓજાર.
ચબૂતરો, *n.* Police station. પોલીસ થાણું. Toll station. જકાતનું નાકું. Raised seat. ચોતરો; પરબડી.
ચમકવું, (સ્પાર્કલ) *vt.* Sparkle. ઝબૂકવું. Be startled. ચમકી ઊઠવું.
ચમકાવવું, (સ્ટાર્ટલ) *vt.* Startle. ચમકે તેમ કરવું.
ચમચચાટ, *n.* Burning sensation. તીવ્ર બળતરા.
ચમચો, (સ્પૂન) *n.* Spoon. એક કડછી જેવું સાધન.
ચમત્કાર, (મીરેકલ) *n.* Miracle. આશ્ચર્યકારક બનાવ; કરામત. [આશ્ચર્યકારક.
ચમત્કારિક, -કારી, (મીરેક્યુલેસ) *a.* Miraculous.
ચમાર, (લૅધર-ટૅનર) *n.* Leather-tanner. ચામડિયો.
ચમૂ, (આર્મી) *n.* Army. સેના.
ચમેલી. (ફ્લાવર) *n.* Flower. એક પુષ્પ.
ચરકવું, *vt.* Pass foecal matter. થોડું પ્રવાહી જેવું
ચરખું, *a.* Distasteful. તમતમું અને કડૂચું. [અઘવું.

ચરખો, (સ્પીનીંગ વ્હીલ) *n.* Spinning wheel. રેંટિયો.
Gin. કપાસ લોઢવાનો સંચો. Lathe. સંઘાડો.
ચરણ, (લેગ) *n.* Leg. પગ. (સ્ટાન્ઝા) Stanza. કડી.
ચરબી, (ફ્લેશ) *n.* Flesh. માંસ.
ચરવું, (ગ્રેઝ) *vt.* Graze. ઘાસ વિ. ફરીને ખાવું.
ચરસ, *n.* Intoxicating drug. એક માદક પદાર્થ. [ડાવવું.
ચરાવવું, ચારવું, (ગ્રેઝ) *vt.* Graze. ઘાસ વિ. ફરીને ખવ-
ચરિત્ર, (ડીડ્ઝ) *n.* Deeds. કૃત્યો. Biography.
ચરૂ, *n.* Large pot. દેગ. [જીવનચરિત્ર.
ચર્ચવું, (ડીસ્કસ) *vt.* Discuss. ચર્ચા કરવી. Anoint. લેપ
ચર્ચા, (ડીસ્કશન) *n.* Discussion. વાદવિવાદ. [કરવો.
ચર્મ, (હાઇડ) *n.* Hide. ચામડું. (સ્કીન) Skin. ત્વચા.
ચલ, –ળ, –લિત, (અનસ્ટેબલ) *a.* Unstable. અસ્થિર.
ચલણ, (કરન્સી) *n.* Currency. ચલણી નાણું. Management. અમલ; સત્તા.
ચલણી, (કરન્ટ) *a.* Current. વ્યવહારમાં પ્રચલિત.
ચલવવું, *vt.* Put in practice. ચાલે એમ કરવું.
ચવચવ, (મીસલેનીઅસ) *a.* Miscelleneous. પરચુરણ.
ચવડ, –ડું, (ટફ) *a.* Tough. મુશ્કેલીથી તૂટે એવું.
ચવળાટ, (રેસ્ટલેસનેસ) *n.* Restlessness. તનમનાટ.
ચવાણું, –વેણું, *n.* Dry eatables. કાચું કોરું ખાવાનું;
ચશ્મ, (આય) *n.* Eye. આંખ. [શેવમમરા ચણાદિ.
ચશ્મા, (સ્પેક્ટેકલ્સ) *n.* Spectacles. આંખે બરાબર દેખાય તે માટે પહેરવાનો કાચ.
ચસકવું, (મુવ) *vt.* Move. ખસવું; છટકવું.

ચસકો, (ક્રેવીંગ) *n*. Craving. તલબ; લત.
ચહેરો, (ફેસ) *n*. Face. મોંનો ઘાટ.
ચળકવું, (શાઈન) *vt*. Shine. ઝળકવું.
ચળવળ, (એજીટેશન) *n*. Agitation. હિલચાલ.
ચળામણ, *n*. Refuse. ચાળતાં નીકળેલો કચરો.
ચાંચ, –ચું, (બીક) *n*. Beak. ચાંચ.
ચંચળ, (ફીકલ) *a*. Fickle. અસ્થિર. Temperory. ક્ષણિક.
ચંડાલ, –ળ, *a*. &*n*. Cruel. ઘાતકી. Mean. પાપી; હલકું.
ચંડિકા, –ડી, (ગૉડેસ) *n*. Goddess. એક ભયાનક દેવી.
ચંડોલ, –ળ, (વુડ્-લાર્ક) *n*. Wood-lark. એક પક્ષી.
ચંદન, (સૅંડલ) *n*. Sandal. સુખડ.
ચંદનઘો, (ઈગ્યુઆના) *n*. Iguana. ભીડણ ઘો.
ચંદરવો, (કેનોપી) *n*. Canopy. છત.
ચંદા, –દ્રિકા, (મુનલાઈટ) *n*. Moon-light. ચાંદની.
ચંદ્ર, –મા, (મુન) *n*. Moon. ચાંદો.
ચંદ્રક, (મેડલ) *n*. Medal. બિલ્લો.
ચંદ્રગ્રહણ, *n*. Eclipse of moon. ચંદ્રનું ગ્રહણ.
ચંપલ, (સેન્ડલ) *n*. Sandal. ઉપર ખોલ વિનાનું એક [પગરખું.
ચંપાવું, *vt*. Be pressed. દબાવું.
ચંપી, (મસાજ) *n*. Massage. મસળવું તે. [એક પુષ્પ.
ચંપેલી, –બેલી, (જેસ્મીન ફ્લાવર) *n*. Jasmine flower.
ચંપો, (ફ્લાવર) *n*. Flower. એક ફૂલ–ઝાડ.
ચંબુ, (ફ્લેસ્ક) *n*. Flask. કૂજો; લોટવો.
ચા, (ટી) *n*. Tea. એક છોડ–તેનું પીણું.
ચાઉસ, (ઍરબ) *n*. Arab. આરબ. Jamadar. જમાદાર.

ચાકર, (સરવન્ટ) *n*. Servant. નોકર; દાસ.
ચાકરી, (સર્વીસ) *n*. Service. સેવા; સારવાર; નોકરી.
ચાકુ, –કૂ, (નાઇફ) *n*. Knife. ચપ્પુ.
ચાખડી, (વુડન શુ) *n*. Wooden shoe. પાવડી.
ચાખવું, (ટેસ્ટ) *vt*. Taste જીભથી સ્વાદ જોવો.
ચાટવું, (લીક) *vt*. Lick. જીભ વતી ચાખવું કે ચૂસવું.
ચાઠું, (સ્કાર) *n*. Scar. ડાઘ. [કહી દેવી તે.
ચાડી, (બેકબાઇટ) *n*. Backbite. એકની વાત બીજાને
ચાતક, *n*. Bird. એક પંખી.
ચાતુરી, –ર્ય, (ક્લેવરનેસ) *n*. Cleverness. ચતુરાઇ.
ચાદર, (બેડ–શીટ) *n*. Bed-sheet. ઓછાડ.
ચાનક, (કેર) *n* Care. કાળજી.
ચાપ, (બાઉ) *n*. Bow. ધનુષ્ય.
ચાબૂક, (વ્હીપ) *n*. Whip. કોરડો.
ચામડી, (સ્કીન) *n*. Skin. ત્વચા.
ચામડું, (હાઇડ) *n*. Hide. ઢોરની ચામડી.
ચામાચીડીયું,(બૅટ) *n*. Bat. વાગોળ જેવું એક નાનું પ્રાણી.
ચાર, (સ્પાય) *n* Spy. જાસુસ Messenger. કાસદ.
Green grass. લીલું ઘાસ. (ફોર) *a*. Four. ૪.
ચારણ. *n*. Bard. રાજાનાં ગુણગાન કરનાર. [સદાચાર.
ચારિત્ર, –ત્ર્ય. (કેરેક્ટર) *n*. Character. આચરણ.
ચારિત્રશીલ, *a*. Of good character. સદાચારી.
ચારેગમ, –પાસ, –બાજુ, *ad*. On all side. બધી કોર.
ચાલ. (કસ્ટમ) *n*. Custom. રિવાજ. Gait. હીંડછા.
ચાલચલગત, (કંડક્ટ) *n*. Conduct. વર્તણુક.

ચાલબાજી, (આર્ટીફીસ) *u.* Artifice. યુક્તિ; પ્રપંચ.
ચાલવું, (વૉક) *vt.* Walk. હીંડવું. Behave. વર્તવું.
ચાલાક, –ણાક્ષ, (કલેવર) *a.* Clever. હોંશિયાર.
ચાલાકી, (કલેવરનેસ) *a.* Cleverness. હોંશિયારી.
ચાલુ, (પ્રીવેલીંગ) *a.* Prevailing. વર્તમાન.
ચાવી, (કી) *n.* Key. કૂંચી. Remedy. ઉપાય.
ચાસ, (ફરો) *n.* Furrow. ખેડવાથી પડતો લાંબો આંકો.
ચાસણી, *n.* Boiled syrup. ઉકાળીને કરાતું ખાંડનું
ચાહવું, (લવ) *vt.* Love. પ્રેમ કરવો. [પ્રવાહી.
ચાળવું, (સીફ્ટ) *vt.* Sift. ચાળણી વડે ચોકખું કરવું.
ચાળા, –ચરકા, (જેસ્ચર્સ) *n.* Gestures. હાવભાવ.
ચાંચ, *n.* Beak. પક્ષીઓનું અણિવાળું મોં.
ચાંચડ, –ણ, (ફ્લી) *n.* Flea. એક જંતુ.
ચાંચિયો, (પાયરેટ) *n.* Pirate. દરિયાઈ લુંટારો.
ચાંડાલ, –ળ, *n.* Mean person. અધમ માનવી.
ચાંદની, (મુનલાઇટ) *n.* Moonlight. ચંદ્રનો પ્રકાશ.
ચાંદી, (વ્હાઇટ મેટલ) *n.* Silver. રૂપું.
ચાંદું, (અલ્સર) *n.* Ulcer. ઘારૂં. Stigma. લાંછન.
ચાંપ, (કલેસ્પ) *n.* Clasp. કળ; પેચ. Control. ધાક.
ચાંપવું, (પ્રેસ) *vt.* Press. દબાવવું. Bribe. લાંચ આપવી.
ચિકાર, *ad.* Filled to utmost. ભરપૂર.
ચિકિત્સક, (ફીઝીશ્યન) *n.&a.* Physician. વૈદ્ય; હકીમ.
ચિકિત્સા, (ટ્રીટમેન્ટ) *n.* Treatment. સારવાર,
(ડાયગ્નોસીસ) Diagnosis. નિદાન.
ચિચિયારી, –ત્કાર, (શાર્પ ક્રાય) *n.*Sharp cry. ચીસ.

ચિટનીસ,–ટણીસ, *n.* Head clerk. અવલ કારકુન.
ચિઠ્ઠી,–પત્રી,–ચપાટી,(નોટ) *n.* Note. ટૂંકો પત્ર.
ચિડાવું, (બી એનોયડ) *vt.* Be annoyed. ખીજવાવું.
ચિણગારી,–નગારી, (સ્પાર્ક) *n.* Spark. તણખો.
ચિતા, (પાયર) *n.* Pyre. ચેહ; મડદું બાળવા ગોઠવેલી લાકડાની ચોકી. [Portrait. ચિત્ર.
ચિતાર, *n.* Exact description. આબેહૂબ વર્ણન.
ચિત્ત, *n.* Reasoning facully. અંતઃકરણ; મન.
ચિત્તભ્રમ, (ઇનસૅનીટી) *n.* Insanity. ઉન્માદ.
ચિત્તાકર્ષક, (એટ્રેકટીવ) *a.* Attractive. મનોહર.
ચિત્તો. (પાન્થર) *n.* Panthar. એક જાતનો વાઘ.
ચિત્ર, (પોરટ્રેટ) *n.* Portrait. છબી.
ચિત્રક,–કાર, *n.* Painter. ચિતારો. [દોરવાની કળા.
ચિત્રકળા,–વિદ્યા,–કામ, *n.* Art of painting. ચિત્ર
ચિત્રપટ, (ફીલ્મ) *n.* Film. સીનેમાની ફીલ્મ.
ચિત્રવત્, *a.* Like a picture. ચિત્ર જેવું. Still. સ્થિર.
ચિત્રવિચિત્ર, (વૅરીગેટેડ) *a.* Variegated. રંગબેરંગી; વિલક્ષણ. [સ્થાન.
ચિત્રશાલા,–શાળા,(સ્ટુડીઓ) *n.* Studio. ચિત્રો કાઢવાનું
ચિરકાલ,–કાળ,*ad.*For a long time. લાંબા વખત માટે.
ચિરકાલીન,–રંતન, *a.* Of long standing. લાંબા સમયનું. [આવરદાવાળું. (સન)*n.*Son. પુત્ર.
ચિરંજીવ,–જીવી, (ઈમમોર્ટલ) *a.* Immortal. લાંબી
ચિરાવું, (બી સ્પ્લીટ) *vt.* Be split. ચીરાય તેમ કરવું.
ચિન્હ,–ન્હ, (સાઈન) *n.* Sign. નિશાની.

ચિંગૂસ, -ગુસ, (ફ્રુગલ) *a.* Frugal. કરકસરિયું.
ચિંતવન, -તન, *n.* Contemplation. મનન; વિચાર
ચિંતવું, -વવું, *vt.* Think. વિચાર કરવો; મનન કરવું.
ચિંતા, (કન્સર્ન) *n.* Concern. ફીકર; વિચાર.
ચિંતાકુળ, -કુલ, -તુર, *a.* Anxious. ચિંતાથી વ્યાકુળ.
ચીકટાવું, (બી ગ્રીઝડ) *vt.* Be greased. ચીકણું થવું.
ચીકટું, -ણું, (ગ્રીઝી) *a.* Greasy. ચોંટી જાય તેવું.
ચીજ, -ઝ, (થીંગ) *n.* Thing. વસ્તુ.
ચીડવવું, (ઇરીટેટ) *vt.* Irritate. ખીજવવું.
ચીડિયું, -ડિયલ, (ઈરીટેબલ) *a.* Irritable. ચીડાઈ જતું.
ચીત, -ત્ત, *n.* Mind. મન. Attention. ધ્યાન.
ચીતરવું, (પોરટ્રે) *vt.* Portray. આલેખવું.
ચીતરી, (ડીસગસ્ટ) *n.* Disgust. અણગમાની કંપારી.
ચીત્કાર, *n.* Sharp terrifying noise. ચીસ.
ચીપટી, (પીન્ચ) *n.* Pinch. ચપટી. [તળે કરવાં.
ચીપવું, (સફલ) *vt.* Shuffle. ગંજીફાનાં પાનાંને ઉપર
ચીપિયો, (ટોંગ્સ) *n.* Tongs. દેવતા વિ. ઝાલવાની
ચીભડું, (મસ્ક મેલન) *n.* Musk melon એક ફળ. [પકડ.
ચીમની, (ચીમની) *n.* Chimney ધુમાડિયું.
ચીમળાવું, (વીધર) *vt.* Wither. કરમાવું. Pine. ઝૂરવું.
ચીરવું, (ટેર) *vt.* Tear. ફાડવું.
ચીલો, (કાર્ટવે) *n.* Cart-way. ગાડામાર્ગ. (કસ્ટમ)
ચીવટ, (કેર) *n.* Care. કાળજી. [Custom. રિવાજ.
ચીસ, (સ્ક્રીમ) *n.* Scream. તીણી બૂમ.
ચીંધવું. (પોઇન્ટ) *vt.* Point. આંગળી વડે દેખાડવું.

ચુકાદો, (ડીસીશન) *n.* Decision. ફેંસલો.
ચુડેલ, (વીચ) *n.* Witch. ડાકણ.
ચુપ, (સાયલંટ) *a.* Silent. શાંત.
ચુપકીદી, (સાયલંસ) *n.* Silence. મૌન. [કર્યા વગર.
ચુપચાપ, (સાયલંટલી) *ad.* Silently. કાંઇ પણ અવાજ
ચુસ્ત, (ફર્મ) *a.* Firm. દૃઢ. (ટાઇટ) Tight. તંગ.
ચુંબક, (મેગ્નેટીક) *a.* Magnetic. પોતાની તરફ આક-
ચુંબન, ચૂમી, (કીસ) *n.* Kiss. બચ્ચી. [ર્ષણ કરનારૂં.
ચુંબવું, ચૂમવું, (કીસ) *vt.* Kiss. બચ્ચી કરવી.
ચૂક, (મીસ્ટેક) *n.* Mistake. ભૂલ; કસુર. [ભૂલવવું.
ચૂકવવું, (ડીસાઇડ) *vt.* Decide. પતાવવું. Evade.
ચૂકવું, (બ્લન્ડર) *vt.* Blunder. ભૂલ કરવી. Fail.
ચૂડ, (ટવીસ્ટ) *n.* Twist. આંટી; પકડ. [નિષ્ફળ થવું.
ચૂડો,-ડલો,-ડી, (બેંગલ) *n.* Bangle. સ્ત્રીઓ કાંડે
પહેરે છે તે; બંગડી. [વગેરેનો ભૂકો.
ચૂનો, (લાઇમ) *n.* Lime. મકાનાદિમાં વપરાતો પત્થર
ચૂરણ,-રો,-ર્ણ, *n.* Powder. ભૂકો.
ચૂલો, (હર્થ) *n.* Hearth. રાંધવા માટે બળતણ ગોઠવવ
ચૂવું, (લીક) *vt.* Leak. ટપકવું. [કરાતી જગા વિ
ચૂસવું, (સક) *vt.* Suck. મોં વડે રસ ખેંચવો.
ચૂંક,(સ્ટમક-એક) *n.* Stomach ache. પેટની આંકડી
ચૂંટણી, (ઇલેકશન) *n.* Election. પસંદગી.
ચૂંટવું, (સીલેકટ) *vt.* Select. પસંદગી કરવી. Pluck
ચૂંથવું, (રૅનસેક) *vt* Ransack. ફેંદવું. [ટૂંપવું
ચૂંથારો, (ગ્રાઇપ્સ) *n.* Gripes. ગભરામણ.

ચેકવું, -રવું (ઇરેઝ) *vt.* Erase. છેકી નાખવું.
ચેતન, *a.* Animate. સજીવન. *n.* Vitality. જીવનશક્તિ.
ચેતવણી, *n.* Warning. અગાઉથી આપેલી ખબર.
ચેતવવું, -તાવવું. (વૉર્ન) *vt.* Warn. ખબર આપવી.
ચેતવું, (કૅચ ફાયર) *vt.* Catch fire. સળગવું. Take a hint. ઇશારતમાં સમજી જવું. Beware. સાવધાન થવું.
ચેપ, (પસ) *n.* Pus. પરૂં; રસી. Infection. બીજા રોગની અસર. [રોગના ચેપનો નાશ કરનારૂં.
ચેપનાશક, (ડીસઇન્ફેક્ટંટ) *n.* Disinfectant.
ચેપી, (કંટેજીયસ) *a.* Contagious. ચેપ લગાડે એવું.
ચેલો, (ડીસાયપલ) *n.* Disciple. શિષ્ય.
ચેષ્ટા, (વૅગરી) *n.* Waggary. ચાળા; ઠઠ્ઠા.
ચેહ, (પાયર) *n.* Pyre. ચિતા.
ચૈતન્ય, (લાઇફ) *n.* Life. ચેતના. Knowledge. જ્ઞાન.
ચોક, (કૉમ્પાઉન્ડ) *n* Compound. ઘરની વચ્ચે ચોખંડી છોબંધ જગ્યા. Bazar. બજાર.
ચોકઠું *n.* Frame બારી કે બારણું બેસાડવા કરેલો ઘાટ.
ચોકડી, *n* Sign. × આવી આકૃતિ. (યુરીનલ) *n.* Urinal. પેશાબપાણી માટેનો ખુણો. [સાવધાન.
ચોક્કસ, (એક્ઝેક્ટ) *a.* Exact. નક્કી; બરાબર Shrewd.
ચોકસી. (જુવેલર) *n.* Jeweller. સોનારૂપાનો ધંધો કરનાર.
ચોકિયાત, -કીદાર, (વૉચમેન) *n.* Watchman. રખવાળ.
ચોકી, *n.* Gate. થાણું. Toll-bar નાકું. Watch. તપાસ.
ચોખવટ, *n.* Clearness. સ્પષ્ટતા. Settlement. નિકાલ.
ચોખંડું. (સ્કવેર) *a.* Square. ચોરસ.

ચોખા, (રાઈસ) *n*. Rice. એક અનાજ. [Clear. સ્પષ્ટ.
ચોખ્ખું, (ક્લીન) *a*. Clean. સ્વચ્છ. Honest. પ્રમાણિક.
ચોખ્ખાઈ, (ક્લીનલીનેસ) *n*. Cleanliness. સ્વચ્છતા.
ચોગમ,-ગરદમ,-તરફ, *ad*. On all sides. ચારે
ચોગાન. *n*. Large plain. મેદાન. [દિશાએ.
ચોઘડિયાં, *n*. Drums beaten at a fixed period.
અમુક ઘડીએ વાગતાં નગારાં.
ચોઘડિયું, *n*. Auspicious time. મુહૂર્ત. [અંબોડો.
ચોટલો, *n*. Hair on the head of a woman. વેણી;
ચોડવું,-ટાડવું, (પેસ્ટ) *vt*. Paste. ચોંટે એમ કરવું.
ચોતરો, *n*. Raised square. મોટો ઓટલો.
ચોપટ,-પાટ, (ગેમ) *n*. Game. સોગટાંની રમત.
ચોપડવું, (ડૉબ) *vt*. Daub. લગાડવું; લપેટવું.
ચોપડી, (બુક) *n*. Book. પુસ્તક.
ચોપડો, *n*. Large Account book. હિસાબ લખવાની
ચોપવું, (પ્લાન્ટ) *vt*. Plant. રોપવું; ખોસવું. [વહી.
ચોપાઈ, (મીટર) *n*. Metre. એક છંદ. [પતાકડું.
ચોપાનિયું, (પેમ્ફલેટ) *n*. Pamphlet. બેપાંચ પાનાનું
ચોપાસ,-ફેર,-બાજુ,-મગ,-મેર, *ad*. All around.
ચોપદાર, *n*. Mace-bearer. છડીદાર. [ચોતરફ.
ચોમાસું, (મોન્સુન) *n*. Moonsoon. વર્ષા ઋતુ.
ચોર, ચોટ્ટ,(થીફ) *n*. Thief. ચોરી કરનાર માણસ.
ચોરટું,(થીવીશ)*a*. Thievish. ચોરીકરવાના સ્વભાવવાળું.
ચોરવું,(પીલ્ફર) *vt*. Pilfer. પારકાનું છૂપી રીતે લઇ લેવું.
ચોરસ,(સ્કવેર) *a*. & *n*. Square. ચારે બાજુઓ સરખી

ચોરાઉ, (સ્ટોલન) *a.* Stolen. ચોરાયેલું. [હોય તેવું.
ચોરી, (થેફ્ટ) *n.* Theft. ચોરવું તે. [બેસવાની જગા.
ચોરો, *n.* Public place in a village. ગામમાં સૌને
ચોળવું, (રબ) *vt.* Rub. ઘસવું; મસળવું.
ચોળી, (બૉડીસ) *n.* Bodice. સ્ત્રીઓનો ટૂંકી બાંયનો
ચોંકવું, (સ્ટાર્ટ) *vt.* Start. ભડકવું. [કબજો.
ચોંટવું, (સ્ટીક ટુ) *vt.* Stick to. વળગવું.
ચોંટાડવું, (પેસ્ટ) *vt.* Paste. ચોંટાડવું; લગાડવું.
ચૌટું, (માર્કેટ) *n.* Market. બજાર. [માર.
ચૌદમું રત્ન, (નેક્ટર) *n.* Nectar. અમૃત. Beating.
ચૌદલોક,–ભુવન, (યુનીવર્સ) *n.* Universe. વિશ્વ.
ચ્યુત, (ફૉલન) *a.* Fallen. પતિત; ભ્રષ્ટ.

છ

છ, The seventh consonant of the Gujarati Alphabet, and the second of the palatal class. તાલુસ્થાની બીજો વ્યંજન. *int.* Fie! છટ!
છકવું, *vt.* Be arrogant. વંઠી જવું. [*a.* Six.
છક્કડ, (ડીસીટ) *n.* Deceit. ભૂલથાપ. [છ ખૂણાવાળું.
છખૂણ,–ખૂણિયું, (હેક્ષેગોનલ) *a.* & *n.* Hexagonal.
છચોક,–ડેચૉક, (ઓપન્લી) *ad.* Openly. ખુલ્લી રીતે.
છછુંદર, *n.* Kind of mouse. ઉંદરના જેવું એક પ્રાણી.
છજું, (બાલ્કની) *n.* Balcony. ઝરૂખો.
છટ, *int.* Pshaw. ધુત્કારસૂચક ઉદ્ગાર.
છટકવું, (સ્લીપ અવે) *vt.* Slip away. નાસી જવું.

છટા, (બ્યુટી) *n.* Beauty. શોભા. Characteristic. રીત.
છડવું. (થ્રેશ) *vt.* Thrash. ખાંડીને છોડાં જુદાં કરવાં.
છડી, (મેસ) *n.* Mace. રાજચિહ્નનો દંડ. Nosegay.
છડીદાર, -વાન, *n.* Mace-bearer. ચોબદાર. [કલગી.
છડું. (એલોન) *a.* Alone. એકલું; સાથ વિનાનું. [કરવો.
છણકવું,-ણવું. (સ્કોર્ન) *vt.* Scorn. તરછોડવું; છણકો
છણકો. (સ્કોર્ન) *n.* Scorn. તરછોડ; ગુસ્સાનો બોલ.
છણવું. (ફીલ્ટર) *vt.* Filter. ગળવું.
છણાવટ, *n.* Scrutinisation. બારીક તપાસ; છણવું તે.
છતાં, -ય, (નેવરધલેસ) *ad.* & *conj.* Nevertheless.
છતું,-ત્તાપાટ, (ફ્લેટ) *a.* Flat. ચતું. [તો પણ.
છત્ર, (બીગ પેરેસૉલ) *n.* Big parasol. મોટી છત્રી. A royal ensign. એક રાજચિહ્ન. Guardian. રક્ષક.
છત્રી, (અમ્બ્રેલા) *n.* Umbrella. તાપ અને વરસાદથી બચવા માટે ઓઢવાનું એક સાધન.
છપર,-પ્પર, (રૂફ) *n.* Roof. છાપરૂં.
છપાવવું, (ગેટ પ્રીન્ટેડ) *vt.* Get printed. છાપે એમ કરવું.
છબછબવું,-છબાવવું, (સ્પ્લેશ) *vt.* Splash. છબછબ
છબછબું. (શૅલો) *a.* Shallow. છાછરૂં. [અવાજ થવો-કરવો.
છબરડો, (કનફ્યુઝન) *n.* Confusion. ગોટાળો.
છબિ,-બી, (પોર્ટ્રેટ) *n.* Portrait. તસવીર.
છબિલું, (ચાર્મીંગ) *a.* Charming. મોહક. [તોફાન.
છમકલું, *n.* Mischief. અડપલું. Slight fire. નાનકડું
છરી,-રો, (નાઇફ) *n.* Knife. પાળી; ચાકુ.
છલ,-ળ, (ડીસેપ્શન) *n.* Deception. કપટ; છેતરપિંડી.

છલકાવું, *vt.* Overflow. પ્રવાહી પદાર્થનું ઊભરાવું; બહાર પડવું.
છલંગ, (જંપ) *n.* Jump. ઠેકડો; કૂદકો. [બહાર પડવું.
છલોછલ,-લોછલ, *ad.* Filled to the top. છલકાય તેવું.
છવાવું, (બી કવર્ડ) *vt.* Be covered. ઢંકાવું. Be spread. ફેલાવું. [છેતરપિંડી.
છળકપટ,-પ્રપંચ,-ભેદ, (ડીસેપ્શન) *n.* Deception.
છળવું, (ચીટ) *vt.* Cheat. છેતરવું Startle. ચમકવું.
છંછેડવું, (ટીઝ) *vt.* Tease. ચીડવવું; સળી કરવી. [છાંટવું તે.
છંટકાવ,-કોર,-ટાવ, (સ્પ્રીન્કલીંગ) *n.* Sprinkling.
છંટકારવું, (સ્પ્રીન્કલ) *vt.* Sprinkle. છાંટવું.
છંદ, (મીટર) *n.* Metre. વૃત્ત; કવિતા. Habit. વ્યસન.
છાકટો, (ડ્રન્કર્ડ) *n.* Drunkard. દારૂડિયો.
છાકોટો, (કન્ટેમ્પ્ટ) *n.* Contempt. તીરસ્કાર; છણકો.
છાછર, (ડીશ) *n.* Dish. તાસક.
છાછરૂં, છછરૂં, (શેલો) *ad.* Shallow. ઊંડું નહિ એવું.
છાજલી, (શેલ્ફ) *n.* Shelf. અભરાઈ.
છાણ, (ડંગ) *n.* Dung. ગોબર.
છાતી, (ચેસ્ટ) *n.* Chest. શરીરનો પેટ પરનો પહોળો ભાગ.
છાતીપૂર, *a.* Chest deep. છાતી સુધી આવે એટલું.
છાતીફાટ, (બીટરલી) *ad.* Bitterly. છાતી ફાટી જાય એમ.
છાત્ર, (સ્કોલર) *n.* Scholar. વિદ્યાર્થી. [એમ.
છાત્રવૃત્તિ, (સ્કોલરશીપ) *n.* Scholarship. શિષ્યવૃત્તિ.
છાત્રાલય, *n.* Boarding house. છાત્રોને રહેવાનું સ્થળ.
છાનું,-છપનું, (સીક્રેટ) *a.* Secret. ગુપ્ત. [સ્થળ.
છાનુંમાનું, (સીક્રેટલી) *ad.* Secretly. છૂપી રીતે.

છાપ, (સ્ટેમ્પ) *n*. Stamp. આકૃતિ પાડવાનો સિક્કો. Print. એક વસ્તુ બીજા પર દબાવાથી તેની આકૃતિ પડે તે. Impression. અસર. Awe. શેહ; દાબ.
છાપખાનું, *n*. Printing press. મુદ્રણાલય.
છાપરૂં,–રી,(રૂફ) *n*. Roof. મકાન પર કરેલું ઢાંકણ. Hut.
છાપવું, *vt*. Print. બીબાં વડે આકૃતિ પાડવી. [ઝૂંપડું.
છાપું, (ન્યુસપેપર) *n*. Newspaper. વર્તમાનપત્ર.
છાપો, *n*. Sudden attack. ઓચિંતો હુમલો.
છાબ, –ડી, *n*. Bamboo basket. વાંસની છાબરી
છાયા, (શેડો) *n*. Shadow. પડછાયો. [ટોપલી.
છાલ, (રીન્ડ) *n*. Rind. ઝાડની ત્વચા.
છાલક, (સ્પ્લેશ) *n*. Splash. પાણીની છોળ.
છાવણી, (કેમ્પ) *n*. Camp. પડાવ.
છાશ,–સ, (વ્હે) *n*. Whey. દહીં વલોવી કરાતું પ્રવાહી.
છાંછરું, –છળું, (રૅશ) *a*. Rash. ઉછાંછળું; ઉદ્ધત.
છાંટવું, *vt*. Sprinkle. વિખેરાઈને પડે એમ પ્રવાહીને નાખવું. Gossip. ગપ્પું મારવું.
છાંટો, (ડ્રોપ)*n*. Drop. બિંદુ; ટીપું. Blot. ડાઘ; કલંક.
છાંડવું, (એબન્ડન) *vt*. Abandon. ત્યજી દેવું. Divorce. ફારગતી આપવી. Leave refuse. ભાણામાં રહેવા
છાંદવું, (બીસ્મીયર) *vt*. Besmear. લીંપવું. [દેવું.
છાંય,–યડો,–યો, (શેડ) *n*. Shade. છાયા.
છિ, (ફાય) *int*. Fie. ધિક્કાર દર્શાવતો ઉદ્ગાર.
છિદ્ર, (હોલ) *n*. Hole. કાણું; બાકું. Fault. દોષ.
છિન્નભિન્ન, (મ્યુટીલેટેડ) *a*. Mutilated. અસ્તવ્યસ્ત.

છિપાવવું, (ક્વેન્ચ) *vt.* Quench. છીપે એમ કરવું.
છી, (ડર્ટી થીંગ) *n.* Dirty thing. ગંદી વસ્તુ.
છી,—છી. *int.* Dirty. ગંદકીસૂચક ઉદ્ગાર.
છીણવું, (પીલ) *vt.* Peel. છણવું; ચૂંદો પાડવો.
છીનવવું, (સ્નેચ) *vt.* Snatch. આંચકી લેવું.
છીપ, (શેલ) *n.* Shell. એક જાતની માછલીનું કોટલું-ઘર.
છીપવું, (ક્વેન્ચ) *vt.* Quench. શમવું; શાંત થવું.
છીપો, *n.* Cloth printer. છાપગાર.
છીંક, (સ્નીઝ) *n.* Sneeze. છીં કરીને જોરથી શ્વાસ બહાર ફેંકવો તે. [કરેલી તમાકુ.
છીંકણી, (સ્નફ) *n.* Snuff. સૂંઘવા માટે ઘૂંટીને તૈયાર
છીંકવું, (સ્નીઝ) *vt.* Sneeze. છીંક ખાવી. [ગર કપડું.
છીંટ, (શીન્ટઝ) *n.* Chintz. એક પ્રકારનું રંગીન ભાતી-
છીંડું, *n.* Opening in hedge. વાડમાં નાકું. [અંત.
છુટકારો, છૂટકો, (રીલીઝ) *n.* Release. મુક્તિ. End.
છુટ્ટી, (લીવ) *n.* Leave. રજા. Permission. પરવાનગી.
છુપાવવું, (હાઇડ) *vt.* Hide. સંતાડવું.
છુપાવું, છૂપવું,(કન્સીલ) *vt.* Conceal. સંતાવું.
છૂટ, (એક્સટેન્સીવ સ્પેસ) *n.*Extensive space.જગ્યા-ની મોકળાશ. Permission. પરવાનગી. [નહિ તેમ.
છૂટક, (બાય રીટેલ) *ad.*By retail. છૂટું છૂટું;જથાબંધ
છૂટવું, (બી ફ્રીડ) *vt.* Be freed. છૂટકારો મેળવવો.
છૂટું, (ફ્રી) *a.* Free. સ્વતંત્ર; બંધનમુક્ત.
છૂપું, (સીક્રેટ) *a.* Secret. ગુપ્ત; છાનું.
છૂંદવું, (ક્રશ) *vt.* Crush. કચરવું. Tattoo. ટોચવું.

છેક, *ad.* Wholly. તદ્દન. *n.* End. અંત.
છેકવું, (સ્ક્રેચ) *vt.* Scratch. ચેરવું.
છેટું, (ડીસ્ટંટ) *a.* & *n.* Distant. વેગળું; દૂર.
છેડતી, (ફૉલ્ટ) *n.* Fault. દોષ. Prank. અડપલું.
છેડો,-ડલો,-વટ, *n.* End. અંત. Limit. હદ.
છેતરપિંડી,-બાજી,-રામણ, *n.* Deception. ઠગાઈ.
છેતરવું, (ડીસીવ) *vt.* Deceive. ઠગવું.
છેદ, (બોર) *n.* Bore. કાણું Cut. કાપો.
છેદવું, (બોર) *vt.* Bore. કાણું પાડવું. Cut કાપવું.
છેલ્લું,-વાડું, (લાસ્ટ) *a.* Last. છેવટનું.
છેવટે, (ફાઈનલી) *ad.* Finally. અંતે.
છો, (પ્લાસ્ટરીંગ) *n.* Plastering. ચૂનાનો કેલ.
છોબંધ, *a.* Plastered. છોવાળું. [બાળક જેવું; હઠીલું.
છોકરમત,-વાદ, (ચાઈલ્ડીશ) *a.* & *n.* Childish.
છોકરી,-ડી, (ગર્લ) *n.* Girl. કન્યા; દિકરી.
છોકરૂં,-ડ્યું, (ચાઈલ્ડ) *n.* Child. બાળક.
છોકરો, (બોય) *n.* Boy. નરજાતિનું છોકરૂં; દીકરો.
છોડ,-વો, (પ્લાન્ટ) *n.* Plant. રોપો. [કરાવવું.
છોડવવું,-ડાવવું, *vt.* Liberate. બંધનમાંથી મુક્ત
છોડવું, (રીલીઝ) *vt.* Release. છૂટું કરવું.
છોડું,-તરૂં,-લ, (પીલ) *n.* Peel. છાલ-તેનો કકડો.
છોને, *int.* Let it ! ભલે ને.
છોભીલું,-ણું, *a.* Ashamed. ખસિયાણું.
છોલવું, (પીલ) *vt.* Peel. ઉપરઉપરથી ઉખેડવું.
છોલાવું,(બી બ્રુઇઝડ)-*vt.*Be bruised. ચામડીનું છોલાવું.

ઝોડવું. (પ્લાસ્ટર) *vt*. Plaster. છો કરવી.
ઝોળ, (વેવ) *n*. Wave. મોજું. Splash. છાલક.

જ

જ, The eighth consonant of the Gujarati alphabet, and the third of the palatal class. તાલુસ્થાની ત્રીજો વ્યંજન. Suffix. પ્રત્યય છે, જેમકે; વંશજ, મનુજ, અંડજ. *int*. Emphasis. નિશ્ચય, ખાતરી બતાવવા વપરાય છે. જેમકે: કરીશ જ; ત્યાં જ.
જક, (ઓબ્સ્ટીનસી) *n*. Obstinacy, હઠ; જીદ.
જકડવું, (ટાઇટન) *vt*. Tighten. બાંધવું. Grip. પકડવું.
જકાત, (ડયુટી) *n*. Duty. દાણ; નાકાવેરો.
જક્કી, (ઓબ્સ્ટીનેટ) *a*. Obstinate. હઠીલું; જીદ્દી.
જખમ, (વુન્ડ) *n*. Wound. ઘા.
જખમી, (વુન્ડેડ) *a*. Wounded. ઘાયલ.
જગ, -ત, (યુનીવર્સ) *n*. Universe. વિશ્વ; દુનિયા.
જગજાહેર, -પ્રસિદ્ધ, (ફેમસ) *a*. Famous. સુપ્રસિદ્ધ.
જગતજનની, -જનુની, -જનેતા, *n*. Mother of the world. જગદંબા; દુર્ગા. [-નિયંતા, *n*. God. ઈશ્વર.
જગપતિ, -દાત્મા, -દાધાર, -દીશ, -દીશ્વર, -નાથ,
જગા, -ગ્યા, -ગે, (પ્લેસ) *n*. Place. સ્થળ.
જગાવવું, -ડવું, (રાઉઝ) *vt*. Rouse. ઉઠાડવું.
જજિયાવેરો, (પોલ-ટેક્ષ) *n*. Poll-tax. માથાવેરો.
જટા, (મેટેડ હેર) *n*. Matted hair. કેશનું ઝૂંડ. [સાધુ.
જટાધર,-ધારી, (શીવ) *n*. Shiva. શંકર. Ascetic.

જટિલ, (કૉમ્પ્લેક્સ્ડ) *a.* Complexed. અટપટું.
જઠર, (સ્ટમક) *n.* Stomach. પેટ; હોજરી.
જઠરાગ્નિ, *n.* Digestive power. પાચનશક્તિ.
જડ, (ઈનએનીમેટ) *a.* Inanimate. જીવ વિનાનું.
જડબું, *n.* Jaw-bone. દાંતવાળો મોંનો નીચેનો ભાગ;
જડબાંતોડ, *a.* Powerful. સચોટ. [તે ભાગનું હાડકું.
જડવું, (સેટ) *vt.* Set. બેસાડવું. Find. મળવું.
જડીબુટ્ટી, *n.* Medical root. ઔષધિના કામમાં આવતું મૂળિયું. [વ્યક્તિ.
જણ, (પરસન) *n.* Person. માણસ. Individual.
જણવવું,-ણાવવું, (ઈનફૉર્મ) *vt.* Inform. ખબર
જણવું, *vt.* Give birth to. જન્મ આપવો. [આપવી.
જણસ, (થીન્ગ) *n.* Thing વસ્તુ; ચીજ. Goods.
જણાવું, (સીમ) *vt.* Seem. દેખાવું. [માલ.
જત, (નેઈમલી) *conj.* Namely. પત્ર લખતાં શરૂઆતમાં
જતન, (કૅર) *n.* Care. સંભાળ. [વપરાય છે.
જતિ. (જૈન મંક) *n.* Jain monk. જૈન સાધુ; ગોરજી.
જથાબંધ, (હોલસેલ) *ad.* Wholesale. એકસામટું.
જથો,-થ્થો, (માસ) *n.* Mass. સમૂહ; ઢગલો.
જન, (મેન) *n.* Man. માણસ. Humanity. જનતા.
જનક, (ફાધર) *n.*& *a.* Father. પિતા.
જનતા,-સમૂહ, (પીપલ) *n.* People. લોકસમુદાય.
જનની,-નેતા,(મધર) *n.* Mother. માતા. [સુધીની કેદ.
જનમકેદ,-ટીપ, *n.* Life imprisonment. જિંદગી
જનસ્વભાવ, *n.* Human nature. માનવસ્વભાવ.

જનાનખાનું, (હૅરમ) *n.* Harem. અંતઃપુર; રણવાસ.
જનાબ, *n.* & *a.* A term of address. 'મહેરબાન' [એવું સંબોધન.
જનાવર, (એનીમલ) *n.* Animal. પશુ.
જનોઈ, (સેક્રેડ થ્રેડ) *n.* Sacred thread. યજ્ઞોપવિત.
જન્નત, (હૅવન) *n.* Heaven. સ્વર્ગ.
જન્નતનશીન, (ડેડ) *a.* Dead. સ્વર્ગવાસી. [જન્મારો.
જન્મ, (બર્થ) *n.* Birth. જન્મવું તે. Lifetime.
જન્મભૂમિ, (બર્થ-પ્લેસ) *a.* Birth-place. માતૃભૂમિ.
જન્મસિદ્ધ, *a.* Derived since birth. જન્મથી જ [પ્રાપ્ત થયેલું.
જન્ય, (બૉર્ન) *a.* Born. જન્મેલું.
જપવું, (મટર) *vt.* Mutter. રટવું. [કરવું તે.
જપ્ત,-પતી, (એટેચમેન્ટ) *n.* Attachment. કબજે
જબરજસ્ત,-દસ્ત, (પાવરફુલ) *a.* Powerful. જબરૂં.
જબરજસ્તી, -દસ્તી, -રાઇ, (ટીરની) *n.* Tyranny.
જુલમ; બળાત્કાર. [cult. મુશ્કેલ.
જબરૂં, -બર, -બ્બર, (સ્ટ્રૉંગ) *a.* Strong. બળવાન. Diffi-
જમણું, (રાઇટ) *a.* Right. પૂર્વાભિમુખ થતાં દક્ષિણ તરફનું.
જમરૂખ, જામફળ, (ગ્વાવા) *n.* Guava. એક ફળ.
જમવું, (ડાઇન) *vt.* Dine. ભોજન લેવું. Eat. ખાવું.
જમાઈ, (સન-ઇન-લૉ) *n.* Son-in-law. દીકરીનો વર.
જમાડવું, (ફીડ) *vt.* Feed. ખવડાવવું.
જમાનો, (એજ) *n.* Age. યુગ; દેશકાળ.
જમાવવું, (એસેમ્બલ) *vt.* Assemble. એકઠું કરવું.
જમીન, (લેન્ડ) *n.* Land. ભોંય. New skin. નવી ચામડી.
જમીનદાર, (લૅન્ડલૉર્ડ) *n.* Landlord. જમીનનો માલિક.

જમીનદોસ્ત, *a.* Levelled to the dust. જમીન
જમૈયો, (ડૅગર) *n.* Dagger. કટાર. [સરસું કરેલું.
જયંતી, (એનીવરસરી) *n.* Anniversary. જન્મતિથિ.
જર, (વેલ્થ) *n.* Wealth. પૈસો.
જરખ, (હાયેના) *n.* Hyaena. એક જંગલી પ્રાણી.
જરદાળુ,-લુ,(ડ્રાય ફ્રુટ) *n.* Dry fruit. સૂકો મેવો; આલુ.
જરા,-ક,-તરા,(સમવોટ) *ad.* Somewhat. લગાર; થોડું.
જરીકામ. *n.* Embroidery work. કસબીકામ.
જરીપુરાણું, જર્જર,-રિત, (ઓલ્ડ) *a.* Old જૂનું;
ફાટી-તુટી ગયેલું. [*ad.* Necessarily. અવશ્ય.
જરૂર, (નેસેસીટી) *n.* Necessity. જરૂરિયાત; આવશ્યક્તા.
જરૂરત,-રિયાત,(નેસેસીટી) *n.* Necessity. આવશ્યક્તા.
જરૂરી, (ઇમ્પોર્ટન્ટ) *ad.* & *a.* Important. અગત્યનું.
જલ,-ળ, (વૉટર) *n.* Water. પાણી.
જલચર, *n.* & *a.* Water-animal. પાણીનું પ્રાણી.
જલદ, (કલાઉડ) *n.* Cloud. વાદળ. *a.* Hot. ઉગ્ર.
જલદી,(હરી)*n.* Hurry. ઉતાવળ. *ad.* Quickly. ઉતાવળથી.
જલધિ,-નિધિ,-પતિ, (સી) *n.* Sea. સમુદ્ર.
જલપ્રલય, (ડીલ્યુજ) *n.* Deluge. મોટી રેલના પૂરથી
જલમાર્ગ, (કૅનાલ) *n.* Canal. નહેર. [નાશ થવો તે.
જલસો, (ફેસ્ટીવલ) *n.* Festival. આનંદનો ઉત્સવ.
જલ્લાદ, (બુચર) *n.* Butcher. શીરચ્છેદ કરનાર; કસાઈ.
જવ,(બાર્લી) *n.* Barley. એક ધાન્ય. *ad.* When. ક્યારે.
જવલ્લે, (સેલ્ડમ) *ad.* Seldom. ભાગ્યે.
જવાબ,(રીપ્લાય) *n.* Reply. ઉત્તર. [જોખમદારી.

જવાબદારી, (રીસ્પોન્સીબીલીટી) *n*. **Responsibility.**
જવાહિર, (જુવેલરી) *n*. Jewellery. ઝવેરાત.
જવું, (ગો) *vt*. Go. ગતિ કરવી. Move. ખસવું.
જશ,–સ, (ફેમ) *n*. Fame. કીર્તિ.
જસત, (ઝીન્ક) *n*. Zinc. એક ધાતુ.
જહન્નમ, (હેલ) *n*. Hell. નરક; દોજખ.
જહાં, –હાન, (વર્લ્ડ) *n*. World. દુનિયા.
જહાંગીરી, (ઑટોક્રેટ) *a*. & *n*. Autocrat. આપખુદ.
જહેમત, (ટ્રબલ) *n*. Trouble. મહેનત; શ્રમ. [પક્ષી.
જળકૂકડી, (વૉટરફાઉલ) *n*. Waterfowl. એક જળચર
જંગ, (બૅટલ) *n*. Battle. યુદ્ધ. [ખસી શકે એવું.
જંગમ,(મુવેબલ)*a*.Moveable.એક ઠેકાણેથી બીજે ઠેકાણે
જંગલ, (ફોરેસ્ટ) *n*. Forest. વન.
જંગલી, (વાઇલ્ડ) *a*. Wild. સંસ્કાર વિનાનું.
જંગી, (વાસ્ટ) *a*. Vast. વિશાળ.
જંજીર, (ચેન) *n*. Chain. સાંકળ. Fetters. બેડી.
જંતર, –મંતર, (ચાર્મ) *n*. Charm. તાવીજ.
જંતુ, –ત, (ઈનસેક્ટ) *n*. Insect. જીવડું.
જંપવું, (રેસ્ટ) *vt*. Rest. નિરાંત વાળવી.
જાકીટ, (વેસ્ટ કોટ) *n*. Waist coat. એક વસ્ત્ર; વાસકુટ.
જાગતું, (વીજીલંટ) *n*. Vigilant. સાવધાન.
જાગવું, (વેક) *vt*. Wake. ઊંઘમાંથી ઊઠવું.
જાગીર, *n*. Freehold grant of land. સરકાર તરફથી બક્ષિસ તરીકે મળેલ જમીન કે ગામ.
જાગૃત, –ગ્રત, (અવેક) *a*. **Awake.** જાગતું.

જાગૃતિ, (વેકફુલનેસ) *n.* Wakefulness. સાવધાની.
જાજમ, *n.* Large carpet. પહોળું જાડું પાથરણું.
જાજરૂ, (પ્રીવી રૂમ) *n.* Privy room. સંડાસ; પાયખાનું.
જાડું, (થીક) *a.* Thick. દળદાર. Fat. ધટ્ટ.
જાણકાર,-ભેદુ, *a.* & *n.* Well informed. જાણનાર.
જાણવું, (નો) *vt.* Know. પરિચય હોવો કે પામવો.
જાણીતું, *a.* Well-known. ઓળખીતું. Famous. પ્રસિદ્ધ.
જાણીજોઈને,-બૂઝીને, *ad.* Deliberately. જાણ્યા છતાં.
જાત, -તિ, (રેસ) *n.* Race. કુળ. Tribe. વર્ગ. Caste. [જ્ઞાતિ.
જાતમહેનત, *n.* Self-labour. સ્વાશ્રય.
જાતવંત, -વાન, *a.* Of high breed. ઊંચી ઓલાદનું.
જાતીય, *a.* Pertaining to a class. જાતિને લગતું. Sexual. સ્ત્રી-પુરૂષના સંબંધને લગતું.
જાતે, (પરસનલી) *ad.* Personally. પંડે; પોતે.
જાત્રા, *n.* Pilgrimage. તીર્થોની મુસાફરીએ જવું તે.
જાત્રાળુ, *n.* Pilgrim. જાત્રા કરવા નીકળેલો માનવી.
જાથુ, -ક, *ad.* Permanently. હંમેશ ચાલ્યા કરે એમ.
જાદુ,-દૂ,-ગરી,-ગીરી, *n.* Sorcery. હાથચાલાકી.
જાદૂઈ, (એન્ચેન્ટીંગ) *a.* Enchanting. ચમત્કારી.
જાદૂગર, (મેજીશ્યન) *n.* Magician. જાદૂનું કામ કરનાર.
જાન, (મૅરેજ પાર્ટી) *n.* Marriage party. લગ્નમાં વર સાથે જનારો સમૂહ. Life. પ્રાણ.
જાનવર, (એનીમલ) *n.* Animal. પશુ.
જાનકી, (સીતા) *n.* Sita. સીતા.
જાપતો, -બ્તો, *n.* Strict watch. પાકો બંદોબસ્ત.

જામ, (કપ) *n*. Cup. પ્યાલો.
જામવું, (કંજીલ) *vt*. Congeal. ઘટ્ટ થવું; એકત્ર થવું.
જામિન,-મીન, (બેઇલ) *n*. Bail. બીજાની જોખમદારી પોતાના પર લઇ તે વિષે કબુલાત આપનારો.
જામો, *n*. Long robe. મોટા ઘેરવાળો ઘણો નીચો
જાયદાદ, (પ્રોપર્ટી) *n*. Property. મીલ્કત. [અંગરખો.
જાયફળ, (નટમૅગ) *n*. Nutmeg. એક તેજાનો.
જાયા, (વાઇફ) *n*. Wife. પત્નિ.
જાર, જુવાર, (કોર્ન) *n*.Corn. એક અનાજ.
જારકર્મ, (ડીબૉચરી) *n*. Debauchery. વ્યભિચાર.
જારી, -રૂ, (કન્ટીન્યુઅસ) *ad*. Continuious. ચાલુ.
જાલ, -ળ, (સ્નેર) *n*. Snare.માછલાં વિ. પકડવાની જાળ.
જાલિમ, -લીમ, (ક્રુઅલ) *a*. Cruel. નિર્દય. [પત્ર.
જાસાચિઠ્ઠી, *n*. Threatening letter. ધમકી આપતો
જાસૂસ, (સ્પાય) *n*.Spy. છૂપી બાતમી લાવનાર.
જાસો, *n*. Secret defamatory notice. છૂપી ધમકી.
જાહેર, (ઓપન) *a*. Open. ખુલ્લું. Public. સાર્વજનિક.
જાહેરખબર, (એડવરટીઝમેન્ટ) *n*. Advertisement. સૌ કોઈની જાણ માટેની ખબર. [જાહેરખબર.
જાહેરનામું,-રાત, (પ્રોકલેમેશન) *n*. Proclamation.
જાહોજલાલી, (પ્રોસ્પેરીટી) *n*. Prosperity. આબાદી.
જાળવણી, (કેર) *n*. Care. સંભાળ.
જાળવવું, (પ્રીઝર્વ) *vt*. Preserve. સાચવી રાખવું.
જાળી, (નેટ) *n*. Net. ગુંથણી-તેવું કામ. Window secured with bars. સળિયાથી ભરેલી બારી.

જાંગડ, *a.* Taken for approval. દેખાડવા લીધેલું.
જાંઘ, (થાય) *n.* Thigh. સાથળ.
જાંઘિયો, *n.* Short breeches. ચડ્ડી.
જાંબુ,-ડું, (રોઝ એપલ) *n.* Rose apple. એક ફળ.
જિગર, (હાર્ટ) *n.* Heart. દિલ.
જિજ્ઞાસા, *n.* Desire of knowledge. જ્ઞાનની ઈચ્છા.
જિજ્ઞાસુ, *a.* Inquisitive. જ્ઞાનપ્રાપ્તિની ઈચ્છા રાખતું.
જિરાફ, (જીરાફ) *n.* Giraffe. એક જંગલી પશુ.
જિલ્લો, (ડીસ્ટ્રીકટ) *n.* District. વિભાગ.
જિવાઈ, (પેન્શન) *n.* Pension. સાલિયાણું.
જિવાડવું, *vt.* Spare. જીવતું રાખવું. Nourish. પોષવું.
જિંદગી,-ગાની, (લાઈફ) *n.* Life. આયુષ્ય.
જી, A term of respect. માનવાચક ઉદ્ગાર.
જીત, (વીકટરી) *n.* Victory. ફતેહ; વિજય.
જીતવું, (વીન) *vt.* Win. વિજય મેળવવો. [પલાણ.
જીન, (ઘોસ્ટ) *n.* Ghost. ભૂત. Saddle. ઘોડાનું
જીનો, (સ્ટેર કેસ) *n.* Stair-case. દાદર; સીડી.
જીભ,જિહ્વા, (ટંગ) *n.* Tongue. બોલવાની કર્મેન્દ્રિય.
જીરવવું, (ડાઇજેસ્ટ) *vt.* Digest. હજમ કરવું.
જીરૂં, (ક્યુમીન સીડ) *n.* Cumin seed. એક મસાલો.
જીર્ણ, (વર્ન આઉટ) *vt.* Worn out. ઘસાઈ ગયેલું.
જીર્ણોદ્ધાર, (રીપેર્સ) *n.* Repairs. મરામત. [પ્રાણી.
જીવ, (સોલ) *n.* Soul. આત્મા. Living being.
જીવન,-વત,-વતર, (લાઇફ) *n.* Life. આયુષ્ય.
જીવનશાસ્ત્ર, જીવવિદ્યા, (બાયોલોજી) *n.* Biology.

જીવશાસ્ત્ર; સમગ્ર જીવને વિચારતું શાસ્ત્ર.
જીવલેણ, (ડેડલી) *a.* Deadly. જીવ લે એવું
જીવવું, (લીવ) *vt.* Live. પ્રાણ ધરવા. Exist. હોવું.
Have life. જીવ હોવો. [જીવને જોખમે.
જીવસટોસટ, *ad.* At the cost of one's life.
જીવાત, (ઈનસેક્ટસ) *n.* Insects. જીવડાં.
જીંડવું, (પૉડ) *n.* Pod. છોડનો કોટલાવાળો બીજકોષ.
જુઆળ,-વાળ, (ટાઇડ) *n.* Tide. ભરતી.
જુક્તિ,-ગતિ, (ડીવાઇસ) *n.* Device. યુક્તિ; તદબીર.
જુગ, (એજ) *n.* Age. યુગ; જમાનો. Couple. જોડ.
જુગતું, (ફીટ) *a.* Fit. બંધબેસતું; યોગ્ય.
જુગલ, -જોડી, (કપલ) *n.* Couple. જોડું.
જુગાર, જુગટું, (ગેમ્બલીંગ) *n.* Gambling. દ્યુત.
જુઠું, (ફૉલ્સ) *a.* False. ખોટું.
જુદાઇ, (સેપરેશન) *n.* Separation. જુદાપણું; વિયોગ.
જુદું, (સેપરેટ) *a.* Seperate. અલગ. Far. વેગળું.
જુદ્ધ, (વોર) *n.* War. યુદ્ધ; લડાઈ.
જુનવાણી,(ઓરર્થોડોક્ષ) *a.*Orthodox. જૂના વિચારનું.
જુબાની, (એવીડન્સ) *n.* Evidence. બોલીને જણાવેલી
હકીકત; સાક્ષી. [sibility. જોખમદારી.
જુમ્મો,-મ્મેદારી, (રીસ્પોન્સીબીલીટી) *n.* Respon-
જુમ્મેદાર,-વાર, (રીસ્પોન્સીબલ) *a.* Responsible.
જુલફું,-લ્ફ, (કર્લ) *n.*Curl.વાળની લટ. [જોખમદાર.
જુલમ,-માટ. -લ્મ, (ઓપ્રેશન) *n.* Oppression.
જુલમગાર,-મી,(ક્રુઅલ) *a.*Cruel. નિર્દય. [બળાત્કાર.

જુલાબ,(પર્ગેટીવ)*n*.Purgative.ઝાડો થાય તેવું ઓસડ.
જુવાન,-નિયો,-જવાન,(યુથ) *n*. Youth. યુવાન.
જુવાની, (યુથ) *n*. Youth. યુવાનપણું.
જુસ્સો, (પેશન) *n*. Passion. ઊભરો; જોસ.
જુસ્સાદાર. *a*. Full of passion. જોસવાળું.
જૂ, (લાઉસ) *n*. Louse. માથામાં પડતું એક જંતુ.
જૂઠ,-ઠાણું, (ફૉલ્સહુડ) *n*. Falsehood. અસત્ય વાત.
જૂઠું, (ફૉલ્સ) *a*. False. અસત્ય; ખોટું. Artificial. [બનાવટી.
જૂતવું, (જોઇન) *vt*. Join. જોડવું.
જૂતી,-તું,-તિયું. (શુ) *n*. Shoe. ખાસડું.
જૂથ, (માસ) *n*. Mass. ટોળું; સમૂહ.
જૂનું-પુરાણું,-ખખ, (ઓલ્ડ) *a*. Old. પુરાણું; જીર્ણ.
જે, *prn*. & *a*. Who. કોણ. Which. કયું.
જેટલું,-વડું, *ad*. As much. અમુક માપમાં.
જેટલે, *ad*. As; while. જ્યારે. [જે બાજુ.
જેણીગમ,-તરફ,-પાસ,-મેર.(વ્હીધર) *ad*. Whither.
જેમ, (લાઇક) *ad*. Like. જે પ્રમાણે. [તરીકે.
જેમકે, (ફોર એકઝામ્પલ) *ad*.For example. દાખલા
જેમતેમ, (એનીહાઉ) *ad*. Anyhow. ગમેતેમ કરીને.
જેરબંદ, (લૅશ) *n*. Lash. સાટકો; ચાબૂક.
જેવું. (સીમીલર) *a*. Similar. અમુક જાત કે ગુણ
જેવુંતેવું.(ઓર્ડીનરી) *a*.Ordinary. સાધારણ. [ધરાવતું.
જૈન, *n*. One believing in Jainism. શ્રાવક.
જો. (ઈફ) *conj*. If. સંશય કે શરત બતાવે છે.
જોઈએ, (શુડ) *dt*. Should. 'જોઇવું'નું એક રૂપ

જોકે. (આલ્ધો) *prep.* Although. અગર જો.
જોખમ, (રીસ્ક) *n.* Risk. ભવિષ્યમાં થવાના નુકસાનની ધાસ્તી; જવાબદારી. [જોખમવાળું.
જોખમકારક,-કારી, (ડેંજરસ) *a.* Dangerous.
જોખમદાર, *a.* Responsible. જવાબદાર.
જોડ,-ડું,-ડો,-ડય,(પેર) *n.* Pair. જોડી; Twin. બે સરખી વસ્તુઓની જોડી. [જોડી કાઢેલું ગીત.
જોડકણું,(એક્ષટેમ્પોર સોંગ) *n.* Extempore song. તત્કાળ
જોડણી,(સ્પેલીંગ) *n.* Spelling. અક્ષરોને જોડવાની રીત.
જોડવું. (યુનાઈટ) *vt.* Unite. એકત્ર કરવું; વળગાડવું
જોડા, (શુઝ) *n.* Shoes. ખાસડાં; બૂટ.
જોડાક્ષર, *n.* Conjunct consonant. બે અથવા વધારે અક્ષરો જોડવાથી બનેલો એક સંયુક્ત અક્ષર. [પાસે.
જોડાજોડ, (કલોઝલી) *ad.* Closely. અડોઅડ; પાસે
જોડીદાર, (કંપેનીઅન) *n.* Companion. સાથી.
જોડું. (કપલ) *n.* Couple. યુગલ. Shoe. ખાસડું.
જોતજોતાં,-માં, *ad.* Instanantly. પળવારમાં.
જોતર,-રું, (યોક-સ્ટ્રેપ) *n.* Yoke-strap. ધૂંસરીની સાથે બળદને જોડવાનો પટો. [જોડવું.
જોતરવું, (યોક) *vt.* Yoke. જોતર વડે પશુને ધૂંસરી સાથે
જોધ્ધો, (વૉરીયર) *n.* Warrior. યોધ્ધો; લડવૈયો.
જોબન,-નિયું, (યુથ) *n.* Youth. જુવાની; યૌવન.
જોબનવંતું, (બ્લુમીંગ) *a.* Blooming. જોબનવાળું.
જોમ,-ર, (વીગર) *n.* Vigour. બળ; શક્તિ.
જોરજબરાઈ,-જુલમ, (ફોર્સ) *n.* Force. જબરજસ્તી.

જોરતલબી, (ટ્રીબ્યુટ) *n.* Tribute. ખંડણી,
જોરાવર,–દાર, (બ્રેવ) *a.* Brave. હિમ્મતવાન; બહાદુર.
જોવું, (સી) *vt.* See. દેખવું. Examine. તપાસવું.
Contemplate. વિચાર કરવો.
જોશ,–સ,(કોમોશન) *n.* Commotion. ઉછાળો; આવેશ.
જોશી,–ષી, *n.* Astrologer. જ્યોતિષનું જ્ઞાન ધરાવનાર.
જોહાકી,–હુકમી,(ટીરની) *n.* Tyranny. જુલમ. [હત્યા.
જોહર, *n.*Simultaneous suicides. સામુદાયિક આત્મ-
જ્ઞ, A conjunct consonant made up of જ and
ન. 'જ' અને 'ન' મળીને થયેલો એક જોડાક્ષર.
જ્ઞાત, (નોન) *a.* Known. જાણેલું.
જ્ઞાતા, (નોઅર) *n.* Knower. જાણનાર.
જ્ઞાતિ, (કાસ્ટ) *n.* Caste. ન્યાત; નાત.
જ્ઞાન, (નોલેજ) *n.* Knowledge. જાણવું તે; જાણ.
જ્ઞાનકોશ, (એનસાઈક્લોપીડીઆ) *n.* Encyclopedia.
બધી જાતના જ્ઞાનના–માહિતીના સંગ્રહરૂપ મોટો ગ્રંથ.
જ્ઞાનતંતુ,–રજ્જુ, (નર્વ) *n.* Nerve. જ્ઞાનેંદ્રિયોને મગજ
જ્ઞાનવાન,–ની, *a.* Wise. ડાહ્યું. [સાથે સાંધતો તંતુ.
જ્ઞાનેંદ્રિય, *n.* Organ of knowledge. જ્ઞાન ગ્રહણ
જ્યારે, (વ્હેન) *ad.* When. જે વખતે. [કરનારી ઇંદ્રિય.
જ્યારથી, (સીન્સ) *ad.* Since. જે વખતથી.
જ્યાં, (વ્હેર) *ad.* Where. જે જગાએ.
જ્યાં,–લગી, (સો લોંગ) *ad.* So long. જે સમય સુધી.
જ્યેષ્ઠ, (એલ્ડેસ્ટ) *a.* Eldest. સૌથી મોટું.
જ્યોતિ, (લાઇટ) *n.* Light. પ્રકાશ.

જ્યોતિર્મય,-ષ્માન,(બ્રીલીયંટ) *a.* Brilliant. તેજસ્વી.
જ્યોતિષ,-વિદ્યા, *n.* Astrology. જ્યોતિષશાસ્ત્ર.
જ્યોત્સના -ત્સ્નિકા, *n.* Moonlight. ચાંદની.
જ્વર, (ફીવર) *n.* Fever. તાવ.
જ્વલંત,(ક્લીઅર) *a.* Clear. સ્પષ્ટ. Brilliant. ઝળહળતું.
જ્વાલા,-ળા, (ફ્લેમ) *n.* Flame. અગ્નિની શિખા.
જ્વાલામુખી, (વૉલ્કેનો) *n.* Volcano. બળતો પહાડ.

ઝ

ઝ, *n.* Palatal fourth consonant. તાલુસ્થાની ચોથો વ્યંજન.
ઝગઝગવું,-મગવું, *vt.* Glitter. તેજ મારવું.
ઝગઝગાટ,-મગાટ,(ગ્લેર) *n.* Glare. ઝગમગ થતો પ્રકાશ.
ઝઘડવું, (ક્વોરલ) *vt.* Quarrel. ટંટો કરવો; લડવું.
ઝઘડો, (ક્વોરલ) *n.* Qnarrel. ટંટો.
ઝઘડાખોર, *a.* Quarrelsome. ટંટાખોર.
ઝઝણી, -ણઝણી, *n.* Sensation of smart pain. ઝાંઝ; ક્રોધ કે રીસની લાગણી. Tingling. ખાલી.
ઝટ,-પટ,(ક્વીકલી) *ad.* Quickly. તરત જ; તાબડતોબ.
ઝટકો, *n.* Smart blow. જોરથી કરેલો ઘા. Pull. આંચકો.
ઝડકો,-રડો, (ટેર) *n.* Tear. કપડાનો ચીરો.
ઝડઝમક, (એલીટરેશન) *n.* Alliteration. એક શબ્દાલંકાર.
ઝડપ, (સ્પીડ) *n.* Speed. વેગ.
ઝડપબંધ,-ભેર, (સ્વીફ્ટલી) *ad.* Swiftly. સપાટાબંધ.
ઝડપવું, *vt.* Seize suddenly. ઓચિંતું ઝૂંટવું.
ઝડપી, (સ્વીફ્ટ) *a.* Swift. ઝડપવાળું.

ઝનુન, (મૅડનેસ) *n.* Madness. ગાંડો જુસ્સો.
ઝનુની, (મૅડ) *a.* Mad. ઝનુનવાળું.
ઝપટ, (હેસ્ટ) *n.* Haste. ઉતાવળ. Snatch. ઝડપ.
ઝપટાવું, *vt.* Be attacked. વચ્ચે આવી જવું. Be in a difficulty. ફસાવું. [Scuffle. ટંટો.
ઝપાઝપ, -ઝપી, (મેસેકર) *n.* Massacre. કતલ.
ઝપાટવું,(ડીવોવર) *vt.* Devour. ચાંપીને ખાવું. Attack.
ઝપાટો, (સ્પીડ) *n.*Speed. વેગ. Blow. પ્રહાર. [ઠોકવું.
ઝપોઝપ,-ઓઝબ, (સ્વીફ્ટલી) *ad.* Swiftly. ઝપાટાથી.
ઝબકવું, (સ્ટાર્ટ અપ) *vt.* Start up. ચમકવું. Flash.
ઝબકારો,(ફ્લેશ) *n.*Flash. પ્રકાશનો ઝબકો. [ઝબૂકવું.
ઝબકોળવું,-બોળવું, *vt.*Dip in water. પાણીમાં બોળવું.
ઝમવું,-રવું, -વવું, (ઉઝ આઉટ) *vt.* Ooze out. પ્રવાહીનું જરાજરા થઇને બહાર જવું. [જનાવર.
ઝરખ. (હાયેના) *n.* Hyaena. એક જંગલી ઘાતકી
ઝરણ,-ણું,-રો,(સ્ટ્રીમ) *n.* Stream. પાણીનો વહેળો.
ઝરમરવું, *vt.*Rain slowly.ઝરમર ઝરમર પડવું. [છજું.
ઝરૂખો, (બાલ્કની) *n.* Balcony. બારીની બહાર કાઢેલું
ઝલકદાર, (બ્રીલીયંટ) *a.* Brilliant. ચળકતું.
ઝવેરાત, (જુવેલર) *n.* Jewellery. હિરામોતી વગેરે.
ઝવેરી, (જુવેલર) *n.* Jeweller. ઝવેરાતનો વેપારી,
ઝળક,-કાર,-કારો,-ઝળાટ,(લસ્ટર) *n.*Lustre. ચળકાટ.
ઝળકવું,-હળવું, (શાઇન) *vt.* Shine. પ્રકાશવું.
ઝળઝળીયું, *n.* Tears glistening in the eyes. આંખમાંથી ઝમતું પાણી; આંસુ.

ઝળઝળું, (ટ્વીલાઇટ) *n.* Twilight. ઝાંખું અજવાળું.
ઝંખના, (એંક્ષાયટી) *n.* Anxiety. ચિંતા; ધખારી.
Eager desire. આતુરતાપૂર્વક રટણ.
ઝંખવાણું, (એબેશ્ડ) *a.* Abashed. ખસિયાણું; ભોંઠું.
ઝંખવું, (લોંગ ફોર) *vt.* Long for. ઝંખના કરવી.
ઝંઝાનિલ,-વાત, *n.* Stormy gale. વરસાદ ને [વંટોળનું તોફાન.
ઝંડો,(ફ્લેગ) *n.* Flag. ધ્વજ.
ઝંપલાવવું, *vt.* Rush into. ચાહીને કરીને કૂદી પડવું.
ઝાકઝમાળ, (બ્રીલીયંટ) *a.* Brilliant. દેદીપ્યમાન.
ઝાકળ, (ડ્યુ) *n.* Dew. ઓસ; તુષાર. [ઉપણવું.
ઝાટકવું,-ડકવું, (વીનો) *vt.* Winnow. સૂપડા વડે
ઝાડ, (ટ્રી) *n.* Tree. વૃક્ષ. [વાળવું.
ઝાડવું, *n.* Small tree. નાનું ઝાડ. *vt.* Sweep. ઝાડુથી
ઝાડી, (ફોરેસ્ટ) *n.* Forest. વનરાજી.
ઝાડુ, (બ્રુમ) *n.* Broom. સાવરણી.
ઝાડુવાળો, (સ્કેવેંજર) *n.* Scavenger. ઝાડુ કાઢનાર.
ઝાપટવું, *vt.* Dust with a piece of cloth. કપડાની
ઝાપટથી સાફ કરવું. Eat gluttonously. ખૂબ ખાવું.
Inflict a sharp blow. ફટકારવું.
ઝાપટું, *n.* Sudden sharp shower of rain. થોડા
સમય માટે વરસાદનું એકદમ તૂટી પડવું તે. [એક રોગ.
ઝામર, (ગ્લોકોમા) *n.* Glucoma. માથા અને આંખનો
ઝારવું, *vt.* Pour warm water. ઉના પાણીની ધાર
કરવી-તે વડે ધોવું કે શેકવું.
ઝાલવું, (કૅચ) *vt.* Catch. પકડવું.

ઝાળ, (ફ્લેમ) *n*. Flame. જ્વાળા. Rush of indignation. ક્રોધનો આવેશ. [પણું. [Blot. બટ્ટો.
ઝાંખપ,-ખાશ, (ડીમનેસ) *n*. Dimness. ઝાંખા-
ઝાંખવું, (સ્પાય) *vt*. Spy. છાનુમાનું સંતાઇને જોવું.
ઝાંખી, (ગ્લાન્સ) *n*. Glance. દર્શન; જોવું તે.
ઝાંખું, (ડીમ) *a*. Dim.નિસ્તેજ.Pale.ફીકું. [ક્રોધ.
ઝાંઝ, (સીમ્બાલ્સ) *n*. Cymbals. કાંસીજોડ. Anger.
ઝાંઝવાનું જળ, —નીર, *n*. Mirage મૃગજળ.
ઝાંપો, *n*. Entrance. દરવાજો. Villag gate. ગામની
ઝીક, *n*. Embroidery. કસબી તારનું ભરત. [ભાંગોળ.
ઝીકવું,ઝીંકવું,(ડૅસ) *vt*.Dash પછડાવું.Defeat.હરાવવું.
ઝીણું, (થીન) *a*. Thin. પાતળું. Delicate. બારીક.
ઝીણવટ, (માઇન્યુટનેસ) *n*. Minuteness. બારીકી.
ઝીલવું,(કેચ)*vt*.Catch.પકડી લેવું.Follow.ઉપાડી લેવું.
ઝુકારવું, (સીટ) *vt*, Sit બેસાડવું. [Throw.ઝંપલાવવું.
ઝુકાવવું. (કાઝ ટુ બેન્ડ) *vt*.Cause to bend. નમાવવું.
ઝુંડ, (માસ) *n*. Mass. ટોળું; સમૂહ. [ચળવળ.
ઝુંબેશ, (એજીટેશન) *n*. Agitation. જોશપૂર્વકની
ઝુંમર, (શેન્ડેલીયર) *n*. Chandelier. ઝમરખ.
ઝૂકવું, (બાઉ) *vt*. Bow. નમવું. Hang. લટકવું.
ઝૂઝવું (ફાઇટ) *vt*. Fight. જોસથી લડવું.
ઝૂડવું, *vt*. Beat severely. ઝાપટવું; ધોકાવડે ઠોકવું.
ઝૂડો,-મખો,(બંચ)*n*.Bunch.ઘણી ચાજોનો સાથે બાંધેલો
ઝૂરવું, (પાઇન ફોર) *vt*.Pine for.તલસવું. [જથો.
ઝૂલ, (બોર્ડર) *n*. Border. કિનાર.

ઝૂલતું, (પેન્ડન્ટ) *a*. Pendant. ઝોલાં ખાતું; લટકતું.
ઝૂલવું, (હેંગ) *vt*. Hang. લટકવું. *n*. Swing. હીંચવું.
ઝૂંટવું, (સ્નેચ) *vt*. Snatch. પડાવી લેવું.
ઝૂંપડી,-ડું, (હટ) *n*. Hut. ઘાસ, સાંઠી વિ.નું બના-
ઝૂંસરી-રું, (યોક) *n*. Yoke. ધૂંસરી. [વેલું ઘર.
ઝેર, (પોઇઝન) *n*. Poison. વિષ. Jealousy. ઇર્ષ્યા.
ઝેરકચોલું,-કોચલું, (નક્ષ વોમીકા) *n*. Nux vomica.
એક બી-ઓષધી. [Jealous. અદેખું.
ઝેરી,-લું, (પોઇઝનસ) *a*. Poisonous. ઝેરવાળું.
ઝોકું, (ડોઝ) *n*. Doze. ઊંઘનું ડોલું.
ઝોળી, (નેપસેક) *n*. Knapsack. ઝૂલતી થેલી.Cradle.
ઝોંકવું, (થ્રો) *vt*. Throw. પટકવું. [બાળકની ખોઇ.

ટ

ટ, *n*. First cerebral or lingual consonant.
મૂર્ધસ્થાની પહેલો વ્યંજન. [tick. ટકટક અવાજ.
ટકટકાટ,-કારો, (પ્રેટલ) *n*. Prattle. લવારો. Tick-
ટકવું,(સ્ટે) *vt*. Stay. લાંબો સમય ચાલવું.
ટકાઉ, (ડ્યુરેબલ) *a*. Durable. ટકે તેવું; મજબૂત.
ટકો, *n*. Three-pice. ત્રણ પૈસા. Rupee. રૂપિયો.
Percentage. સેંકડાના પ્રમાણમાં ગણતરી.
ટકોર, (આયરની) *n*. Irony.વક્રોક્તિ;મરોડમાં બોલવું તે.
ટકોરો, (સ્ટ્રોક) *n*. Stroke. રણકો.
ટક્કર, (બ્લો) *n*. Blow.પ્રહાર, Resistance. સામનો.
ટગમગ,-ગુમગુ, *a*. & *ad*.Tottering. ડગુમગુ;ડોલતું.

ટગરટગર,-મગર, *ad.* With a stare. એકીનજરે.
ટટ્ટુ, *n.* Small horse. ઠીંગણું-નબળું ઘોડું.
ટપ, (ક્વીકલી) *ad.* Quickly. ઝટ.
ટપકવું, (ડ્રીપ) *vt.* Drip. ટીપેટીપે નીચે પડવું; ચુવું.
ટપકાવવું, *vt.* Note down. ટુંકાણમાં લખવું; નોંધ [કરી લેવી.
ટપકું, (ડૉટ) *n.* Dot. નાનું ગોળ બિંદુ
ટપલી, -લો, (સ્લેપ) *n.* Slap. ધીમેથી મારેલી થપાટ.
ટપાલ, (પોસ્ટ) *n.* Post. પોસ્ટ; ડાક. [વહેંચનારો.
ટપાલવાળો,-લી, (પોસ્ટમેન) *n.* Postman ટપાલ
ટમટમવું, *vt.* To be about to drop. પડું પડું થઇ રહેવું. Hope for eagerly. આતુર થઈ રહેવું.
ટમેટું,-ટો, (વેજીટેબલ) *n.* Vegetable. એક શાક.
ટહુકવું, (અટર) *vt.* Utter. બોલવું (મોર કે કોયલનું).
ટળવળવું, ટવળવું, *vt.* Pine for. ઝુરવું.
ટળવળાટ, (પાઈનીંગ) *n.* Pining. ટળવળવું તે.
ટળવળાવવું, *vt.* Make restless. ટળવળાટ કરાવવો.
ટંકણખાર, (બોરેક્ષ) *n.* Borax. એક ક્ષાર. [કારખાનું.
ટંકશાળ, (મીન્ટ) *n.* Mint. ચલણી સિક્કા પાડવાનું
ટંકાર,-વ, (ટવાંગ) *n.* Twang. ધનુષ્યની પણછનો
ટંગાડવું, (હેંગ) *vt.* Hang. લટકાવવું. [અવાજ.
ટંગાવું, *vt.* To be hanged. લટકાવું.
ટંટો,-ફિસાદ, (ક્વેરલ) *n.* Quarrel. તકરાર; કજિયો.
ટંટાખોર, (ક્વેરલસમ) *a.* Quarrelsome. કજિયાખોર.
ટંડેલ, *n.* Commander of the ship. વહાણનો મુખ્ય ખલાસી. Tall person. ઊંચો માણસ.

ટાઢ, (કોલ્ડ) *n.* Cold. ઠંડી.

ટાઢક, (કોલ્ડનેસ) *n.* Coldness. ઠંડક. Ease. નિરાંત.

ટાઢિયો તાવ, (એગ્યુ ફીવર) *n.* Ague fever. ટાઢ વાઇને આવતો તાવ. [Quiet. શાંત.

ટાઢું, (કોલ્ડ) *a.* Cold. ઠંડું; શીતળ. *n.* Slow. ધીમું.

ટાણું. *n.* Occasion of festivity. સારો અવસર.

ટાપુ. (આઈલેંડ) *n.* Island. બેટ; દ્વિપ.

ટાલ, *n.* Baldness of the head. વાળ જતા રહ્યા હોય એવો માથાનો ભાગ.

ટાળવું, (રીમુવ) *vt.* Remove. દૂર કરવું.

ટાંકણી, (પીન) *n.* Pin. લોઢાની માથાદાર ઝીણી સળી.

ટાંકવું, (સ્ટીચ) *vt.* Stitch. સાંધવું. Chisel. કોતરવું. Append. સાથે જોડવું. Note down. ઉતારો કરવો.

ટાંકી, (સીસ્ટર્ન) *n.* Cistern. પાણી ભરવાનું ટાંકું.

ટાંકું, (રેઝરવોયર) *n.* Reservoir. વરસાદનું પાણી ભરી મૂકવા જમીન અંદર બંધાલેલો છોબંધ કોઠો. Small cup-board. મોટો ગોખલો.

ટાંકો, ટેભો, (સ્ટીચ) *n.* Stitch. બખિયો; સીવણ.

ટાંગવું, ટિંગાડવું, (હેંગ) *vt.* Hang. લટકાવવું.

ટાંચ, (એટેચમેન્ટ) *n.* Attachment. જપ્તી. Nib. કલમની અણી. Want. ખોટ.

ટાંચણ, (શોર્ટનોટસ) *n.* Short notes. ટૂંકી નોંધ.

ટાંપવું, (વૉચ) *vt.* Watch. તાકી રહેવું. [વડું.

ટિકાયટ, -લાયટ, (એલ્ડેસ્ટ) *a.* & *n.* Eldest. પાટવી;

ટિન, (ટીન) *n.* Tin. કલાઈ-એક ધાતુ.

ટિપાઈ, (ટ્રીપોડ) *n.* Tripod. ત્રિપાઈ.
ટિપ્પણ,-ણી,-ની. *n.* Short notes. ટૂંકી નોંધ; ટાંચણ.
ટીકડી, *n.* Small tablet. નાની ચપટી ચકતી.
ટીકા, (કૉમેન્ટ્રી) *n.* Commentery. સમજુતી માટેનું વિવરણ. Slander. નિંદા.
ટીકાકાર, (કૉમેન્ટર) *n.* Commentor. ટીકા કરનાર.
ટીખળ, (મૉકરી) *n.* Mockery. આનંદ ખાતર કરેલી મશ્કરી.
ટીખળી, (જૉકયુલર) *a.* Jocular. ટીખળ કરે એવું. [મશ્કરી.
ટીચવું, (ક્રૅક) *vt.* Crack. ટીપવું; છુંદવું.
ટીપ, (લીસ્ટ) *n.* List. યાદી; નોંધ.
ટીપણું, (આલ્મેનેક) *n.* Almanac. પંચાંગ.
ટીપવું, (હૅમર) *vt.* Hammer. ઠોકવું; ઘડીને આકાર બનાવવો.
ટીપું, (ડ્રૉપ) *n.* Drop. પ્રવાહીનું ટીપું. [બનાવવો.
ટુક, (સ્ટાન્ઝા) *n.* Stanza. કડી.
ટુકડી, (પાર્ટી) *n.* Party. ટોળી. [કકડો.
ટુકડો, (સ્મૉલ પીસ) *n.* Small piece. નાનો ભાગ;
ટુવાલ, (ટૉવલ) *n.* Towel અંગુછો.
ટુંકાર,-રો, (કંટેમ્પ્ટ) *n.* Contempt. તિરસ્કાર.
ટૂંક,-કું, (શોર્ટ) *a.* Short. ઓછું; નાનું.
ટૂંકાક્ષરી, -લિપિ, (શોર્ટહૅન્ડ) *n.* Shothand. ટુંકાણમાં ઉતાવળે લખવાની લિપિ-ભાષા.
ટૂંકાવવું, (શોર્ટ) *vt.* Shorten. ટૂંકું કરવું.
ટૂંપવું, (પ્રીક) *vt.* Prick. મૂળમાંથી ખેંચી નાખવું.
ટૂંપો, *n.* Neck-bone. હૈડિયો. Noose. ફાંસો [નિશ્ચય.
ટેક, (સેલ્ફ-રીસ્પેક્ટ) *n.* Self-respect. સ્વમાન; પણ;

ટેકરી, -રો, (હીલ) *n.* Hill. ડુંગરી; ઊંચી જગા.
ટેકવવું,-કાવવું, (સપોર્ટ) *vt.* Support. ટેકો લેવો.
ટેકવું, (લીન) *vt.* Lean. ટેકો આપવો.
ટેકો, (સપોર્ટ) *n.* Support. આધાર. Help. મદદ.
ટેરવું, (ટીપ) *n.* Tip. અણી.
ટેવ, (હેબીટ) *n.* Habit. લત; ખો. [પડવી.
ટેવાવું, (બી હેબીચ્યુએટેડ્) *vt.*Be habituated. ટેવ
ટોકવું, (ગોડ) *vt.* Goad. વારંવાર કહેવું. [શિખર.
ટોચ, ટૂંક, (ટૉપ) *n.* Top. ઉપરનો ભાગ. Summit.
ટોણું, -ણો, (ટૉન્ટ) *n.* Taunt. મહેણું.
ટોપરૂં, (કોકો-નટ) *n.* Cocoa-nut. શ્રીફળનું ફળ.
ટોપી, (કૅપ) *n.* Cap. માથાનો પહેરવેશ.
ટોળું, (ક્રાઉડ્) *n.* Crowd. સમૂહ; સમુદાય.

ઠ

ઠ, *n.* The second consonant of the lingual class. મૂર્ધસ્થાની બીજો વ્યંજન.
ઠગ, (ચીટ) *n.* & *a.* Cheat. ધૂર્ત.
ઠગબાજી, -વિદ્યા, -વેડા, (રોગરી) *n.* Roguery. પ્રપંચ.
ઠગવું, (ચીટ) *vt.* Cheat. છેતરવું; પ્રપંચ કરવો.
ઠગાવું, (બી ડીસીવ્ડ) *vt.* Be deceived. છેતરાવું.
ઠઠ (થ્રોંગ) *n.* Throng. ભીડ; ગિરદી.
ઠઠ્ઠાચિત્ર, (કેરીકેચર) *n.* Caricature. નર્મચિત્ર.
ઠઠ્ઠો, (મૉકરી) *n.* Mockery. મશ્કરી; ટોળ.

ઠપકો, (રીબ્યુક) *n.* Rebuke. વઢવું કે ધમકાવવું તે.
ઠરડવું, (ટવીસ્ટ) *vt.* Twist. આમળવું. [રિસાવું.
ઠરડાવું, *vt.* Be curved. વાંકા વળવું. Be offended.
ઠરવું, (સબસાઇડ) *vt.* Subside. જામવું; શાંત પડવું.
ઠરાવ, (રેઝોલ્યુશન) *n.* Resolution. નક્કી કરેલી વાત.
ઠરાવવું, (ફીક્સ) *vt.* Fix. નક્કી કરવું.
ઠલવવું, ઠાલવવું, (એમ્પ્ટી) *vt.* Empty. ખાલી કરવું.
ઠસકો, –સ્સો, (પૉમ્પ) *n.* Pomp. ભપકો; લટકો.
ઠસકાદાર, –સ્સાદાર, (પૉમ્પસ) *a.* Pompous. ઠસ્સા-
ઠસવું, *vt.* Sink deep. મનમાં ઊતરવું. [વાળું.
ઠસાવવું, (ઇમ્પ્રેસ) *vt.* Impress. મનમાં ઉતારવું.
ઠળિયો, *n.* Seed; stone in a fruit. ફળનું કઠણ બી.
ઠંડ, –ક, –ડી, (કોલ્ડનેસ) *n.* Coldness. શીતળતા.
ઠંડું, –ગાર, *a.* Cold. ટાઢું. Slow. મંદ. [Quiet. શાંતિ.
ઠાકોર, *n.* A small ruler. નાનો રાજા.
ઠાઠ, –માઠ, (સ્પ્લેન્ડર) *n.* Splendour. શોભા; ભભકો.
ઠાઠડી, (બેમ્બુ બીઅર) *n.* Bamboo bier. શબને લઈ જવાની વાંસની એક બનાવટ–પાલખી.
ઠારવું, (કુલ) *vt.* Cool. ઠરે એમ કરવું. Pacify. શાંત પાડવું.
ઠાલું, (એમ્પ્ટી) *a.* Empty. ખાલી. Not closed. નહિ વાસેલું. *ad.* To no purpose. નાહકનું.
ઠાંસી, –સો, (કફ) *n.* Couph. ખાંસી.
ઠીક, *ad.* Exactly. 'વારુ–સારુ' અર્થ બતાવતો ઉદ્ગાર. *a.* Common. સાધારણ. Suitable. જોઇએ તેવું.
ઠીંગણું, (લો) *a.* Low. જોઈએ તે કરતાં નીચા કદનું.

ઠૂંઠું, (સ્ટમ્પ) *n*. Stump. ડાળાં વગરનું ઝાડનું થડિયું.
ઠૂંસો, ઠોંસો, (બૉક્ષ) *n*. Box. મુક્કો; ગોદો.
ઠેકડો, (જંપ) *n*. Jump. કૂદકો; છલંગ.
ઠેકવું, (જંપ) *vt*. Jump. કૂદવું.
ઠેકાણું, (પ્લેસ) *n*. Place. સ્થાન. Residence. રહેઠાણ.
ઠેઠ, *ad*. Up to the end. છેડા લગી.
ઠેરવવું, (ફીક્સ) *vt*. Fix. નક્કી કરવું. Stop. અટકાવવું.
ઠેકાવું, -વવું, (પુશ) *vt*. Push. હડસેલવું. [જવાની ગાડી.
ઠેલો, *n*. Push. હડસેલો. Wheel-barrow. ઠેલીને લઈ
ઠોકવું, (નૉક) *vt*. Knock. એક વસ્તુને બીજી વસ્તુ સાથે જોરથી અફાળવી. Beat. માર મારવો.
ઠોઠ, (સ્ટુપીડ) *a*. Stupid. મૂર્ખ. Dull. જડ.

ડ

ડ, *n*. The third consonant of the lingual class. મૂર્ધસ્થાની ત્રીજો વ્યંજન. [બાંધેલો ઘાટ.
ડક્કો, (ડૉક) *n*. Dock. વહાણનો માલ ચડાવવા ઉતારવા
ડખલ, (હીન્ડ્રન્સ) *n*. Hindrance. અડચણ; દખલ.
ડગ, -લું, (સ્ટેપ) *n*. Step. પગલું. Distance. અંતર.
ડગવું, -મગવું, (હેસીટેટ) *vt*. Hesitate. નિશ્ચયમાંથી
ડગમગ, -ગુમગુ, *a*. Unstable. અસ્થિર. [ડચુપચુ થવું.
ડગલી, -લો, (કોટ) *n*. Coat. અંગરખું; બદન.
ડઘાવું, *vt*. Be astonished with confusion. ગભરાટથી સ્તબ્ધ થઈ જવું.

ડચૂરો, (ચોકીંગ) *n.* Choking. રૂંધામણ.
ડઝન, (ડઝન) *n.* Dozen. બારનો સમૂહ.
ડટ્ટો, (કૉર્ક) *n.* Cork. ડાટો; ડૂચો. [ડાઘો. Doubt. શક.
ડપકો, -બકો, (ડ્રૉપ) *n.* Drop. મોટો છાંટો. Blot.
ડબગર. *n.* Person fixing leather on musical instruments etc. નગારાં પર ચામડાં મઢનારો.
ડબી, -બ્બી, (સ્મૉલ બૉક્ષ) *n.* Small box. દાબડી.
ડબો, -બ્બો, (બૉક્ષ) *n.* Box. દાબડો. Railway carriage. રેલગાડીનો ડબ્બો. Time-piece. ઘડિયાળનો ડબો. Mouthful. કોળિયો. Cattle-pound. રખડતાં ઢોર પૂરવાનો વાડો. [impure. અપવિત્ર કરવું.
ડબોળવું, -વવું, (પ્લેંજ) *vt.* Plunge. ઝબોળવું. Make
ડર, (ફીયર) *n.* Fear. ભય. Apprehension. બીક.
ડરકણ, -કુ, -પોક, (ટીમીડ) *a.* Timid. બીકણ.
ડરવું, (ફીઅર) *vt.* Fear. બીવું.
ડરામણી, (થ્રેટ) *n.* Threat. ધમકી.
ડરામણું, (ફીયરફુલ) *a.* Fearful. ડર લાગે એવું.
ડરાવવું, ડારવું. (ઇન્ટીમીડેટ) *vt.* Intimidate. ધમકી
ડસવું, (સ્ટીંગ) *vt.* Sting. દંશ દેવો; કરડવું. [આપવી.
ડહાપણ, (વીઝડમ) *n.* Wisdom. શાણપણ; ડાહાપણું.
ડહોળવું, (શેક) *vt.* Shake. હલાવવું.
ડહોળું, (શેકન) *a.* Shaken. હલાવેલું; ડહોળાયેલું.
ડંકો, (લાર્જ ડ્રમ) *n.* Large drum. મોટું નગારૂં.
ડંખ, (સ્ટીંગ) *n.* Sting. ચટકો; દંશ. Fang. આંકડો.
ડંખવું, (બાઇટ) *vt.* Bite. કરડવું. Sting. દંશ દેવો.

Feel in the heart. મનમાં ખટકવું.
ડંખીલું, -શીલું, (વીન્ડીકટીવ) *a*. Vindictive. ડંખવાળું.
ડંફાશ, -સ. (વૅનીટી) *n*. Vanity. ખોટી બડાશ.
ડાકણ, -ણી, -કિની, (વીચ) *n*. Witch. ભૂતડી.
Sorceress. મેલી વિદ્યા જાણનારી સ્ત્રી. [બંગલો
ડાકબંગલો, *n*. Traveller's rest-house. મુસાફરી
ડાકલી, -ખલી, (ટેબોર) *n*. Tabor. એક વાદ્ય; ડુગડુગિયું.
ડાકુ, (રૉબર) *n*. Robber. ધાડપાડુ.
ડાઘ, (સ્ટેઇન) *n*. Stain. કલંક. Spice. ફીનો.
ડાઘુ, *n*. One who carries or accompanies a dead for burning. ખાંધિયો; મડદાને બાળવા લઇ
ડાઘો, (બ્લોટ) *n*. Blot. ડાઘ. [જનારો.
ડાચું, (જૉ-બોન) *n*. Jaw-bone. જડબું. Face. મોં.
ડાટવું, (બેરી) *vt*. Bury. દાટવું. Conceal. સંતાડવું.
ડાટો, -ગળો, (પ્લગ) *n*. Plug. દાટો; મોં બંધ કરવાનું
ડાબડો, (બૉક્ષ) *n*. Box. ડબ્બો. [સાધન.
ડાબું, (લેફ્ટ) *a*. Left. જમણાથી ઊલટું. [ચાંપી દેવી તે.
ડામ, (બ્રાંડ) *n*. Brand. ગરમગરમ વસ્તુ ચામડી પર
ડામર (કોલ-ટાર) *n*. Coal-tar. કોલટાર. [મારવું.
ડામવું, (બ્રાન્ડ) *vt*. Brand. ડામ દેવો. Taunt. મહેણું
ડામાડોળ, (અનસ્ટેબલ) *a*. Unstable. અસ્થિર.
ડામીજ, -સ, (બ્રાન્ડેડ) *a*. Branded. બદમાશ; ગુને-
ગાર તરીકે પંકાયેલું. [Meeting. રાવણું; સમુદાય.
ડાયરો, (કાસ્ટ) *n*. Caste. નાત. Feast. જમણવાર.
ડાહ્યું, -ડમરું, (વાઇઝ) *a*. Wise. સમજુ.

ડાળ,-ળું, -ળી, ડાંખળી, (બ્રાંચ) *n.* Branch. શાખા.
ડાંગ, (કજ્જળ) *n.* Cudgel. લાંબી મજબૂત લાકડી.
ડાંગર,-ગેર, (પૅડી) *n.* Paddy. જેમાંથી ચોખા નીકળે છે
ડાંસ, (નેટ) *n.* Gnat. એક જાતનો મચ્છર. [તે ધાન્ય.
ડિલ, (બૉડી) *n.* Body. શરીર. Mind. મન.
ડિંગ, (ગૉસીપ) *n.* Gossip. ખોટી બનાવટી વાત.
ડીટ,-ડી, ડીંટ,-ડી, (નીપલ) *n.* Nipple. સ્તનની ડીંટડી.
ડીંટવું, (પ્લક) *vt.* Pluck. ડીંટામાંથી તોડવું.
ડુક્કર, (હૉગ) *n.* Hog. ભૂંડ.
ડુબાડવું,-વવું, (ડ્રાઉન) *vt.* Drown. ડૂબે એમ કરવું
ડુંગર,-રો, (માઉન્ટન) *n.* Mountain. પર્વત. Big heap. મોટો ઢગ. [ડુંગરા હોય એવું.
ડુંગરાળ, (માઉન્ટનસ) *a.* Mountainous. જેમાં ઠેકઠેકાણે
ડુંગળી, (અનીઅન) *n.* Onion. એક કંદમૂળ.
ડૂબકી,-કું, (પ્લંજ) *n.* Plunge. પાણીમાં પેસવું-ડૂબવું તે.
ડૂબવું, (ડ્રાઉન) *vt.* Drown. ડૂબીને મરી જવું. Sink. પાણીની અંદર જવું. Be bankrupt. દેવાળું કાઢવું.
ડૂસકું, (સૉબ) *n.* Sob. રડતાં રહીરહીને જોરથી ખેંચાતો
ડૂંટી, (નેવેલ) *n.* Navel. નાભિ. [શ્વાસ.
ડેલું, *n.* A house with an open space, surrounded by walls. ચારે બાજુ દિવાલ સાથે ખુલ્લી જગા-
ડોક,-કી, (નેક) *n.* Neck. ગરદન; ગળું. [વાળું મકાન.
ડોકવું, (પીપ) *vt.* Peep. ડોકિયું કરવું. [જોવું.
ડોકાવું,-વવું, *vt.* Peep into. ડોકું બહાર કાઢીને
ડોબું, (બફેલો) *n.* Buffalo. ભેંસ. *a.* Stupid. મૂર્ખ.

ડોલ, *n.* Bucket. બાલદી. Mast. વહાણનો કુવાથંભ.
ડોલન, (રીધમ) *n.* Rhythm. તાલધ્વનિથી ડોલાવે એવો શબ્દાલંકાર. Act of nodding. ડોલવાની ક્રિયા.
ડોલવું, (ઓસીલેટ) *vt.* Oscillate. ઝૂલવું; આમતેમ [હાલવું.
ડોલું, (નૅપ) *n.* Nap. ઝોકું.
ડોશી, -સી, -કરી, *n.* Old woman. ઘરડી સ્ત્રી.
ડોસો, -કરો, *n.* Old man. ઘરડો પુરૂષ.
ડૉળ, (શેપ) *n.* Shape. આકાર. Outward appearance. બાહ્ય દેખાવ. Pretence. દંભ. [દંભી.
ડૉળઘાલુ, ડૉળી, (પ્રીટેન્સ્યશ) *a.* Pretentious.
ડૉળડમાક, -દમાક, (શો) *n.* Show. ભપકો.
ડોળવું, (ઍજીટેટ) *vt.* Agitate. હલાવવું.
ડોળી, (લીટર) *n.* Litter. ઝૂલતી ઝોળી-માચી.
ડૉળો, (આય-બૉલ) *n.* Eye-ball. આંખનો કાચ-ગોળો.

ઢ

ઢ, *n.* The fourth consonant of the lingual class. મૂર્ધસ્થાની ચોથો વ્યંજન.
ઢગ, -લો, (હીપ) *n.* Heap. ગંજ.
ઢગલાબંધ, (પ્લેન્ટીફુલ) *a.* Plentiful. પુષ્કળ.
ઢચુપચુ, (વેવરીંગ) *a.* Wavering. અનિશ્ચિત.
ઢપ, -બ, -ઢબ, (મોડ) *n.* Mode. રીત.
ઢબુ, (ડબલ પાઇસ) *n.* Double pice. બેવડિયો પૈસો.
ઢસડવું, -ઢરડવું, (ડ્રેગ) *vt.* Drag. ઘસડવું.

ઢળવું, (ગ્લાઇડ) *vt*. Glide. આડું જવું; એક બાજુ નમવું. Yield. નિશ્ચયમાંથી ડગવું.
ઢંકાવું. *vt*. Be covered. ઢંકાય એમ કરવું.
ઢંગ. (મોડ) *n*. Mode. રીત. Behaviour. વર્તન.
ઢંઢેરો, (પ્રોક્લેમેશન) *n*. Proclamation. જાહેરનામું.
ઢાલ. (શીલ્ડ) *n*. Shield. ઘા ઝીલવાનું ચામડાનું સાધન.
ઢાળ, (સ્લોપ) *n*. Slope. ઢોળાવ; ઉતાર. Mode. રીત.
ઢાળવું, (પોર) *vt*. Pour. રેડવું. Spread. પાથરવું.
ઢાંકણું, -ણું, (લીડ) *n*. Lid. વસ્તુને ઢાંકવા તેને બેસતો કરેલો ઘાટ. Cover. ઢાંકવાની વસ્તુ.
ઢાંકવું, *vt*. Cover. વસ્તુ પર પાથરવું. Hide. સંતાડવું.
ઢીલ, (ડીલે) *n*. Delay. વાર; વિલંબ. Laxity. શિથિલતા
ઢીલું, (ડલ) *a*. Dull. મંદ. Loose. શિથિલ.
ઢીંગલી. (ટોય) *n*. Toy. રમકડું.
ઢીંચણ, (ની) *n*. Knee. ઘૂંટણ.
ઢીંચવું, *vt*. Drink excessively. ખૂબ પીવું.
ઢૂંઢવું, (સર્ચ) *vt*. Search. શોધવું.
ઢેડ, -ઢ, (અનટચેબલ) *n*. Untouchable. અસ્પૃશ્ય-તે જાતિનો માણસ. [disgrace. જાહેર ફજેતી.
ઢેડફજેતી, -ફજેતો, (પબ્લીક ડીસ્ગ્રેસ) *n*. Public
ઢેલ, (ફીમેલ પીકૉક) *n*. Female peacock. મોરની માદા.
ઢોર, (એનીમલ) *n*. Animal. પશુ.
ઢોર, -ઢાંખર, (કેટલ) *n*. Cattle. ઢોર વગેરેનો સમૂહ.
ઢોલ, (ડ્રમ) *n*. Drum. નગારું.
ઢોલ, -કી. (સ્મોલ ડ્રમ) *n*. Small drum. નાનું નગારું.

ઢોલિયો. (બેડ-સ્ટેડ) *n.* Bedstead. ખાટલો; પલંગ.
ઢોલી. (ડ્રમ-બીટર) *n.* Drum beater. ઢોલ વગાડનારો.
ઢોળ. (ગીલ્ડીંગ) *n.* Gilding. ઓપ; ધાતુને રસવી તે
ઢોળવું. (સ્પીલ) *vt.* Spill. રેડવું. Pour. રેડવું.
ઢોળાણ, -વ. (સ્લોપ) *n.* Slope. ઢાળ. [દેખાવ.
ઢોંગ, (પ્રીટેન્સ) *n.* Pretence. દંભ. False show. ખોટો
ઢોંગી. (હાયપોક્રીટીકલ) *a.* Hypocritical. દંભી.

ણ

ણ, *n.* A consonant of the nasal lingual class. મૂર્ધસ્થાની અનુનાસિક વ્યંજન. (એ અક્ષરથી શરૂ થતો એક પણ શબ્દ નથી.)

ત

ત, *n.* The first consonant of the dental class. દંતસ્થાની પહેલો વ્યંજન. [લાગ.
તક. (ઓપોર્ચ્યુંનીટી) *n.* Opportunity. અનુકૂળ પ્રસંગ;
તકતકવું, -ગતગવું. (શાઈન) *vt.* Shine. તેજ મારવું.
તકતો, (લુકીંગ ગ્લાસ) *n.* Looking glass. આયનો.
તકદીર, (ડેસ્ટીની) *n.* Destiny. કિસ્મત; નસીબ [વાંધો.
તકરાર, (કવોરલ) *n.* Quarrel. ઝગડો; ટંટો. Objection.
તકલાદી, -લેદી. (નોટ ડ્યુરેબલ) *a.* Not durable. મજબૂત અને ટકાઉ નહિ એવું; નાજુક.

તકલીફ, (હાર્ડશીપ) *n*. Hardship. કષ્ટ; તસ્દી.
તકાજો,-દો, (ડીમાન્ડ) *n*. Demand. ઉઘરાણી.
તકાવી, -ગાવી, *n*. Loan given to cultivators by govt. સરકાર તરફથી ખેડૂતને ધીરવામાં આવતાં નાણાં.
તકિયો, (પીલો) *n*. Pillow. ઓશિકું.
તખતો, (પ્લેટફોર્મ) *n*. Platform. મંચ; રંગભૂમિ.
તખલ્લુસ, (નોમ ડુ પ્લુમ) *n*. Nom-du-plume. ઉપનામ.
તજવીજ, (ઇંક્વાયરી) *n*. Inquiry. તપાસ; ગોઠવણ.
તજવું, (એબન્ડન) *vt*. Abandon. છોડવું; ત્યજવું.
તટ, (બેંક) *n*. Bank. કિનારો.
તટસ્થ, (ઇમ્પારસ્યલ) *a*. Impartial. નિષ્પક્ષ; નિરપેક્ષ.
તડ, (સ્પલીટ) *n*. Split. ફાટ; ચીરો. Division. પક્ષ.
તડકો, (સનશાઈન) *n*. Sunshine. તાપ; સૂર્યનો પ્રકાશ.
તડતડવું, (ક્રેક) *vt*. Crack. ફાટવું. [બેચેની.
તડપડાટ, -ફડાટ, (અનઇઝીનેસ) *n*. Uneasiness.
તડબુચ, --રબુચ, *n*. Water-melon. એક ફળ.
તડૂકવું, (રોર) *vt*. Roar. ગર્જના કરવી; ઘાંટો કાઢવો.
તડૂકો, (સડન રોર) *n*. Sudden roar. તડૂકવાનો અવાજ.
તણખલું, --રખલું, --રણું, (સ્ટ્રો) *n*. Straw ઘાસની
તણખો, (સ્પાર્ક) *n*. Spark. દેવતાની ચિનગારી. [સળી.
તત, (ધેટ) *conj*. That. તે. [તરત જ; તે જ વખતે.
તતકાલ,-ક્ષણ,-ખેવ, (ઈમીજીયેટલી) *ad*. Immediately.
તતડાવવું, (થ્રેટન) *vt*. Threaten. ધમકાવવું,
તત્વ, (ઇસેન્સ) *n*. Essence. સાર; રહસ્ય. [ફિલસુફ.
તત્વજ્ઞ,--જ્ઞાની,-વેત્તા, (ફીલોસોફર) *n*. Philosopher.

તત્વજ્ઞાન, -દર્શન, *n*. Philosophy. ફિલસુફી.
તત્પર, (રેડી) *a*. Ready. તૈયાર.
તત્પરતા, (રેડીનેસ) *n*. Readiness. તૈયારી.
તત્સમ, (ઓરીજીનલ) *a*. Original. મૂળ પ્રમાણેનું.
તથા, (એન્ડ) *conj*. And. અને. *n*. Care. તમા. [પણ.
તથાપિ,--દ્યપિ, (નેવરધલેસ) *conj*. Nevertheless. તો
તથાસ્તુ, (આમેન) *ad*. Amen. એવું હો; તેમ થાઓ.
તદુપરાંત, *ad*. Moreover. તે ઉપરાંત. Also. વળી.
તદ્દન, (હોલી) *ad*. Wholly. સાવ; છેક.
તદ્ભવ, (ચેન્જડ) *a*. Changed. ફરી ગયેલું; અપભ્રંશ.
તન, (સન) *n*.Son. પુત્ર. Body. શરીર. [ment. આવેશ.
તનમનાટ, (ઈગરનેસ) *n*.Eagerness.આતુરતા. Excite-
તનયા, -જુજા, (ડૉટર) *n*. Daughter. પુત્રી.
તન્મય, *a*. Absorbed in. એકાગ્ર; લીન.
તપ, -શ્ચર્યા, -સ્યા, (પીનાન્સ) *n*. Penance. ઇંદ્રિય-
તપખીર, (સ્નફ) *n*. Snuff. છીંકણી. [દમન.
તપવવું, -પાવવું, (હીટ) *vt*. Heat. ગરમ કરવું.
તપવું, (બી હીટેડ) *vt*. Be heated ગરમ થવું.Pena-
nce. તપ કરવું. Delay. ખોટી થવું. [કરનાર.
તપસી, -સ્વી, -પેશરી, (એસેટીક) *n*. Ascetic. તપ
તપસીલ, -ફસીલ, (ડીટેલ્સ) *n*. Details. વિગત.
તપાસ, -ણી, -લાશ, *n*. Investigation. તપાસવું તે.
તપાસવું, (ઇન્વેસ્ટીગેટ) *vt*. Investigate. તપાસ કરવી.
તપોભૂમિ, -વન, *n*. Residence of ascetics. તપ-
સ્વીઓનું નિવાસસ્થાન. [priation. ઉચાપત.

તફડંચી, –બાજી, (મીસએપ્રોપ્રીએશન) *n*. Misappro-
તફડાવવું, *vt*. Misappropriate. ઉચાપત કરવી.
તફાવત, (ડીફરંસ) *n*. Difference. ફરક; ઓછાવત્તાપણું.
તબલું, (ટ્રોબલ) *n*. Trobble. નરઘું; એક વાદ્ય.
તબિયત, (ટેમ્પર) *n*. Temper. મીજાજ. State of the body. શરીરની હાલત.
તબીબ, (ફીઝીશ્યન) *n*. Physician. વૈદ્ય; હકીમ.
તબેલો, (સ્ટેબલ) *n*. Stable. ઘોડા, ગાડી વિ.ને રાખવાનું
તમતમું, (પનજંટ) *a*. Pungent. બહુ તીખું. [સ્થાન.
તમના, (ડીઝાયર) *n*. Desire. ઇચ્છા.
તમંચો, (રીવોલ્વર) *n*. Revolver. પીસ્તોલ.
તમા, –થા, (કૅર) *n*. Care. પરવા; દરકાર.
તમાકુ, (ટોબેકો) *n*. Tobacco. તંબાકુ.
તમાચો, (સ્લેપ) *n*. Slap. લપડાક; થપ્પડ. [પૂર્ણ.
તમામ, (હોલ) *a*.& *ad*. Whole. બધું. Completed.
તમાશો,–સો. (સ્પેકટેબલ) *n*. Spectacle. દેખાવ; ખેલ.
તમે, –મો, (યુ) *prn*. You. બીજો પુરુષ.
તમ્મર,–મરી, (સ્વુન) *n*. Swoon. આંખે આવતાં ચકર-
તરકટ, (ફ્રૉડ) *n*. Fraud. પ્રપંચ; તરકટ. [અંધારાં.
તરકીબ, –દબીર, (ડીવાઇસ) *n*. Device. યુક્તિ.
તરછોડવું. *vt*. Scorn. તુચ્છકારવું. Hate. ધિક્કારવું.
તરજુમો, (ટ્રાન્સલેશન) *n*. Translation. ભાષાંતર.
તરડ, (ક્રેક) *n*. Crack. ફાટ; ચીરો.
તરડવું, –ડાવું, (ક્રેક) *vt*. Crack. ફાટ પડવી.
તરત, (ઇમીજીયેટલી) *ad*. Immediately. ઝટ; એકદમ.

તરફ, (સાઈડ) *n*. Side. બાજુ; પક્ષ. *prep*. Towards.
તરફદારી, (પાર્શ્યલિટી) *n*. Partiality. પક્ષાપક્ષી.
તરફેણ. (પાર્ટી) *n*. Party. પક્ષ. Side. બાજુ.
તરબોળ, *a*. Completely wet. સાવ પલળેલું.
તરવરાટ, (ઈમ્પેશંસ) *n*. Impatience. અધિરાઈ.
તરવાર, -લ્વાર, (સૉર્ડ) *n*. Sword. સમશેર; ખડગ.
તરવું, (સ્વીમ) *vt*. Swim. ડુબ્યા વિના પાણી પર વહેવું.
તરશ, -સ. (થર્સ્ટ) *n*. Thirst. પ્યાસ; પાણી પીવાની
તરસ્યુ, -સ્યું, (થર્સ્ટી) *a*. Thirsty. પ્યાસું. [ઈચ્છા.
તરંગ, (વેવ) *n*. Wave. મોજું; પાણીની લહેર. Fancy.
તરંગિણી, (રીવર) *n*. River. નદી. [બુટ્ટો; કલ્પના.
તરંગી, (વ્હીમઝીકલ) *a*. Whimsical. મનના તરંગો
પ્રમાણે વર્તનારૂં. [ing. એકદમ મારેલી ઝુંટ.
તરાપ, (સ્પ્રીંગ) *n*. Spring. કુદકો. Sudden grasp-
તરીકે, (એમ) *prep*. As. પેઠે; પ્રમાણે. By way
તરૂ, (ટ્રી) *n*. Tree. ઝાડ. [of.ની પ્રમાણે.
તરૂણ, (યુથ) *n*. & *a*. Youth. જુવાન.
તરૂણાવસ્થા, (યુથ) *n*. Youth. જુવાની.
તરૂણી (યંગ વુમન) *n*. Young woman. યુવાન સ્ત્રી.
તરેહ, (મેનર) *n*. Manner. રીત Model. ભાત.
તરેહવાર,-દાર, (એસોર્ટેડ) *a*. Assorted. ભાતભાતનું.
તર્ક, (ઈન્ફરીંગ) *n*. Inferring. અનુમાન. Reasoning.
વિચારપ્રક્રિયા. Hypothesis. સંભવિત ખુલાસો.
તર્કશક્તિ, *n*. Power of reasoning. તર્ક કરવાની
તર્કશાસ્ત્ર, (લૉજીક) *n*. Logic. ન્યાયશાસ્ત્ર. [શક્તિ.

તર્જ,-રજ, *n*. Mode of singing. ગાવાની રીત.
તર્જની, (ફોર-ફીંગર) *n*. Fore-finger. અંગુઠા પાસેની [આંગળી.
તર્પણ, *n*. Act of satisfying. તૃપ્તિ.
તલ,-લિ, (ઓઇલી સીડ) *n*. Oily seed. એક તેલી બી-તેનો છોડ. Mole. એને મળતો ચામડી પરનો ડાઘો.
તલખાં,-સાટ,-લપ, *n*. Eagerness. ઝંખના; વ્યાકુળતા.
તલભર,-ભાર,-માત્ર, (ઇવન એ લીટલ) *ad*. Even a little. સહેજ પણ.
[અતિ આતુર હોવું.
તલસવું,-ખવું,-પવું. (લોંગ ફોર) *vt*. Long for.
તલાક,-લ્લાક, (ડાયવોર્સ) *n*. Divorce. છુટાછેડા.
તલાટી, *n*. Village accountant. મહેસૂલ વસૂલ કરનાર સરકારી મહેતો.
[lake. નાનું સરોવર.
તલાવ,-ળાવ, (પોન્ડ) *n*. Pond. જળાશય. Small
તલ્લીન, *ad*. Absorbed in. ગરક; લીન.
તવંગર, (વેલ્થી) *a*. Wealthy. પૈસાદાર; શ્રીમંત.
તવારીખ, (હીસ્ટરી) *n*. History. ઇતિહાસ.
તસતસતું, તંગ, (ટાઇટ) *a*. Tight. બહુ કઠણ.
તસવીર, (પીકચર) *n*. Picture. છબી; ચિત્ર.
તસુ, (ઇંચ) *n*. Inch. ઇંચ.
તસ્કર, (થીફ) *n*. Thief. ચોર.
તસ્દી, (ટ્રબલ) *n*. Trouble. શ્રમ; મહેનત.
તહકૂબી, (સસ્પેન્શન) *n*. Suspension. મોકૂફી.
તહનામું, (ટ્રીટી) *n*. Treaty. સુલેહના કોલકરાર.
તહેસીલ, (ડીસ્ટ્રીકટ) *n*. District. તાલુકો.
તહાં,-હીં, (ધેર) *ad*. There. ત્યાં.

તહેનાત, (સર્વીસ) *n*. Service. ચાકરી; તાબેદારી.
તહેવાર, (હોલીડે) *n*.Holiday. ટાણું; ખુશાલીનો દીવસ.
તહોમત, (એલીગેશન) *n*. Allegation. આળ. Charge.
તહોમતદાર, (એકયુઝ્ડ) *n*.Accused.આરોપી. [આરોપ.
તળ, (રૂટ) *n*. Root. મૂળ. Origin. જન્મસ્થાન.
તળપદું, (લોકલ) *a*.Local .સ્થાનિક. Native. ગામઠી.
તળવું, (ફ્રાય) *vt*. Fry. તેલમાં પકવવું.
તળાઈ, (બેડીંગ) *n*. Bedding. ખૂબ રૂ ભરેલું ગાદલું.
તળિયું,-યારૂં, (બોટમ) *n*. Bottom. છેક નીચેનો ભાગ.
તળે, (બીલો) *ad*. Below. નીચે. [નો નીચાણનો પ્રદેશ.
તળેટી, *n*.Foot of a mountain. પર્વતની આજુબાજુ-
તંગી, (વૉન્ટ) *n*. Want. તાણ; અછત.
તંતુ, (થ્રેડ) *n*. Thread. તાર. Fibre. રેસો. [સિદ્ધાંત.
તંત્ર, (સીસ્ટમ) *n*. System. વ્યવસ્થા. Doctrine.
તંત્રી, (એડીટર) *n*. Editor. વર્તમાનપત્રનો અધિપતિ.
તંદુરસ્ત, (હેલ્ધી) *a*. Healthy. નિરોગી.
તંદુરસ્તી, (હેલ્થ) *n*. Health. નિરોગીપણું; આરોગ્ય.
તંદ્રા, *n*. Lassitude. આળસ. Sleepiness. સુસ્તી;ઘેન.
તંબાકુ,-કૂ, (ટૉબેકો) *n*. Tobacco. એક છોડ, જેનાં સુકવેલાં પાંદડામાંથી છીંકણી વિ. બને છે.
તંબુ, (ટેન્ટ) *n*. Tent. દોરડાં અને થાંભલાને ટેકે તાણેલું છત્રી ઘાટનું લૂગડાંનું ઘર. [એક તંતુવાદ્ય.
તંબૂરો. (સ્ટ્રીંગ ઈન્સ્ટ્રુમેન્ટ) *n*. String instrument.
તાઈ, (વીવર) *n*. Weaver. વણકર. Carder. પીંજારો.
તાકવું, *vt*. Aim at. નિશાન તાકવું. Wish. ઇચ્છવું.

તાકત, -કાત, (સ્ટ્રેંગ્થ) *n.* Strength. શક્તિ.
તાકીદ, (હેસ્ટ) *n.* Haste. ઉતાવળ. Injunction ચેતવણી.
તાગ, (એન્ડ) *n.* End. છેડો; અંત.
તાજ, (ક્રાઉન) *n.* Crown. રાજમુગટ. [ક્રિયા.
તાજપોશી, *n.* Crowning ceremony. તાજ પહેરવાની
તાજાકલમ, -જેકલમ, (પોસ્ટક્રીપ્ટ) *n.* Postcript. (P. S.) મુખ્ય લખાણ પૂરૂં થયા પછી ઉમેરેલું લખાણ.
તાજિયો, (મોન્યુમેન્ટ) *n.* Monument. તાબૂત.
તાજુબ, (એસ્ટોનીશ્ડ) *ad.* Astonished. સ્તબ્ધ
તાજુબી, (એસ્ટોનીશમેન્ટ) *n.* Astonishment. આશ્ચર્ય.
તાજું, (ફ્રેશ) *a.* Fresh. તરતનું. New. નવું.
તાજેતરમાં, (રીસન્ટલી) *ad.* Recently. હમણાં જ.
તાટ, (ટ્રે) *n.* Tray. છાબર. Gunny. ગુણપાટ.
તાડ, (પામ ટ્રી) *n.* Palm tree. એક જાતનું ઝાડ.
તાડી, *n.* Juice of the Palm tree. તાડનો રસ.
તાડૂકવું, (રોર) *vt.* Roar. ત્રાડવું; ગર્જના કરવી.
તાડૂકો, (રોરીંગ) *n.* Roaring. ગર્જના.
તાણ, (વૉન્ટ) *n.* Want. અછત. Strain. ખેંચ. Pressure. આગ્રહ; ખેંચ. Convulsion. રગોની ખેંચ.
તાત, (ફાધર) *n.* Father. બાપ; પિતા. [તરતનું.
તાત્કાલિક, -કાળિક, (ઇમીજીએટ) *a.* Immediate.
તાત્પર્ય, (મીનીંગ) *n.* Meaning. અર્થ; મતલબ.
તાત્વિક, (ટ્રુ) *a.* True. યથાર્થ. [Purpose. હેતુ.
તાદ્દશ, (એક્ઝેક્ટ) *a.* Exact. આબેહૂબ; તેના જેવું જ.
તાન, *n.* Attuning the voice. ગાયનમાં લેવાતા

પલટા;આલાપ. Tumult. તોફાન. Absorption. લગની.
તાપ. (હીટ) *n.* Heat. ગરમી. Fever. તાવ.
તાપણી, -ણું, *n.* Fire-side. તાપવા માટે કરેલો અગ્નિ.
તાપવું, (વૉર્મ) *vt.* Warm. અગ્નિથી ટાઢ ઉડાડવી.
તાબડતોબ, (ઇમીજીએટલી) *ad.* Immediately. તરત જ.
તાબૂત, *n.* Coffin. જનાજો; તાજિયો.
તાબે. *ad.* Under the rule of. તાબામાં; કબજામાં.
તાબેદારી, (ઓબીડીયંસ) *n.* Obedience. તાબેદારપણું.
તામસી. (એંગ્રી) *a.* Angry. ક્રોધી.
તામ્રભસ્મ, *n.* Oxide of copper. તાંબાની ભસ્મ.
તાર, (વાયર) *n.* Wire. ધાતુને ખેંચીને બનાવેલો તાર.
તારણહાર, (ડીલીવરર) *n.* Deliverer. તારનાર.
તારતમ્ય, (ડીફરંસ) *n* Summary. સાર. Relative importance. ગુણ પ્રમાણ વગેરેનો પરસ્પર મેળ.
તારવવું, (રેઇઝ) *vt.* Raise. ઊંચે આણવું. Examine the accounts. હીસાબ તપાસીને નફોતોટો કાઢવો.
તારવું. (સેવ) *vt.* Save. બચાવવું; ઉગારવું.
તારાજ, (રૂઇન્ડ) *a.* Ruined. ખેદાનમેદાન.
તારીખ, (ડેટ) *n.* Date. એક આખો દિવસ.
તારીફ, (પ્રેઈઝ) *n.* Praise. વખાણ; પ્રશંસા.
તારો, (સ્ટાર) *n.* Star. આકાશમાં ઝબૂકતો ગોળો.
તાલ, *n.* Musical time. ગાયનના ઠેકનું માપ. Fun. મજા. Baldness of the head. માથાની ટાલ.
તાલબદ્ધ, -બંધ, (રીધમીકલી) *ad.* Rhythmically. તાલ પ્રમાણે; પદ્ધતિસર.

તાલાવેલી, (ઈમપેશંસ) *n*. Impatience. આતુરતા.
તાલીમ, (ટ્રેઈનીંગ) *n*. Training. કેળવણી.
તાલુકદાર, *n*. Estate holder. નાના ગરાસનો ધણી.
તાલુકો, (ડીવીઝન) *n*. Division. પરગણું.
તાલુસ્થાની,–લવ્ય, (પેલેટલ) *a*. Palatal. તાળવાનું.
તાલેવર, –વંત, –વન, (ફોર્ચ્યુનેટ) *a*. Wealthy. શ્રીમંત.
તાવ, (ફીવર) *n*. Fever. જ્વર.
તાવવું, (મેલ્ટ) *vt*. Melt. ઓગાળવું. Test. કસવું.
તાવીજ, (ચાર્મ) *n*. Charm. માદળિયું.
તાસક, (પ્લેટ) *n*. Plate. ધાતુની નાની છાછરી થાળી.
તાસીર, (ઈફેક્ટ) *n*. Effect. અસર; છાપ. Form. ઘાટ.
તાળવું, (પેલેટ) *n*. Palate. માથાનું તાલકું. Roof of the mouth. મોંની બખોલનો ઉપલો ભાગ.
તાળી, *n*. Clapping of the hands. બે હાથો અફાળી કરાતો અવાજ. [માટે વપરાતી એક કળવાળી યોજના.
તાળું, (પૅડલોક) *n*. Padlock. બારણાં, પેટી બંધ કરવા
તાંડવ,–નૃત્ય, *n*. Dance of Shiva. શીવનું નૃત્ય.
તાંતણો, (થ્રેડ) *n*. Thread. દોરો. [એક ધાતુ.
તાંબુ, ત્રાંબુ, (કોપર) *n*. Copper. આછા રાતા રંગની
તાંબુલ, (બીટલ-લીફ) *n*. Betel leaf. નાગરવેલનું પાન.
તિજોરી, (ટ્રેઝરી) *n*. Treasury. ખજાનો; કોષ.
તિતિક્ષા, (ફરબેરંસ) *n*. Forbearance. સહનશીલતા.
તિથિ, (લ્યુનર ડે) *n*. Lunar day. મિતિ.
તિમિર, (ડાર્કનેસ) *n*. Darkness. અંધકાર.
તિરસ્કાર, (કંટેમ્પ્ટ) *n*. Contempt. તુચ્છકાર;

તિરસ્કારવું. *vt.* Slow contempt. ધિક્કારવું. [ધિક્કાર.
તિરસ્કૃત, (કંડેમ્ન્ડ) *a.* Condemned. તરછોડી કાઢેલું.
તિલક, (માર્ક) *n.* Mark. ટીલું.
તિલસ્માત, (મીરેકલ) *n.* Miracle. ચમત્કાર.
તીક્ષ્ણ, (શાર્પ) *a.* Sharp. બારીક ધારવાળું. Intelligent. ચકોર બુદ્ધિનું. Pungent. તીખું; આકરૂં.
તીખું, (પંજંટ) *a.* Pungent. ધમધમાટ. Hot. ઉગ્ર.
તીખાશ, (પંન્જંસી) *a.* Pungency. તીખાપણું.
તીર, (બેન્ક) *n.* Bank. કિનારો. Arrow. બાણ.
તીરંદાજી,-બાજી, (આર્ચરી) *n.* Archery. નિશાનબાજી.
તીર્થ, (હોલી પ્લેસ) *n.* Holy place. પવિત્ર સ્થાન.
તીર્થયાત્રા, (પીલ્ગ્રીમેજ) *n.* Pilgrimage. તીર્થની [યાત્રા.
તીવ્ર, (સ્ટ્રોંગ) *a.* Strong. સખત; આકરૂં.
તુચ્છ, (લો) *a.* Low. હલકું. Trifle. નજીવું.
તુમાખી, (એરોગંટ) *a.* & *n.* Arrogant. મીજાજી.
તુમાર, *n.* Correspondence. પત્રવ્યવહાર.
તુમુલ, (વાયોલંટ) *a.* Violent. દારૂણ.
તુરત, (ઈમીજીયેટલી) *ad.* Immediately. તરતજ.
તુલના, (કંપેરીંગ) *n.* Comparing. સરખામણી.
તુલનાત્મક, *a.* Comparative. સરખામણી કરતું.
તુલસી, -ળસી, *n.* Holy basil. એક પવિત્ર વનસ્પતિ.
તુલ્ય, (લાઇક) *a.* Like. સરખું.
તુવર, -વેર, *n.* Kind of pulse. એક કઠોળ.
તુષ્ઠ, -ષ્યમાન, (સેટીસ્ફાઈડ) *ad.* Satisfied. સંતુષ્ટ.
તુંબ, -ડી, -બી, (ગાઉર્ડ) *n.* Gourd. પાણી ભરવાનું પાત્ર.

તૂક, *n*. Metrical foot. કવિતાની કડી.
તૂટ (બ્રેક) *n*. Break. ભંગાણ. Want. ખોટ.
તૂટક, (ડીસકનેક્ટેડ) *a*. Disconnected. ખંડિત. Incom-
તૂટવું, (બ્રેક) *vt*. Break. ભાંગવું. [plete. અપૂર્ણ.
તુણવું, –નવું. *vt*. Repair by threading. દોરા ભરવા.
તૂતક, (ડેક) *n*. Deck. વહાણના ઉપલા ભાગમાં અગાસી.
તૂરૂં, (એસ્ટ્રીન્જન્ટ) *a*. Astringent. આંબળાના જેવા
તૃણ, (સ્ટ્રૉ) *n*. Straw. ઘાસ; તરણું. [સ્વાદનું.
તૃતિય, (થર્ડ) *a*. Third. ત્રીજું.
તૃપ્ત, (કંટેન્ટેડ) *a*. Contended. ધરાયેલું; સંતુષ્ટ.
તૃપ્તિ, (કંટેન્ટમેન્ટ) *n*. Contentment. સંતોષ.
તૃષા, (થર્સ્ટ) *n*. Thirst. તરસ; પ્યાસ. [તરસ્યું.
તૃષાતુર, –ર્ત, –ર્ત–ણુ, –લુ, (થર્સ્ટી) *a*. Thirsty. પ્યાસું;
તૃષ્ણા, (ડીઝાયર) *n*. Desire. કામના. Thirst. તરસ.
તેજ, (લાઈટ) *n*. Light. પ્રકાશ. Force. પરાક્રમ.
તેજસ્વી, (બ્રીલીયંટ) *a*. Brilliant. પ્રકાશવાળું.
તેજાનો, (સ્પાઇસીસ) *n*. Spices. તજ, લવીંગ વગેરે.
તેજાબ, (એસીડ) *n*. Acid. એસીડ. [રકૃતિ.
તેજી, *n*. Rise in price. ભાવમાં વધારો. Smartness.
તેટલું, (ધેટ મચ) *ad*. That much. અમુક બરાબર.
તેટલામાં, (મીનવ્હાઇલ) *ad*. Meanwhile. દરમિયાન.
તેડાવવું, (સેન્ડ ફોર) *vt*. Send for. બોલાવવું.
તેડું, (ઇન્વીટેશન) *n*. Invitation. નોતરૂં.
તેથી, –કરીને, (ધેરફોર) *ad*. Therefore. માટે; તે કારણે.
તેરીખ, *n*. Rate of interest. વ્યાજનો દર.

તેલ, તેલ, (ઓઇલ) *n.* Oil. બીયાંમાંથી કઢાતો ચીકણો પ્રવાહી પદાર્થ. Essence. સત્વ.
તેવું, *a.* Like that. અમુક જેવું.
તેવામાં, –વે, *ad.* At that time. તે વખતે.
તૈયાર, (રેડી) *a.* Ready. તત્પર; સજ્જ.
તૈયારી, (રેડીનેસ) *n.* Readiness. તત્પરતા.
તો, *conj.* In that case. એવું જો હોય.
તોછડું, (રૂડ) *a.* Rude. અસભ્ય; ઉદ્ધત.
તોટો, (લૉસ) *n.* Loss. નુકસાન; ખોટ.
તોડ, (સેટલમેન્ટ) *n.* Settlement. નીકાલ; ફેંસલો.
તોડવું, (પ્લક) *vt.* Pluck. ચૂંટવું. Break. ભાંગવું.
તોતડાવું, (સ્ટેમર) *vt.* Stammer. બોલતાં જીભ ચોટવી.
તોપ, (કૅનન) *n.* Cannon. દારૂગોળો ફેંકવાનું સાધન.
તોપખાનું, *n.* Arsenal. તોપ–તેને રાખવાની જગા.
તોપચી, (ગનર) *n.* Gunner. તોપ ફોડનારો માણસ.
તો પણ, (નેવરધલેસ) *conj.* Nevertheless. છતાં.
તોફાન, (મીસ્ચીફ) *a.* Mischief. મસ્તી. Quarrel. લડાઈ.
તોફાની, (મીસ્ચીવસ) *a.* Mischievous. મસ્તીખોર.
તોર, (એરોગંસ) *n.* Arrogance. અહંકાર.
તોરણ, (ઓર્નામેન્ટલ આર્ચ) *n.* Ornamental arch. કમાનવાળો દરવાજો; શોભા માટે કાગળ, ફૂલ વગેરેનો હાર.
તોરો, (નોઝગે) *n.* Nosegay. છોગું; કલગી.
તોલ, (વેઈટ) *n.* Weight. વજન; કાટલું.
તોલે, *ad.* In comparison with. સરખામણીમાં.
તોલો, *n.* One rupee in weight. રૂપિયાભાર.

તોળવું. vt. Weigh. વજન કરવું. Consider. વિચાર કરવો.
ત્યાગ, (સેક્રીફાઇસીંગ) n. Sacrificing. તજવાની ક્રિયા.
ત્યાગી, (એસેટીક) n. Ascetic. સન્યાસી.
ત્યાજ્ય, (ડીટેસ્ટેબલ) a. Detestable. તજવા જેવું.
ત્યારે, (ધેન) ad. Then; at that time. તે વખતે.
ત્યાં, (ધેર) ad. There; in that place. તે ઠેકાણે.
ત્યાંલગી, -સુધી, ad. Upto that time. તે સમય સુધી.
ત્રસ્ત, (ફ્રાઇટન્ડ) a. Frlightened. ડરેલું; બીકણ.
ત્રાક, (સ્પીન્ડલ) n. Spindle. જેના પર સુતર કંતાય છે
ત્રાગ, -ડો, (થ્રેડ) n. Thread. તાંતણો; દોરો. [તે સોયો
ત્રાજવું, તુલા, (બેલન્સ) n. Balance. તાજવું.
ત્રાતા, (પ્રોટેક્ટર) n. Protector. બચાવનાર.
ત્રાપો, (રેફ્ટ) n. Raft. તરાપો.
ત્રાસ, (ફીયર) n. Fear. બીક. Oppression. જુલમ.
ત્રાસદાયક,-દાયી, a. Annoying. ત્રાસ આપનારૂં.
ત્રાંસું, (ઓબલીક) a. Obliqne. વાંકું.
ત્રાહિત, (સ્ટ્રેન્જર) a. & n. Stranger. અજાણ્યું.
ત્રિકોણ, (ટ્રાયંગલ) n. Triangle. ત્રણ ખૂણાવાળી આકૃતિ.
ત્રિકોણમિતિ, n. Trigonometry. ત્રિકોણનું ગણિત.
ત્રિકોણાકાર, (ટ્રાયંગ્યુલર) a. Triangular. ત્રિકોણના
ત્રિજ્યા, (રેડીયસ) n. Radius. [આકારનું.
ત્રિજ્યાકોણ, (રેડીયન) n. Radion.
ત્રિદોષ, (ન્યુમોનિયા) n. Pneumonia. સન્નિપાત.
ત્રિપુટી, (ટ્રીયો) n. Trio. ત્રણનો સમૂહ.
ત્રિભાજક, (ટ્રાઇસેક્ટર) a. Trisector. ત્રણ ભાગ પાડનું.

ત્રિયા, (વુમન) *n*. Woman. સ્ત્રી.
ત્રિરાશી, *n*. Rule of Three. આપેલી ત્રણ સંખ્યા પરથી ચોથી કાઢવાની રીત. [વાળું એક હથિયાર.
ત્રિશૂલ, –શૂળ, (ટ્રાયડંટ) *n*. Trident. ત્રણ અણિયો-
ત્રિજું, (થર્ડ) *a*. Third. ક્રમમાં બીજા પછીનું.
ત્રુટ, –ટી, (શોર્ટેજ) *n*. Shortage. ઓછપ; ખોટ.
ત્વચા, (સ્કીન) *n*. Skin. ચામડી.
ત્વરા, (હેસ્ટ) *n*. Haste. ઝડપ; ઉતાવળ.

થ

થ, *n*. The second consonant of the dental class. તાલુસ્થાની બીજો વ્યંજન.
થકવવું, –કાવવું, (ટાયર) *vt*. Tire. થાકી જાય તેમ કરવું.
થડ, –ડિયું, (ટ્રંક) *n*. Trunk. ઝાડનો મૂળ જાડો ભાગ.
થડકવું, –કાવું, (સ્ટેમર) *vt*. Stammer. બોલતાં જીભ અટકવી. Throb. ધડકવું. Be freightened. ભયથી
થડમાં, (નીયર) *ad*. Near. નજીક. [કંપવું.
થથરવું, –રથરવું, (ટ્રેમ્બલીંગ) *vt*. Tremble. ધ્રૂજવું.
થથરાટ,–રથરાટ, (ટ્રેમ્બલીંગ) *n*. Trembling. ધ્રૂજવું તે.
થનગનવું, (પ્રેઝન્ટ એર્સ) *vt*. Present airs. થનગન નાચવું કે ચાલવું. [તાન.
થનથનાટ, (રેસ્ટલેસ સ્ટેટ) *n*. Restless state. જુસ્સો;
થયું, (ઇનફ) *int*. Enough.બસ. *vt*. Happened.બન્યું.
થર, (લેય) *n*. Layer. પોપડો. Fold. પડ; વળું.

થવું, (બી) vt. Be; happen. બનવું.
થંભવું, (પૉઝ) vt. Pause. થોભવું. Rest. વિસામો ખાવો.
થાક, (ફૅટીગ) n. Fatigue. શ્રમ. Rest. આરામ.
થાકવું, vt. Be tired. કામ કર્યાને લીધે શિથિલ થવું.
થાણું, (સ્ટેશન) n. Station. પડાવ. Centre. કેન્દ્ર.
થાનક, (રેસીડંસ) n. Residence. રહેઠાણ.
થાપ, (સ્લેપ) n. Slap. થાપટ. Fraud. છેતરપિંડી.
થાપણ, (કૅપીટલ) n. Capital. મૂડી; પૂંજી.
થાપો, (હીપ) n. Hip. પૂંઠનો ભાગ; ઢગરો.
થાબડવું, (પૅટ) vt. Pat. પંપાળવું; ધીમે ધીમે ઠોકવું.
થાળ, –ળી, (ટ્રે) n. Tray. મોટી થાળી.
થાંભલો,(પીલર) n. Pillar. સ્તંભ; લાકડાનો ઊભો ટેકો.
થી, (ફ્રોમ) prep. માં; માંથી. Than.કરતાં. By. થકી.
થીજવું. (કંજીલ) vt. Congeal. ઠરી જવું; જામવું.
થૂંક, (સાલીવા) n. Saliva થૂંકની મોંમાંથી ફેંકાતી લાળ.
થૂંકદાની, (સ્પીટૂન) n. Spittoon. થૂંક વગેરે ઝીલવાનું [પાત્ર.
થૂંકવું, (સ્પીટ) vt. Spit. થૂંક બહાર ફેંકવું.
થેકવું, (લીપ) vt. Leap. કૂદવું. Cross. પાર કરવું.
થેપ, –ડો, n. Thick coating. જાડું લીંપણ.
થેલી, –લો, n. Purse. કોથળી.
થોક, (ગ્રુપ) n. Group. ટોળું. Bundle. ભારો.
થોકબંધ, (એબન્ડંટ) a. Abundant. પુષ્કળ.
થોડાબોલું, (રીઝર્વ્ડ) a. Reserved. થોડું બોલનારું.
થોડું, –ક, (લીટલ) a. Little. અલ્પ.
થોડેથોડે, (સ્લોલી) ad. Slowly. ધીમેધીમે.

થોભવું, (સ્ટોપ) *vt.* Stop. અટકવું. [વાળના ગુચ્છા.
થોભા, -ભિયા, (વ્હીસ્કર્સ) *n.* Whiskers. મૂછના

દ

દ, *n.* The third consonant of the dental class. દંતસ્થાની ત્રીજો વ્યંજન. *a.* Suffix. પ્રત્યય છે. જેમકેઃ
દક્ષ, (ક્લેવર) *a.* Clever. ચતુર. [સુખદ, દુઃખદ.
દક્ષતા, (એબીલીટી) *n.* Ability. પ્રવિણતા.
દક્ષણ, -ક્ષિણા, *n.* Charitable donation. દાન.
દક્ષિણા, (સાઉથ) *n.* South. પૂર્વ દિશા તરફ મોં રાખતાં જમણા હાથ તરફની દિશા. *a.* Right. જમણું.
દક્ષિણવૃત, (એન્ટાર્ટિક સર્કલ) *n.* Antartic circle. દક્ષિણ ધ્રુવથી ૨૩॥° સુધીનો વર્તુલ પ્રદેશ. [કરવી તે.
દખલગીરી. (ઇંટરફીયરંસ) *n.* Interference. દખલ
દગલબાજ, -ગાબાજ, *a.* Treacherous. દગાબાજ.
દગલબાજી, -દગો, -દગ્ગો, (ટ્રેચરી) *n.* Treachery. દગા-
દગ્ધ, (બર્ન્ટ) *a.* Burnt. બળેલું; દાઝેલું. [બાજી.
દઝાડવું, (બ્રાન્ડ) *vt.* Brand. દઝાય તેમ કરવું.
દડો, (બૉલ) *n.* Ball. રમવાની ગોળાકાર વસ્તુ.
દત્ત, (ગીવન) *a.* Given. આપેલું. *n.* Gift. દાન.
દત્તક, (એડોપ્ટેડ) *n.* Adopted son. શાસ્ત્રવિધિ પ્રમાણે પોતાનો કરેલો બીજાનો પુત્ર. [લેવાની વિધિ.
દત્તકવિધાન, *n.* Ceremony of adoption. દત્તક

દફતર, (રેકાર્ડ) *n*. Record. કામકાજના કાગળિયાં વિ.
Office. કાર્યાલય. Book-packet. ચોપડીઓ રાખ-
દફન. (બેરીયલ) *n*.Burial મુડદાને દાટવું તે.[વાની થેલી.
દફનાવવું, (બેરી) *vt*. Bury. મુડદાને દાટવું.
દબડાવવું, (થ્રેટન) *vt*. Threaten. ધમકાવવું.
દબદબો, (પોમ્પ) *n*. Pomp. ભપકો; શોભા.[way. નમવું.
દબવું, (બી પ્રેસ્ડ) *vt*. Be pressed. દબાવું. Give
દબાવવું, -મવું, (પ્રેસ) *vt*. Press. દબાય એમ કરવું.
દમ, (બ્રેથ) *n*. Breath. શ્વાસ. Asthma. શ્વાસનો રોગ-
દમન,(સબજ્યુગેશન) *n*. Subjugation. દમવું-દબાવવું તે.
દમલું, -મિયલ, (એસ્થેમેટિક) *a*. Asthmatic. દમના
દયા. (મર્સી) *n*. Mercy. રહેમ; કરૂણા. [રોગવાળું
દયાનિધિ, (ગૉડ) *n*. God. ઈશ્વર. [ful. દયાથી ભરપૂર.
દયાલ, -લુ, -વંત, -વાન, -ળ, -ળુ, (મર્સીફુલ) *a*. Merci-
દર, (ડાર) *n*. Hole. કાણું. Rate. ભાવ. *ad*. Per.
દરકાર, (કેર) *n*. Care. કાળજી; પરવા.. [દરેક.
દરખાસ્ત, (પ્રોપોઝલ) *n*. Proposal. સૂચના; પ્રસ્તાવ.
દરગુજર. (ફરગીવન) *a*. Forgiven. માફ કરેલું.
દરજી, (ટેલર) *n*. Tailor. લૂગડાં સીવવાનો ધંધો કરનારો.
દરજણ, (સીમસ્ટ્રેસ) *n*. Seamstress. દરજીની સ્ત્રી.
દરજ્જો,-જ્જે, (રેંક) *n*. Rank. પાયરી. Position. હોદ્દો.
દરદ,-ર્દ, (પેન) *n*. Pain. દુઃખ. Disease. રોગ.
દરદી,-ર્દી, (પેશંટ) *n*. & *a*. Patient. રોગી.
દરબાર, (રોયલ કોર્ટ) *n*. Royal court. રાજસભા.
King. રાજા; ઠાકોર.

દરબારગઢ, *n.* Royal palace. રાજમહેલ.
દરમિયાન,-મ્યાન, *ad.* In the meanwhile. તેટલા
દરરોજ, (ડેલી) *ad.* Daily. રોજ; હંમેશ. [સમયની અંદર.
દરવાજો, (ડોર) *n.* Door. મોટું બારણું. Gate. ફાટક.
દરવાન,-બાન, *n.* Gate-keeper. દ્વારપાળ.
દરિદ્ર, (પુઅર) *a.* Poor. ગરીબ; કંગાળ. Idle. એદી.
દરિયાઈ, (મેરીન) *a.* Marine. દરિયાને લગતું.
દરિયો, (સી) *n.* Sea. સમુદ્ર.
દરેક, (ઈચ) *a.* Each. હરેક; વ્યક્તિગત.
દરોડો, (એટેક) *n.* Attack. ધાડ; હુમલો.
દર્પણ, (મીરર) *n.* Mirror. ચાટલું; આરસો.
દર્શન, *n.* Act of seeing. જોવાની ક્રિયા. View. દેખાવ.
દર્શનશાસ્ત્ર, (ફીલોસોફી) *n.* Philosophy. વેદાંત.
દર્શાવવું, (શો) *vt.* Show. દેખાડવું.
દલાલ, (બ્રોકર) *n.* Broker. મારફતિયો; સોદા ગોઠવી
આપનાર. Pomp. ભડવો. [તરીકેનું મહેનતાણું.
દલાલી, (બ્રોકરેજ) *n.* Brokerage. મારફત; સબબ
દલીલ, (આર્ગ્યુમેન્ટ) *n.* Argument. દલાલ.
દવા, (મેડીસીન) *n.* Medicine. ઔષધ. Remedy. ઉપાય.
દવાખાનું, (ડીસ્પેનસરી) *n.* Dispensary. ઔષધાલય.
દશકો,-સકો, *n.* Period of ten years. દશ વર્ષનો
દશા, (કંડીશન) *n.* Condition. સ્થિતિ. [સમય.
દસક્ત,-સ્કત, (હેન્ડરાઇટીંગ) *n.* Handwriting.
અક્ષર. Signature. સહી.
દસ્ત, (હેન્ડ) *n.* Hand. હાથ. Power. સત્તા. Stool. ઝાડો.

દસ્તાવેજ, (ડૉક્યુમેન્ટ) *n.* Document લેખ.
દસ્તૂર, (કસ્ટમ) *n.* Custom. રિવાજ;ધારો. Tax. કર.
દહનક્રિયા, *n.* The ceremony with which a dead body is burnt. શબ બાળવાની ક્રિયા.
દહાડો, (ડે) *n.* Day. દિવસ. Destiny. ભાગ્ય.
દહીં, (કર્ડ) *n.* Curd. દૂધ જમાવતાં જે થાય તે. [બીક.
દહેશત, (એપ્રીહેન્શન) *n.* Apprehension. ભય;
દળદાર, (પલ્પી) *a.* Pulpy. દળવાળું. Thick. જાડું.
દળવું, (ગ્રાઇન્ડ) *vt.* Grind. પીસવું.
દંગ, (એમેઝ્ડ) *a.* Amazed. ચકિત; દિંગ.
દંગો,-ફિસાદ, (ટ્યુમલ્ટ) *n.* Tumult. તોફાન; બખેડો.
દંડ, (ફાઇન) *n.* Fine. શિક્ષા તરીકે લેવાનું નાણું. Punishment. શિક્ષા. Stick. હાથમાં ઝાલવાની લાકડી.
દંડનાયક, (કમાન્ડર) *n.* Commander. સેનાપતિ.
દંડવત, *ad.* In a prostrate manner. લાંબા [પડીને.
દંડો,-ડૂકો, (સ્ટાફ) *n.* Staff. જાડી લાકડી.
દંત, (ટુથ) *n.* Tooth. દાંત. [આવેલી વાર્તા.
દંતકથા, (લીજેન્ડ) *n.* Legend. મૂળ પરંપરાથી ચાલતી
દંતમંજન, (ડેન્ટીફ્રીસ) *n.* Dentrifrice. દાંત માંજવાની ભૂકી. [શાસ્ત્ર.
દંતવિદ્યા, (ડેન્સીસ્ટ્રી) *n.* Dentistry. દાંત વિષેનું
દંતવૈદ્ય, (ડેન્ટીસ્ટ) *n.* Dentist. વૈદ્ય.
દંતિયો, (કોમ્બ) *n.* Comb. કાંસકો. Harrow. પંજેટી.
દંપતી, (મેરીડ કપલ) *n.* Married couple. વરવહુ.
દંભ, (હાયપોક્રસી) *n* Hypocrisy. ડોળ; ઢોંગ.

દંભી, દાંભિક, (હાયપોક્રીટ) *n.* Hypocrite. ઢોંગી.
દંશ, (સ્ટીંગ) *n.* Sting. ડંખ.
દંશીલું,-દાઝીલું, (રીવેન્જફુલ) *a.* Revengeful. ઝેરીલું.
દાક્તર, (ડૉકટર) *n.* Doctor. યુરોપીય વૈદક પ્રમાણે દવા કરનાર. [As. માટે; પેટે; તરીકે.
દાખલ, (એન્ટર્ડ) *a.* Entered. અંદર ગયેલું. *prep.*
દાખલો, (એકઝામ્પલ) *n.* Example. દ્રષ્ટાંત; ઉદાહરણ.
દાખવવું, (શો) *vt.* Show. દેખાડવું; બતાવવું.
દાગીનો, (ઓર્નામેન્ટ) *n.* Ornament. ઘરેણું. [વૈર.
દાઝ,(પીટી) *n.*Pity. અનુકંપા.Anger. ગુસ્સો Malice.
દાઝવું, (બી બર્ન્ટ) *vt.* Be burnt. બળવું; સળગવું.
દાટવું, (બેરી) *vt.* Bury. દાટવું.
દાડમ,-ડિમ, (પોમેગ્રેનેટ) *n.* Pomegranate. એક ફળ.
દાઢ, (મોલર ટુથ) *n.* Molar tooth. ચપટા માથાનો ચાવવાનો દાંત. [Chin. હડપચી.
દાઢી, (બીયર્ડ) *n.* Beard. હડપચીએ ઉગતા વાળ.
દાણ, (ટ્રાન્સીટ ડ્યુટી) *n.* Transit duty. જકાત.
દાણાપીઠ,(ગ્રેન માર્કેટ) *n.* Grain market. કણપીઠ.
દાતરડું, (સીથ) *n.* Scythe. ઘાસ કાપવાનું ઓજાર.
દાતા, (ગીવીંગ) *a.* Giving. આપનારૂં. Liberal. ઉદાર. *n.* Donor. દાનવીર પુરુષ.
દાદ, (જસ્ટીસ) *n.* Justice.ઈન્સાફ. Petition. અરજ.
દાદરો, (લૅડર) *n.* Ladder. નીસરણી.
દાદી, (ગ્રાંડ-મધર) *n.* Grand-mother. મા; વડિયાઈ.
દાદો, (ગ્રાંડ-મધર) *n.* Grand-father. વડવો.

દાન, (ગીફ્ટ) *n*. Gift. સારા કામમાં આપવું તે.
દાનત, (ઇન્ટેન્શન) *n*. Intention. ઈચ્છા; મનનું વલણ.
દાનવ, (ડેમોન) *n*. Demon. રાક્ષસ. [દાની માણસ.
દાનેશરી,–સરી, (ગ્રેટ ડોનર) *n*. Great donor. મોટો
દાબ, (કન્ટ્રોલ) *n*. Control.અંકુશ.Pressure.દબાણ.
દાબડી,–ડો, (બૉક્ષ) *n*. Box. વસ્તુ મૂકવાનું એક નાનું
દાબવું, (પ્રેસ) *vt*. Press. દબાવવું; ચગદવું. [સાધન.
દામ, (પ્રાઇસ) *n*. Price. કિંમત. Money. પૈસો.
દાયજો, (ડાવરી) *n*. Dowry. સ્ત્રીધન.
દાયણ,–ઈ, (મીડવાઈફ) *n*. Midwife. સુયાણી.
દાર,–રા, (વાઈફ) *n*. Wife. પત્નિ.
દારિદ્ર,(પૉવરટી) *n*. Poverty. ગરીબાઈ. [vere. સખત.
દારૂણ, (હાર્શ) *a*. Harsh. કઠોર. Sharp. તીવ્ર. Se-
દારૂ, (વાઈન) *n*. Wine.મદિરા. Gunpowder. બંદૂક,
દારૂખાનામાં ફોડાતું ગંધક અને કોલસા વિ.નું મિશ્રણ.
દારૂખાનું, (ફાયરવર્કસ) *n*. Fireworks. આતશબાજી.
દારૂગોળો, (એમ્યુનીશન) *n*. Ammunition. દારૂગોળા
વિ. યુદ્ધનો સામાન.
દારૂડિયો, (ડ્રન્કાર્ડ) *n*. Drunkard. દારૂનો વ્યસની.
દાવ, (ટર્ન) *n*. Turn. વારો. Game. રમત.
દાવપેચ, (આર્ટિફીસ) *n*. Artifice. યુક્તિપ્રયુક્તિ.
દાવો, (કલેમ) *n*. Claim. હક. Lawsuit. ફરિયાદ.
દાસ, (સર્વન્ટ) *n*. Servant. નોકર. Service. ચાકરી.
દાસત્વ, (સર્વીટયુડ) *n*. Servitude. દાસપણું.
દાસી, (હેન્ડ-મેઇડ) *n*. Hand-maid. ચાકરડી; લૂંડી.

દાસીપુત્ર, (બેસ્ટાર્ડ) *n.* Bastard. દાસીને પેટ થયેલો પુત્ર
દાહક, (બર્નીંગ) *a.* Burning. દાહ કરનારૂં.
દાળ,(સ્પલીટ પલ્સ) *n.* Split pulse. કઠોળનું દળ-ફાડિયું.
દાંત, (ટુથ) *n.* Tooth. દંત. Malice. કીનો.
દાંપત્ય, (મેટ્રીમોની) *a.* & *n.* Matrimony.લગ્નસંબંધ.
દાંભિક, (હાયપોક્રીટ) *a.* Hypocrite. દંભી; ઢોંગી.
દિગંબર, (નેકેડ) *a.* Naked. નગ્ન. *n.* Ascetic.સાધુ.
દિગ્મૂઢ, (એસ્ટોનીશ્ડ) *a.* Astonished. ચકિત; છક.
દિગ્વિજય, *n.* Great victory. મહાન વિજય.
દિનકર, –મણિ, –વાકર, (સન) *n.* Sun. સૂર્ય.
દિયર, –યેર, *n.* Husband's younger brother. વરનો નાનો ભાઈ.
દિલ, (હાર્ટ) *n.* Heart. હૃદય. Mind. મન.
દિલગીર, (સૅડ) *a.* Sad. નાખુશ; શોકાતુર.
દિલપસંદ, –ચસ્પ, *a.* Pleasing. આકર્ષક.
દિલરૂબા, (સ્વીટહાર્ટ) *n.* Sweetheart. માશૂક. Musical instrument. એક તંતુવાદ્ય.
દિલસોજી, (સીમ્પથી) *n.* Sympathy. સમભાવ.
દિલાવર, (લીબરલ) *a.* Liberal. ઉદાર. Brave, બહાદુર.
દિલાવર, (કોન્સોલેશન) *n.* Consolation. આશ્વાસન.
દિવસ, –ન, *n.* Day. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનો સમય.
દિવાળી, *n.* Last day of the Hindu year. હિંદુ વર્ષનો છેલ્લો દિવસ.
દિવેટ, (વીક) *n.* Wick. દિવાની બાટ.
દિવેલ, (કેસ્ટર ઓઈલ) *n.* Castor-oil. એરંડિયું.
દિવ્ય, (ડીવાઈન) *a.* Divine. દૈવી. Celestial. અદ્ભુત.

દિશા,-શા, (ડીરેકશન) *n.* Direction. બાજુ.
દીકરી, (ડૉકટર) *n.* Daughter. પુત્રી.
દીકરો, (સન) *n.* Son. પુત્ર. [લેવો તે.
દીક્ષા,(ઇનીશ્યેશન) *n.* Initiation. ગુરૂ પાસેથી મંત્ર વિ.
દીન, (પુઅર) *a.* Poor. ગરીબ. Humble. નમ્ર. *n.*
Religion. ધર્મ. [Humility. નમ્રતા.
દીનતા,-ત્વ, (પોવરટી) *n.* Poverty. ગરીબાઈ.
દીપડો, (લીયોપર્ડ) *n.* Leopard. વાઘની જાતનું એક
દીપોત્સવ,-ત્સવી, (દીવાલી) *n.* Diwali. દિવાળી. [પ્રાણી.
દીબાચો, (પ્રીફેસ) *n.* Preface. પ્રસ્તાવના.
દીર્ઘ, (લોંગ) *a.* Long. લાંબું. [આવરદા.
દીર્ઘાયુ,-યુષ્ય, (લોંગ લાઇફ) *a.* & *n.* Long life. લાંબો
દીવાદાંડી, (લાઇટ હાઉસ) *n.* Lighthouse. જતાં
આવતાં વહાણને ચેતવવા માટે સમુદ્રમાં ખડક પર
બાંધેલો દીવાવાળો મિનારો [વડો પ્રધાન.
દીવાન, (મીનીસ્ટર) *n.* Minister. વજીર. Premier.
દીવાનખાનું, (ડ્રોઇંગ રૂમ) *n.* Drawing room. બેઠક.
દીવાની, (સીવીલ) *a.* Civil. લેણદેણના ઈન્સાફને લગતું.
દીવાનેઆમ, *n.* House of Commons. આમસભા.
દીવાનેખાસ, *n.* Honse of Lords. ઉમરાવોની સભા.
દીવાનું, (મેડ) *n.* Mad. ગાંડું.
દીવાલ, (વૉલ) *n.* Wall. ભીંત. [એક બનાવટ.
દીવો,-વડો,-પક, (લૅંપ) *n.* Lamp. પ્રકાશ આપનાર
દુઆ,-વા, (બ્લેસીંગ) *n.* Blessing. આશીર્વાદ. [તિ જગા.
દુકાન, (શૉપ) *n.* Shop. વસ્તુઓ વેચવા વેપારી જ્યાં બેસે

દુકાનદાર, (શૉપ-કીપર) *n*. Shop-keeper. વેપારી.
દુકાળ,-ષ્કાળ,*n*. Famine. અનાજ, ઘાસ વગેરેની તંગીનો
દુખવું, (એક) *vt*. Ache. પીડા-દુઃખ થવું. [સમય.
દુખિયારૂં, -યું, દુઃખી, (ડીસ્ટ્રેસ્ડ) *a*. Distressed.
દુગ્ધા, (એગની) *n*. Agony. પીડા. [દુઃખથી પીડાવું.
દુઝાવું, (બી બર્ન્ટ) *vt*. Be burnt. દાઝવું; બળવું.
દુનિયા, (વર્લ્ડ) *n*. World. જગત. Universe. સૃષ્ટિ.
દુભાષિયો, (ઇંટરપ્રીટર) *n*. Interpreter. એક ભાષાની મતલબ બીજી ભાષામાં બોલી સમજાવનારો.
દુરસ્ત, (કરેક્ટ) *a*. Correct. બરાબર. Right. યોગ્ય.
દુરાગ્રહ,(ઓબસ્ટીનસી) *n*. Obstinacy. ખોટો આગ્રહ.
દુરાચરણી, -ચારી, (વીશ્યસ) *a*. Vicious. દુષ્ટ; વંઠેલ.
દુરાચાર,-ચરણ, *n*. Wicked conduct. ખરાબ વર્તન.
દુર્ગ, (ફૉર્ટ) *n*. Fort. કિલ્લો.
દુર્ગંધ, (સ્ટેંચ) *n*. Stench. ખરાબ વાસ.
દુર્ગા, (ગૉડેસ) *n*. Goddess. દેવી; પાર્વતી.
દુર્ગુણ, દૂષણ, (વાઇસ) *n*. Vice. દોષ.
દુર્જય, *a*. Hard to conquer. જીતવું મુશ્કેલ.
દુર્બલ,-ળ, દૂબળું, (વીક) *a*. Weak નબળું.
દુર્ભાગ્ય, (ઇલ-લક) *n*. Ill-luck. કમનસીબ.
દુર્લક્ષ, (કેરલેસનેસ) *n*. Carelessness બેદરકારી.
દુર્લભ,-ર્મિલ, *a*. Hard to obtain. મળવું મુશ્કેલ.
દુશ્મન, (એનીમી) *n*. Enemy. શત્રુ. [શત્રુવટ; અદાવત.
દુશ્મનદાવો, -નાઇ, -નાવટ, (એન્મીટી) *n*. Enmity.
દુષ્ટ, (સીનફુલ) *a*. Sinful. પાપી. Bad. ખરાબ.

દુંદુભિ, (ડ્રમ) *n*. Drum. એક જાતનું નગારું.
દુ:ખ, (પેન) *n*. Pain. વ્યથા; પીડા.
દૂત, (મેસેન્જર) *n*. Messenger. સંદેશો પહોંચાડનારો.
દૂધ, (મીલ્ક) *n*. Milk. સ્તન કે આંચળમાંથી નીકળતું ધોળું પ્રવાહી. Juice. રસ.
દૂભવવું, -વું, -ણવું.(ડીસપ્લીઝ) *vt*. Displease. દુભાવવું.
દૂર, (ડીસ્ટંટ) *a.&ad*. Distant. વેગળું; આઘું. [બુદ્ધિ.
દૂરઅંદેશી,-દ્રષ્ટિ, (ફોરસાઇટ) *n*. Foresight. અગમ-
દૃઢ, (ફર્મ) *a*. Firm. મજબૂત; સ્થિર.
દૃઢભાજક, *n*. Greatest Common Measure. બે કે વધારે આંકડાનો મોટામાં મોટો સાધારણ અવયવ.
દૃષ્ટાંત, (એકઝામ્પલ) *n*. Example. ઉદાહરણ.
દૃષ્ટિ, (સાઇટ) *n*. Sight. નજર. Aim. લક્ષ.
દૃષ્ટિપાત,-ક્ષેપ, (લુક) *n*. Look. જોવું તે.
દેખરેખ, (સુપરવીઝન)*n*. Supervision. તપાસ; સંભાળ.
દેખવું, (સી) *vt*. See. જોવું.
દેખાડવું. (શો) *vt*. Show. બતાવવું. [ડોળ.
દેખાવ, (એપીઅરંસ) *n*. Appearance. દૃશ્ય. Show.
દેખાવડું, (હેન્ડસમ) *a*. Handsome. સુંદર; શોભીતું.
દેખાડવું, (એપીયર) *vt*. Appear. જણાવું.
દેડકો, (ફ્રોગ)*n*. Frog. મેડક;ભીનાશમાં રહેતું એક પ્રાણી.
દેરાસર, (જૈન ટેમ્પલ) *n*. Jain temple. જૈન દેવળ.
દેવ, (ગૉડ) *n*. God. ઈશ્વર. Diety. દેવતા.
દેવતા. *n*. God. ઈશ્વર; દેવ. *n*. Fire. અગ્નિ.
દેવદૂત, (એંજલ) *n*. Angel. દેવનો દૂત.

દેવભૂમિ, -લોક, (હેવન) *n.* Heaven. સ્વર્ગ.
દેવસ્થાન,-મંદિર, -વળ, -લય, -રું, *n.* Temple. મંદિર.
દેવાદાર, -ણદાર, -ણિયાત, *n.* Debtor. કરજદાર.
દેવાળિયો, (ઈનસોલ્વંટ) *n.* Insolvent. નાદાર માણસ.
દેવાળું, (ઈનસોલ્વંસી) *n.* Insolvency. નાદારી.
દેવી, (ગૉડેસ) *n.* Goddess. માતા. [Debt. કરજ.
દેવું, (ગીવ) *vt.* Give. આપવું. Shut. બંધ કરવું. *n.*
દેશ, (કંન્ટ્રી) *n.* Country. રાષ્ટ્ર. Territory. વિભાગ;
પ્રદેશ. Motherland. વતન. [tism. દેશની લાગણી.
દેશદાઝ, -પ્રેમ, -ભક્તિ, (પેટ્રીઓટીઝમ) *n.* Patrio-
દેશદ્રોહી, (ટ્રેઈટર) *n.* & *a.* Traitor. દેશનો દ્રોહી.
દેશપાર, (એક્ઝાઈલ્ડ) *ad.* Exiled. દેશની બહાર.
દેશી, (નેટીવ) *a.* & *n.* Native. દેશનું.
દેહ, (બૉડી) *n.* Body. શરીર.
દેહાંત, -હોત્સર્ગ, (ડેથ) *n.* Death. મૃત્યુ.
દેહાંતદંડ, *n.* Capital punishment. મોતની શિક્ષા.
દૈત્ય, (ડેમન) *n.* Demon. રાક્ષસ.
દૈનિક, (ડેલી) *a.* Daily. રોજનું. *n.* Daily newspaper.
દૈવ, (લક) *n.* Luck. નસીબ. [દૈનિક વર્તમાનપત્ર.
દૈવજોગ, (ચાન્સ) *n.* Chance. નસીબનો જોગ-સંયોગ.
દૈવત, (સ્ટ્રેન્ગ્થ) *n.* Strength. શક્તિ. Divinity. દેવપણું.
દૈહિક, (બૉડીલી) *a.* Bodily. દેહનું-તેને લગતું.
દોઆબ, (ડેલ્ટા) *n.* Delta. બે નદીઓ વચ્ચેનો પ્રદેશ.
દોકડો, *n.* One hundredth part of a rupee.
રૂપિયાનો સોમો ભાગ. Twelve p.c. બાર ટકા(વ્યાજ).

દોડવું, (રન) *vt.* Run. નાસવું. [Mark. ગુણ.
દોર,(પાવર)*n.*Power. સત્તા. Pomp. ભપકો. String.
દોરદમામ, (એર્સ) *n.* Airs. ભપકો. [દોરી.
દોરવણી, (ડીરેકશન)*n.* Direction.શીખવણી. [આંકવું.
દોરવું, (ડીરેક્ટ) *vt.* Direct. માર્ગ બતાવવો. Rule.
દોરી,-રડી, (સ્ટ્રીંગ) *n.* String; cord. રસી.
દોરો, (થ્રેડ) *n.* Thread. પાતળો દોરો. Necklace.
દોલત, (રીચીઝ) *n.* Riches. પૈસો. [હાર, કંદોરો.
દોલતમંદ, -વાન, (રીચ) *a.* Rich. પૈસાદાર [પાપ.
દોષ, (ડીફેક્ટ) *n.* Defect. ખોડ. Error. ભૂલ. Sin.
દોષિત, (ગીલ્ટી) *a.* Guilty. અપરાધી.
દોસ્ત, (ફ્રેંડ) *n.* Friend. મિત્ર.
દોસ્તદારી, -સ્તી, (ફ્રેંડશીપ) *n.* Friendship. મિત્રતા.
દોહવું, (મીલ્ક) *vt.* Milk. ઢોરનું દૂધ કાઢવું.
દ્રવ, (ફ્લુઈડ) *n.* Fluid. ગાળેલો રસ. Liquid. પ્રવાહી.
દ્રવવું, (મેલ્ટ) *vt.* Melt. પીગળવું. Ooze. ઝરવું.
દ્રવ્ય, (વેલ્થ) *n.* Wealth. પૈસો. Matter. વસ્તુ; પદાર્થ.
દ્રષ્ટા, (સ્પેક્ટેટર) *n.* Spectator. જોનારો.
દ્રાક્ષ. દરાખ, (ગ્રેપ) *n.* Grape. એક ફળ.
દ્રોહ, (ટ્રેચરી) *n.* Treachery. દગો; બેવફાઈ.
દ્રોહી, (ટ્રેચરસ) *n* Treacherous. બેવફા; ઝેરીલું.
દ્વંદ, (પેર) *n.* Pair. બેની જોડ. Quarrel. બખેડો.
દ્વંદયુદ્ધ, (ડયુઅલ) *n.* Duel. બે જણ વચ્ચેનું યુદ્ધ.
દ્વાર, (ડોર) *n.* Door. બારણું.
દ્વારપાલ, -પાળ, *n.* Door-keeper. દરવાન.

દ્વારા, (થ્રુ) *ad.* Through. મારફતે.
દ્વિઅર્થી, *a.* Having two meanings. બે અર્થવાળું.
દ્વિતીય, (સેકંડ) *a.* Second. બીજું.
દ્વિરેફ, (વાસ્પ) *n.* Wasp. ભમરો.
દ્વીપ, (આયલેંડ) *n.* Island. ટાપુ; બેટ.
દ્વીપકલ્પ, (પેનીનસ્યુલા) *n.* Peninsula. જેની ત્રણે બાજુએ પાણી હોય એવો જમીનનો ભાગ. [સમૂહ.
દ્વીપસમૂહ,(આર્કીપેલાગો)*n.*Archipelago. ટાપુઓનો
દ્વેષ, (જેલસી) *n.* Jealousy. ઈર્ષ્યા. Rancour. વેર.
દ્વૈત, (ડ્યુઆલીટી) *n.* Duality. બેપણું; ભીન્નતા.

ધ

ધ, *n.* The fourth consonant of the dental class. દંતસ્થાની ચોથો વ્યંજન.
ધકેલવું, (પુશ) *vt.* Push. ધક્કો મારવો; હડસેલવું.
ધકંધકા, –ક્કાધક્કી, –મુક્કી,(સ્કફલ) *n.* Scuffle. સામસામી ધક્કા મારવા તે; ભીડ. [ફેરો. Wharf. ડક્કો.
ધક્કો, (પુશ) *n.* Push. હડસેલો. Loss. નુકસાન. Turn.
ધગશ, (ઝીલ) *n.* Zeal. ઉત્સાહ; દાઝ.
ધડ, *n.* Headless trunk. માથા વિનાનું શરીર.
ધડકવું, –બકવું, (થ્રોબ) *vt.* Throb. ધબકધબક થવું.
ધડાકો, (એક્ષપ્લોઝન) *n.* Explosion. મોટો અવાજ.
ધડો, (લેસન) *n.* Lesson. બોધ. Weight. સમતોલપણું લાવવા તાજવામાં મુકાતો ભાર.

ધણ, (હર્ડ) *n.* Herd. ટોળું-ઢોરોનું.
ધણિયાણી, (વાઈફ) *n.* Wife. વહુ. Mistress. શેઠાણી.
ધણી,(ઓનર) *n.* Owner. માલિક. Husband. પતિ.
ધન, (રીચીઝ) *n.* Riches. દોલત. Money. પૈસો.
ધનવંત,-વાન,-નાઢ્ય,-નિ,-ક, (રીચ) *a.* Rich. દોલત-
ધનુર,-ર્વા,-ર્વાત, (ટીટેનસ) *n.* Tetanus. એક રોગ. [મંદ.
ધનુષ,-ષ્ય, (બાઉ) *n.* Bow. કામઠું. [શાબાશ.
ધન્ય, (લકી) *n.* Lucky. ભાગ્યશાળી. *int.* Bravo.
ધન્યભાગ્ય, (ગુડ લક) *n.* Good luck. અહોભાગ્ય.
ધન્યવાદ, (થેંકસ) *n.* Thanks. આભાર; શાબાશી.
ધપ્પો,-બ્બો, (બોક્ષ) *n.* Box. મુક્કો.
ધબકારો, *n.* Sound of falling. પડવાનો અવાજ.
ધમકાવવું, (થ્રેટન) *vt.* Threaten. ડરાવવું.
ધમકી, (થ્રેટ) *n.* Threat. ડર. [સાધન.
ધમણ, (બેલોઝ) *n.* Bellows. પવન ફૂંકવાનું એક
ધમધોકાર, *n.* & *ad.* In full swing: સપાટાબંધ.
ધરણિ,-ણી,-તી,-માતા,-રા,-રિત્રી, (વર્લ્ડ) *n.* World. પૃથ્વી. Land. જમીન.
ધરતીકંપ,(અર્થકવેક) *n.* Earthquake. ધરણી હાલવી.
ધરપકડ, *n.* Arrest. કાયદાથી પકડવું તે. [તિ; ભૂકંપ.
ધરવું, (હોલ્ડ) *vt.* Hold. પકડવું. Wear. પહેરવું. Pre-
ધરાવું, *vt.* Be satisfied. સંતોષ થવો. [sent. રજુ કરવું.
ધરી, *n.* Axle of a wheel. વાહનની ધરી.
ધરો, (ડીપ પીટ) *n.* Deep pit. ઊંડો ખાડો.
ધર્મ, (રીલીજીયન) *n.* Religion. નીતિ; સદાચાર; ઈશ્વર

પ્રત્યેની શ્રદ્ધા. Duty. ફરજ. [દેનાર ગુરૂ.
ધર્મગુરૂ, n. Spiritual teacher. ધર્મનો ઉપદેશ
ધર્મયુદ્ધ (ક્રુઝેડ) n. Crusade. ધર્મ ખાતર કરેલું યુદ્ધ.
ધર્મશાસ્ત્ર. (થીઓલોજી) n. Theology. ધર્મનું જ્ઞાન
આપનાર શાસ્ત્ર. [ફરખાનું; સરાઈ.
ધર્મશાળા, (કેરેવાનસરાઇ) n. Caravanserai. મુસા-
ધર્માદા, (ચેરીટેબલ) a. Charitable. દાનમાં આપેલું.
ધવડાવવું,–રાવવું, (સકલ) vt. Suckle. ધવાડવું.
ધવલ,–ળ, (વ્હાઇટ) a. White. સફેદ. Pure. શુદ્ધ.
ધસવું,(એડવાન્સ) vt. Advance. જોરથી આગળ વધવું.
ધસારો, (એસૉલ્ટ) n. Assault. હલ્લો.
ધંધો. (ઓક્યુપેશન) n. Occupation. રોજગાર.
ધાક,–સ્તી, (ઑ) n. Awe. બીક; ડર.
ધાડ, (એટેક) n. Attack. હલ્લો;દરોડો. Haste. ઉતાવળ.
ધાડપાડુ, (રૉબર) n. Robber. લુંટારો.
ધાતુ, n. Mineral. ખનીજ દ્રવ્ય. Semen. વીર્ય. Root of a verb. ક્રિયાપદનું મૂળરૂપ.
ધાન,–ન્ય, (ગ્રેન) n. Grain. અનાજ. [ભૂલ.
ધાપ, (ઓવરસાઇટ) n. Oversight. ઉતાવળમાં થયેલી
ધાબળો, (બ્લેન્કેટ) n. Blanket. જાડા ઉનનું બનુસ.
ધામ, (હાઉસ) n. House. ઘર. Residence. રહેઠાણ.
ધાર, (એજ) n. Edge. હથિયાર કે ઓજારની તીણી કોર. Line of liquid. પાણીની પાતળી ધારા-શેડ.
ધારણા, (ઇંટેન્શન) n. Intention. મનસૂબો.
ધારવું, (ગેસ) vt. Guess. અટકળ કરવી. Wish. ઇચ્છવું.

ધારા, (સીરીઝ) *n*. Series. પરંપરા; હાર.
ધારાશાસ્ત્રી, (લૉયર) *n*. Lawyer. વકીલ.
ધારાસભા, *n*. Legislative council. કાયદા ઘડનારી [સભા.
ધારિયું, (સીધ) *n*. Scythe. એક હથિયાર.
ધારો, (કસ્ટમ) *n*. Custom. રિવાજ. Law. કાયદો.
ધાર્મિક, (રીલીજીયસ) *a*. Religious. ધર્મને લગતું.
ધાવ, —ની, (નર્સ) *n*. Nurse. ધવડાવવા રાખેલી સ્ત્રી.
ધાવવું, (સક) *vt*. Suck. સ્ત્રી કે માદાનું દૂધ પીવું.
ધાંધલ, —ળ, (ટયુમુલ્ટ) *n*. Tumult. ગરબડ; ધમાલ.
ધિક્કારવું, (ડીસ્પાઇઝ) *vt*. Despise. ધિક્કાર કરવો.
ધિંગાણું,—મસ્તી, ધીંગાણું. (એફ્રે) *n*. Affray. તોફાન.
ધીમું, —રું, (સ્લો) *a*. Slow. મંદ. Cool. શાંત.
ધીમે, —રે,—રેથી, (સ્લોલી) *ad*. Slowly. હળવે; આસ્તે.
ધીર, *a*.&*n*. Patience. ધૈર્યવાન. Resolute. અડગ.
ધીરજ, (પેશન્સ)*n*.Patience. ધૈર્ય. Courage. હિંમત.
ધીરવું, (લેન્ડ) *vt*. Lend. ઉછીનું કે વ્યાજે આપવું.
ધુતકારવું, (ડીસ્કાર્ડ) *vt*. Discard. તરછોડવું.
ધુતારો,—તારી. (ચીટ) *a*. Cheat. ઠગારો-રી.
ધુપેલ,(હેર-ઓઇલ) *n*.Hair-oil.માથામાં નાંખવાનું તેલ.
ધુજવું, ધ્રુજવું. (ટ્રેમ્બલ) *vt*. Tremble. કંપવું.
ધૂડ, —ળ, —ધી, (સેન્ડ) *n*. Sand. રેતી; ધૂળ.
ધૂણવું, (શેક) *vt*. Shake. આવેશમાં આવીને હાલવું.
ધૂણી, (સ્મોક) *n*. Smoke. ધુમાડો.
ધૂતવું, (ચીટ) *vt*. Cheat. ઠગવું.
ધૂન, (વ્હીમ) *n*. Whim. લહેર; તરંગ.

ધૂની. (વ્હીમઝીકલ) *a*. Whimsical. તરંગી. [તડકો
ધૂપ, (ઇનસેન્સ) *n*. Incense.સુગંધી દ્રવ્ય. Sunshine.
ધૂમકેતુ. (કૉમેટ) *n*. Comet. પૂંછડિયો તારો.
ધૂમસ, (ફોગ) *n*. Fog. ધુમ્મસ.
ધૂર્ત, (કની'ગ) *a*. Cunning. લુચ્ચું. *n*. Cheat. ઠગ.
ધૂળધાણી, (રૂઇન) *n*. Ruin. પાયમાલી; બરબાદી.
ધૂંધવાવું, -ધવું, *vt*. Emit smoke. ગોટાવું.
ધૂંવો, -માડો, (સ્મોક) *n*. Smoke. ધૂણી.
ધૂંસરી, -રૂં, (યોક) *n*. Yoke. ધરા; ઝૂંસરી.
ધૃષ્ટતા, (ઇમ્પ્યુડંસ) *n*. Impudence. નફટાઈ. Cou-
ધેન, (કાઉ) *n*. Cow. ગાય. [rage. હિંમત.
ધૈર્ય, (કરેજ) *n*.Courage. હિંમત. Patience.સ્થિરતા.
ધોધ,-વો, (વોટરન્ફૉલ) *n*. Water-fall. ઊંચેથી
જોરથી પડતો પાણીનો પ્રવાહ. [ધંધો કરનારો.
ધોબી, (વૉશરમેન) *n*. Washerman. કપડાં ધોવાનો
ધોરણ, (ઇન્કલીનેશન) *n*. Inclination.વલણ. Stan-
dard. વર્ગ. Precedent. પ્રમાણ. System. પદ્ધતિ.
ધોરી, (ચીફ) *a*. Chief. મુખ્ય. Big. મોટું.
ધોલ, (સ્લેપ) *n*. Slap. તમાચો.
ધોવું, (વૉશ) *vt*. Wash. પાણીથી સાફ કરવું.
ધોળવું, (વ્હાઈટ-વૉશ) *vt*. White-wash. ચૂનો લગાડવો.
ધોળું,-ધબ,-ફગ (વ્હાઈટ) *a*. White. સફેદ.
ધ્યાન, (એટેન્શન) *n*. Attention. લક્ષ. Meditation.
ધ્યેય, (એઈમ) *n*. Aim. લક્ષ. Ideal. આદર્શ.[ચિંતન.
ધ્રાશકો, -સકો, (ફીયર) *n*. Fear. ફાળ; ડર.

ધ્રુજારી,-ટ,-રો, (ટ્રેમોર) *n.* Tremor. કંપારી.
ધ્રુવ, (ફર્મ) *a.* Firm. અડગ, Immovable. સ્થિર. Polo. પૃથ્વી જે કલ્પિત અક્ષાંસ પર ફરે છે, તે ઉત્તર અને દક્ષિણ તરફના બે છેડામાંનો એક. Polar Star. તે છેડાના સ્થાન પાસેનો તારો. [હોકાયંત્ર.
ધ્રૂવકાંટો,(મેરીનર્સ કામ્પાસ) *n.* Mariners compass.
ધ્વજ, ધજા, (ફ્લેગ) *n.* Flag. વાવટો. [તેની વિધિ.
ધ્વજવંદન, *n.* Flag-salutation. ધ્વજને વંદવું તે કે
ધ્વજારોપણ, *n.* Flag hoisting. વાવટો ચડાવવો તે.
ધ્વનિ, (સાઉન્ડ) *n.* Sound. અવાજ. [શાસ્ત્ર.
ધ્વનિશાસ્ત્ર, (એકાટીક્સ) *n.* Acoustics. સ્વરનું
ધ્વંશ, (રૂઇન) *n.* Ruin. વિનાશ.

ન

ન, The dental nasal consonant દંતસ્થાની અનુનાસિક વ્યંજન. *ad.* No; not. નહિ. Negative Prefix. નકારાત્મક ઉપસર્ગ છે.
નકલ, (કૉપી) *n.* Copy. મૂળ ઉપરથી ઉતારેલું બીજું લખાણ. Imitation. અનુકરણ.
નકલી, (આર્ટીફીશ્યલ) *a.* Artificial. બનાવટી; કૃત્રિમ.
નકશી,-કામ, (એનગ્રેવીંગ) *n.* Engraving. કોતરકામ.
નકશો, (મેપ) *n.* Map.જગા કે પ્રદેશનો માપસર આલેખ.
નકામું, (યુસલેસ) *a.* Useless. ઉપયોગ વિનાનું.
નકારવું, (રીફ્યુઝ) *vt.* Refuse. ના પાડવી.
નકુચો,-ચૂકો, (સ્ટેપલ) *n.* Staple. વાળેલો આંકડો.

નક્કર, –ક્કૂર, (સોલીડ) *a.* Solid. સંગીન; પોલું નહિ
નક્કી, (ડેફીનીટ) *a.* & *ad.* Definite. ચોકસ. [એવું.
નક્ષત્ર. (કૉન્સ્ટીલેશન) *n.* Constellation. તારાઓનું
ઝૂમખું. [પરનું હાડકું; નહોર.
નખ, (નેઇલ) *n.* Nail. હાથપગનાં આંગળાંના ટેરવાં
નખશિખ, *ad.* From head to foot. પગથી માથા સુધી.
નગદ, –દી, *a.* In cash. રોકડું. Valuable. કીમતી.
નગર ,–રી, (સીટી) *n.* City. શહેર. [શેઠ.
નગરશેઠ, –શ્રેષ્ઠ, (મેયોર) *n.* Mayor. નગરનો આગેવાન
નગારચી, (ડ્રમર) *n.* Drummer. નગારૂં વગાડનાર.
નગારૂં, (ડ્રમ) *n.* Drum. ઢોલ.
નગ્ન, (નેકેડ) *a.* Naked. નાગું. Open. ઉઘાડું.
નચવવું, –ચાવવું. *vt.* Make one to dance. નાચે
નચિંત, *a.* At ease. બેફિકર. [એમ કરવું.
નછૂટકે, *ad.* Compulsorily. પરાણે; લાચારીથી.
નજર, (લુક) *n.* Look. દૃષ્ટિ. Attention. લક્ષ.
નજરાણું, –ણો, (પ્રેઝંટ) *n.* Present. ભેટ; બક્ષિસ.
નજીક, –જદીક, (નીયર) *ad.* Near. પાસે.
નજીવું, (વર્થલેસ) *a.* Worthless. માલ વિનાનું.
નટ, –વો, (એક્ટર) *n.* Actor. વેશ ભજવનાર.
નટરાજ, –ટેશ્વર, (શીવ) *n.* Shiva. શંકર.
નઠારૂં, (બૅડ) *a.* Bad. ખરાબ. Dirty. ગંદું.
નડવું, (હીન્ડર) *vt.* Hinder હરકત કરવી; પીડવું.
નણદલ, –દી, *n.* Husband's sister. પતિની બહેન.
નથી, *vt.* Am not; is not; are not. છે નહિ.

(સર્વ પુરૂષ અને વચનમાં 'છે'નું નકારવાચક રૂપ છે.)
નદી, –દ, (રીવર) *n.* River. સરિતા. [વિનાનું; નવારસું.
નધણિયું, –યાતું, (અનક્લેઈમ્ડ) *a* Unclaimed. ધણી
નનામું,(એનોનીમસ) *a.* Anonymous. નામ વિનાનું.
નપુંસક, (ન્યુટર) *a.* Neuter. નાન્યતર જાતિનું. Impotent. પુરૂષત્વ વિનાનું. *n.* Eunuch. હિજડો.
નફકરૂં, –ફિકરૂં, *a.* Careless. બેફિકર; નિશ્ચિંત.
નફટ, –ફ્ફટ, –પાટ, –ફટ્ટુ, *a.* Shameless. બેશરમ.
નફો, (પ્રોફીટ) *n.* Profit. ફાયદો
નબળાઈ, (વીકનેસ) *n.* Weakness. કમજોરી.
નભ, –સ્તલ, (સ્કાય) *n.* Sky આકાશ.
નમણું, (બેન્ટ) *a.* Bent. વળેલું. Beautiful. સુંદર.
નમન, –સ્કાર, –સ્કૃતિ, –સ્ક્રિયા, (સેલ્યુટેશન) *n.* Salutation. વંદન. [સ્કાર કરવા.
નમવું, (બેન્ડ) *vt.* Bend. વાંકા વળવું. Bow. નમ-
નમાવવું, *vt.* Subdue.તાબે કરવું.Lower હલકું પાડવું.
નમૂનો,(સેમ્પલ) *n.* Sample.વાનગી.Model. મૂળ વસ્તુ.
નમ્ર, (મોડેસ્ટ) *a.* Modest. વિનયી; સાલસ.
નર, (મેલ) *n.* Male. પુરૂષવાચક પ્રાણી Man. મનુષ્ય.
નરક, (હેલ) *n.* Hell. દોજખ. Excrement. વિષ્ટા.
નરઘું, *n.* Drum. એક વાદ્ય; તબલું [પુરુષજાતિ.
નરજાતિ, *n.* Masculine gender. પુલ્લિંગ.Male sex.
નરમ, (સ્મુધ) *a.* Smooth. સુંવાળું. Modest. નમ્ર.
નરવું, (હેલ્ધી) *a.* Healthy. નિરોગી. [હલકું.
નરસું,(બૅડ) *a.* Bad. નઠારૂં. Of inferior quality.

નરાધમ, (રેચ) *n.* Wretch. અધમ માનવી.
નરેશ,–રેંદ્ર, (કીંગ) *n.* King. રાજા.
નર્તકી,–ર્તિકા, *n.* Female dancer નાચનારી; નટી.
નલિની, *n.* Lotus-plant. કમળનો છોડ. [ભાગ–તેટલું.
નવટાંક, *n.&a.* 1/8 part of a seer. શેરનો આઠમો
નવડાવવું,–રાવવું, *vt.* Bathe. નાહ એમ કરવું.
નવજવાન,–જુવાન, (યુથ) *n.* Youth. જુવાન માણસ.
નવજીવન, *n.* New life. નવું જીવન. [જુવાન સ્ત્રી.
નવજોબના,–યૌવના, (યંગ વુમન) *n.* Young woman.
નવનીત, (બટર) *n.* Butter. માખણ.
નવરચના, (રીકન્સ્ટ્રક્શન) *n.* Reconstruction. પુનઃ
નવેસર રચવું તે. [ફારગ; કામ વગરનું.
નવરું, (અનએમ્પ્લોયડ) *a.* Unemployed. કામથી
નવલકથા, (નૉવેલ) *n.* Novel. કલ્પિત વાર્તા.
નવલિકા, *n.* Short novel. નાની નવલકથા.
નવવધુ,–વેલી,–વોઢા, *n.* Newly married girl.
નવી પરણેલી સ્ત્રી. [chloride. એક ક્ષાર.
નવસાર, (એમોનીયમ ક્લોરાઈડ) *n.* Ammonium
નવાઈ, *n.* Novelty. નવીનતા. Wonder. અચરજ.
નવાબ, *n* Mohmadden king. મુસલમાન રાજા.
નવાબશાહી, (ઑટોક્રસી) *n.* Autocracy. આપખુદી.
નવારસ,–સું,–સિયું, (એરલેસ) *a.* Heirless.
વારસ વગરનું. [તરતનું. Beginning. શરૂ થતું.
નવીન,–નું,–વલ, (ન્યુ) *a.* New. નવું Recent.
નવેસર,– થી, (એન્યુ) *ad.* Anew. ફરીથી શરૂ કરીને.

નશો, (ઇનટોક્ષીકેશન) *n*. Intoxication. કૈફ.
નશ્વર, (મોર્ટલ) *a*. Mortal. નાશ પામે તેવું.[અધમ.
નષ્ટ, (રૂઇન્ડ) *a*. Ruined. નાશ પામેલું. Wicked.
નસ, (વેઈન) *n*. Vein. રગ; રક્તવાહિની. Fibre. રેસો.
નસાડવું, *vt*. Put to flight. નાસે એમ કરવું.
નસિયત, --સીહત,(એડવાઇસ) *n*. Advice. શિખામણ.
નસીબ, (લક) *n*. Luck. ભાગ્ય. [Reproof. સજા.
નસીબદાર, (લકી) *a*. Lucky. ભાગ્યશાળી.
નસ્તર, *n*. Surgical operation. વાઢકાપ.
નહિ, નહીં, *ad*. No; Not. ના.
નહિતર, *ad*. Otherwise. નહિ તો. [મોટો કાંસ.
નહેર, *n*. Canal. સરોવર કે મોટી નદીમાંથી ખોદેલો
નહોર, (ક્લૉ) *n*. Claw. પંજાનો નખ. [બનાવટ.
નળિયું, (ટાઇલ) *n*. Tile. છાપરું ઢાંકવાની એક માટીની
નળી, (ટ્યુબ) *n*. Tube. ભૂંગળી.
નંગ, (થીંગ) *n*. Thing. એક વસ્તુ. Article. ચીજ.
નંદવાવું,--દાવું,*vt*. Be broken.ભાંગવું.(કાચની વસ્તુ).
ના, *ad*. No; Not. નહિ. *n*. Refusal. નકાર.
નાઇલાજ, (હેલ્પલેસ) *a*. Helpless. લાચાર; ઈલાજ
નાઈ, --વી, (બાર્બર) *n*. Barber. હજામ. [વગરનું.
નાક, (નોઝ) *n*. Nose. નાસિકા. Reputation. આબરૂ.
નાકું, (હોલ) *n*. Hole. કાણું. Custom Station.
જકાત લેવાનું થાણું. [ચોકી મૂકવી તે.
નાકાબંધી, (બ્લોકેડ) *n*. Blockade. ઘેરો; નાકેનાકે
નાખવું, (થ્રો) *vt*. Throw. ફેંકવું.

નાખુશ, (ડીસપ્લીઝડ) *a.* Displeased. નારાજ.
નાગ. (સરપન્ટ) *n.* Serpent. ફેણવાળો સાપ.
નાગણ, *n.* Female serpent. સાપણ.
નાગપાશ, (નુઝ) *n.* Noose. ફાંસો. Snare. જાળ.
નાગરિક, *a.* Civic. શહેરનું. *n.* Citizen. શહેરી.
નાચવું, (ડાન્સ) *n.* Dance. નૃત્ય કરવું.
નાછૂટકે, *ad.* Compulsorily. પરાણે.
નાજનીન, *n.* Beautiful woman. ખૂબસુરત સ્ત્રી.
નાજર. *n* Sheriff of a law-court. અદાલતનો એક [અમલદાર.
નાજુક. (ડેલીકેટ) *a.* Delicate. સુકુમાર.
નાટક, --ટય પ્રયોગ, (ડ્રામા) *n.* Drama. દશ્ય.
નાટકમંડળી, *n.* Dramatic company. નાટક કંપની.
નાટકશાળા, --લા, (થીએટર) *n.* Theatre. નાટક ભજવવાનું સ્થાન.
[Pretentious. ઢોંગી.
નાટકી, --કિયું,(ડ્રામાટીક) *a.* Dramatic. નાટકને લગતું.
નાડ, --ડી, (પલ્સ) *n.* Pulse. રગ--જે પરથી વૈદ્ય લોહીની ગતિ પારખે છે તે. Control. કાબુ; ચાવી. [મંત્રી.
નાણામંત્રી, *n.* Finance member. નાણાખાતાનો
નાણાવટી, (શરોફ) *n.* Shroff; banker. શરાફ.
નાણું, (કોઈન) *n.* Coin. ચલણી સિક્કો. Money. ધન.
નાત, (કાસ્ટ) *n.* Caste. જાત. Caste-dinner. નાતવરો.
નાતવરો, (કાસ્ટ-ડીનર) *n.* Caste-dinner. જ્ઞાતિભોજન
નાતાલ, *n.* Christmas day. ખ્રિસ્તી તહેવાર.
નાતો, (રીલેશન) *n.* Relation સંબંધ; મેળ. [માલિક.
નાથ, (હઝબંડ) *n.* Husband. સ્વામી. Master.

નાથવું, *vt.* Pierce the nostrils. નાથ ઘાલવી; પરોવટવું.
નાદ, (સાઉંડ) *n.* Sound. અવાજ; ઘોષ.
નાદર, *a.* Extraordinary. અસાધારણ ઉત્તમ.
નાદાન, (ફુલીશ) *a.* Foolish. અણસમજુ; મૂર્ખ.
નાદાર, (બેંકરપ્ટ) *a.* & *n.* Bankrupt. દેવાળિયું.
નાદારી, (ઇનસોલ્વંસી) *n.* Insolvency. દેવાળું.
નાદુરસ્ત, (સીક) *a.* Sick. માંદું.
નાનું, (યંગ) *a.* Young. નાની ઉંમરનું.
નાન્યતર, (ન્યુટરલ) *a.* Neutral. નપુંસક લિંગનું.
નાપસંદગી, (ડીસ્લાઇક) *n.* Dislike. અણગમો.
નાપાક, (અનહોલી) *a.* Unholy. અપવિત્ર.
નાફરમાની, *n.* Disobedience. હુકમની અવગણના.
નાબુદ,(વેનીશ્ડ) *a.* Vanished. નિર્મૂળ; સાવ ખલાસ.
નાભિ, --કમલ, (નેવલ) *n.* Navel ડૂંટી. Centre. કેન્દ્ર; મધ્યભાગ. [ડૂંટી સાથે જોડાયેલી રગોની લાંબી નળી.
નાભિનાલ, --ળ, *n.* Umbilical cord. ગર્ભમાં બાળકની
નામ, (નેમ) *n.* Name. વસ્તુની સંજ્ઞારૂપ શબ્દ.
નામના, (ફેમ) *n.* Fame. કિર્તિ.
નામનું, --માત્ર, *a.* Nominal. માત્ર દેખાડવા પૂરતું જ.
નામર્દ, (કાવર્ડ) *a.* Coward. બાયલું.
નામંજૂરી,(રીજેકશન) *n.* Rejection. નામંજૂર થવું તે.
નામાંકિત,--મચીન,--મીચું, (ફેમસ)*a.* Famous. પ્રખ્યાત.
નામું, (એકાઉન્ટ) *n.* Account. જમેઉધારનો હિસાબ.
નામોશી, --લેશી, (ડીસ્ગ્રેસ) *n.* Disgrace. હીણપત.
નાયક, (હીરો) *n.* Hero. નાટક કે વાર્તાનું મુખ્ય પાત્ર.

Leader. આગેવાન. [મદદનીશ.
નાયબ, (ડેપ્યુટી) *a.* & *n.* Deputy. હાથ નીચેનો
નાયિકા, (હીરોઇન) *n.* Heroine. મુખ્ય સ્ત્રીપાત્ર.
નારંગી, (ઓરેન્જ) *a.* & *n.* Orange. એક ફળ.
નારાજ, (ડીસપ્લીઝડ) *ad.* Displeased. નાખુશ.
નારિયેળી, –ળિયેરી, *n.* Cocoanut tree. નારિયેળનું
નારી, –ર, (વુમન) *n.* Woman. સ્ત્રી. [ઝાડ.
નાલાયક, (અનવર્ધી) *a.* Unworthy. અયોગ્ય.
નાવ, –ડી, –ડું, (બોટ) *n.* Boat. હોડી.
નાવિક, (સેલર) *n.* Sailor. વહાણવટી; સુકાની.
નાવી, (બાર્બર) *n.* Barber. હજામ.
નાશ, –નિકંદન, *n.* Destruction. સંહાર; પાયમાલી.
નાશવંત, –વાન, *a.* Perishable. નાશ પામે તેવું;નશ્વર.
નાસવું,(રન) *vt.* Run. દોડવું.Flee.જતા રહેવું;ભાગવું.
નાસૂર, *n.* Disease of the eye and nose; ulcer.
નાક વગેરેનો એક રોગ. [એમ મનાનારો માણસ.
નાસ્તિક, (એથીઇસ્ટ) *n.* & *a.* Atheist. ઇશ્વર નથી
નાસ્તો, (બ્રેકફાસ્ટ) *n.* Breakfast. શિરામણ.
નાહક, (યુસલેસલી) *ad.* Uselessly. વગર કારણે.
નાહવું, (બેધ) *vt.* Bathe. સ્નાન કરવું.
નાળું, (સ્ટ્રીમ) *n.* Stream. વહેળો; ગરનાળું.
નાખવું, (થ્રો) *vt.* Throw. ફેંકવું. Fling. ઉછાળવું.
નિકટ, *a.* & *ad.* Near. પાસે; નજીક. [જવું તે.
નિકાશ, –સ, (એક્સપોર્ટ) *n.* Export. માલનું પરદેશ
નિકુંજ, (આર્બર) *n.* Arbour. વનસ્પતિની ઘટા.

નિકેત,-ન, (રેસીડન્સ) *n.* Residence. રહેઠાણ; ઘર.
નિખર્વ,*a.* Hundred thousand millions.સો અબજ.
નિખાલસ,-કપટ, (ફ્રેંક) *a.* Frank. શુદ્ધ દિલનું.
નિખિલ, (હોલ) *a.* Whole. બધું. [ઈશ્વર.End.અંત.
નિગમ, (સ્ક્રીપ્ચર્સ) *n.* Scriptures. વેદશાસ્ત્ર. God.
નિગ્રહ, (રીસ્ટ્રેઈન્ટ) *n.* Restraint. અટકાવ; વિરોધ.
નિચોવવું,(સ્કવીઝ) *vt.* Squeeze. દબાવીને પાણી બહાર
નિજ, (ઓન) *a.* Own. પોતાનું. [કાઢવું.
નિતંબ, (હીપ) *n.* Hip. ફૂલો; થાપો.
નિતારવું, *vt.* Make to ooze. નીતરે એમ કરવું.
નિત્ય, (કાનસ્ટંટ) *a.&ad.*Constant. શાશ્વત; રોજનું.
નિદાન, (પૅથોલોજી) *n.* Pathology. રોગની તપાસ.
નિદ્રા, (સ્લીપ) *n.* Sleep. ઊંઘ.
નિપજાવવું, (પ્રોડ્યુસ) *vt.* Produce. ઉત્પન્ન કરવું.
નિપુણ, (એક્સપર્ટ) *a.* Expert. પ્રવિણ.
નિબંધ, (એસે) *n.* Essay. મુદ્દાસર લેખ
નિબિડ, (ડેન્સ) *a.* Dense. ઘાડું. Hard.ભારે;મુશ્કેલ.
નિભાડો,-ભોડો, (કીલ્ન) *n.* Kiln. કુંભારની ભઠ્ઠી.
નિભાવવું, (મેઈન્ટેઈન) *vt.* Maintain. ચલાવી લેવું.
નિમક, નમક, (સૉલ્ટ) *n.* Salt. મીઠું.
નિમકહરામ, (અનગ્રેટફુલ) *a.* Ungrateful. કૃતઘ્ન.
નિમકહલાલ, (ફેથફુલ) *a.* Faithful. કૃતજ્ઞ.
નિમગ્ન, (એબ્સોર્બ્ડ) *ad.* Absorbed. લીન; એકતાર.
નિમણુંક, (એપોઈન્ટમેન્ટ) *n.* Appointment. જગા કે
કામ પર નિમાવું કે નિમવું તે.

નિમંત્રણ, (ઇન્વીટેશન) *n.* Invitation. નોતરૂં.
નિમિત્ત, (કૉઝ) *n.* Cause. કારણ. Motive. હેતુ.
નિયત, (ફીક્સ્ડ) *a.* Fixed. નક્કી કરેલું.
નિયમ, (રૂલ) *n.* Rule. ધારો. Custom. રિત.
નિયમિત, (રેગ્યુલર) *a.* Regular. નિયમબદ્ધ.
નિયંતા, (ગૉડ) *n.* God. ઈશ્વર.
નિયામક, (ડીરેક્ટર) *n.* Director. વ્યવસ્થા કરનાર.
નિયુક્ત, (એપોઇન્ટેડ) *a.* Appointed. નિમાયેલું.
નિરક્ષર, (અનએજ્યુકેટેડ) *a.* Uneducated. અભણ.
નિરપરાધ,-ધી, (ઇનોશંટ) *a.* Innocent. નિર્દોષ.
નિરપેક્ષ,-ક્ષી, (ડીસઇન્ટરેસ્ટેડ) *a.* Disinterested. [વગરનું.
નિસ્પૃહ. Careless. સ્વતંત્ર.
નિરભિમાન,-ની, (પ્રાઈડલેસ) *a.* Prideless. અભિમાન
નિરર્થ,-ક,-રૂપયોગી, (યુસલેસ) *a.* Useless. નકામું.
નિરંકુશ, (અનચેક્ડ) *a.* Unchecked. અંકુશ વગરનું.
નિરંતર, (કન્ટીન્યુઅસ) *a.* Continuos. સતત; હંમેશ.
નિરાકાર, (ફૉર્મલેસ) *a.* Formless. આકાર વગરનું.
નિરાધાર.-શ્રય,(હેલ્પલેસ)*a.* Helpless. આધાર વગરનું.
નિરાશ, (ડીસએપોઇન્ટેડ)*a.* Disappointed. આશાભંગ.
નિરાશા, (ડીસએપોઇન્ટમેન્ટ) *n.* Disappointment. [નાઉમેદી.
નિરાંત, (ઈઝ) *n.* Ease. જંપ; ફુરસદ.
નિરીક્ષક, *n.* Observor. નિરીક્ષણ કરનાર.
નિરૂત્તર, (એન્સરલેસ) *a.* Answerless. જવાબ વગરનું.
નિરૂત્સાહી, (ઈનડોલંટ) *a.* Indolent. ઉત્સાહ વગરનું.
નિરૂદ્યમ,-મી,-રૂદ્યોગ,-ગી, *a.* Idle. આળસુ.

નિરૂપાય, (હેલ્પલેસ) *a.* Helpless. લાચાર.
નિરૂપણ, (ડીસ્ક્રીપ્શન) *n.* Description. વર્ણન.
નિર્ગમ, —ન, (ડીપાર્ચર) *n.* Departure. બહાર જવું તે,
નિર્જન, (બેરન) *a.* Barren. ઉજ્જડ. [Weak. નબળું.
નિર્જીવ, (ઈનએનીમેટ) *a.* Inanimate. જીવ વગરનું.
નિર્ણય, —રાકરણ, (ડીસીશન) *n.* Decision. નિશ્ચય;
નિર્દય, —ઠુર, (ક્રુઅલ) *a.* Cruel. ક્રૂર. [ફેંસલો.
નિર્દોષ, —ષી, (ઈનોસંટ) *a.* Innocent. નિરપરાધી;
નિર્ધન, —ની, —નિયું, (પુઅર) *a.* Poor. ગરીબ. [દોષરહિત.
નિર્બલ, —ળ, (વીક) *a.* Weak. બળ વગરનું.
નિર્ભય, —ભીંત, (ફીયરલેસ) *a.* Fearless. નીડર.
નિર્મલ, —ળ, (પ્યોર) *a.* Pure. સ્વચ્છ; પવિત્ર [નસીબ.
નિર્માણ, (ક્રીએશન) *n.* Creation. રચના; સર્જન Luck.
નિર્મૂલ, —ળ, (રૂટલેસ) *a.* Rootless. મૂળ વગરનું; નિર્વંશ.
નિર્લજ્જ, (શેમલેસ) *a.* Shameless. લાજ વગરનું.
નિર્વંશ, *a.* Heirless. પાછળ કોઈ ન હોય તેવું
નિર્વાણ, (સાલ્વેશન) *n.* Salvation. મોક્ષ. End. અંત.
નિર્વાહ, (મેઇન્ટેનન્સ) *n.* Maintenance. ગુજારો.
નિર્વિવાદ, *a.* Undisputed. બિનતકરારી.
નિર્વ્યસની, (વાઇસલેસ) *a.* Viceless. વ્યસન વગરનું.
નિવાર, —ણ, (પ્રીવેન્ટીંગ) *n.* Preventing. વારવું; દૂર
નિવારવું, (પ્રીવેન્ટ) *vt.* Prevent. દૂર કરવું. [કરવું તે.
નિવાસ, —સ્થાન, (રેસીડન્સ) *n.* Residence. રહેઠાણ.
નિવૃત્ત, (રીટાયર્ડ) *a.* Retired. નિવૃત્તિ પામેલું.
નિવેડો, —કાલ, (ડીસીશન) *n.* Decision. ફેંસલો; છેવટ.

નિવેદન, (રીપ્રીઝન્ટેશન) *n*. Representation. અરજ;
નિશા, -શ, (નાઈટ) *n*. Night. રાત્રિ. [અહેવાલ.
નિશાચર, (ગોબ્લીન) *n*. Goblin. પિશાચ. Thief. ચોર.
નિશાન, (સાઇન) *n*. Sign. ચિહ્ન. Flag. વાવટો.
નિશાની, (સાઈન) *n*. Sign. ચિહ્ન; સંજ્ઞા.
નિશાળ, (સ્કૂલ) *n*. School. શાળા. [નક્કી.
નિશ્ચય, (રીઝોલ્વ) *n*. Resolve. નિર્ણય. *ad*. Certainly.
નિશ્ચિત, *a*. Resolved. નક્કી કરેલું. [બેફિકર.
નિશ્ચિંત, *a*. Free from anxieties. ચિંતા વગરનું;
નિશ્વાસ, (સાય) *n*. Sigh. નિસાસો.
નિષેધ,(પ્રોહીબીશન) *n*. Prohibition. બાધ; મનાઈ.
નિષ્કલંક, *a*. Stainless. કલંક વગરનું; નિર્દોષ.
નિષ્ઠા, (ટ્રસ્ટ) *n*. Trust. શ્રદ્ધા;વફાદારી. Aim. આશય.
નિષ્ણાત, *a*. & *n*. Expert. પ્રવિણ. [પાત રહિત.
નિષ્પક્ષ, -પાતી, (ઈમપાર્શ્યલ) *a*. Impartial. પક્ષ-
નિષ્ફલ, -ળ, (ફ્રુટલેસ) *a*. Fruitless. ફળ વગરનું.
નિસબત,-સ્બત, (રીલેશન) *n*. Relation. સંબંધ.
નિસરણી, (સ્ટેર-કેસ) *n*. Stair-case. સીડી; દાદર.
નિસર્ગ,(નેચર) *n*. Nature. સ્વભાવ. Creation. કુદરત.
નિસ્તેજ, (પેલ) *a*. Pale ઝાંખું;તેજહીન. [ધારીને જોવું.
નિહાળવું, નીરખવું, *vt*. Observe minutely. ધારી-
નિંદવું, (સ્લેન્ડર) *vt*. Slander. નિંદા કરવી.
નિંદા, (સ્લેન્ડર) *n*. Slander. બદબોઈ; વગોવણી.
નિંદાપાત્ર,-સ્પદ, (વાઇલ) *a*. Vile. નિંદ્ય.
નિઃશંક, -સંશય, -સંદેહ, (અનડાઉટેડલી) *a*. & *ad*.

Undoubtedly. શંકા-ભય વગરનું.
નિ:સત્વ, (સેપલેસ) *a.* Sapless. સત્વહીન-માલ વિનાનું.
નીક, (ડ્રેઇન) *n.* Drain. પાણી જવાનો રસ્તો.
નીકળવું.—સરવું, (કમ આઉટ) *vt.* Come out. બહાર
નીગરવું, —તરવું, (ઉઝ) *vt.* Ooze. ટપકવું. [આવવું.
નીચ, (મીન) *a.* Mean. અધમ; હલકું.
નીચે, (બીનીથ) *ad.* Beneath. હેઠે.
નીડર, (ફીયરલેસ) *a.* Fearless. નિર્ભય.
નીતિ, (એથીકસ) *n.* Ethics. સદાચાર. Behaviour. ચાલચલગત. Policy. ધોરણ; પદ્ધતિ.
નીપજ, (પ્રોડયુસ) *n.* Produce. પેદાશ
નીપજવું, (રીઝલ્ટ) *vt.* Result. પરિણામ આવવું.
નીમવું, (એપોઈન્ટ) *vt.* Appoint. સ્થાપવું; નિયોજવું.
નીરખવું, (ઈન્સ્પેક્ટ) *vt.* Inspect. બરાબર જોવું.
નીરવું, *vt.* Place grass. ઢોરને ઘાસ નાખવું.
નીરોગ, —ગી, (હેલ્ધી) *a.* Healthy. તંદુરસ્ત.
નીલ, (બ્લેક) *a.* Black. કાળું. Azure. આસમાની.
નીલકંઠ, (શીવ) *n.* Shiva. શીવ. Peacock. મોર.
નીલમ, —ણી,(સેફાયર) *n.* Sapphire. નીલા રંગનું રત્ન.
નીવડવું, *vt.* Turn out. નક્કી થઇ પ્રગટ થવું. [કાઢવું.
નીંદવું, *vt.* Weed. ખેતરમાંથી નકામું ઘાસ ખોદી
નુકસાન, *n.* Loss; injury. હાનિ. [હાનિ કરનારૂં.
નુકસાનકર્તા, —કારક,—કારી,(ઈન્જુરીયસ) *a.* Injurious.
નુકસાની, *n.* Compensation. નુકસાનનું વળતર. *a.* Damaged. નુકસાનવાળું.
નૂતન, —ર, (ન્યુ) *a.* New. નવું.

નૂપુર,નેપુર, —વર. (એન્કલેટ) *n*. Anklet. ઝાંઝર.
નૂર, (લાઇટ) *n*. Light. તેજ; પ્રકાશ. Fare. ભાડું.
નૃત્ય, —ત્ત, (ડાન્સ) *n*. Dance. નાચ. [કલા.
નૃત્યકલા, —ળા, (ડાન્સીંગ) *n*. Dancing. નાચવાની
ને, (એન્ડ) *int*. And. અને.
નેક, (ઓનેસ્ટ) *a* Honest. પ્રામાણિક. Just. ન્યાયી.
નેકી, (ઓનેસ્ટી) *n*. Honesty. પ્રામાણિકપણું.
નેણ,—ન,—ત્ર, (આય) *n*. Eye. આંખ; નયન.
નેતર,(કેઇન) *n*. Cane. એક જાતનો વેલો અને તેની સોટી.
નેતા, (લીડર) *n*. Leader. આગેવાન.
નેત્રવિદ્યા, (ઓફ્થેલ્મોલોજી) *n*. Ophthalmology.
આંખ વિષેનું શાસ્ત્ર.
નેત્રાંજન,(આય-સાલ્વ) *n*.Eye -salve.આંખનું આંજણ.
નેપથ્ય, (કર્ટન) *n*. Curtain. રંગભૂમિનો. પડદો.
પડદા પાછળનો ભાગ. Dress. પોશાક. [વનસ્પતિ.
નેપાળો, (ક્રોટોન) *n*. Croton. રેચક બિયાંવાળી એક
નેમ, (એઇમ) *n*. Aim. હેતુ; નિશાન.
નેવ,—વું, (ટાઇલ) *n*. Tile. નળિયું.
નેયત, (ઇન્ટેશન) *n*. Intention. દાનત; હેતુ.
નૈઋત્ય, (સાઉથ-વેસ્ટ) *n* & *a*. South--west. પશ્ચિમ
અને દક્ષિણ દિશા વચ્ચેનો ખૂણો.
નૈવેદ,—ધ, (ઓફરીંગ) *n*. Offering. પ્રસાદ.
નૈષ્ઠિક, (ડીવોટેડ) *a*. Devoted. નિષ્ઠાવાળું.
નૈસર્ગિક, (નેચરલ) *a*. Natural. કુદરતી.
નોકર, (સરવંટ) *n*. Servant. ચાકર. [ચાલતું રાજતંત્ર.

નોકરશાહી, (બ્યુરોક્રસી) *n.* Burocracy. નોકરશાહીથી.
નોકરી, (સર્વિસ) *n.* Service. ચાકરી; સેવા.
નોતરવું, (ઇનવાઈટ) *vt.* Invite. આમંત્રણ કરવું.
નોળિયો, (મેંગુઝ) *n.* Mangooze. એક નાનું ચોપગું
નોંધ, *n.* Entry; notes. ટાંચણ. [પ્રાણી.
નોંધવું, (રજીસ્ટર) *vt.* Register. નોંધ કરવી.
નૌકા, (બોટ) *n.* Boat. હોડી. [નૌકાસૈન્યનો ઉપરી.
નૌકાપતિ,-ધિપતિ, (એડમીરલ) *n.* Admiral.
નૌકાફોજ,-સૈન્ય, (નેવી) *n.* Navy. દરિયાઇ લશ્કર.
ન્યાત, (કાસ્ટ) *n.* Caste. જ્ઞાતિ.
ન્યાય, (જસ્ટીસ) *n.* Justice. ઇન્સાફ.
ન્યાયશાસ્ત્ર, *n.* Science of Logic. પ્રમાણશાસ્ત્ર.
ન્યાયાધિકારી,-ધિશ, (જજ) *n.* Judge. ન્યાય આપ-
ન્યાયી, (જસ્ટ) *a.* Just. વાજબી. [નાર અમલદાર.
ન્યુનતા, (ડેફીસ્યંસી) *n.* Deficiency. ઓછપ.
ન્યોછાવર, (ડેડીકેટેડ) *ad* Dedicated. કુરબાન કરેલું.

પ

પ, The first Consonant of the labial class.
પહેલો ઓષ્ઠ્ય વ્યંજન. [ઓજાર.
પકડ, (ગ્રીપ) *n.* Grip. પકડવું તે. Pincers. પકડવાનું
પકડવું, (કેચ) *vt.* Catch. ઝાલવું. Arrest. કેદ કરવું.
પકડહુકમ (વોરંટ) *n.* Warrant. પકડવાનો હુકમ.
પકવવું,-કાવવું; (કુક) *vt.* Cook. રાંધવું. Bake.
ભઠ્ઠીમાં શેકવું. Ripen. પાકે એમ કરવું.

પક્વ, (રાઇપ) *a.* Ripe. પાકું. Cooked. રંધાયેલું.
પક્ષ, (સાઇડ) *n.* Side. બાજુ. Wing. તડ; પાંખ.
પક્ષપાત, (પાર્શ્યાલિટી) *n.* Partiality. વગ; તરફદારી.
પક્ષાઘાત, (પેરેલીસીસ) *n.* Paralysis. લકવો.
પક્ષી, પંખી,–ખેરૂં, (બર્ડ) *n.* Bird. પાંખોવાળું પ્રાણી.
પખવાડિક, પાક્ષિક,(ફોર્ટનાઇટલી) *a.* &*n.* Fortnightly. પંદર દિવસે થતું–તેવું પત્ર.
પખવાડું,–ડિયું, (ફોર્ટનાઇટ) *n.* Fortnight. પંદર દિવસનો કાળ.
પખાજ, (ડ્રમ) *n.* Drum. મૃદંગ જેવું એક વાદ્ય.
પખાલ, *n.* Leathern water-bag. પાણી ભરી લાવવાની ચામડાની ગુણ કે થેલી.
પખાળવું, (વૉશ) *vt.* Wash. પાણી વડે ધોવું.
પગ, (લેગ) *n.* Leg. પ્રાણીનો ચાલવાનો અવયવ.
પગરખું, (શુ) *n.* Shoe. ખાસડું.
પગલું, (સ્ટેપ) *n.* Step. ડગલું; પગના તળિયાની છાપ.
પગાર, (સેલેરી) *n.* Salary. વેતન; દરમાયો.
પગેરૂં, (ફુટ-માર્ક) *n.* Foot-Mark. ચોરનું પગલું.
પચવું, *vt.* Undergo digestion. હજમ થવું.
પછાડવું,–ટકવું, *vt.* Be struck against. અફળાવું; કુટાવું.
પછવાડે, *ad.* To the rear. પાછળ; પૂંઠે.
પછાડવું,-ટકવું, *vt.* Dash on the ground. અફાળવું.
પછાતવર્ગ, *n.* Backward class. સંસ્કારમાં પાછળ રહી ગયેલો લોકસમૂહ.
પછી, *ad.* Afterwards. પાછળ, –થી.
પછીત, (વૉલ) *n.* Wall. ઘરની પાછલી ભીંત.

પજવણી, (હેરેસમેન્ટ) *n.* Harassment. પજવવું તે.
પજવવું, (હેરેસ) *vt.* Harass. ત્રાસ આપવો, હેરાન કરવું.
પટરાણી, *n.* The eldest queen. રાજાની મુખ્ય રાણી.
પટારો, (બીગ બૉક્ષ) *n.* Big box. મોટી પેટી.
પટાવવું, (ચીટ) *vt.* Cheat. ફોસલાવવું.
પટાવાળો, (પીઓન) *n.* Peon. ચપરાસી; નોકર.
પટી,-ટ્ટી, (શ્રેડ) *n.* Shred. પાતળો લાંબો કકડો.
પટેલ,-લિયો, *n.* Headman of a village or caste.
ન્યાત કે ગામનો આગેવાન. [કમરબંધ.
પટો,-ટ્ટો, (ડીડ) *n.* Deed. સનદ; દસ્તાવેજ. Belt.
પટ્ટાભિષેક,(કોરોનેશન) *n.* Coronation. રાજ્યાભિષેક.
પઠન, (સ્ટડીઇંગ) *n.* Studying. ભણતર.
પડ, (લેયર) *n.* Layer. થર. Fold. વળ.
પડકાર,-રો, (કૉલ) *n.* Call. આહ્વાન.
પડખું, (સાઇડ) *n.* Side. બાજુ; પક્ષ. Help. મદદ.
પડઘમ, *n.* Military drum. ઢોલ જેવું વાદ્ય.
પડઘો, (ઇકો) *n.* Echo. સામો અવાજ; પ્રતિઘોષ.
પડછાયો, (શેડો) *n.* Shadow. ઓળો; પ્રતિબિંબ.
પડતી,-તન, (ફૉલ) *n.* Fall. અવદશા.
પડદો,-ર્દો, (કર્ટન) *n.* Curtain. આંતરો.
પડવું, (ફૉલ) *vt.* Fall. નીચે ગબડવું.
પડાવ, (કૅમ્પ) *n.* Camp. મુકામ; છાવણી.
પડાવવું, (સ્નેચ) *vt.* Snatch. ઝૂંટવી લેવું.
પણ, (વાઉ) *n.* Vow. પ્રતિજ્ઞા; ટેક. *conj.* But. પરંતુ.
પણે, (ધેર) *ad.* There. પેલે ઠેકાણે. [*ad.* Also. વળી.

પતરાજી,–જી, (બોસ્ટ) *n.* Boast. બડાઈ.
પતવવું,–તાવવું, (સેટલ) *vt.* Settle. પતે એમ કરવું.
પતવું, (એન્ડ) *vt.* End. પૂરૂં થવું–તોડ આવવો.
પતંગ, (પેપર કાઇટ) *n.* Paper-kite. કનકવો.
પતંગિયું, (બટર-ફ્લાય) *n.* Butter-fly. ફૂદું.
પતાકા, (ફ્લેગ) *n.* Flag. ધ્વજા.
પતાવટ, (સેટલમેન્ટ) *n.* Settlement. તોડ; પતવવું તે.
પતિ, (હઝબંડ) *n.* Husband. ધણી. Master. માલિક.
પતિત, (ફૉલન) *a.* Fallen. પડેલું; પાપી.
પતિવ્રત, (ચૅસ્ટીટી) *n.* Chastity. શિયળ; પતિભક્તિ.
પત્તું, (લીફ) *n.* Leaf. પાંદડું. Card. રમવાનું પત્તું.
પત્તો, (ટ્રેસ) *n.* Trace. ભાળ. Address. ઠામઠેકાણું.
પત્નિ, (વાઈફ) *n.* Wife. વહુ. [Paper. છાપું.
પત્ર, (લૅટર) *n.* Letter. કાગળ. Leaf. પાંદડું.
પત્રક,(રજીસ્ટર) *n.* Register. નોંધપોથી. [ધંધાવાળો.
પત્રકાર, (જર્નાલિસ્ટ) *n.* Journalist. છાપામાં લખવાના
પત્રવ્યવહાર, (કોરસ્પોન્ડન્સ) *n.* Correspondence.
પથ, (પાથ) *n.* Path. માર્ગ. [કાગળપત્ર લખવા તે.
પથરી, *n.* Stone in bladder. મુત્રમાર્ગનો એક રોગ.
પથારી, (બેડીંગ) *n.* Bedding. બિસ્તરો. Sickness.
પથ્થર,–થરો, (સ્ટોન) *n.* Stone. પાષાણ. [માંદગી.
પથ્ય, (ડાયેટ) *n.* Diet. પથ્ય ખોરાક; કરી; પરહેજી.
પદ, (ફુટ) *n.* Line of a verse. કવિતાની કડી.
પદચ્છેદ, (એનેલીસીસ) *n.* Analysis. પદનું વ્યાકરણ.
પદચ્યુત,–ભ્રષ્ટ, (ડીસ્મીસ્ડ) *ad.* Dismissed. દૂર થયેલું.

પદવી, (રૅન્ક) *n.* **Rank.** દરજ્જો. **Title.** ઈલ્કાબ.
પદાર્થ,–રથ, (થીંગ) *n.* Thing. ચીજ વસ્તુ.
પદાર્થપાઠ, *n.* Object lesson. પ્રત્યક્ષ પદાર્થદ્વારા બોધ.
પદાર્થવિજ્ઞાન, (ફીઝીક્સ) *n.* Physics. ભૌતિક પદાર્થના ગુણધર્મની મીમાંસા કરતું શાસ્ત્ર.
પદ્ધતિ, (મેથડ) *n.* Method. રિત.
પદ્મ, (લોટસ) *n.* Lotus. કમળ. [સ્ત્રી.
પદ્મિની, *n.* Most beautiful woman. અત્યંત સુંદર
પદ્ય, (વર્સ) *n.* Verse. કવિતા.
પધારવું, *vt.* Come or go. આવવું કે જવું. [જળાશય.
પનઘટ, *n.* Place for drawing water. પાણીનો ઘાટ;
પનો, *n.* Breadth of cloth. કાપડની પહોળાઈ.
પનોતી, (ઈલ-ફેટ) *n.* Ill-fate. પડતી દશા.
પપૈયું, *n.* Carica papaya. એક ફળ.
પમરાટ, (સેન્ટ) *n.* Scent. સુવાસ.
પય, (વૉટર) *n.* Water. પાણી. Milk. દૂધ.
પયગંબર, પેગંબર, (પ્રોફેટ) *n.* Prophet. માણસ માટે ઇશ્વરનો સંદેશો લઈ આવનાર; નબી.
પયગામ, પેગામ, (મેસેજ) *n.* Message. સંદેશો.
પર, (એલાયન) *a.* & *n.* Alien. પારકું; અન્ય. Distant. દૂર. Best. શ્રેષ્ઠ. *ad.* Above. ઉપર.
પરગજુ–માથીં, (બેનીવોલંટ) *a.* Benevolent.
પરગણું, (ડીસ્ટ્રીક્ટ) *n.* District. તાલુકો. [પરોપકારી.
પરચૂટણ,–રણ, (મીસલેનીયસ) *n.* Miscellaneous. ફુટકળ. *a.* Change. ખુરદો.

પરચો,–તો, *n.* Awe. પ્રતાપ. Miracle. ચમત્કાર.
પરણવું, (મૅરી) *vt.* Marry. લગ્ન કરવું.
પરત, *ad.* In return. પાછું. [બીજાને વશ.
પરતંત્ર,–વશ,–રાધિન, (ડીપેન્ડંટ) *n.* Dependent.
પરત્વે, *ad.* With Reference to. વિષે; સંબંધમાં.
પરદુ:ખભંજન,–હાર, (ફીલાનથ્રોપીસ્ટ) *n.* Philanthropist. બીજાનું દુ:ખ દૂર કરનાર.
પરદેશ. *n.* Foreign country. પારકો દેશ.
પરદેશી, *a.* & *n.* Foreigner. પરદેશનું–ત્યાંનો વતની.
પરપોટો. *n.* Bubble. હવાથી પ્રવાહીમાં થતો કુક્કો.
પરબીડિયું, (એન્વેલપ) *n.* Envelope. કાગળની કોથળી.
પરભવ, *n.* Next life. બીજો અવતાર,
પરભાર્યું,–રું,–બારૂ, *ad.* Directly. બારોબાર.
પરભૃતા,–ભૃતિકા, (કક્કુ) *n.* Cuckoo. કોયલ.
ગરમ. (બેસ્ટ) *a.* Best. ઉત્તમ.
પરમહંસ,(એસેટીક) *n.* Ascetic. એક પ્રકારનો સંન્યાસી.
પરમાત્મા,–મેશ,–શ્વર, (ગૉડ) *n.* God. ઇશ્વર.
પરમાર્થ, (બેનીવોલંસ) *n.* Benevolence. પરોપકાર.
પરલોકવાસ, (ડેથ) *n.* Death. મૃત્યુ. [પામેલું.
પરલોકવાસી, (લેઇટ) *a.* Late. મરહુમ. Dead. મરણ
પરવડવું, પાલવવું, (એફોર્ડ) *vt.* Afford. પોસવું.
પરવા, (કેર) *n.* Care. દરકાર. Concern. ગરજ.
પરવાનગી, (પરમીશન) *n.* Permission. રજા. [હુકમ.
પરવાનો, (પાસપોર્ટ) *n.* Passport. રજાનો લેખી
પરવારવું, *vt.* To be free. કામ આટોપી નવરા થવું.

પરસેવો, (પરસ્પીરેશન) *n*. Perspiration. ચામડીનાં છિદ્રોમાંથી નીકળતું પાણી.
પરસ્પર, (મ્યુચ્યુઅલી) *ad*. Mutually. અરસપરસ.
પરહેજ, (એરેસ્ટેડ) *a*. Arrested. બંધનમાં પડેલું.
પરંતુ, (બટ) *conj*. But. પણ.
પરંપરા, *n*. Regular succession. હાર; શ્રેણી
પરંપરાગત, *a*. Heriditary. વંશમાં ચાલ્યું આવતું.
પરાકાષ્ઠા, (એક્ષ્ટ્રીમીટી) *n*. Extremity. છેલ્લી હદ.
પરાક્રમ, (બ્રેવરી) *n*. Bravery. બહાદુરી. Valour.
પરાક્રમી, (વેલીયંટ) *a*. Valiant. શૂરવીર. [શૂરાતન.
પરાગ, *n*. Pollen of flower. ફૂલમાંની રજ.
પરાજય-ભવ, (ડીફીટ) *n*. Defeat. હાર.
પરાણે, (ફોસીબ્લી) *ad*. Forcibly. બળાત્કારે.
પરાપૂર્વ, *n*. Very old time. બહુ જૂનો સમય.
પરાયું, *a*. Not one's own. પારકું. [રાખવો તે.
પરાવલંબન, *n*. Dependence. પારકા પર આધાર
પરાસ્ત,-જિત, (ડીફીટેડ) *ad*. Defeated. હારેલું.
પરાળ, *n*. Rice straw. ડાંગર વગેરેનું ખરસલું.
પરિગ્રહ, (એકસેપ્ટંસ) *n*. Acceptance. સ્વીકાર.
પરિધ, *n*. Circumference of a circle. વર્તુળનો ઘેરાવો.
પરિચય.(એકવેઈનટંસ) *n*. Acquaintance. ઓળખાણ.
પરિચિત, (ફેમીલીયર) *a*. Familiar. ઓળખીતું.
પરિણામ, (રીઝલ્ટ) *n*. Result. નતીજો; ફળ; અંત.
પરિતાપ. (પેઈન) *n*. Plain. દુઃખ. Heat. તાપ.
પરિત્યાગ, *n*. Abandonment. છોડી દેવું તે.

પરિપક્વ, (રાઇપ) *a*. Ripe. પાકેલું.
પરિપૂર્ણ, (ક્વાયટ ફીલ્ડ) *a*. Quite filled. ભરપૂર.
પરિમાણ, (મેઝર) *n*. Measure. માપ. [અલ્પ.
પરિમિત,(મોડરેટ) *a*. Moderate. મર્યાદિત. Little.
પરિવર્ત,-ર્તન, (ચેન્જ) *n*. Change. ફેરફાર. Revolution. ક્રાંતિ. Turning round. ગોળ ફરવું તે.
પરિવાર,-રીવાર,(ફેમીલી) *n*. Family. કુટુંબીકબીલો.
પરિશિષ્ટ, (એપેન્ડીક્ષ) *n*. & *a*. Appendix. પૂરવણી.
પરિશ્રમ, (લેબર) *n*. Labour. મહેનત.
પરિષદ, (કોનફરંસ) *n*. Conference. સભા. [સંજોગ.
પરિસ્થિતિ, *n*. Circumstance. આજુબાજુની સ્થિતિ-
પરી, (ફેરી) *n*. Fairy. પાંખોવાળી દેવતાઇ સુંદરી.
પરીક્ષક, (એકઝામીનર) *n*. Examiner. પરીક્ષા કરનાર.
પરીક્ષા, *n*. Examination. તપાસ; કસોટી-
પરીક્ષાપત્ર, *n*. Question-paper. પ્રશ્નપત્ર.
પરૂ, (પસ) *n*. Pus. પાચ. [ગેરહાજર.
પરોક્ષ, (ઇનડીરેક્ટ) *a*. & *ad*. Indirect. અપ્રત્યક્ષ;
પરોઢ,-ઢિયું, *n*. Day-break. પ્રભાત; સવાર,
પરોણાગત,-ચાકરી, (હોસ્પીટાલીટી) *n*. Hospitality.
પરોણો, (ગેસ્ટ) *n*. Guest. મહેમાન. [મેહમાનગીરી.
પરોપકાર, (બેનીવોલંસ) *n*. Benevolence. પારકાનું ભલું કરવું તે. [કરનારૂં.
પરોપકારી, (બેનીવોલંટ) *a*. Benevolent. પરોપકાર
પરોવવું, *vt*. Thread a needle. સોયમાં દોરો ઘાલવો.
પર્ણકુટિ,-ટી, (હટ) *n*. Hut. ઝૂંપડી.

પર્યટન, (જર્ની) *n*. Journey. મુસાફરી.
પર્યંત, (ટીલ) *ad*. Till. લગી; સુધી. *n*. End. અંત.
પર્વ, *n*. Chapter. પ્રકરણ; ગ્રંથનો ભાગ. Festival. [તહેવાર.
પર્વત,-હાડ, *n*. Mountain.
પલટણ,-ન, *n*. Regiment of soldiers. લશ્કરની [ટુકડી.
પલટવું, (ચેન્જ) *vt*. Change. બદલવું
પલટો, (ચેન્જ) *n*. Change. ઉથલો; ફેરફાર.
પલળવું, *vt*. Become wet. ભીનું થવું.
પલંગ, *n*. Big cot. મોટો ખાટલો.
પલાણવું, (માઉન્ટ) *vt*. Mount. સવારી કરવી.
પલાયન, (ફ્લીઈંગ) *n*. Fleeing નાસી જવું તે.
પલાળવું, *vt*. Wet. ભીંજવવું.
પલોટવું,-ળોટવું, (ટ્રેન) *vt*. Train. કેળવવું.
પવન, (વીન્ડ) *n*. Wind. વહેતો વાયુ. [ચક્કી.
પવનચક્કી, (વીન્ડમીલ) *n*. Windmill. પવનથી ચાલતી
પવાલી,-લું, (ટપ) *n*. Cup. પ્યાલો. Metallic vessel.
પવિત્ર, (પ્યોર) *n*. Pure. પાવન; શુદ્ધ. [મોટું વાસણ.
પશુ, (એનીમલ) *n*. Animal. જાનવર; ચોપગું પ્રાણી.
પશ્ચિમ, (વેસ્ટ) *n*. & *a*. West. આથમણી દીશા.
પસ,-લી, (હેન્ડફુલ) *n*. Handful. ખોબો; પોશ.
પસંદગી, (એપ્રુવલ) *n*. Approval. પસંદ કરવું તે.
પસાર, *ad*. Gone away. ગયેલું. Passed. વટાવેલું.
Successful. પાર ઉતરેલું. *n*. Expanse. ફેલાવો.
પસ્તાવો,-શ્ચાતાપ, *n*. Repentance. ખેદ.
પસ્તાવું, (રીપેન્ટ) *vt*. Repent. પસ્તાવો કરવો.

પહેરવું. (વેર) *vt*. Wear. શરીર પર ધારણ કરવું.
પહેરવેશ, પોશાક, (ડ્રેસ) *n*. Dress. વસ્ત્રો.
પહેરામણી, પૂરત, (ડાવરી) *n*. Dowry. બક્ષીસ.
પહેરેગીર, (ગાર્ડ) *n*. Guard. ચોકીદાર.
પહેલવાન, (એથલેટ) *n*. Athlete. કુસ્તીબાજ; મલ્લ
પહેલાં, પૂર્વે, (ફોર્મરલી) *ad*. Formerly. અગાઉ.
પહેલું, પ્રથમ, (ફર્સ્ટ) *a*. First.પ્રારંભનું. Chief.મુખ્ય.
પહોંચ, (રીસીટ) *n*. Receipt. પાવતી; રસીદ.
પહોંચવું, (રીચ) *vt*. Reach. જવું; પૂગવું. Receive.
પહોંચાડવું, (સેન્ડ) *vt*. Send. મોકલવું. [મળવું.
પહોળું, (બ્રૉડ) *a*. Broad. પનાદાર; મોકળું.
પહોંચી,(રીસ્ટલેટ) *n*. Wristlet. હાથના કાંડાનું એક
પહોંચો (રીસ્ટ) *n*. Wrist. હાથનું કાંડું. [ઘરેણું.
પળ, -લ, -લક, (મોમેન્ટ) *n*. Moment. ક્ષણ.
પંકાવું, (બી ફેમસ) *vt*. Be famous. પ્રખ્યાત થવું.
પંક્તિ, -ગત, (લાઇન) *n*. Line. લીટી. (રો)Row.હાર.
પંખો, (ફૅન) *n*. Fan. વીંજણો.
પંચ, (ફાઇવ) *a*. Five. પાંચ. *n*. Jury. જ્યુરી.
પંચત્વ, (ડેથ) *n*. Death. મૃત્યુ. [લોકવાયકા.
પંચવાણી, -વાયકા, *n*. General talk of the town.
પંચાત, -તી, (ડીફીકલ્ટી) *n*. Difficulty. ગૂંચવાડો.
પંચાયત, (બોર્ડ) *n*. Board. મંડળ.
પંચાળ, -લ, (બ્લેકસ્મીથ) *n*. Blacksmith. લુહાર.
પંચાંગ, (એલ્મેનક) *n*. Almanac. ટીપણું.
પંજો, (કલૉ) *n*. Claw.પશુનો નહોરવાળો અવયવ.Hand

opened out. પાંચ આંગળા અને હથેળીથી બનેલો અવયવ.
પંડિત, (સ્કૉલર) *n.* Scholar. વિદ્વાન; સાક્ષર.
પંથ, (પાથ) *n.* Path. માર્ગ. Sect. ધર્મનો સંપ્રદાય.
પંપાળવું, (ફોંડલ) *vt.* Fondle. વહાલથી હાથ ફેરવવો.
પા, (વન ફોર્થ) *a.* & *n.* One fourth. ચોથા ભાગનું.
પાઇ, *n.* Pie. તાંબાનો એક સિક્કો; પૈસાનો ત્રીજો ભાગ.
પાકટ,–કું, *a.* Mature. પુખ્ત. Ripe. પરિપક્વ
પાકવું, (મેચ્યોર) *vt.* Mature. પરિપક્વ થવું.
પાકી, –ખી, *n.* Suspension of business. કામધંધો બંધ રાખવો તે.
પાકીટ, *n.* Leather-bag. ચામડાની એક બનાવટ.
પાખંડી, (હાયપ્રોક્રીટ) *a.* Hyprocrite. ઢોંગી.
પાગલ, (મૅડ) *a.* Mad. દિવાનું.
પાઘ,–ડી, (ટર્બન) *n.* Turban. માથાનો એક પહેરવેશ.
પાચ, (પસ) *n.* Pus. પરૂ. [વાની શક્તિ.
પાચનશક્તિ, *n.* Digestive power. ખાધેલું પચાવ-
પાછળ, પૂંઠે,–ઠળ, *ad.* & *prep.* Behind. પછવાડે.
પાછું, (બૅક) *ad.* Back. પાછળ. Again. ફરીથી.
પાટનગર,–ચતખ્ત, (કૅપીટલ) *n.* Capital. રાજધાની.
પાટલી, (બેંચ) *n.* Bench. બાંક; સાંકડી પાટ.
પાટલો,(પ્લેન્ક) *n.*Plank.બેસવા માટેનું લાકડાનું આસન.
પાટવી,–ટોધર,(એલ્ડેસ્ટ) *a.*&*n.* Eldest.સૌથી મોટું.
પાટિયું, (બોર્ડ) *n.* Board. લાકડાની લાંબી પાતળી
પાટુ, (કીક) *n.* Kick. લાત. [પટ્ટી.
પાટો, (બેન્ડેજ) *n.* Bandage. લૂગડાનો ચીરો.

પાઠ, (રીડીંગ) *n.* Reading. વાંચી જવું તે. Lesson. બોધ. Text of a book. પાઠ્ય પુસ્તકનો વિભાગ.
પાઠવવું, (સેન્ડ) *vt.* Send. મોકલવું. [શિક્ષણશાળા.
પાઠશાલા, –ળા, (એકેડેમી) *n.* Academy. નિશાળ;
પાઠ્યપુસ્તક, *n.* Text-book. નિશાળમાં ચાલતી ચોપડી.
પાડ, (ઓબ્લીગેશન) *n.* Obligation. ઉપકાર.
પાડવું, (ફેલ) *vt.* Fell. પડે એમ કરવું.
પાડો, (મેલ બફેલો) *n.* Male buffalo. ભેંસનો નર.
પાણિગ્રહણ, (મેરેજ) *n.* Marriage. લગ્ન.
પાણી, (વૉટર) *n.* Water. જળ. Liquid. પ્રવાહી.
પાણીદાર, (શાર્પ) *a.* Sharp. તેજ. [Light. તેજ.
પાત, (ફૉલ) *n.* Fall. પતન.
પાતકી, (સીનફુલ) *a.* Sinful. પાપી.
પાતળું, (થીન) *a.* Thin. જાડું નહિ એવું.
પાતાલ, –ળ, (ઈન્ફરનલ રીજીયન) *n.* Infernal region. પૃથ્વીને તળિયે આવેલો પ્રદેશ; નાગલોક.
પાત્ર, (ડીઝર્વીંગ) *a.* Deserving. યોગ્ય. Worthy. લાયક. *n.* Vessel. વાસણ. Actor. નાટકનો વેશ લેનાર.
પાથરવું, (સ્પ્રેડ) *vt.* Spread. ફેલાવવું; બિછાવવું.
પાદરી, *n.* Christian clergyman. ખ્રિસ્તી ધર્મોપદેશક.
પાદવું, (બ્રેક વીન્ડ) *vt.* Break wind. વાછૂટ કરવી.
પાદશાહ, (એમ્પરર) *n.* Emperor. સમ્રાટ.
પાદુકા, (વુડન શુ) *n.* Wooden shoe. આખડી; પાવડી.
પાન, (ડ્રીંકીંગ) *n.* Drinking. પીવું તે. Leaf. પાંદડું. **Page.** પૃષ્ઠ. Betal-leaf. નાગરવેલનું પાંદડું.

પાનખર, (ફૉલ) *n*. Fall. જેમાં પાંદડાં ખરે છે તે ઋતુ.
પાની, (હીલ) *n*. Heel. પગનું તળિયું.
પાનું, (લીફ) *n*. Leaf. પાંદડું. Page. પૃષ્ઠ.
પાનો, (એક્સાઇટમેન્ટ) *n*. Excitement, જુસ્સો.
પાપ, -પાચરણ, (સીન) *n*. Sin. ધર્મ વિરૂદ્ધ કૃત્ય.
પાપડ,(વેફર-કેક) *n*. Wafer-cake. એક ખાવાની વાની.
પાપી,-પાત્મા,(સીનફુલ) *a.&n*. Sinful. પાપ કરનારૂં.
પામવું, (ગેટ) *vt*. Get.પ્રાપ્ત કરવું. Know. સમજવું.
પાયજામો, (ટ્રાઉઝર્સ) *n*. Trousers. સુરવાળ.
પાયદળ, (ઈનફંટ્રી) *n*. Infantry. પગપાળું લશ્કર.
પાયમાલી, (રૂઈન) *n*. Ruin. ખુવારી.
પાયો, (ફાઉન્ડેશન) *n*. Foundation. મૂળ.
પારકું, પરાયું, *a*. Not one's own. બીજાનું.
પારખવું, (ટેસ્ટ) *vt*. Test. પરીક્ષા કરવી.
પારણું, (ક્રેડલ) *n*. Cradle. ઘોડિયું.
પારદર્શક, (ટ્રાન્સપરંટ) *a*. Transparent. આરપાર
પારધી, (હંટર) *n*. Hunter. શિકારી. [દેખાય એવું.
પારસી, *n*. Zorostrain. જરથુસ્તને માનનાર.
પારંગત, (વેલ-વર્સ્ટ) *a*. Well-versed. માહિતગાર.
પારિજાત, -ક, (જેસ્મીન) *n*. Jasmine. એક ફૂલ.
પારિતોષિક, (રીવૉર્ડ) *n*. Reward. ઇનામ.
પારિભાષિક, *a.&n*. Technical. પરિભાષા સંબંધી.
પારેવું, -વડું, (પીજીયન) *n*. Pigeon. કબૂતર. [ધાતુ.
પારો, (મરક્યુરી) *n*. Mercury. એક ખનીજ પ્રવાહી
પાર્થિવ, (અર્થલી) *a*. Earthly. પૃથ્વીનું; સંસારી.

પાર્ષદ, (એટેનડંટ) *n.* Attendant. દેવનો સેવક.
પાલક, —નહાર, (પ્રોટેક્ટર) *n.* Protector. રક્ષક.
પાલખી, (પેલેનક્વીન) *n.* Palanquin. સુખપાલ.
પાવડો, (સ્પેડ) *n.* Spade. માટી કે કચરો ઉસરડવાનું કે
પાવતી, (રીસીટ)*n.*Receipt.પહોંચ.[ભરવાનું એક સાધન.
પાવન, —ક, (હોલી) *a.* Holy. પવિત્ર. Pure. શુદ્ધ.
પાવું, *vt.* Give to drink. પિવરાવવું.
પાશ, (નૂઝ) *n.* Noose. ફાંસો, ગાળો.
પાશવ,— વી, (બીસ્ટલી) *a.* Beastly. પશુના જેવું.
પાશ્ચાત્ય, (વેસ્ટર્ન) *a.* Western. પશ્ચિમનું.
પાષાણ, (સ્ટોન) *n.* Stone. પથ્થર.
પાસે, (નીયર) *ad.* Near. નજીક.
પાળ, (એજ) *n.* Edge. ધાર; કિનાર. [કરવું.
પાળવું. (નરીશ) *vt.* Nourish.ઉછેરવું.Protect. રક્ષણ
પાળિયો, (મોન્યુમેન્ટ) *n.* Monument. સ્મરણસ્તંભ.
પાળી, (નાઇફ) *n.* Knife. છરી.Turn. વારો. [બાજુ.
પાંખ,(વીંગ) *n.* Wing.પક્ષીનો ઊડવાનો અવયવ. Side.
પાંગરવું, (બ્લુઝમ) *vt.* Blossom. અંકુર ફૂટવા.
પાંગળું, (લેઈમ) *a.* Lame.પગે અપંગ.Weak.અશક્ત.
પાંજરું, પિંજરું,*n.* Cage. પક્ષીને પૂરી રાખવા બનાવેલું.
પાંડવ, *n.* Son of Pandu.પાંડુનો દીકરો. [સળિયાનું ઘર.
પાંડિત્ય, *n.* Profound scholarship. પંડિતાઇ.
પાંદડું, (લીફ) *n.* Leaf. પર્ણ; પાન.
પાંસળી,—ળું, *n.* Rib. છાતીનું હાડકું.
પિકદાની,(સ્પીટૂન) *n.* Spittoon.થૂકદાની. [વાનું સાધન.

પિચકારી, (સીરીંજ) *n*. Syringe. પાણીની સેડ, તે છોડ-
પિછાણવું, (રેકગનાઇઝ) *vt*. Recognise. ઓળખવું.
પિતા, -તૃ, (ફાધર) *n*. Father. બાપ.
પિતામહ, *n*. Grandfather. દાદા. [મિશ્ર ધાતુ.
પિત્તળ, (બ્રાસ) *n*. Brass. તાંબા અને જસતની
પિત્તો, (ટેમ્પર) *n*. Temper. મિજાજ.
પિનાકપાણી, (શીવ) *n*. Shiva. મહાદેવ.
પિપાસા, (થરર્ટ) *n*. Thirst. તરસ.
પિયર, -ચેર, *n*. Paternal house of a married girl. પરણેલી સ્ત્રીનાં માબાપનું ઘર.
પિયુ, (હઝબંડ) *n*. Husband. પતિ.
પિલાવું, *vt*. Be crushed. પીલાય એમ કરવું.
પિશાચ, (ઘોસ્ટ) *n*. Ghost. ભૂતપ્રેત.
પિસ્તાલ,(રીવૉલ્વર) *n*. Revolver. નાની બંદૂક; તમંચો.
પિંગલ, -ળ, *n*. Treatise on prosody. છંદશાસ્ત્ર.
પીંડ, (બૉલ) *n*. Ball. ગોળો. Body. બદન.
પીગળવું, (મેલ્ટ) *vt*. Melt. ઓગળવું; પ્રવાહી થવું.
પીછેહઠ, (રીટ્રીટ) *n*. Retreat. પાછા હઠવું તે.
પીછો, (ચેઝ) *n*. Chase. કેડો; પૂંઠ. [ભાવ.
પીઠ, (બેક) *n*. Back. વાંસો. Market rate. બજાર-
પીઠું, *n*. Market. બજાર. Liquor shop. દારૂતાડીની
પીડવું, (ઓપ્રેસ) *vt*. Oppress. પીડા કરવી. [દુકાન.
પીડા, -ડ, (પેન) *n*. Pain. દુઃખ. Hindrance. નડતર.
પીઢ, (વેનરૅબલ) *a*. Venerable. મોટી ઉંમરનું; ઠરેલ.
પીત, (બાઇલ) *n*. Bile. પિત્ત. *a*. Yellow. પીળું.

પીપ, (બૅરલ) *n*. Barrel. લાકડાનું નળાકાર વાસણ.
પીપરીમૂળ, -ળીમૂળ, *n*. Root of pepper. ગંઠોડા.
પીયુષ, (નેક્ટર) *n*. Nectar. અમૃત. [મૂકવું.
પીરસવું, *vt*. Serve meals. જમવા માટે ભાણામાં
પીવું, (ડ્રીંક) *vt*. Drink. પ્રવાહી પેટમાં લેવું.
પીસવું, (ક્રશ) *vt*. Crush. કચરવું; દબાવવું.
પીળું, (યેલો) *a*. Yellow. પીત; હળદરના રંગનું.
પીંખવું,(સ્કૅટર)*vt*. Scatter. વિખેરી નાખવું; ચૂંટી નાંખવું.
પીંછું, -પીછું, -છ, (ફેધર) *n*. Feather.
પીંજવું, (કાર્ડ) *vt*. Card. રૂના રેસા જુદા પાડવા.
પીંઢારો, (રૉબર) *n*. Robber. લુંટારો.
પુખ્ત, (મેચ્યોર) *a*. Mature. પાકટ. Ripe. પાકેલ.
પુછાવવું, *vt*. Inquire of. તપાસ કરવી.
પુણ્યદાન, (ચૅરીટી) *n*. Charity. ધર્મદાન.
પુણ્યવાન, -શાળી, (રીલીજ્યસ) *a*. Religious. ધર્મિષ્ટ.
પુત્ર, (સન) *n*. Son. દીકરો.
પુત્રવધૂ, *n*. Son's wife. પુત્રની પત્ની.
પુત્રી, (ડૉટર) *n*. Daughter. દીકરી.
પુનરાવર્તન, -ર્ત્તિ,-રૂક્તિ, *n*. Repetition. એકની એક
પુનરૂદ્ધાર, *n*. Rebuilding. જીર્ણોદ્ધાર. [વાત ફરી કરવી તે.
પુનર્જન્મ, (રીબર્થ) *n*. Rebirth. નવો જન્મ.
પુનિત, (હોલી) *a*. Holy. પવિત્ર.
પુરવાર, *a*. Established by evidence. સાબિત.
પુરસ્કાર, -કરણ, (રીવૉર્ડ) *n*. Reward. ઈનામ; બદલો.
પુરંદર, (ઈંદ્ર) *n*. Indra. ઈંદ્ર.

પુરાણું,-તન, (એન્શંટ) *a.* Ancient. પ્રાચિન.
પુરાવું, *vt.* Get interned. પુરાવાય એમ કરવું.
પુરાવો, (એવીડંસ) *n.* Evidence. સાબિતી.
પુરાંત, (બેલંસ) *n.* Balance. હાથ પર રોકડ રકમ.
પુરી, (સીટી) *n.* City. નગર,-રી.
પુરુષ,-ખ, (મેલ) *n.* Male. નર. Man. મરદ.
પુરુષત્વ,-ષાતન, (મૅનલીનેસ) *n.* Manliness. મરદાઈ.
પુલ, (બ્રીજ) *n.* Bridge. સેતુ.
પુલકિત, (થ્રીલ્ડ) *a.* Thrilled. રોમાંચિત.
પુષ્કળ, (મચ) *a.* Much. ખૂબ; બસ.
પુષ્ટ, (ફેટ) *n.* Fat. જાડું. Nourished. પોષાયેલું.
પુષ્ટિ, (નરીશીંગ) *n.* Nourishing. પોષણ. Support.
પુષ્પ, (ફ્લાવર) *n.* Flower. ફૂલ. [સમર્થન; ઉત્તેજન.
પુષ્પધન્વા, (કયુપીડ) *n.* Cupid. કામદેવ.
પુસ્તક, પોથી, (બુક) *n.* Book. ચોપડી; ગ્રંથ.
પુસ્તકાલય, (લાયબ્રેરી) *n.* Library. ગ્રંથાલય.
પુસ્તો, (ડૉક) *n.* Dock. ડક્કો.
પુલિંગ,-લ્લિંગ, *n.* Masculine gender. નરજાતિ.
પૂંછ,-છું, (ટેઇલ) *n.* Tail. પુચ્છ.
પૂછવું, (કવેશ્ચન) *n.* Question. સવાલ કરવો.
પૂજવું, (વર્શિપ) *vt.* Worship. પૂજા કરવી; ભજવું.
પૂજા,-જન, *n.* Worship. આરાધના; ઉપાસના.
પૂજાવું, *vt.* Be worshipped. પૂજે એમ કરવું. [વડીલ.
પૂજ્ય, *a.* Venerable. પૂજનીય. *n.* Elderly person.
પૂંઠું, (કવર) *n.* Cover. ચોપડીનું ઢાંકણ.

પૂતળું, *n.* Toy. રમકડું. Image. મૂર્તિ. [વાની તિથિ.
પૂનમ, -ર્ણિમા, *n.* Full-moon day. પૂર્ણ ચંદ્ર ઊગ-
પૂર, (ફ્લડ) *n.* Flood. નવા પાણીનું જોસબંધ આવવું તે.
પૂરતું, (ઇનફ) *a.* Enough. જોઇએ તેટલું.
પૂરવું, (ફીલ અપ) *vt.* Fill up. ભરવું. Inter. ગોંધવું.
પૂરું, -ર્ણ, (કંપલીટ) *a.* Complete; whole. આખું.
પૂર્ણાહુતિ, (કંપલીશન) *n.* Completion. સમાપ્તિ.
પૂર્તિ, પુરવણી, (એડીશન) *n.* Addition. વધારો.
પૂર્વ, *a.* Eastern. ઊગમણું; પૂર્વ દિશાનું. Previous.
પૂર્વજ, *n.* Ancestor. વડવો; પિતૃ. [આગલું.
પૂર્વવત, *ad.* As before. પહેલાંની જેમ.
પૂર્વાર્ધ, *a.* First half. આગલો અડધો ભાગ.
પૂળો, *n.* Bundle of grass. ઘાસનું મોટું પુળિયું.
પૂંછ, -ડું, -ડી, (ટેલ) *n.* Tail. પૂંછડું.
પૂંજી, (કેપીટલ) *n.* Capital. મૂડી.
પૃચ્છા, (ઇંકવાયરી) *n.* Inquiry. તપાસ; પ્રશ્ન.
પૃથક, (સેપરેટ) *ad.* Seperate. અલગ; છૂટું. [પાડવાં તે.
પૃથકકરણ, (એનેલીસીસ) *n.* Analysis. ઘટક તત્વો છૂટાં
પૃથ્વી, (અર્થ) *n.* Earth. પૃથ્વી. Metre. એક છંદ.
પૃષ્ઠ, *n.* Back. પીઠ; વાંસો. Page. પાનું.
પેખવું, (સી) *vt.* See. જોવું.
પેચ, (ટવીસ્ટ) *n.* Twist. આંટો; વળ. Screw. સ્ક્રૂ.
પેટ, (સ્ટમક) *n.* Stomach. જઠર.
પેટવવું, -ટાવવું, (કીન્ડલ) *vt.* Kindle. સળગાવવું.
પેટાકલમ, *n.* Sub-section. કલમની અંદર ઉપકલમ.

પેટાનિયમ, (બાય-લૉ) *n*. Bye-law. ગૌણ નિયમ.
પેટી, (ટ્રંક) *n*. Trunk. વસ્તુ મૂકવા માટેની બનાવટ.
પેટે, *ad*. In place of; for. સાટે; બદલામાં.
પેડું,-ડું, *n*. Lower part of the belly. ડુંટીની નીચેનો પેટનો ભાગ.
પેઢી, *n*. Mercantile firm. વેપારીની કોઠી.
પેઢું, (ગમ) *n*. Gum. અવાળું.
પેદાશ, પાક, (પ્રોડ્યુસ) *n*. Produce. ઉત્પન્ન; ઉપજ.
પેન,-સીલ,-ન્સિલ. *n*. Led-pencil. સીસાપેન.
પેય, પીણું. *n*. & *a*. Drink. પીવાની વસ્તુ
પોરો. (જર્મ) *n*. Germ. પાણીનો એક બારીક જીવ.
પોલાણ, *n*. Hollowness. પોલો ભાગ.
પોલાદ, (સ્ટીલ) *n*. Steel. ગજવેલ.
પેરવી,(પ્રેપરેશન) *n*. Preparation. તજવીજ; ગોઠવણ.
પેલું. *prn*. & *a*. That. સામે આંગળીથી બતાવેલું.
પેશાબ, (યુરીન) *n*. Urine. મૂતર.
પેશાબખાનું, *n*. Urinal. મૂતરડી.
પેશવા,-વા, *n*. Chief minister. મુખ્ય પ્રધાન.
પેસવું, (એન્ટર) *vt*. Enter. દાખલ થવું.
પેસાડવું, (થ્રસ્ટ) *vt*. Thrust. અંદર દાખલ કરવું.
પેંગડું, (સ્ટીરપ) *n*. Stirrup. ઘોડેસ્વાર જેમાં પગ મૂકે છે તે કડું.
પૈકી, *int*. Out of. માંથી. Of. માંનું.
પૈડું, (વ્હીલ) *n*. Wheel. ચક્ર; ચાક.
પૈસાદાર, (વૅલ્થી) *a*. Wealthy. ધનવાન. દોલત.
પૈસો, (પાઇસ) *n*. Pice.આનાનો ચોથો ભાગ. Money.

પોક, *n.* Loud cry of sorrow. બૂમ પાડીને રડવું તે.
પોકાર, (ક્રાય) *n.* Cry. બૂમ. Complaint. ફરિયાદ.
પોખરાજ,(ટોપૅઝ) *n.* Topaz. પીળા રંગનું એક રત્ન.
પોગળ, (ફૉલ્સીટી) *n.* Falsity. ખોપાળુ.
પોચું, (સૉફ્ટ) *a.* Soft. નરમ. Weak. નબળું
પોઢવું, (સ્લીપ) *vt.* Sleep. સૂવું.
પોત, (ટેક્ચર) *n.* Texture. વણાટ.
પોતે, (સેલ્ફ)*prn.* Self.જાતે. *ad.* Personally. પંડે.
પોપચું,(આયલીડ)*n.*Eyelid.આંખનું પાપણવાળું ઢાંકણ.
પોપટ. (પેરટ) *n.* Parrot. શુક; લીલા રંગનું એક પક્ષી.
પોલીસ, (સીપોય) *n.* Sepoy. સીપાઈ.
પોલું, (હૉલો) *a.* Hollow. પોલાણવાળું; ખાલી.
પોષવું. *vt.* Nourish. ખવરાવી પીવડાવી જતન કરવું.
પોળ, (સ્ટ્રીટ) *n.* Street. શેરી.
પૌત્ર, (ગ્રાંડ-સન) *n.* Grand-son. પુત્રનો પુત્ર. [પુત્રી.
પૌત્રી, (ગ્રાન્ડ-ડૉટર) *n.* Grand-daughter. પુત્રની
પૌષ્ટિક, (નટ્રીટીવ) *a.* Nutritive. પુષ્ટિ આપનારૂં.
પ્યારૂં, (ડીયર) *a.* Dear. વહાલું.
પ્યાલું, -લો, -લી, (કપ) *n.* Cup. પાણી પીવાનું વાસણ.
પ્રકટ, -ગટ,(ઓપન)*a.&ad.*Open.ખુલ્લું.Public.જાહેર.
પ્રકરણ,(ચેપ્ટર) *n.* Chapter.વિભાગ. Subject. વિષય.
પ્રકાર, (મેનર) *n.* Manner. રીત. Difference. ભેદ.
પ્રકાશ, *n.* Light. અજવાળું. Celebrity. પ્રસિદ્ધિ.
પ્રકૃતિ, (નેચર) *n.* Nature. કુદરત. Temper. સ્વભાવ.
પ્રખર, (વેહીમેંટ) *a.* Vehement. ઉગ્ર; તીક્ષ્ણ.

પ્રખ્યાત, (ફેમસ) *a.* Famous. જગજાહેર.
પ્રગટાવું, *vt.* Be lighted. સળગવું. Be born. જન્મવું.
પ્રગટાવવું.-જાળવું. (લાઇટ) *vt.* Light. સળગાવવું.
પ્રગતિ, (પ્રોગ્રેસ) *n.*Progress. ઉન્નતિ; આગળ વધવું તે.
પ્રગતિશીલ, *a.* Progressive. પ્રગતિ કરતું.
પ્રચલિત,(પ્રીવેલંટ) *a.* Prevalent. ચાલુ;ચાલતું આવેલું.
પ્રચંડ, *a.* Powerful. કદાવર. Terrible. ભયંકર.
પ્રજા, (પીપલ) *n.* People. લોકો. Nation. જનતા.
પ્રજાસત્તાક, (ડેમોક્રેટીક) *a.* Democratic. પ્રજાના વહિ-
પ્રણય, (એસ્પાઉઝીંગ) *n.* Espousing. પ્રેમ. [વટવાળું.
પ્રણયી, (હઝબંડ) *n.* Husband. પતિ; આશક.
પ્રણામ, (સેલ્યુટેશન) *n.* Salutation. નમસ્કાર.
પ્રણાલી, -લિકા, -થા, (કસ્ટમ) *n.* Custom. રૂઢિ;પદ્ધતિ.
પ્રત, (કૉપી) *n.* Copy. ગ્રંથની નકલ.
પ્રતિકૂલ, -ળ, (એડવર્સ) *a.* Adverse. ઉલટું; વિરૂદ્ધ.
પ્રતિજ્ઞા, (રેઝોલ્યુશન) *n.* Resolution. નિશ્ચય.
પ્રતિનિધિ, (રીપ્રેઝંટેટીવ) *n.* Representative. ને બદલે,-ના તરફથી કામ કરવા નિયુક્ત કરેલો માણસ.
પ્રતિબંધ, (ઓબ્જેક્શન) *n.* Objection. વાંધો; રૂકાવટ.
પ્રતિબિંબ, (શેડો) *n.* Shadow. પડછાયો.
પ્રતિભા, (લસ્ટર) *n.* Lustre. તેજ; શક્તિ.
પ્રતિમા, (ઇમેજ) *n.* Image. મૂર્તિ.
પ્રતિવર્ષ, *ad.* Every year. દર વરસે.
પ્રયાસ, (એફર્ટ) *n.* Effort. પ્રયાસ; કોશિશ.
પ્રયાણ,-સ્થાન, (ડીપાર્ચર) *n.* Deparature. જવું તે.

પ્રયાસ, (લેબર) *n.* Labour. મહેનત; કોશિશ.
પ્રયોગ, (એક્ષપેરીમેન્ટ) *n.* Experiment. અખતરો.
પ્રયોજન, (ઓબજેક્ટ) *n.* Object. હેતુ; સબબ.
પ્રતિવાદી. *n.* Defendant. દાવામાં બચાવપક્ષનો માણસ.
પ્રતિષ્ઠા, *n.* Reputation. આબરૂ; કિર્તિ.
પ્રતિષ્ઠિત. (સેલીબ્રેટેડ) *a.* Celebrated. પ્રતિષ્ઠાવાળું.
પ્રતિસ્પર્ધી, (રાઇવલ) *n.* Rival. હરિફ.
પ્રતીક, (ઇમેજ) *n.* Image. મૂર્તિ. Symbol. નિશાન.
પ્રત્યક્ષ. (ઓપન) *a.* Open. ખુલ્લું. Clear. સ્પષ્ટ.
પ્રત્યાઘાત, (રીએકશન) *n.* Reaction. સામો આઘાત.
પ્રત્યે, -તિ, (ટોવાર્ડઝ) *ad.* Toward. તરફ.
પ્રત્યેક, (ઈચ) *a.* Each. હરેક.
પ્રદર, (લ્યુકોરીઆ) *n.* Leucorrhea. સ્ત્રીઓનો એક રોગ.
પ્રદર્શન, (એકઝીબીશન) *n.* Exhibition. હુન્નર, વિદ્યા, કળા વગેરેનાં દૃષ્યોને જાહેરમાં મૂકવાની પ્રાસંગિક ક્રિયા.
પ્રદેશ, (રીજીયન) *n.* Region. દેશ; મુલક.
પ્રધાન, (ચીફ) *a.* Chief. મુખ્ય. *n.* Premier. મુખ્ય કારભારી.
પ્રપંચ, (ડીસીટ) *n.* Deceit. છળકપટ.
પ્રફુલ્લ, -લ્લિત, (ફુલ બ્લોન) *a.* Full blown. ખીલેલું.
પ્રબલ, -ળ, (પાવરફુલ) *a.* Powerful. બળવાન.
પ્રભાત, પ્રાતઃકાળ, (મોર્નીંગ) *n.* Morning. સવાર.
પ્રભાવ,-તાપ, (પાવર) *n.* Power. શક્તિ. Awe. રૂઆબ.
પ્રભુ, (ગૉડ) *n.* God. પરમેશ્વર.
પ્રભુતા, (ગ્રેટનેસ) *n.* Greatness. મહત્તા; ગૌરવ.
પ્રમદા, (વુમન) *n.* Woman. જુવાન અને સુંદર સ્ત્રી.

પ્રમાણશાસ્ત્ર, (લૉજીક) *n.* Logic. ન્યાયશાસ્ત્ર. [સાચું.
પ્રમાણિક, પ્રામાણિક,(ઓનેસ્ટ) *a.* Honest. ઈમાનદાર;
પ્રમુખ, (પ્રેસીડેંટ) *n.* President. સભાપતિ; અધ્યક્ષ.
પ્રવાસ, (જર્ની) *n.* Journey. મુસાફરી.
પ્રવાસી, (ટ્રાવેલર) *n.* Traveller. મુસાફર.
પ્રવાહ, (કરંટ) *n.* Current. વહેણ.
પ્રવાહી, (લીક્વીડ) *a.&n.* Liquid. રેલો ચાલે એવું.
પ્રવીણ, (એક્ષપર્ટ) *a.* Expert. કુશળ.
પ્રવૃત્તિ, (એકટીવીટી) *n.* Activity. ઉદ્યોગ; વ્યવસાય.
પ્રવેશ, (એન્ટ્રન્સ) *n.* Entrance. દાખલ થવું તે.
પ્રશંશનીય, (કામેન્ડેબલ) *a.* Commendable. વખાણવા
પ્રશંશા,–સસ્તિ, (પ્રેઈઝ) *n.* Praise. વખાણ. [યોગ્ય.
પ્રશ્ન, (ક્વેશ્ચન) *n.* Question. સવાલ.
પ્રશ્નપત્ર, *n.* Question paper. સવાલપત્રક.
પ્રશ્નાર્થ, (ઇંટરોગેટીવ) *a.* Interrogative. પ્રશ્નવાચક.
પ્રસન્ન, Pleased with. ખુશ; આનંદી. *a.* Content.
પ્રસવ, (બર્થ) *n.* Birth. જન્મ. [સંતુષ્ટ.
પ્રસંગ, (ઓકેઝન) *n.* Occasion. અવસર.
પ્રસાદ,–દી, (ફેવર) *n.* Favour. મહેરબાની; પરસાદ.
પ્રસૂતિ, (ડીલીવરી) *n.* Delivery. સુવાવડ.
પ્રસૂતિગૃહ, *n.* Maternity home. સુવાવડખાનું.
પ્રસૂતિશાસ્ત્ર, *n.* Obstetrics. સુવાવડનું શાસ્ત્ર.
પ્રસ્તાવના, પૂર્વાલાપ, *n.* Introduction. ઉપોદ્ઘાત.
પ્રસ્વેદ, (પરસ્પીરેશન) *n.* Perspiration. પરસેવો.
પ્રહાર, (બ્લો) *n.* Blow. આઘાત.

પ્રાચીન, (એનશંટ) *a*. Ancient. જુનું.
પ્રાણ, (લાઈફ) *n*. Life. જીવ. Aspiration. શ્વાસ.
પ્રાણઘાતક,–હારક,–હારી, *a*. Destructive to life.
પ્રાણવાયુ,(ઓક્સીજન) *n*. Oxygen. એક વાયુ [જીવલેણ.
પ્રાણાયામ, *n*. Kind of breathing system. શ્વાસો-
પ્રાણાંત, (ડેથ) *n*. Death. મૃત્યુ. [શ્વાસની એક ક્રિયા.
પ્રાણી, *n*. Living creature. જીવ. Animal. જાનવર.
પ્રાથમિક, (પ્રાઈમરી) *a*. Primary. આરંભનું.
પ્રાપ્તિ, (ગેન) *n*. Gain. લાભ.
પ્રાયશ્ચિત, (એટોનમેન્ટ) *n*. Atonement. પાપના નિવા-
પ્રાયઃ, *ad*. Mostly. મોટે ભાગે. [રણ માટેનું તપ.
પ્રારબ્ધ, (લક) *n*. Luck. નસીબ.
પ્રારંભ, *n*. Beginning. શરૂઆત.
પ્રાર્થના, (પ્રેયર) *n*. Prayer. ઈશ્વરસ્તુતિ; અરજ.
પ્રાસાદ, (પેલેસ) *n*. Palace. મહેલ.
પ્રાંત, (પ્રોવીન્સ) *n*. Province. દેશનો મોટો વિભાગ.
પ્રિય, (ડીયર) *a*. Dear. વહાલું. *n*. Husband. પતિ.
પ્રિયા,–યતમા,–પ્રેયસી. *n*. Wife. પત્ની; કાંતા.
પ્રીત,–તિ, પ્રેમ, પ્યાર. (લવ) *n*. Love.
પ્રેક્ષક, (સ્પેક્ટેટર) *n*. Spectator. જોનારો. [સમુદાય.
પ્રેક્ષકવર્ગ, (ઓડીયંસ) *n*. Audience. જોનારાઓનો
પ્રેત, (ઘોસ્ટ) *n*. Ghost. પિશાચ. [આશક.
પ્રેમી, (એમોરસ) *a*. Amorous. પ્રેમ કરનારું. *n*. Lover.
પ્રેરક, *a*. Stimulating. ગતિ કે ઉત્તેજન કરનારું.
પ્રેરણા, (ઇન્સ્પીરેશન) *n*. Inspiration. પ્રોત્સાહન.

પ્રોત્સાહન, (સ્ટીમ્યુલસ) *n.* Stimulus. ખૂબ ઉત્સાહ.
પ્રૌઢ, *a.* Full-grown. પુખ્ત; આધેડ.

ફ

ફ, The second consonant of the labial class.
ફઇ,–બા, *n.* Aunt. બાપની બહેન.[બીજો ઓષ્ઠ્ય વ્યંજન.
ફક્ત, (ઓન્લી) *conj*. Only. કેવળ; માત્ર.
ફકરો, (પેરેગ્રાફ) *n.* Paragraph. કંડિકા. [વૈરાગી.
ફકીર, (મેન્ડીકંટ) *n.* Mendicant. ત્યાગી; મુસલમાન
ફક્કડ, (ફૉપીશ) *a.* Foppish. વરણાગિયું; છેલ.
ફગાવવું, –ગોટવું,(થ્રો અવે) *vt.* Throw away. ઉલેટવું.
ફજેત, (ડીસ્ગ્રેસ્ડ) *a.* Disgraced. બદનામ.
ફજેતી,–તો, (ઈનફેમી) *n.* Infamy. બદનામી.[ઉદ્ગાર.
ફટ, *n.* Expression showing contempt. તિરસ્કારનો
ફટકડી, (એલમ) *n.* Alum. એક જાતનો ક્ષાર.
ફટકારવું,–વું, (સ્ટ્રાઈક) *vt.* Strike. મારવું.
ફટકો, (સ્ટ્રોક) *n.* Stroke. ચાબૂક કે સોટીનો પ્રહાર.
ફટવવું,–ટાવવું,–ડવું, *vt.* Give undue liberty to. વધારે પડતી છૂટ આપી બહેકાવવું.
ફટાકડો,–કિયો,–કો, *n.* Cracker. ટેટો; દારૂખાનું.
ફડચો, (સેટલમેંટ) *n.* Settlement. તોડ; નિકાલ.
ફઠાફડ,(સક્સેસીવલી) *ad.* Successively. ઉપરાઉપરી.
ફડિયો, *n.* Grain-vendor. કણિયો.

ફણગો, (સ્પ્રાઉટ) *n.* Sprout. અંકૂર.
ફણસ, (ફ્રુટ) *n.* Fruit. એક ફળ.
ફતેહ, -મંદી, (સકસેસ) *n.* Success. જીત; વિજય.
ફતેહમંદ, (સકસેસફુલ) *a.* Successful. વિજયી.
ફના, (રૂઈન્ડ) *a.* Ruined. પાયમાલ.
ફરકવું, (થ્રોબ) *vt.* Throb. ધડકવું. Move. ખસવું; ઘુજવું.
ફરજ, (ડયુટી) *n.* Duty. કર્તવ્ય. [કરવું પડે એવું.
ફરજિયાત, (કંપલસરી) *a.* Compulsory. ફરજ તરીકે
ફરફરવું, -ગફગવું. (ફ્લટર) *vt.* Flutter. પવનમાં
ફરમાન, (કમાન્ડ) *n.* Command. હુકમ. [ઊડવું; ફરકવું.
ફરમાવવું, (ઑર્ડર) *vt.* Order. હુકમ કરવો.
ફરવું, (ટર્ન) *vt.* Turn. આમતેમ કે ગોળગોળ ફરવું.
ફરસબંધી, *n.* Pavement. પથ્થર પર બેસાડેલી જમીન.
ફરાળ, *n.* Repast for a fasting day. ઉપવાસનો ખાસ ખોરાક. [સામેનો પોકાર. Petition. અરજી.
ફરિયાદ, (કંપલેઇન્ટ) *n.* Complaint. જુલમ કે અન્યાય
ફરિયાદી, *n.* Compainant. ફરિયાદ કરનારો; વાદી.
ફરી, -થી, (અગેન) *ad.* Again. પુનઃ; બીજી વાર.
ફરેબ, ફંદો, (ફ્રૉડ) *n* Fraud. દગો; કપટ. [પરિણામ.
ફલ, -ળ, (ફ્રુટ) *n.* Fruit. વનસ્પતિનું ફળ. Result.
ફલંગ, (જંપ) *n.* Jump. કૂદકો; ફાળ.
ફલાણું, (સર્ટન) *a.* Certain. અમુક.
ફસલ, (સીઝન) *n.* Season. મોસમ. Harvest. પાક.
ફસાવવું. (મીસલીડ) *vt.* Mislead. સપડાવવું; ઠગવું.
ફળદ્રુપ, (ફરટાઈલ) *a.* Fertile. રસાળ.

ફળવું, *vt.* Bear fruit. ફળ આવવાં.
ફંગોળવું,(રોટેટ) *vt.* Rotate.ઘુમાવવું. Throw. ફેંકવું.
ફંટાવું,(ડાઇગ્રેસ)*vt.* Digress.દિશા બદલવી; ફાંટા પાડવા.
ફાકી, *n.* Medicinal powder. દવાનું ચૂર્ણ.
ફાટફૂટ, *n.* General disunion. વિરોધ; કુસંપ.
ફાટવું, (બર્સ્ટ) *vt.* Burst. તૂટવું.
ફાડવું, (ટૅર) *vt.* Tear. ચીરવું.
ફાનસ, (લેંપ) *n.* Lamp. બત્તી; દીવો.
ફાની, (પેરીશેબલ) *a.* Perishable. નાશવંત.
ફાયદો, (એડવાન્ટેજ) *n.* Advantage. લાભ.
ફાયદાકારક, –કારી, *a.* Advantageous. લાભદાયી.
ફાવવું, *vt.* Be successful. સફળ થવું; અનુકૂળ આવવું.
ફાંકડું, (નાઇસ) *a.* Nice. સુંદર. Foppish. ફક્કડ.
ફાંકો, (કૉન્સીટ) *n.* Conceit. ગર્વ; અભિમાન.
ફાંટો, (બ્રાંચ) *n.* Branch. શાખા; ડાળ.
ફાંફાં, *n.* Vain efforts. વલખાં; મિથ્યા પ્રયત્ન.
ફાંસી, (ગૅલોઝ) *n.* Gallows. ફાંસો દઇ મારી નાખવાની [શિક્ષા.
ફિકર, –મંદી, (કૅર) *n.* Care.કાળજી; ચિંતા
ફિક્કું,ફીકું,–સું, (પેલ) *a.* Pale.નિસ્તેજ. Dull. નિરસ.
ફિક્કાશ, *n.* Paleness. નીરસતા; ફિક્કાપણું.
ફિટકાર, (કંટેમ્પ્ટ) *n.* Contempt. ધિક્કાર; અનાદર.
ફિતૂરી, (મ્યુટીનસ) *a.* Mutinous. બળવાખોર.
ફિલસૂફ, (ફીલોસોફર) *n.* Philosopher. તત્વજ્ઞાની.
ફિલસૂફી. (ફીલોસોફી) *n.* Philosophy. તત્વજ્ઞાન.
ફી, (ફી) *n.* Fee. લવાજમ; મહેનતાણું.

ફીણ, (ફોમ) *n.* Foam. પ્રવાહી પર થતો ધોળો પદાર્થ.
ફીણવું, *vt.* Crush with hand.પ્રવાહીને ખૂબ રગદોળવું.
ફુઓ, *n.* Husband of the aunt. ફઈનો વર.
ફુરસદ, (લીઝર) *n.* Leisure. નવરાશ.
ફુલાવવું, (સ્વેલ) *vt.* Swell. ઉપસાવવું. [કરવી.
ફુલાવું, *vt.* Be swelled. ઉપસવું. Be proud. પતરાજી
ફુવારો, (ફાઉન્ટન) *n.* Fountain. પાણી ઊડતું પડે તેવી રચના. Spring. ઝરો.
ફૂટ, *n.* Measure of twelve inches. બાર ઇંચનું માપ. Breakage. ભંગાણ. Disunion. કુસંપ.
ફૂટવું, (શુટ) *vt.* Shoot. ઊગવું. Break. તૂટવું.
ફૂલ, (ફ્લાવર) *n.* Flower. પુષ્પ.
ફૂલદાન, *n.* Flower-vase. ફૂલ મૂકવાનું પાત્ર
ફૂલવું, (બ્લુમ) *vt.* Bloom. ખીલવું. Swell. ઉપસવું.
ફુંકવું, (બ્લો) *vt.* Blow. ફૂંક મારવી.
ફેડવું, *vt.* Remove. દૂર કરવું. Clear away. મટાડવું.
ફેણ, *n.* Expanded hood of a serpent. ફેણા.
ફેફસું,(લંગ) *n.* Lung. શરીરનું હવા લેવા કાઢવાનું અંગ.
ફેર, (ડીફરંસ) *n.* Difference. તફાવત. Dizziness. તમ્મર. *ad.* Again. ફરીથી. [tion. સુધારો.
ફેરફાર, (વેરીએશન) *n.* Variation. તફાવત. Altera-
ફેરબદલી, –લો, (ટ્રાન્સફર) *n.* Transfer. અરસપરસ
ફેરવવું, (ચેન્જ) *vt.* Change. બદલવું. [ફેરફાર.
ફેરિયો, (વેન્ડોર) *n.* Vendor. ફેરી કરનાર.
ફેલાવ, –વો, (એક્સપાન્શન) *n.* Expansion. વિસ્તા.

ફેંકવું, (થ્રો) *vt.* Throw. નાખવું.
ફોઈ,–બા, (આન્ટ) *n.* Aunt. બાપની બહેન.
ફોકટ,–ગટ, (ઇન વેન) *ad.* In vain. નકામું; વ્યર્થ.
ફોજ, (આર્મી) *n.* Army. લશ્કર; સેના. [દાર.
ફોજદાર, *n.* Inspector of police. એક પોલીસ અમલ-
ફોજદારી, *a.* Criminal. શિક્ષાપાત્ર; ગુના સંબંધી.
ફોલવું, (પીલ) *vt.* Peel. છોડાં વગેરે કાઢી ચોખ્ખું કરવું.
ફોસલાવું, *vt.* Be cheated. છેતરાવું.
ફોસલાવવું, *vt.* Cheat. છેતરવું.

બ

બ, Third consonant of the labial class. ત્રીજો
બક, –ગ,–ગલું, (ક્રેન) *n.* Crane. બગલો. [ઓષ્ઠ્ય વ્યંજન.
બકરી, (શી-ગોટ) *n.* She-goat. બકરાની માદા.:
બકરો, (ગોટ) *n.* Goat. બકરીનો નર.
બકવા,–ટ,–દ, (પ્રેટલીંગ) *n.* Prattling. લવારો.
બકવું, (પ્રેટલ) *vt.* Prattle. લવારો કરવો.
બકારી, (બેલ્ચીંગ) *n.* Belching. ઊબકો; ઓડકાર.
બક્ષવું, (બીસ્ટો) *n.* Bestow. ભેટ તરીકે આપવું.
બક્ષિશ,–સ, (પ્રેઝંટ) *n.* Present. ભેટ.
બખતર,–ખ્તર, (આર્મર) *n.* Armour. લોઢાનો પોશાક.
બખેડો, (ક્વેરલ) *n.* Quarrel. ટંટો; ઝઘડો.
બખોલ, (હોલ) *n.* Hole. કાણું; બાકું. [ભ્રષ્ટ થવું.
બગડવું, *vt.* Be spoiled. ખરાબ થવું. Be corrupted.

બગલ, (આર્મપીટ) *n.* Armpit. ખભા તળેનો ભાગ.
બગાડ,–ડો (વેસ્ટેજ) *n.* Wastage. ખરાબી; નુકસાન.
બગાડવું, (સ્પોઈલ) *vt.* Spoil. ખરાબ કરવું.
બગીચો, બાગ, (ગાર્ડન) *n.* Garden. ફૂલવાડી.
બચત, (સેવીંગ્ઝ) *a.* & *n.* Savings બચેલું; વધેલું.
બચવું, *vt.* Be saved. ઊગરવું.
બચાવ, (પ્રોટેકશન) *n.* Protection. સંરક્ષણ.
બચી,–ચ્ચી, (કીસ) *n.* Kiss. ચુંબન.
બચ્ચું, (ચાઈલ્ડ) *n.* Child. બાળક.
બજવણી,–જાવણી, *n.* Execution of an order. અમલમાં મૂકવું–મુકાવું તે.
બજવું, *vt.* Be executed. અમલમાં આવવું. Be rung. વાગવું.
બજાર, (માર્કેટ) *n.* Market. ચૌટું;હાટ. Rate. ભાવ.
બટાકો,–ટો, (પોટેટો) *n.* Potato. એક કંદ.
બટુક,(બોય) *n.*Boy.છોકરો.Dwarfish fellow.વામનજી.
બટ્ટો, (સ્ટીગમા) *n.* Stigma. ડાઘ; લાંછન.
બડબડવું, (ગ્રમ્બલ) *vt.* Grumble. બડબડાટ કરવો.
બડબડાટ, *n.* Grumbling. બડબડવું તે.
બડાઈ, (બોસ્ટ) *n.* Boast.મગરૂરી. Greatness.મોટાઇ.
બણબણવું,(બઝ) *vt.* Buzz.બણબણાટ કરવો(માખોનો).
બતક, (ડક) *n.* Duck. એક જળચર.
બતાડવું,–વવું, (શો) *vt.* Show. દેખાડવું.
બત્તી, (વીક) *n.* Wick.દીવેટ.Lamp. દીવો.
બદકામ,–ચલન,–ચાલ, (ડીબૉચરી) *n.* Debauchery. વ્યભિચાર.
બદ,–બોઈ, (સ્લેન્ડર) *n.* Slander. નિંદા; કુથલી.

બદદાનત, (ડીઑનેસ્ટી) *n.* Dishonesty. અપ્રમાણિકતા.
બદનક્ષી, –નામી, (ડેફેમેશન) *n.* Defamation. નામોશી.
બદનામ, (ડીસ્ગ્રેસ્ડ) *a.* & *n.* Disgraced. બદનામી
બદન, *n.* Body. શરીર. Shirt. પહેરણ. [પામેલું.
બદમાશ, –સ, (રાસ્કલ) *a.*&*n.* Rascal. દુરાચારી.
બદલવું, (ચેન્જ) *vt.* & *n.* Change. ફેરફાર કરવો.
બદશિકલ, –સિકલ, –સૂરત, (અગ્લી) *a.* Ugly. કદરૂપું.
બદહજમી, (ઈનડાઈજેશન) *n.* Indigestion. અજીર્ણ.
બદામ, (આલ્મોંડ) *n.* Almond. એક સૂકો મેવો.
બદ્ધ,(ફેસન્ડ) *a.* Fastened બાંધેલું; બંધાયેલું. [હોવો.
બનવું,(હૅપન) *vt.* Happen. થવું Harmonize. મેળ
બનાવ, (ઇવેન્ટ) *n.* Event. ઘટના. Incident. પ્રસંગ.
બનાવટી, (આર્ટીફીશ્યલ) *a.* Artificial. કૃત્રિમ.
બપોર, (નૂન) *n.* Noon. મધ્યાહ્ન. [કરવો.
બબડવું,– ડબડવું, (ગ્રમ્બલ) *vt.* Grumble. બડબડાટ
બબૂચક, (ફુલ) *a.* Fool. મૂર્ખ.
બયાન, બ્યાન, (નેરેશન) *n.* Narration. વર્ણન.
બરકત, (બેનીફીટ) *n.* Benefit. ફાયદો; લાભ.
બરખાસ્ત, (ડીઝાલ્વડ) *a.* Dissolved. વિખરાયેલું.
બરછટ, –હટ, (રફ) *a.* Rough. કઠણ અને ખરબચડું.
બરછી, (જેવેલીન) *n.* Javelin. ભાલા જેવું એક હથિયાર.
બરડ, (બ્રીટલ) *a.* Brittle. ઝટ ભાંગી જાય તેવું.
બરડો, (બૅક) *n.* Back. પીઠ; વાંસો.
બરણી, (જાર) *n.* Jar. એક જાતનું પાત્ર.
બરફ, (આઈસ) *n.* Ice. જામી ગયેલું પાણી.

બરબાદી, (ડીસ્ટ્રક્શન) *n.* Destruction. પાયમાલી.
બરાબર,–રોબર, *n.* & *ad.* Equal. સરખું. Alike. સમાન. Exact. જોઈએ તેવું. Fit. યોગ્ય. [વડિયું.
બરાબરિયું,–રોબરિયું, *a.* & *n.* Equal; match. સમો-
બલ,–ળ, (પાવર) *n.* Power. શક્તિ. Strength. જોર.
બલકે,–લ્કે, (ઈવન) *ad.* Even. એટલું જ નહિ પણ.
બલવંત,–વાન, (પાવરફુલ) *a.* Powerful. મજબૂત.
બલાત્કાર, –ળાત્કાર, (આઉટરેજ) *n.* Outrage. જોર-
બલિદાન, (સેક્રીફાઇસ) *n.* Sacrifice. ભોગ. [જુલમ.
બલિહારી, *n.* Beauty. શોભા.*int.* Bravo. વાહવાહ.
બસ, (ઇનફ) *ad.* Enough. પૂરતું. Sufficient. થયું.
બહાદૂર, (બ્રેવ) *a.* Brave. શૂરવીર.
બહાદુરી, (હીરોઈઝમ) *n.* Heroism. પરાક્રમ.
બહાનું, (પ્રીટેક્ષ્ટ) *n.* Pretext. મિષ; ખોટું કારણ.
બહાર, (બ્લુમ) *n.* Bloom. શોભા. *ad.* Outside.
બહારવટિયો,(આઉટલૉ) *n.* Outlaw.લુંટારો.[અંદર નહિ.
બહાલી, (કન્ફર્મેશન) *a.* Confirmation. મંજૂરી.
બહિષ્કાર, (રીજેક્શન) *n.* Excommunication.ત્યાગ.
બહુ, (મચ) *a.* & *ad.* Much; very. ઘણું.
બહુબોલું (લોકિસ્યસ) *a.* Loquacious. વાચાળ.
બહુમતી, (મેજોરીટી) *n.* Majority. એક પક્ષ કરતાં બીજા મતની સંખ્યાની વિશેષતા.
બહુવચન, *n.* The plural number. એકથી વધારે માટે વપરાતું વચન. [wild. વંઠી જવું.
બહેકવું. *vt.* Spread fragrance. મઘમઘવું. Go

બહેન, (સીસ્ટર) *n.* Sister. એક જ બાપની દીકરી.
બહેરું, (ડૅફ) *a.* Deaf. સાંભળી ન શકે તેવું. [જબરદસ્તી.
બળજબરાઈ,–જબરી,–જોરી, (વાયોલન્સ) *n.* Violence.
બળદ, (ઓક્ષ) *n.* Ox. ગાયનો નર.
બળવાખોર, (રીબેલ) *vt.* Rebel. બંડખોર. [કરવી.
બળવું, (બર્ન) *n.* Burn. સળગવું. Be jealous. ઈર્ષા
બળવો,–બંડ, (રીબેલીયન) *n.* Rebellion. હુલ્લડ.
બંગડી, (બેંગલ) *n.* Bangle. સ્ત્રીઓને કાંડે પહેરવાનું ધાતુનું કે કાચનું ઘરેણું.
બંદર, (હાર્બર) *n.* Harbour. દરિયા કે નદીને કિનારે આવેલું વહાણોની આવજા થઇ શકે તેવું સ્થાન. [એક શસ્ત્ર.
બંદૂક,–ધૂક, (ગન) *n.* Gun. દારૂથી ગોળી મારવાનું
બંદોબસ્ત, (એરેન્જમેન્ટ) *n.* Arrangement. વ્યવસ્થા.
બંધકોશ,–ષ, *n.* Constipation. કબજિયાત.
બંધનકારક,–કારી, (બાઇન્ડીંગ) *a.* Binding. બાંધતું.
બંધ બેસવું, (બીફીટ) *vt.* Befit. બેસતું આવવું.
બંધવ,–વો,–ધુ, બાંધવ, (બ્રધર) *n.* Brother. ભાઈ.
બંધારણ, *n.* Constitution. ધારાધોરણ.
બંબાખાનું, *n.* Fire-brigrade station. આગનો બંબો રાખવાનું સ્થળ.
બંબો, (પંપ) *n.* Pump. પાણી કાઢવાનું યંત્ર. Fire-engine. આગ ઓલવવા માટે પાણી ફેંકવાનું યંત્ર.
બંસરી,–સી, (ફ્લ્યુટ) *n.* Flute. વાંસળી.
બા, (મધર) *n.* Mother. મા.
બાઈડી,–ઇડી,(વુમન) *n.* Woman. સ્ત્રી. Wife. પત્ની.

બાકી, (વૉન્ટીંગ) *a.* Wanting. ખૂટતું. Remaining.
વધેલું. *n.* Cash on hand.સીલક. *ad.* Otherwise.
બાજ, (હૉક) *n.* Hawk. એક શીકારી પક્ષી. [નહિ તો.
બાજરી, (મીલેટ) *n.* Millet. એક અનાજ.
બાજી, (ગેમ) *n.* Game. રમત; દાવ.
બાજીગર, (જગલર) *n.* Juggler. મદારી.
બાજુ,–જૂ, (સાઈડ) *n.* Side. પક્ષ. Limit. છેડો.
બાઝવું,(ક્લેસ્પ) *vt.*Clasp.વળગવું.Quarrel. ટંટો કરવો.
બાટલી, (બોટલ) *n.* Bottle. શીશી.
બાણ, (એરો) *n.* Arrow. તીર. Oblong stone worshipped as Shiva. શીવલીંગ. Boundary mark. ખેતરની હદ બતાવવા દાટેલો પથ્થર. [ખબર.
બાતમી, (ન્યુસ) *n.* News. સમાચાર. Information.
બાતમીદાર, (ઈન્ફોર્મેન્ટ) *n.* Informant. ખબર આપ-
બાથ, (એમ્બ્રેસ) *n.* Embrace. આલિંગન. [નાર.
બાદ, (ડીડક્ટેડ) *a.* Deducted. બાતલ; કમી. *prep. & conj.* Afterwards. પછી. [રીત.
બાદબાકી,(સબટ્રેક્શન) *n.* Subtraction. બાદ કરવાની
બાદશાહ, (એમ્પરર) *n.* Emperor. શાહેનશાહ.
બાધ, (ઓબ્જેક્શન) *n.* Objection. અડચણ; હરકત.
બાનુ,–નૂ, (લેડી) *n.* Lady. સન્નારી.[અપાયેલું નાણું.
બાનું, *n.* Earnest money. સોદાના સાટા પેટે અગાઉથી
બાપ,–પા,–પો,–પુ, (ફાધર) *n.* Father. પિતા.
બાપદાદા, (એન્સેસ્ટર્સ) *n.* Ancestors. પૂર્વજ.[મળેલું.
બાપીકું,(પેટ્રીમોનીઅલ) *a.* Patrimonial. વારસામાં

બાફવું, *vt.* Boil. ઉકાળવું. Confuse. ગોટાળો વાળવો.
બાબત,(સબજેક્ટ) *n.* Subject. વિષય. Detail. વિગત.
બાયલું, બીકણ, (કાવર્ડ) *a.* Coward. નામર્દ.
બારખલી,--ળી,*n.*&*a.* Rent-free land. માફી જમીન.
બારણું, (ડૉર) *n.* Door. દ્વાર. Gate. દરવાજો.
બારસાખ,(ડૉર-ફ્રેમ) *n.* Door-frame. બારણાનું ચોકઠું.
બારી, (વીન્ડો) *n.* Window. નાનું બારણું.
બારીક, (થીન) *a.* Thin. ઝીણું. Critical. કટોકટીનું.
બારોબાર,(ડીરેક્ટલી) *ad.* Directly. પરભારૂં; લાગલુંજ.
બાલ, (હેર) *n.* Hair. વાળ. [Child. છોકરૂં.
બાલ,–લક,–ળ,–ળક, (સ્મોલ) *a.* Small. નાનું. *n.*
બાલા,–ળા,–લિકા.–ળકી, (ગર્લ) *n.* Girl. છોકરી.
બાલિશ,(ચાઇલ્ડીશ) *a.* Childish. છોકરવાદ; નાદાન.
બાલ્ય,–લ્યાવસ્થા,(ચાઇલ્ડહુડ) *n.* Childhood. બાળપણ.
બાવડું, *n.* The upper arm. હાથનો ઉપલો ભાગ.
બાવરૂં, (બીવીલ્ડર્ડ) *a.* Bewildered. બેબાકળું.
બાવલું, (સ્ટેચ્યુ) *n.* Statue. પૂતળું.
બાવો, (મેન્ડીકન્ટ) *n.* Mendicant. સાધુ.
બાહુ, (આર્મ) *n.* Arm. હાથ. Upper arm. બાવડું.
બાહોશ,(ઈન્ટેલીજન્ટ) *a.* Intelligent. ચાલાક;હોશિયાર.
બાહોશી, *n.* Cleverness. ચાલાકી; હોશિયારી.
બાહ્ય, (આઉટર) *a.* Outer. બહારનું.
બાળપોથી, (પ્રાયમર) *a.* Primer. બાળકને વાંચતાં શીખવવા માટેનું પુસ્તક. [વર્ગ.
બાળવર્ગ, *n.* Primary class. બાળકોને શીખવવાનો

બાળવું, (બર્ન) *vt.* Burn. બળે એમ કરવું. [હત્યા.
બાળહત્યા, (ઈન્ફ્રૅન્ટીસાઇડ) *n.* Infanticide. બાળકની
બાંધકામ, *n.* Masonary work. બાંધવા–ચણવાનું કામ.
બાંધવું, (બાઈન્ડ) *vt.* Bind. બંધ વડે જકડવું. Build. ઘર વગેરે બનાવવું. [રખાનો ભાગ.
બાંય, (સ્લીવ) *n.* Sleeve. હાથને ઢાંકતો અંગ-
બાંયધરી, (સ્યૉરીટી) *n.* Surety. જામીનગીરી.
બિચારૂં, બીચારૂં, (પુઅર) *a.* Poor. રાંક; ગરીબ.
બિછાનું,–સ્તરો, (બેડીંગ) *n.* Bedding. પથારી.
બિછાવવું. (સ્પ્રેડ) *vt.* Spread. પાથરવું.
બિન, (સન) *n.* Son. દીકરો.*pref.*સિવાય, Without.
બિનજરૂરી, (અનનેસેસરી) *a.* Unnecessary. નકામું.
બિનવાકેફ, બેખબર, *a.* Uniformed. અણવાકેફ.
બિનશરતી, *a.* Unconditional. શરત વિનાનું.
બિયાબાં,–બાન, (જંગલ) *n.* Jungle. જંગલ; પ્રાણી
બિયો, (સ્ટોન) *n.* Stone. ઠળિયો. [વગરનો પ્રદેશ.
બિરાજવું,(સીટ) *vt.* Sit. બેસવું. Shine. શોભવું.
બિરાદર, (બ્રધર) *n.* Brother. ભાઇ.
બિલકુલ, (હોલી) *ad.* Wholly. સાવ; સંપૂર્ણતઃ.
બિલાડી,–લ્લી, (કેટ) *n.* Cat. બિલાડાની માદા.
બિલ્લો, (મેડલ) *n.* Medal. ચાંદ. Degree. ઉપાધી.
બિવડાવવું,–રાવવું.(ફ્રાઇટન) *vt.* Frighten. બીવે એમ [કરવું.
બિહામણું, (ડ્રેડફુલ) *a.* Dreadful. ભયંકર.
બિંદુ,(ડૉટ) *n.*Dot. ટપકું.Drop.ટીપું. Zero. મીડું.
બી,–જ, (સીડ) *n.* Seed. બિયું. Origin. મૂળ.

બીક, (એપ્રીહેન્શન) *n.* Apprehension. ભય; ડર.
બીજગણિત, (ઍાલ્જીબ્રા) *n.* Algebra. અક્ષરગણિત.
બીડવું, (ક્લોઝ) *vt.* Close. બંધ કરવું.
બીડી, (સીગારેટ) *n.* Cigarette. તમાકુની બીડી.
બીન, *n.* Musical instrument. એક વાદ્ય.
બીના, બિના, (ઇન્સીડંટ) *n.* Incident. બનાવ; હકિકત.
બીબું, (ટાઇપ) *n.* Type. છાપવાનો સીસાનો અક્ષર.
Mould. કોઇ આકૃતિ છાપવાનું ચોકઠું Copy. નમૂનો.
બીભત્સ. (ઑબ્સીન) *a.* Obscene. ભૂંડું; ઘોર.
બીમાર, (સીક) *a.* Sick. માંદું.
બીમારી, (સીકનેસ) *n.* Sickness. માંદગી.
બીવું, (ફીયર) *vt.* Fear. ડરવું.
બુઝાવવું, બૂઝાવવું, *vt.* Extinguish. ઓલવવું.
બુટ્ટો, (ફેન્સી) *n.* Fancy. મનનો તરંગ.
બુઠ્ઠું, (બ્લંટ) *a.* Blunt. લાગણી વગરનું. Dull-edged.
બુડવવું, (સીંક) *vt.* Sink. ડૂબાડવું. [ધાર વગરનું.
બુદ્ધિ, (ઇન્ટેલીજંસ) *n.* Intelligence. સમજ; જ્ઞાન.
બુદ્ધિમાન, —શાળી, *a.* Intelligent. અક્કલમંદ.
બુદ્ધિહીન, (ફુલીશ) *a.* Foolish. મૂર્ખ. [નામનો વાર.
બુધ, *n.* Mercury. એ નામનો ગ્રહ. Wednesday. એ
બુરખો, (વેઇલ) *n.* Veil. ચહેરો ઢાંકવાનું કપડું.
બુરજ, (ટાવર) *n.* Tower. કિલ્લાના મથાળા પર તોપ.
ગોઠવવા કાઢેલી અગાશી જેવી રાવડી.
બુલબુલ, (નાઇટેંગલ) *n.* Nightangle. એક પક્ષી. [વાળું.
બુલંદ, (સબ્લીમ) *a.* Sublime. ભવ્ય; ઊંચી યોગ્યતા-

બુંદ, (ડ્રોપ) *n.* Drop. ટીપું.
બૂ, (સ્મેલ) *n.* Smell. ગંધ; વાસ. [કાનની બૂટ.
બૂટ, (બુટ) *n.* Boot. પગનો જોડો. Lobe of the ear.
બૂમ, (ક્રાય) *n.* Cry. ઘાંટો; પોકાર. Rumour. અફવા.
બૂમાબૂમ, (ક્લેમર) *n.* Clamour. બૂમરાણ.
બૃહત, -દ, (લાર્જ) *a.* Large. વિશાળ; મોટું.
બેઇજ્જતી, (ડીસ્ગ્રેસ) *n.* Disgrace. અપકીર્તિ.
બેઈમાન, -વફા, (ફેથલેસ) *a.* Faithless. વિશ્વાસઘાતી.
બેઉ. (બોથ) *a.* Both. બન્ને.
બેકદર, *a.* Unappreciative. કદર વગરનું.
બેકરારી, -ચેની, *n.* Restlessness. અસ્વસ્થા; અજંપો.
બેકારી, *n.* Unemployment. કામધંધા વિનાના હોવું તે.
બેકી, (ઇવન નંબર) *n.* Even number. બેથી ભાગી શકાય તેવી સંખ્યા. Pair. જોડી. [મુસલમાન સ્ત્રી.
બેગમ, *n.* A Mohmmaden lady. મોટા દરજ્જાની
બેગુના, -હ, (ઇનોશંટ) *a.* Innocent. નિર્દોષ.
બેટ.(આઇલેંડ) *n.* Island.ટાપુ;દ્વિપ.[બત્રીશ મણનું માપ.
બેડિયું, *n.* A cartload weighing 32 maunds.
બેડી, (ફેટર્સ) *n.* Fetters. જંજીર. Tie. બંધન.
બેડોળ, (અગ્લી) *a.* Ugly. કદરૂપું. [ઢંગ વગરનું.
બેઢંગ, -ગું,(ડીસઓર્ડરલી) *ad.* Disorderly. કઢંગું;
બેદરકાર, -તમા, -પરવા,(કેરલેસ) *a.* Careless. દરકાર
બેદરકારી, *n.* Carlessness.દરકાર ન હોવી તે. [વગરનું.
બેધડક, *ad.* Unhesitatingly. ડર વગર; હિંમતભેર.
બેધારૂં, *a.* Double edged.બેધારવાળું. Equivocal.

બેનમૂન, *a.* Unprecedented. અજોડ; સર્વોત્તમ. [દ્ધિઅથી.
બેબાકળું, (પરપ્લેક્સ્ડ) *a.* Perplexed. બાવરૂં; ગાભરૂં.
બેભાન,–શુદ્ધ,–હોશ, *a.* Unconscious. ભાન વગરનું;
બેલગાડી, *n.* Bullock cart. બળદગાડી. [મૂર્છિત.
બેલગામ, (રૅશ) *a.* Rash. નિરંકુશ. [રાખ્યા વિના.
બેલાશક, (સર્ટનલી) *ad.* Certainly. જરૂર; સંકોચ
બેલિફ, (બેલીફ) *n.* Bailiff. દિવાની અદાલતનો હુકમ
બેવકૂફ,(ફુલીશ) *a.* Foolish. મૂર્ખ. [બજાવનાર સિપાઈ.
બેવકૂફી, (સ્ટુપીડીટી) *n.* Stupidity. મૂર્ખતા.
બેશક, (ડાઉટલેસ) *a.* & *ad.* Doubtless. શક વગર.
બેશરમ, *a.* Shameless. નિર્લજ્જ. [sive. બેહદ.
બેશુમાર, –સુમાર, (એકસેસીવ) *a.* & *ad.* Exces-
બેસવું, (શીટીંગ) *vt.* Sit. જમીન પર આસન માંડવું.
બેસાડવું, (સીટ) *vt.* Seat. બેસે એમ કરવું. Fit.
માફક આવે એમ કરવું. Set. જડવું.
બેસ્વાદ, (ટેસ્ટલેસ) *a.* Tasteless. સ્વાદ વગરનું.
બેહદ, (લીમીટલેસ) *a.* Limitless હદ વગરનું.
બેહાલ,(રૂઈન્ડ) *a.* Ruined. ભૂંડી હાલતમાં આવી પડેલું.
બેહેસ્ત, (હેવન) *n.* Heaven. સ્વર્ગ.
બેહસ્તનશીન,–સ્તી, *a.* Deceased. સ્વર્ગવાસી.
બૈરી, –રૂં, –યર, (વાઈફ) *n.* Wife. પત્ની. Woman. સ્ત્રી.
બોકડો, (હી-ગોટ) *n.* He-goat. બકરો.
બોચી, (નૅક) *n.* Neck. ગરદન.
બોજો, *n.* Load. ભાર. Responsibility. જોખમદારી.
બોટવું, (પોલ્યુટ) *vt.* Pollute. અભડાવવું.

બોડ, (ડેન) *n*. Den. ગુફા; બખોલ.
બોડવું, (શેવ) *vt*. Shave. મૂંડવું. [વર્ષની બક્ષીસ.
બોણી, *n*. First sale. પહેલો વકરો.Persent.બેસતા
બોધ, (પરસેપ્શન) *n*. Perception. જ્ઞાન; સમજ.
બોબડું, (ડંબ) *a*. Dumb. બોલી ન શકતું હોય એવું.
બોલ, *n*. Word. શબ્દ; વચન. Metrical foot.કડી.
બોલવું, *vt*. Speak.ઓચરવું.Utter. વાચા કાઢવી.[રીત.
બોલી, (ટંગ) *n*. Tongue.ભાષા. Speech. બોલવાની
બોળવું, (ડીપ) *vt*. Dip. પવાહીમાં ડુબાડવું.
બ્રહ્મચર્ય, (સેલીબસી) *n*. Celebacy. ઇંદ્રિયનો નિગ્રહ.
બ્રહ્મચારી, *n*. Celebate. બ્રહ્મચર્ય પાળનાર પુરુષ.
Student. વિદ્યાર્થી. [સૃષ્ટિ ઉત્પન્ન કરનાર દેવ.
બ્રહ્મા, *n*. The diety which created the world.
બ્રહ્માંડ, બ્ર, (યુનીવર્સ) *n*. Universe. વિશ્વ.

ભ

ભ, The fourth consonant of the labial class.
ચોથો ઓષ્ઠ્ય વ્યંજન. [ભક્તિ કરનાર.
ભક્ત,-ગત,(સેપેરેટેડ)*a*. Devout.આસક્ત.*n*.Devotee.
ભક્તિ,-જન(વરશીપ) *n*. Worship.ભજન. Love. પ્રેમ.
ભક્તિપૂર્વક, (ડીવાઉટલી) *ad*. Devoutly. ભક્તિથી.
ભક્ષ,-ખ, (ફુડ) *a*. Food. ખોરાક.
ભક્ષણ, (ઈટીંગ) *n*. Eating. ખાવું તે.
ભગવતી, (ગૉડેસ) *n*. Goddess. દેવી.

ભગવાન, (ગૉડ) *n.* God. પરમેશ્વર.
ભગંદર. *n.* A disease. એક રોગ. Hole. બાકું.
ભગાડવું,–વવું,–ગવવું, *vt.* Cause to run away.
ભગિની. (સીસ્ટર) *n.* Sister. બહેન. [નસાડવું.
ભગિરથ, *a.* Very difficult. મહામુશ્કેલ. [હતાશ.
ભગ્ન, (રૂઈન્ડ) *a.* Ruined. નાશ પામેલું. Defeated.
ભજન, *n.* Worship. ભક્તિ; ભક્તિનું કાવ્ય.
ભજવવું, (એક્ટ) *vt.* Act. વેશ કાઢી બતાવવો.
ભજવું, (વરશીપ) *vt.* Worship. ભક્તિ કરવી.
ભટકવું,–મવું, *vt.* Roam. રઝળવું. Wander. રખડવું.
ભટકાવું,(કોલાઈડ)*vt.* Colide. અથડાવું. Quarrel. લડવું.
ભઠિયારખાનું. (કીચન) *n.* Kitchen. રસોડું.
ભઠિયારો, (કુક) *n.* Cook. રસોઇયો. [જાતનો ચુલો.
ભઠ્ઠી, (કીલ્ન) *n.* Kiln. નિભાડો. Furance. એક
ભડકવું. (સ્ટાર્ટલ) *vt.* Startle. ચમકવું. Fear. ડરવું.
ભડકો, (બ્લેઝ) *n.* Blaze. અગ્નિનો ભભૂકો.
ભણતર, (નોલેજ) *n.* Knowledge. જ્ઞાન; શિક્ષણ.
ભણવું, (લર્ન) *vt.* Learn. શીખવું. Study. અભ્યાસ
ભણી, (ટોવાર્ડ્ઝ) *ad.* Towards. તરફ. [કરવો.
ભતું,–થ્થું, (એલાવંસ) *n.* Allowance. ખાસ કામ
માટે અપાતું મહેનતાણું. [ભાઇનો દીકરો.
ભત્રીજો, (નેવ્યુ) *n.* Nephew. ભાઈનો કે પતિપત્નીના
ભત્રીજી, *n.* Niece. ભાઇની કે પતિપત્નીના ભાઈની દીકરી.
ભદ્ર, *a.* & *n.* Auspicious. કલ્યાણકારી.
ભપકો,–સકો,–ભક, (શો) *n.* Show. દેખાવ; શણગાર.

ભ્રમર, *n*. Eye-brow. ભ્રકુટિ; ભવું. Eddy. વમળ.
ભમરડો, (ટૉપ) *n*. Top. એક રમકડું.
ભમરો, (વાસ્પ) *n*. Wasp. ભ્રમર. Eddy. વમળ.
ભય, ભીતિ, (ડ્રેડ) *n*. Dread. બીક.
ભયભીત, ભીત, *ad*. Afraid. ડરેલું. [ઉપજાવે એવું.
ભયંકર,–યાનક,–યાવહ,(ટેરીબલ) *a*. Terrible. બીક
ભરચક,–પટ, (પ્લેન્ટી) *a*. Plenty. પુષ્કળ. [દળવું.
ભરડવું, *vt*. Grand coarsely. અનાજને ખૂબ જાડું
ભરણપોષણ, *n*. Maintenance. ગુજરાન.
ભરતકામ, *n*. Embroidery. ભરત ભરવું તે. [સ્થાન.
ભરતખંડ,–ભૂમિ,ભારત,–વર્ષ,–તી, *n*. India. હિંદુ-
ભરતાર,–થાર, (હઝબંડ) *n*. Husband. પતિ.
ભરતી, (ટાઇટ) *n*. Tide. જુવાળ. Increase. વધારો.
ભરપૂર, (એબનડંટ) *a*. & *ad*. Abundant. પુષ્કળ.
ભરમાવું, *vt*. To be misled. છેતરાવું; વહેમાવું.
ભરવવું, (હેંગ) *vt*. Hang. લટકાવવું. Join. જોડવું.
ભરવાડ, (શેફર્ડ) *n*. Shepherd. ઢોર રાખી ગુજરાન ચલાવનારી જાતનો માણસ. [સંઘરવું.
ભરવું, *vt*. Fill up. ખાલી હોય તેમાં મૂકવું. Collect.
ભરોસો,–રૂંસો,–રૂંસો, *n* Trust. વિશ્વાસ; ખાતરી.
ભરોસાદાર,–પાત્ર, *a*. Trustworthy. વિશ્વાસપાત્ર.
ભલામણ, *n*. Recommendation. સીફારસ.
ભલે, (વેલ) *int*. Well. ઠીક; સારૂં; અસ્તુ.
ભવ, (વર્લ્ડ) *n*. World. સંસાર. Birth. જન્મ.
ભવન, (રેસીડંસ) *n*. Residence. રહેઠાણ.

ભવાડો, (ડીસ્ગ્રેસ) *n.* Disgrace. ફજેતો.
ભવાની, *n.* Parvati. પાર્વતી; શીવની પત્ની.
ભવિષ્ય, (ફ્યુચર) *a.* Future. નસીબ; આવતા કાળનું.
n. Fortune. દોલત; વારસો. [એક કાળ.
ભવિષ્યકાળ,-લ, *n.* Future tense. ક્રિયાપદનો
ભવ્ય, (ગ્રાન્ડ) *a.* Grand. પ્રૌઢ; ગૌરવશાળી.
ભસવું, (બાર્ક) *vt.* Bark. કૂતરાનું બોલવું.
ભસ્મ, (એસીઝ) *n.* Ashes. રાખોડી.
ભસ્મીભૂત, *ad.* Reduced to ashes. ભસ્મ કરેલું.
ભળાવવું, *vt.* Entrust to the care of. સોંપવું.
ભંગુર, (મોર્ટલ) *a.* Mortal. નાશવંત. [જગા.
ભંડાર, (સ્ટોર) *n.* Store. ધનધાન્ય ભરી રાખવાની
ભંડારી, (સ્ટોર-કીપર) *n.* Store-keeper. કોઠારી.
ભંડોળ, (કેપીટલ) *n.* Capital. એકત્ર કરેલી મૂડી.
ભંભેરવું, ભેરવવું, (ઇન્સ્ટીગેટ) *vt.* Instigate.
ભંભેરણી, *n.* Instigation. ખોટી ઉશ્કેરણી. [ઉશ્કેરવું.
ભાઈ, ભ્રાત,-તા, (બ્રધર) *n.* Brother. માડીજાયો; સહોદર
ભાઇબંધ, (ફ્રેંડ) *n.* Friend. મિત્ર.
ભાગ,-લો, (પાર્ટ) *n.* Part. અંશ; હિસ્સો. Piece. કકડો
ભાગવું, (બ્રેક) *vt.* Break. તૂટવું. Be insolvent.
દેવાળું કાઢવું. [આવતી રકમ.
ભાગાકાર, (ડીવીઝન) *n.* Division. ભાગવું તે કે તેથી
ભાગિયો,-ગીદાર, (પાર્ટનર) *n.* Partner. હિસ્સેદાર.
ભાગીદારી, *n.* Partnership. ભાગીદારપણું.
ભાગીરથી, (ગેંજીસ) *n.* Ganges. ગંગા નદી.

ભાગોળ, *n.* Precincts of a village. ગામનું પાદર.
ભાગ્ય. (લક) *n.* Luck. નસીબ.
ભાગ્યવંત,-વાન,-શાળી, (લકી) *a.* Lucky. નસીબદાર.
ભાગ્યે, (રેરલી) *ad.* Rarely. ક્વચિત.
ભાટ, (બાર્ડ) *n.* Bard. રાજાઓના ગુણગાન કરનારો.
ભાડવાત,-ડૂત, (ટેનન્ટ) *n.* Tenant. ભાડે રહેનારો.
ભાડું, *n.* Rent. કોઈ પણ વસ્તુ વાપર્યા બદલ આપવાનું
ભાડૂતી, (હાયર્ડ) *a.* Hired. ભાડે રાખેલું. [નાણું.
ભાણિયો,-ણેજ,-ણો, *n.* Sister's son. બહેનનો દીકરો.
ભાત, (કુકડ રાઈસ) *n.* Cooked rice. રાંધેલા ચોખા.
Sort. જાત. Method. રીત; પ્રકાર.
ભાથો,-થું,(ક્વીવર) *n.* Quiver. બાણ રાખવાની કોથળી.
ભાન, *n.* Consciousness. શુદ્ધિ; હોશ. Intellect. અક્કલ
ભાનુ,-ણ, (સન) *n.* Sun, સૂર્ય.
ભાભી, *n.* Brother's wife. ભાઇની વહુ. [રૂપાળી સ્ત્રી.
ભામિની, *n.* Young beautiful woman. જુવાન
ભાયાત, (કીન્સમેન) *n.* Kinsman. પિત્રાઈ.
ભાર, *n.* Weight. વજન. Responsibility. જવાબ-
ભારત,-વર્ષ, (ઈન્ડિયા) *n.* India. હિંદુસ્તાન. [દારી.
ભારતી, *n.* Speech. વાણી. Learning. સરસ્વતી.
ભારી,-રે, (હેવી) *a.* & *ad.* Heavy. વજનદાર. Odd.
ભાર્યા, -રજા, (વાઈફ) *n.* Wife. પત્ની. [મુશ્કેલ.
ભાલ, (ફોરહેડ) *n.* Forehead. કપાળ.
ભાલું,-લો, (સ્પીયર) *n.* Spear. એક હથિયાર.
ભાવ, (રેટ) *n.* Rate. કિંમત. દર.

ભાવતું, (સ્યુટેબલ) *a.* Suitable. યોગ્ય.
ભાવનાપ્રધાન, *a.* Sensitive. લાગણી ભરેલું.
ભાવિ,-વી, (ફ્યુચર) *n.* & *a.* Future. ભવિષ્ય.
ભાષણ, (સ્પીચ) *n.* Speech. વ્યાખ્યાન.
ભાષા, (સ્પીચ) *n.* Speech. બોલી. Language. વાણી.
ભાષાંતર, (ટ્રાન્સલેશન) *n.* Translation. અનુવાદ.
ભાસવું, (સીમ) *vt.* Seem. લાગવું. Appear. દેખાવું.
ભાળ, (ટ્રેસ) *n.* Trace. પત્તો; ખબર. Care. સંભાળ.
ભાંગવું, (બ્રેક) *vt.* Break તોડવું; કકડા કરવા.
ભાંડવું, *vt.* Abuse. ગાળ દેવી. Slander. બદબોઈ કરવી.
ભાંડુ. *n.* Brother or sister. ભાઇ કે બહેન.
ભિક્ષા, (આમ્સ) *n.* Alms. ભીખ.
ભિક્ષુ,-ક,-ખારી, *n.* Beggar. માગણ; સાધુ.
ભિખ્ખુ, *n.* Buddhist monk. બૌદ્ધ સાધુ.
ભિન્ન, (ડીફરંટ) *a.* Different. જુદું; ફેરવાળું.
ભીજવવું,-નવવું, *vt.* Make wet. પલાળવું.
ભીંજવું, ભીંનવું, *vt.* Be wet. પલળવું.
ભીડ, (ક્રાઉડ) *n.* Crowd. ગીરદી. Scarcity. ઓછપ;તંગી
ભીનું, (વેટ) *a.* Wet. પલળેલું.
ભીષણ,-ષ્મ, (ટેરીબલ) *a.* Terrible. ભયંકર.
ભીંત, (વૉલ) *n.* Wall. દીવાલ.
ભીંસવું, (પ્રેસ) *vt.* Press. દાબવું. Embrace. ભેટવું.
ભુજા, (હેન્ડ) *n.* Hand. હાથ. [ટેવવાળું.
ભુલકણું, (ફરગેટફુલ) *a.* Forgetful. ભૂલી જવાની
ભુસકો, ભૂસકો, (જંપ) *n.* Jump. કૂદકો.

ભૂ,-મંડળ,-તલ, (અર્થ) *n.* Earth. પૃથ્વી.
ભૂકંપ, (અર્થક્વેક) *n.* Earthquake. ધરતીકંપ.
ભૂખ, (હંગર) *n.* Hunger. ક્ષુધા. Desire. ઈચ્છા.
ભૂખમરો, *n.* Starvation. ભૂખથી મરવું પડે તેવી દશા.
ભૂગોળવિદ્યા, *n.* Geography. પૃથ્વીની હકીકતનું શાસ્ત્ર.
ભૂત, (પાસ્ટ) *a.* Past. થઈ ગયેલું;વિતેલું.*n.* Ghost.પ્રેત.
ભૂતકાલ,-ળ, *n.* Past tense. ક્રિયાપદનો ભૂતકાળ. Past time. ગયેલો વખત.
ભૂતદયા *n.* Humanity. જીવદયા.
ભૂતપૂર્વ, (ફોર્મર) *a.* Former. પહેલાં થયેલું; માજી.
ભૂદેવ, (બ્રાહ્મન) *n.* Brahamin. બ્રાહ્મણ.
ભૂપ,-તિ,-પાલ, (કીંગ) *n.* King. રાજા.
ભૂમધ્યરેખા,-રેષા, (ઈક્વેટર) *n.* Equator. વિષુવવૃત્ત.
ભૂમધ્યસમુદ્ર, *n.* Mediterranean sea. યુરોપ અને આફ્રિકા વચ્ચેનો સમુદ્ર.
ભૂમિ, (લેન્ડ) *n.* Land. જમીન. Country. દેશ.
ભૂમિકા, *n.* Degree. પાયરી. Foundation. મૂળ. Preface. પ્રસ્તાવના. Dramatis persona. નાટકનું પાત્ર કે તેનો ભાગ.
ભૂમિતિ, (જ્યોમેટ્રી) *n.* Geometry. રેખાગણિત.
ભૂરૂં, *a.* Brown. આસમાની રંગનું. White. ગોરૂં.
ભૂલ,-ચૂક,-થાપ, (એરર) *n.* Error. ભૂલ.
ભૂલવું, (એર) *vt.* Err. ભૂલ કરવી.
ભૂશિર, (કેપ) *n.* Cape. દરિયામાં ગયેલી જમીનની લાંબી પટી.
ભૂષણ,-ષા, (ડેકોરેશન) *n.* Decoration. શોભા.
ભૂસ્તરવિદ્યા, *n.* Geology. પૃથ્વીના અંતરપડ સંબંધી વિદ્યા.

ભૂંકવું, (બ્રે) *vt.* Bray. ગધેડાનું ભોંભોં કરવું.
ભૂંગળી, (ટયુબ) *n.* Tube. લાંબી નળી.
ભૂંગળું, (સીલીન્ડર) *n.* Cylinder. નળાકાર કોઇપણ ઘાટ.
ભૂંડું, (બૅડ) *a.* Bad. ખરાબ. Obscene. બિભત્સ.
ભૂંસવું, (ઇફેસ) *vt* Efface. કાઢી નાખવું.
ભેખડ, (પ્રીસીપાઇસ) *n.* Precipice. ઝઝૂમતો ટેકરો.
ભેગ,-ળ, (મીક્ષ્ચર) *n.* Mixture. મિશ્રણ.
ભેટ, (મીટીંગ) *n.* Meeting. મુલાકાત. Present. બક્ષિસ.
ભેટવું, (મીટ) *vt.* Meet. મુલાકાત થવી. Embrace. આલિંગન આપવું. [આલિંગન.
ભેટો, (મીટીંગ) *n.* Meeting. મુલાકાત. Embrace.
ભેદ, (ડીફરંસ) *n.* Difference. તફાવત. Sort. પ્રકાર. Secret. ગુપ્ત વાત.
ભેદભાવ, *n.* Differentiation. જુદાપણું. Guile. કપટ.
ભેળવવું, *vt.* Mix. મિશ્ર કરવું. Add. સામેલ કરવું.
ભેંસ, (બફેલો) *n.* Buffalo. ડોબું. [કરનાર.
ભોઈ, *n.* Litter-bearer. પાલખી ઉપાડવાનો ધંધો
ભોક્તા,-ગી, *n.* One who enjoys. ભોગવનાર.
ભોગ, (એન્જોઈંગ) *n.* Enjoying. ભોગવવું તે. Offering. પ્રસાદ. Secrifice. બળીદાન. [સંજોગવશાત.
ભોગજોગે, *ad.* By chance. દૈવયોગે. Accidentally.
ભોગવટો, (એન્જોયમેન્ટ) *n.* Enjoyment. ઉપયોગ.
ભોગવવું, (એન્જોય) *vt.* Enjoy. ઉપયોગ કરવો. Suffer.
ભોજન, (ડીનર) *n.* Dinner. જમણ. [સહન કરવું.
ભોજનગૃહ,-નાલય,-શાલા,-ળા, (હોટલ) *n.* Hotel,

ભોજાઈ, *n.* Brother's wife. ભાભી. [વીશી.
ભોમિયું, -યો, (ગાઈડ) *a.* & *n.* Guide. જાણકાર માણસ.
ભોળું, (આર્ટલેસ) *a.* Artless. નિર્દોષ.
ભોંઠું, (અશેમ્ડ) *a.* Ashamed. શરમાયેલું.
ભોંય, -ય, (લેંડ) *n.* Land. જમીન.
ભોંયતળિયું, *n.* Gronnd floor. ઘરનો છેક નીચેનો ભાગ.
ભોંયરૂં, (વૉલ્ટ) *n.* Vault. જમીનની અંદર કરેલું ઘર.
ભૌતિક, (ફીઝીકલ) *a.* Physical. પંચમહાભૂત સંબંધી.
ભૌતિકશાસ્ત્ર, -વિદ્યા, *n.* Physics. ભૌતિક પદાર્થોને
ભ્રમ, -ણા, (ડાઉટ) *n.* Doubt. સંદેહ. [લગતું શાસ્ત્ર.
ભ્રમણ, (રીવોલ્વીંગ) *n.* Revolving. ગોળ ફરવું તે.
ભ્રમર, (વાસ્પ) *n.* Wasp. ભમરો.
ભ્રમિત, *a.* Deluded. ભ્રમમાં પડેલું. [દુરાચારી.
ભ્રષ્ટ, (ફૉલન) *a.* Corrupted. અપવિત્ર થયેલું. Vicious.
ભ્રાંતિ, *n.* Doubt. વહેમ. Wrong notion. ખોટો
ભ્રૂ, -કુટિ, -ટી, (આય-બ્રો) *n.* Eye-brow. ભવું. [ખ્યાલ.

મ

મ, *n.* A consonant of the nasal class. *ad.* No. ના; નહિ. [of a flower. ફૂલનું મધ.
મકરંદ, *n.* Cuckoo. કોકિલ. Wasp. ભમરો. Honey
મકરસંક્રમણ, -સંક્રાંતિ, *n.* The passage of the sun into the sign capricornus. સૂર્યનું મકર

રાશિમાં જવું તે; ઉત્તરાયણ.
મકાઈ, (મેઇઝ) *n.* Maize. એક અનાજ.
મકાન, (બીલ્ડીંગ) *n.* Building. ઘર; ઈમારત.
મક્કમ, (ફર્મ) *a.* Firm. દ્દઢ.
મક્કમતા, (ફર્મનેસ) *n.* Firmness. દ્દઢતા.
મખમલ, (વેલ્વેટ) *n.* Velvet. એક જાતનું રેશમી કાપડ.
મખ્ખીચૂસ, (માઈઝર) *a.* Miser. કંજૂસ.
મગજ, *n.* Brain. ભેજું. Pith.ફળની મીજ. [હિંમત.
મગદૂર,-કદૂર,-જાલ, *n.* Daring. તાકાત. Courage.
મગરમચ્છ, *n.* Alligator. એક જળચર પ્રાણી.
મગરૂબ,-ર, (પ્રાઉડ) *a.* Proud. અભિમાની.
મગરૂબી,-રી, (પ્રાઈડ) *n.* Pride. અભિમાન. [મોકલવું.
મગાવવું, મંગાવવું, *vt.* Send for;order out. લેવા
મગ્ન,-ગન, *a.* Absorbed in. તલ્લીન; ગરક થયેલું.
મઘમઘાટ, (ફ્રેગરંસ) *n.* Fragrance. મઘમઘવું તે.
મચક, (રીટ્રીટીંગ) *n.* Retreating. પાછા હઠવું તે.
મરડવું,-ચકોડવું,-ચોડવું, *vt.* Twist. આમળવું.
મચવું, *vt.* Be absorbed. તલ્લીન થઈ જવું.
મચ્છ, *n.* Fish. માછલું. Rain-bow. મેઘધનુષ્ય.
મચ્છર, (મૉસ્કવીટો) *n.* Mosquito. ડાંસ.
મચ્છીમાર, *n.* Fisherman. માછલાં પકડનાર.
મછવો, (બોટ) *n.* Boat. હોડી. [દ્દઢ.
મજબૂત,(સ્ટ્રોંગ) *a.* Strong.જબરૂં. Solid. નક્કર.Firm.
મજમુ,-મૂ,-જિયારૂં, (કૉમન) *a.* Common. સહિયારૂં.
મજરે, *ad.* In compensation for. પેટે; સારૂ.

મજહબ, (રીલીજીયન) *n.* Religion. ધર્મ. Sect.પંથ.
મજા, –ઝા, (પ્લેઝર) *n.* Pleasure. આનંદ; સહેલ.
મજાક, (જોક) *n.* Joke. મશ્કરી.
મજૂર, –જદૂર, (લેબરર) *n.* Labourer. શ્રમજીવી.
મજૂરી, *n.* Wages of a labourer. મહેનતાણું.
મજ્જા, *n.* Marrow of the bones.હાડકામાંનો માવો.
મઝધાર, *n.* Central flaw. પ્રવાહની મધ્ય ધારા.
મટમટાવવું, *vt.* Wink. આંખના પલકારા મારવા.
મટવું, (બી ઓવર) *vt.* Be over. દૂર થવું; ટળવું.
મડદું,–ડું, (કોર્પ્સ) *n.* Corpse. શબ.
મઢવું, (ફ્રેમ) *vt.* Frame. લપેટી કે આવરીને જડી લેવું.
મઢી,–ઢુલી, (હટ) *n.* Hut. કુટિર; છાપરી.
મણ, (મૉંડ) *n.* Maund. ચાલીસ શેરનું તોલ.
મણિધર, (સ્નેક) *n.* Snake. નાગ. [અનુમતિ.
મત, (ઓપીનીયન) *n.* Opinion. અભિપ્રાય. Vote.
મતદાર,(વોટર) *n.* Voter. મત આપવાના અધિકારવાળો.
મતદારમંડળ, *n.* Constituency. મતદારોનો સમૂહ.
મતપેટી, *n.* Ballot-box. ચૂંટણીમાં મતપત્ર નાખવાની પેટી. [મત ભિન્ન હોવા તે.
મતફેર,–ભેદ,–મતાંતર, *n.* Difference of opinion.
મતલબ, (મોટીવ) *n.* Motive. હેતુ; સબબ.
મતલબી, (સેલ્ફીશ) *a.* Selfish. સ્વાર્થી.
મતાધિકાર, (ફ્રેંચાઇઝ) *n.* Franchise. મત આપવાનો અધિકાર.
મતિ,(ઇટેલીજન્સ) *n.* Intelligence. બુદ્ધિ.
મત્સર,(જેલસી) *n.*Jealousy. ઇર્ષ્યા. Arrogance.ગુમાન.

મથક, *n.* Principal place. મુખ્ય સ્થાન.
મથવું, (સ્ટ્રગલ) *vt.* Struggle. મહેનત કરવી.
મથાળું, (ટૉપ) *n.* Top. ટોચ. Heading. શીર્ષક.
મદમત્ત,–દાંધ, (પ્રાઉડ) *a.* Proud. ગર્વિષ્ટ.
મદદ, (હેલ્પ) *n.* Help. સહાય.
મદાર, (રીલાયંસ) *n.* Reliance. ભરોંસો; આધાર.
મદારી, (સ્નેક ચાર્મર) *n.* Snake-charmer. માંકડાં કે સાપ કેળવી ખેલ કરી બતાવનાર.
મદિરા,–દ્ય, (વાઈન) *n.* Wine. દારૂ. [ફૂલનો રસ.
મધ,–ધુ,(હની) *n.* Honey. મધમાખીઓએ એકઠો કરેલો
મધમાખ, (બી) *n.* Bee. મધ બનાવનારી માખી.
મધપૂડો, *n.* Honey-comb. મધમાખીઓનું ઘર.
મધરાત, (મીડનાઇટ) *n.* Midnight. અરધી રાત.
મધુ,–ર,–રૂં, (સ્વીટ) *a.* Sweet. ગળ્યું.
મધુકર,–પ, (વાસ્પ) *n.* Wasp. ભમરો. Bee. મધમાખ.
મધ્ય, *a.* & *n.* Central. વચ્ચેનું; વચલો ભાગ.
મધ્યબિંદુ, (સેન્ટર) *n.* Centre. કેન્દ્ર. [પ્રમાણમાં.
મધ્યમ, *a.* Central. વચલું. Ordinary. સામાન્ય
મધ્યમસર,–ર્યાદિત, *ad.* Moderately. મર્યાદિત.
મધ્યાન,–હ્ન, (મીડ-ડે) *n.* Mid-day. બપોર.
મન, *n.* Mind. સંકલ્પવિકલ્પ કરનારી ઇંદ્રિય. Heart. દિલ. Desire. ઈચ્છા. [ગમતું.
મનગમતું,–પસંદ,–હર, (પ્લીઝીંગ) *a.* Pleasing. મનને
મનન, (મેડીટેશન) *n.* Meditation. ચિંતન.
મનવવું,–નાવવું,(પરસ્વેડ)*vt.* Persuade. માને તેમ કરવું.

મનવાર,(મૅન ઓફ વૅાર) *n.* Man-of-war. લશ્કરી વહાણ.
મનસૂબો, –નોરથ, *n.* Intention. ધારણા; ઇરાદો.
મનસ્વી, –સ્વિની, *a.* Self-willed. તરંગી; સ્વચ્છંદી.
મના, –ઈ, *n.* Prohibition. બંધી; નિષેધ.
મનાઈહુકમ, (ઇજંક્શન) *n.* Injunction. મનાઈ કરતો કે જણાવનારો હુકમ. [રચનાર આદિ માનવ.
મનુ, *n.* The great Hindu law-giver. મનુસ્મૃતિનો
મનુકુલ,–જાતિ,(હ્યુમેનીટી) *n.* Humanity. માનવજાત.
મનુષ્ય, *n.* Human being. માણસ. [એકવચન.
મને,(ટુ મી) *prn.* To me. હુંનું બીજી કે ચોથી વિભક્તિનું
મનોગમ,–હર,–રમ, *a.* Pleasing. સુંદર; મનને ગમતું.
મનોબળ, *n.* Firmness of the mind. માનસિક બળ.
મનોયત્ન, *n.* Excercise. અભ્યાસ પાઠ.
મનોરમા, *n.* Beautiful woman. સુંદર સ્ત્રી.
મફત, (ગ્રેટીસ) *ad.* Gratis. વગર પૈસે.
મમત, (ઓબસ્ટીનસી) *n.* Obstinacy. હઠ; જીદ.
મમતા, –ત્વ, (એફેક્શન) *n* Affection. હેત; સ્નેહ.
મમતી,–તીલું, (ઓબસ્ટીનેટ) *a.* Obstinate. જીદ્દી.
મયુર, (પીકૉક) *n.* Peacock. મોર.
મરકી, *n.* Epidemic disease. ફાગળિયું.
મરઘો, (કૉક) *n.* Cock. કૂકડો.
મરચું, (ચીલી) *n.* Chilli. મરચીની તીખી શિંગ.
મરજી, *n.* Desire. ઈચ્છા. Willingness. ખુશી.
મરજિયાત, (ઓપ્શનલ) *a.* Optional. મરજી હોય તો
મરડવું,–રોડવું, *vt.* Twist. વાંકું વાળવું. [કરવાનું.

મરડાવું, (બી બેન્ટ) *vt.* Be bent. વંકાવું; રિસાવું.
મરડો, (ડીસેન્ટ્રી) *n.* Dysentery. એક રોગ જેમાં ઝાડા વાટે આમ તથા લોહી પડે છે.
મરણ,–ણું, (ડેથ) *n.* Death. મોત. End. અંત.
મરણિયું, (ડેસ્પેરેટ) *ad.* Desperate. મોતની પરવા
મરદ,–દં, (બ્રેવ) *a.* & *n.* Brave. બહાદુર. [વિનાનું.
મરદાઈ,–નગી,–મી, *n.* Manliness. પુરુષાતન.
મરવું, *vt.* Die. મરણ પામવું. End. અંત આવવો.
મરહુમ,(ડીસીઝડ) *a.* Deceased. મરણ પામેલું; સ્વર્ગસ્થ.
મરામત,–રમ્મત, (રીપેર્સ) *n.* Repairs. સમારકામ.
મરી,–રિયું,(બ્લેક પીપર) *n.* Black pepper. એક તેજાનો.
મરૂ,–દેશ,–ભૂમિ,–સ્થલી, (ડેઝર્ટ) *n.* Desert. રણ.
મરોડ, (બેન્ડ) *n.* Bend. વાંક; અક્ષરનો વળાંક.
મર્કટ, (એપ) *n.* Ape. વાંદરો.
મર્દન, (રબીંગ) *n.* Rubbing. ચોળવું તે. [તાત્પર્ય.
મર્મ,–રમ, *n.* Secret talk. છૂપી વાત. Essence.
મર્યાદ,–દા,–માઝા, *n.* Limit. હદ. Decorum. અદબ.
મલ,–લ્લ, (એથલેટ) *n.* Athlete. કુસ્તીબાજ; પહેલવાન.
મલ,–ળ, (રીફ્યુઝ) *n.* Refuse. વિષ્ઠા; કચરો.
મલકવું, –કાવું, (સ્માઇલ) *vt.* Smile. મંદમંદ હસવું.
મલમ, *n.* Ointment. ચોપડવાનું ઔષધ.
મલમલ, (મસ્લીન) *n.* Muslin. એક જાતનું બારીક કાપડ.
મલાઇ, (ક્રીમ) *n.* Cream. દૂધની તર.
મલિન, (ડર્ટી) *a.* Dirty. ગંદું.
મલ્લયુદ્ધ, –કુસ્તી, (રેસલીંગ) *n.* Wrestling. કુસ્તી.

મશગુલ, (એબ્સોર્બ્ડ) *ad.* Absorbed. નિમગ્ન; લીન.
મશહુર, (ફેમસ) *a.* Famous. પ્રખ્યાત. [કાકડો.
મશાલ, *n.* Torch. લાકડી પર ચીથરાં વીંટેલો સળગાવવાનો
મશ્કરી, (જોક) *n.* Joke. મજાક; ઠઠ્ઠો.
મશ્કરો, (જેસ્ટર) *n.* Jester. વિદુષક. [બ્રાખણ.
મસકો, (ફ્લેટરી) *n.* Flattery. ખુશામત. Butter.
મસલત, --મંત્રણા, *n.* Deliberation. સંતલસ;
મસળવું, (રબ) *vt.* Rub. ચોળવું; ગઠડવું. [સલાહ.
મસાણ, *n.* Burning ground. સ્મશાન. [તેજાનો.
મસાલો, *n.* Spices. રસોઇ સ્વાદિષ્ટ કરવા નખાતો
મસ્ત,--સ્તાન, (ઇનટોક્ષીકેટેડ) *a.* Intoxicated. મદમાતું;
મસ્તક, -સ્તિષ્ક, *n.* Head. માથું [ઉન્મત્ત.
મસ્તી, (મીસ્ચીફ) *n.* Mischief. તોફાન.
મહત્તા, -ત્વ, (મેગ્નીટયુડ) *n.* Magnitude. મોટાપણું.
મહત્વાકાંક્ષા, --હાકાંક્ષા, *n.* Ambition. મોટાઈ મેળવ-
મહર્ષિ,--હાત્મા, *n.* Great sage. મોટો ઋષિ. [વાની ઈચ્છા.
મહંત, *n.* Chief of a monastery. મઠાધિકારી.
મહા,--ન, (બીગ) *a.* Big. મોટું.
મહાભારત, *a.* Very difficult. બહુ મોટું અને મુશ્કેલ.
n. An epic poem. એ નામનું એક પ્રસિદ્ધ મહાકાવ્ય.
મહામંત્રી, *n.* Chief secretary. પ્રધાન મંત્રી.
મહામાત્ર, (રજીસ્ટ્રાર) *n.* Registrar. વિદ્યાપીઠનો મંત્રી.
મહારથી, *n.* Mighty warrior. પરાક્રમી લડવૈયો.
મહારાજા,--ધિરાજ, (એમ્પરર) *n.* Emperor. સમ્રાટ.
મહારાણી, *n.* Chief queen. વડી રાણી.

મહાલ, *n.* Small district. નાનો તાલુકો.
મહાલય, (પેલેસ) *n.* Palace. મહેલ. Temple. મંદિર
મહાવત, *n.* Elephant driver. હાથીનો હાંકનાર.
મહાશય, --રાજ, *n.* Term of respect. માનવાચક [ઉદ્ગાર.
મહાસભા, *n.* Congress. વિશાળ સભા.
મહિનો, (મંથ) *n.* Month. માસ.
મહિમા, (ડીગ્નીટી) *n.* Dignity. પ્રતાપ; યશ.
મહિલા, (વુમન) *n.* Woman. સ્ત્રી. Queen. રાણી.
મહીં, માંહ્ય, - હે, (વીધીન) *ad.* Within. અંદર.
મહેકવું. *vt.* Give out fragrance. ફોરવું.
મહેણું, (ટૉન્ટ) *n.* Taunt. મર્મ; ટોણો.
મહેતો,--તાજી, (કલાર્ક) *n.* Clerk. ગુમાસ્તો. Teacher. [શિક્ષક.
મહેનત, (લેબર) *n.* Labour. શ્રમ.
મહેનતુ, (ડીલીજંટ) *a.* Diligent. ઉદ્યમી.
મહેફિલ, (પાર્ટી) *n.* Party. મિજલસ; ઉજાણી.
મહેમાન, (ગેસ્ટ) *n.* Guest. પરોણો.
મહેમાની, *n.* Hospitality. પરોણાચાકરી.
મહેર, - બાની, (ફેવર) *n.* Favour. કૃપા; દયા.
મહેરાબ, (આર્ક) *n.* Arch. કમાનના આકારનું ચણતર.
મહેલ, --લાત, --હોલ, (પેલેસ) *n.* Palace. રાજમહેલ.
મહેલ્લો,--હોલ્લો, (સ્ટ્રીટ) *n.* Street. શેરી; ફળિયું.
મહેસૂલ, *n.* Land-tax. જમીન ઉપરનો કર.
મહોબ્બત, *n.* Affection. પ્રેમ; પ્યાર.
મળતાવડું, (શોસ્યલ) *a.* Social. મિલનસાર.
મળવું, (મીટ) *vt.* Meet. ભેગા થવું. Join. એકઠા

મળસકું, (ડૉન) *n.* Dawn. પરોઢિયું. [થવું.
મંગલ,–ળ, *a.* Benefactory. શુભ *n.* Planet Mars.
એ નામનો ગ્રહ. Welfare. કલ્યાણ. [cious. શુભ.
મંગલકાર,–કારી,–મય, માંગલિક, –ળિક, *a.* Auspi-
મંગાવવું, *vt.* Order out. લાવવાને કહેવું.
મંચ,–ક, (બેડસ્ટેટ) *n.* Bedstead. પલંગ. Dias,માંચડો.
મંજન, (ટુથ પાઉડર) *n.* Tooth-powder. દાંતે ઘસ-
વાનો ભૂકો. [ઓનું ઝૂમખું. Sprout. કુંપળ.
મંજરિ,–રી, *n.* Cluster of flowers. ફૂલની કળી-
મંજિલગાહ, *n.* Caravansarai. ધર્મશાળા.
મંજૂરી, (કન્ફર્મેશન) *n.* Confirmation. બહાલી.
મંડપ, *n.* A temperory structure. માંડવો.
મંડલાકાર,–ળાકાર, (સરક્યુલર) *a.* Circular. ગોળ.
મંડલિક,–ળીક, *n.* Tribntary chief. ખંડિયો રાજા.
મંડલી,–ળી, (એસેમ્બલી) *n.* Assembly. ટોળી.
મંડવું, (પરસીવીયર) *vt.* Persevere. ખંતથી વળગવું.
મંડાણ, (બીગીનીંગ) *n.* Beginning. પ્રારંભ.
મંતવ્ય, (ઓપીનીયન) *n.* Opinion. મત; અભિપ્રાય.
મંત્ર, *n.* Formula sacred to a deity. કોઈ શક્તિ
યા દેવ સાધ્ય કરવાના ગૂઢ શબ્દ કે શબ્દો.
મંત્રી, *n.* Minister. પ્રધાન. Secretary. કારભારી.
મન્મથ, (ચર્નીંગ) *n.* Churning. વલોવવું તે.
મંદ, (સ્લો) *a.* Slow. ધીમું; ધીર. Little. થોડું.
વાસણ, (વેસલ) *n*. Vessel. પાત્ર; ઠામ. [ગંધ.
વાસના, (વીશ) *n*. Wish. કામના; ઈચ્છા. Scent. વાસ.
વાસવું (ક્લોઝ) *vt*. Close. બંધ કરવું.
વાસ્તવ,--વિકતા *n*. Being proper. વાજબીપણું.
વાસ્તવિક, (રીયલ) *a*. Real. ખરૂં; વાજબી.
વાસ્તે, (ધૅરફૅાર) *ad*. Therefore. તેથી. For. કાજે.
વાહ,--વાહ,(બ્રાવો) *int*. Bravo ! શાબાશ. Well ! સરસ.
વાહન, (કનવેયંસ) *n*. Conveyance. જમીન પર આવજા કરવા માટે વપરાતું સાધન. Medium. સાધન.
વાળ, (હેર) *n*. Hair. કેશ.
વાળવું, (બેન્ડ) *vt*. Bend. વાંકું કરવું;નમાવવું. Fold. વાળીને આકાર કરવો. Send back. પાછું ફેરવવું. Swe-
વાળંદ, *n*. Barber. હજામ. [ep. કચરો કાઢવો.
વાળુ, (ડીનર) *n*. Dinner. રાત્રિભોજન. Sand. રેતી.
વાંક, *n*. Fault. અપરાધ;ખામી. Curve. રસ્તાનો વળાંક.
વાંકુ, (ક્રુકેડ) *a*. Crooked. સીધું નહિ એવું. Oblique. વક્ર. False. ખોટું. Hostile. સામું થયેલું. *n*. Untruth. જુઠાણું. Hostility. અણબનાવ.
વાંચન, (રીડીંગ) *n*. Reading. વાંચવું તે.
વાંચવું, (રીડ) *vt*. Read. લખેલું ઊકેલવું.
વાંછિત, *a*. Desired. ઇચ્છેલું. [થતી હોય તેવું.
વાંઝણી,--ઝિયું, વંધ્ય, *a*. & *n*. Barren. સંતતિ ન
વાંદર,--રૂં--રો, વાનર, (એપ) *n*. Ape. કપિ.
વાંધો, (ઑબ્જેક્શન) *n*. Objection. વિરોધ; હરકત.

વાંસ,-ડો, (બામ્બુ) *n.* Bamboo. એક ઝાડ-તેનો સોટો.
વાંસલો, (એડ્ઝ) *n.* Adze. કડિયાનું એક ઓજાર.
વાંસળી,-લડી, (ફ્લ્યુટ) *n.* Flute. બંસી.
વાંસો, (બૅક) *n.* Back. પીઠ; બરડો.
વિકટ, (ડીફીકલ્ટ) *a.* Difficult. મુશ્કેલ; દુર્ગમ.
વિકરાલ,-ળ, *a.* Dreadful. ડરામણું; ભયાનક.
વિકસવું,-કાસવું, (ડેવલપ) *vt.* Develop. ખીલવું.
વિકસાવવું, (એક્સ્પાન્ડ) *vt.* Expand. ખીલવવું.
વિકસીત, (બ્લુમ્ડ) *a.* Bloomed. ખીલેલું. [પરિવર્તન.
વિકાર,-કૃતિ,-ક્રિયા, (ચેન્જ) *n.* Change. ફેરફાર;
વિકાસ, *n.* Expanding. ખીલવું તે.
વિકૃત, (સ્પોઇલ્ડ) *a.* Spoiled. વિકાર પામેલું.
વિક્રમસંવત, *n.* Era of Vikrama. વિક્રમ રાજાથી
વિક્રય, (સેલ) *n.* Sale. વેચાણ. [ચાલેલો સંવત્સર.
વિક્ષેપ, (હીન્ડ્રન્સ) *n.* Hindrance. અડચણ; હરકત.
વિખવાદ, (ક્વૅારલ) *n.* Quarrel. કજિયો; તકરાર.
વિખેરવું, *vt.* Seperate. જૂદું પાડવું. Scatter. વેરી
વિખ્યાત, (ફેમસ) *a.* Famous. પ્રસિદ્ધ. [નાખવું.
વિગતવાર, *ad.* In details. વિસ્તારપૂર્વક. [બીના.
વિગ્રહ, *n.* Battle. યુદ્ધ. Dissolution of a compound. સમાસના અવયવો છુટા પાડવા તે. [મહેસૂલ.
વિઘોટી, *n.* Land revenue. સરકારને ભરવાની
વિઘ્ન, (ઓબસ્ટેકલ) *n.* Obstacle. હરકત; સંકટ.
વિચક્ષણ, (ક્લેવર) *n.* Clever. ચતુર. Wise. વિદ્વાન.
વિચાર, (રીફ્લેક્શન) *n.* Reflection. મનન કરવું તે.

Opinion. અભિપ્રાય. Thought. કલ્પના; મનસૂબો.
વિચારવંત,-વાન,-શીલ, *a.* Considerate. વિચાર
વિચારવું, *vt.* Deliberate. મનન કરવું. [કરનારૂં.
વિચિત્ર, (ડાયવર્સ) *a.* Diverse. તરેહવાર.
વિચ્છેદ, (કટ) *n.* Cut. કાપ. Division. વિભાગ.
વિજય, (ટ્રાયમ્ફ) *n.* Triumph. ફતેહ.
વિજયી, (ટ્રાયમ્ફંટ) *ad.* Triumphant. ફતેહમંદ.
વિજેતા, (વીકટર) *n.* Victor. જીત મેળવનાર.
વિજોગ,-યોગ, (સેપરેશન) *n.* Seperation. જુદાપણું.
વિજ્ઞપ્તિ, (રીક્વેસ્ટ) *n.* Request. વિનંતી.
વિજ્ઞાન, (સાયન્સ) *n.* Science. શાસ્ત્રીય જ્ઞાન. [નિવેદન.
વિજ્ઞાપન,-ના, (એનાઉન્સમેન્ટ) *n.* Announcement.
વિટંબ,-ણા,-ડંબના, *n.* Difficulty. મુશ્કેલી.
વિતંડા,-વાદ, *n.* Idle carping. ખોટો બકવાદ.
વિતાડવું, (હેરેસ) *vt.* Harrass. પજવવું; દુઃખ દેવું.
વિતાવવું,-વવું, *vt.* Pass through. પસાર કરવું.
વિદાય, (ડીપાર્ચર) *n.* Departure. પ્રસ્થાન.
વિદાયગીરી, (સેન્ડ ઓફ) *n.* Send off. રજા આપવી તે.
વિદિત, (નોન) *a.* Known. જાણવામાં આવેલું.
વિદુષી, *n.* Learned woman. પંડિતા.
વિદુષક, (બફુન) *n.* Buffoon. મશ્કરો; રંગલો.
વિદેશ, *n.* Foreign country. પરદેશ.
વિદેશી, *a.* & *n.* Foreign. પરદેશી.
વિદ્યમાન, (એકઝીસ્ટીંગ) *a.* Existing. હયાત; હાજર.
વિદ્યા, *n.* Knowledge. જ્ઞાન. Science. શાસ્ત્ર.

વિદ્યાપીઠ,(યુનીવરસીટી) *n.* University. વિદ્યાનું ધામ.
વિદ્યાભ્યાસ,(સ્ટડી) *n.* Study. ભણતર. Education.
વિદ્યાર્થી, (સ્ટુડંટ) *n.* Student. ભણનાર. [કેળવણી.
વિદ્યાલય, (સ્કુલ) *n.* School. શાળા.
વિદ્યુત, *n.* Lightning; electricity. વિજળી.
વિદ્વતા, (લર્નીંગ) *n.* Learning. પંડિતાઈ; જ્ઞાન.
વિદ્વાન,--દ્વજ્જન, (સ્કોલર) *n.* Scholar. પંડિત; જ્ઞાની.
વિધવા, *n.* Widow. જેનો પતિ મરી ગયો હોય તેવી સ્ત્રી.
વિધાત્રી, *n.* Goddess of destiny. પ્રારબ્ધની દેવી.
વિધાન, (રાઈટ) *n.* Rite. રીત. Ordinance. શાસ્ત્રાજ્ઞા.
વિધિ, *n.* Brahma. બ્રહ્મા. Fate. નસીબ. [એવો પુરુષ.
વિધુર, *n.* Widower. જેની પત્ની મરી ગઈ હોય
વિધેય, *a.* Fit to be done. કરવા યોગ્ય. Predicate. વાક્યમાં ઉદ્દેશ્યને વિષે જે કાંઈ કહ્યું હોય તે.
વિનયી, (અમ્બલ) *a.* Humble. નમ્ર. Bent. નમી ગયેલું.
વિનય, (મોડેસ્ટી) *n.* Modesty. નમ્રતા; સભ્યતા.
વિનંતિ,--તી,--નતી, *n.* Request. આજીજી. Petition.
વિના,-ન,--ણ,(વીધાઉટ) *ad.* Without. સિવાય.[અરજી.
વિનાશ,--ધ્વંશ, (રૂઈન) *n.* Ruin. નાશ.
વિનાશક,--ઘાતક, *a.* Destructive. નાશ કરનારૂં
વિનિપાત, (ફૉલ) *n.* Fall. પડતી.
વિનિમય, (એકસચેંજ) *n.* Exchange. બદલો.
વિનોદ, (મેરીમેન્ટ) *n.* Merriment. મોજ; આનંદ.
વિપત,--દ,--તી, (કેલેમીટી) *n.* Calamity. આફત; પીડા.
વિપરીત, *a.* Reverse. ઊલટું. Hostile. વિરોધી.

વિપુલ,(બ્રોડ) *a.* Broad. વિશાળ. Abundant. પુષ્કળ.
વિપ્લવ, *n.* Revolution. બળવો. Destruction. નાશ.
વિભક્ત, (ડીવાઈડેડ) *a.* Divided. જૂદું પાડેલું.
વિભક્તિ, (કેસ) *n.* Case. નામનો ક્રિયાપદ સાથે સંબંધ દેખાડનાર પ્રત્યય. [dour. શોભા.
વિભા, (લાઇટ) *n.* Light. પ્રકાશ. Ray. કિરણ. Splen.
વિભાકર, (સન) *n.* Sun. સૂર્ય.
વિભાગ, (ડીવીઝન) *n.* Division. ભાગ. Part, હિસ્સો.
વિભિન્ન, (ડીફરન્ટ) *a.* Different. પૃથક.
વિભૂતિ, (એશીઝ) *n.* Ashes. ભસ્મ. *n.* Greatness. મહત્તા. Power. સામર્થ્ય. Splendour. ઐશ્વર્ય.
વિભૂષિત, (એડૉર્ન્ડ) *a.* Adorned. શણગારેલું.
વિમલ,–ળ, (પ્યોર) *a.* Pure. નિર્મળ. [તેનું વાહન.
વિમાન, (બલુન) *a.* Baloon. આકાશમાં ફરી શકે
વિમાસણ, *n.* Repentance. પસ્તાવો. Deliberation.
વિયાવું, *vt.* Give birth to. પ્રસવ થવો. [ચિંતન.
વિયોગ,–રાહ, *n.* Seperation. જુદા પડવું તે.
વિરક્ત, *a.* Indifferent. અનુરાગ કે સ્પૃહા વિનાનું.
વિરમવું, (સ્ટોપ) *vt.* Stop. અટકવું. Cease. થોભવું.
વિરલ,–લું, (રૅર) *a.* Rare. દુર્લભ. Being scarce. અલ્પ. Unfrequented. નિર્જન. [Seated. બેઠેલું.
વિરાજમાન, (શાઈનીંગ) *a.* Shining. પ્રકાશમાન.
વિરાટ, (ગ્રેટ) *a.* Great. વિશાળ; ભવ્ય.
વિરામ, (પૉઝ) *n.* Pause. આરામ. Death. અવસાન.
વિરુદ્ધ, –મુખ, (એડવર્સ) *a.* Adverse. પ્રતિકૂળ.

વિરોધ, (ઑપોઝીશન) *n.* Opposition. વિરૂદ્ધતા. Enmity. શત્રુતા. Quarrel. કજિયો. [વિરોધ.
વિરોધાભાસ, (પેરેડૉક્ષ) *n.* Paradox. માત્ર દેખીતો
વિરોધી, (ઑપોનન્ટ) *a.* & *n.* Opponent. વેરી; શત્રુ.
વિલક્ષણ, (સ્ટ્રેન્જ) *a.* Strange. વિચિત્ર. Uncommon. અસાધારણ. [જવું તે; નાશ.
વિલય,-ન, (ડીઝોલ્યુશન) *n.* Dissolution ઓગળી
વિલંબ, (ડીલે) *n.* Delay. વાર; ઢીલ.
વિલાપ, (લેમેન્ટેશન) *n.* Lamentation. રૂદન; આક્રંદ.
વિલાસ, (સ્પોર્ટ) *n.* Sport. ક્રીડા; ખેલ.
વિલાસી, (સ્પોર્ટીવ) *a.* Sportive. ચેનબાજી ઉડાવનાર.
વિલીન, (ડીઝોલ્વ્ડ) *a.* Dissolved. નાશ પામેલું.
વિલોકવું,-ચવું, (સી) *vt.* See. જોવું.Examine તપાસવું.
વિવરણ, (એકસપોઝીશન) *n.* Exposition. વિવેચન.
વિવશ, (ડીપેન્ડન્ટ) *a.* Dependent. પરાધીન.
વિવાદ, (ડીબેટ) *n.* Debate. ચર્ચા. Quarrel. ઝઘડો.
વિવાહ, (બીટ્રોથલ) *n.* Betrothal. વેવિશાળ. Marriage. લગ્ન.
વિવાહિત,-તા, *a.* Married. પરણેલું. [પણું.
વિવિધ, (ડાયવર્સ) *a.* Diverse. અનેક પ્રકારનું.
વિવિધતા, (ડાયવર્સીટી) *n.* Diversity. વિવિધ હોવા-
વિવેક, (એટીકેટ) *n.* Etiquette. સભ્યતા.
વિવેકી, (ડીસ્ક્રીટ) *n.* & *a.* Discreet. વિચારવંત.
વિવેચક,-ચનકાર, *n.* Commentator. વિવેચન કરનાર.
વિવેચન,-ના, *n.* Commentry. સ્પષ્ટીકરણ; ટીકા.
વિશારદ, *a.* Proficient in. નિપૂણ. Clever. ચતુર.

વિશાલ,-ળ,-ળું. *a.* Large. મોટું. [પતાવાળું.
વિશિષ્ટ, *a.* Uncommon. અસાધારણ. Distinct. વિશે-
વિશે,-ષે, (એબાઉટ) *ad.* About. સંબંધી.
વિશેષ, (મોર) *a.* More. વધારે. Special. ખાસ. *n.* Difference. તફાવત. [બતાવનાર શબ્દ.
વિશેષણ, (એડજેક્ટીવ) *n.* Adjective. ગુણ કે સંખ્યા
વિશેષનામ, *n.* Proper noun. વસ્તુ, માણસ આદિનું
વિશ્રામ,-શ્રાંતિ, *n.* Repose. આરામ. [ખાસ નામ તે.
વિશ્રાંત, (ટાયર્ડ) *a.* Tired. થાકી ગયેલું.
વિશ્વ, (વર્લ્ડ) *n.* World. જગત. *a.* Whole. સમગ્ર.
વિશ્વવિદ્યાલય, *n.* University. વિદ્યાપીઠ.
વિશ્વાસ, (ટ્રસ્ટ) *n.* Trust. ભરોંસો; ખાતરી.
વિશ્વાસઘાત, *n.* Breach of trust. દગલબાજી.
વિશ્વાસપાત્ર,-સુ, *a.* Trustworthy. વિશ્વસનીય.
વિષ, (પૉઇઝન) *n.* Poison. ઝેર.
વિષમ, (અનઇક્વલ) *a.* Unequal. અસમાન. Difficult. મુશ્કેલ. Adverse. પ્રતિકૂળ. [Matter. મજકૂર.
વિષય, (સબજેક્ટ) *n.* Subject. પદાર્થ. Object. હેતુ.
વિષાદ, (ગ્રીફ) *n.* Grief. ખેદ; દિલગીરી.
વિષુવવૃત્ત, (ઈક્વેટર) *n.* Equator. પૃથ્વીની ધરીની મધ્યમાં કાટખૂણે કલ્પેલું વર્તુલ.
વિષ્ટા, (રીફ્યુઝ) *n.* Refuse. મળ; કચરો. [વાટાઘાટ.
વિષ્ટિ, *n.* Negotiations for peace. સમાધાનીની
વિસર્જન, *n.* Dissolution. છોડી દેવું તે. End. સમાપ્તિ.
વિસાત, *n.* Price. કિંમત. Importance. મહત્વ.

વિશ્રામો, (રેસ્ટ) *n*. Rest. થાક.
વિસરવું, વીસરવું, (ફરગેટ) *vt*. Forget. ભૂલી જવું.
વિસ્તાર, *n*. Expanse. ફેલાવો. Amplitude. વિશાળતા.
વિસ્તીર્ણ,–સ્તૃત, *a*. Extensive. વિસ્તારવાળું.
વિસ્મય, (વંડર) *n*. Wonder. આશ્ચર્ય; અચંબો. [તેવું.
વિસ્મયકારક,–કારી, *a*. Wonderful. આશ્ચર્ય પમાડે
વિસ્મરણ,–સ્મૃતિ, *n*. Forgetting. ભૂલી જવું તે.
વિસ્મિત, (અસ્ટોનીશ્ડ) *a*. Astonished. વિસ્મય પામેલું.
વિહરવું, (સ્પોર્ટ) *vt*. Sport. વિહાર કરવો.
વિહાર, (સ્પોર્ટ) *n*. Sport. ક્રીડા. Roaming. ભ્રમણ.
વિહીન,–હોણું, *a*. Being without. વિનાનું.
વિહ્વલ,–ળ, *ad*. Agitated. વ્યાકુળ. Eager. બાવરૂં.
વીખરવું,–રાવું, *vt*. Be scattered. વેરાઇ જવું.
વીચિ,–ચી, (વેવ) *n*. Wave. તરંગ; મોજું. [જંતુ.
વીછી, વીંછી, (સ્કોર્પીઅન) *n*. Scorpion. એક ઝેરી
વીજ,–ળી, (લાઇટનીંગ) *n*. Lightning electri-
વીજણો, વીંજણો, (ફેન) *n*. Fan. પંખો. [city. વિદ્યુત.
વીણવું, (પ્લક) *vt*. Pluck. ચૂંટવું. Select. પસંદ
વીણા, *n*. Musical instrument. એક તંતુવાદ્ય. [કરવું.
વીતક, (મીઝરી) *n*. Misery. સંકટ; વીતેલું તે.
વીતવું, (હેપન) *vt*. Happen. ગુજરવું. Pass away.
પસાર થઈ જવું. Suffer. સહેવું.
વીનવવું, (બીસીચ) *vt*. Beseech. વીનવણી કરવી.
વીફરવું, *vt*. Lose temper. ગુસ્સે થવું; ઉશ્કેરાવું.
વીમો, (ઇન્સ્યુરંસ) *n*. Insurance. વસ્તુ કે જિંદગીને

નુકસાન પહોંચતાં તે બદલ પૈસાથી થતી ભરપાઈ.
વીર, -ર્યવાન, (બ્રેવ) *a.* Brave. શૂરો; પરાક્રમી.
વીરતા, -ત્વ, (હીરોઇઝમ) *n.* Heroism. પરાક્રમ.
વીરો, -ર, (બ્રધર) *n.* Brother. ભાઇ.
વીર્ય, (સીમેન) *n.* Semen. શુક્ર; ધાતુ. Valour. પરાક્રમ.
વીલું, (એબેશ્ડ) *a.* Abashed. શરમીંદુ; ભોંઠું.
વીશી, -સી, *n.* Hotel; lodge. નાણાં આપવાથી ભોજન [મળે તે જગા.
વીંચવું, *vt.* Close. બંધ કરવું.
વીંટવું, -ટાળવું, (એનરૅપ) *vt.* Enwarp. લપેટવું. [બ્રેરણું.
વીંટી, (રીંગ) *n.* Ring. આંગળી પર પહેરવાનું ગોળ
વીંધવું, (બોર) *vt.* Bore. કાણું પાડવું. Pierce. કોચવું.
વૃક્ષ, (ટ્રી) *n.* Tree. ઝાડ.
વૃત્ત, (સર્કલ) *n.* Circle. વર્તુળ. News. સમાચાર.
વૃત્તાંત, (ન્યુઝ) *n.* News. સમાચાર. Narrative. વર્ણન.
વૃત્તિ, (ઇંકલીનેશન) *n.* Inclination. મનનું વલણ.
Temperament. સ્વભાવ. Behaviour. વર્તન.
વૃથા, વ્યર્થ, (ઈન વેન) *ad.* In vain. ફોગટ; નકામું.
વૃદ્ધ, (ઓલ્ડ) *a.* Old. ઘરડું. Elder. વડીલ.
વૃદ્ધિ, (ઇંક્રીઝ) *n.* Increase. વધારો.
વૃષ, -ભ, (બુલ) *n.* Bull. આખલો.
વૃષણ, (ટેસ્ટીકલ્સ) *n.* Testicles. અંડ; ગોળી.
વૃષ્ટિ, (રેન) *n.* Rain. વરસાદ.
વૃંદ, (ક્રાઉડ) *n.* Crowd. ટોળું.
વેગ, (સ્પીડ) *n.* Speed. ગતી; ઝડપ. Impetus. જોસ.
વેગળું, (સેપરેટ) *a.* Separate. અલગ. Distant. દૂર.

વેચવું, (સેલ) *vt*. Sell. કિંમત લઇને આપવું.
વેચાણ, (સેલ) *n*. Sale. વેચવું-વેચાવવું તે.
વેઠ, વેતરું, *n*. Forced labour. ફરજિયાત મહેનત.
વેઠવું, (બેર) *vt*. Bear. સહન કરવું; નિભાવવું.
વેતરવું, *vt*. Cut out according to measure. માપ પ્રમાણે લુગડું કાપવું. Spoil. બગાડવું.
વેદ, (નોલેજ) *n*. Knowledge. જ્ઞાન. Science. શાસ્ત્રીય જ્ઞાન Most ancient Hindu sacred writing. આર્યોનું સૌથી પ્રાચીન ધર્મ પુસ્તક.
વેદના, (પેન) *n*. Pain. પીડા.
વેદાંત, *n*. Particular system of Hindu philosophy. ઉપનિષદ.
વેધ,(હોલ) *n*. Hole. છિદ્ર;વેહ. Defect.દોષ. Wound. જખમ.
વેધવું,(પીઅર્સ) *vt*. Pierce.છિદ્ર પાડવું; કોચવું.
વેધશાલા,-ળા, (ઓબ્ઝર્વેટરી) *n*. Observatory. ગ્રહાદિકની ગતિ વગેરે નીરખવાનું સ્થાન.
વેપાર, (ટ્રેડ) *n*. Trade. માલ વેચવા સાટવાનો ધંધો.
વેપારી, (ટ્રેડર) *n*. Trader. વેપાર કરનાર.
વેર, -ભાવ, *n*. Enmity. શત્રુવટ.
વેરવું, (સ્કેટર) *vt*. Scatter. છૂટું છૂટું પડે એમ કરવું.
વેરાગી, વૈરાગી, (એસેટીક) *n*. Ascetic. સાધુ.
વેરાન, (બૅરન) *a*. Barren. ઉજ્જડ.
વેરો, (ટેક્ષ) *n*. Tax. કર; જકાત.
વેવાઇ, *n*. Father of a son's wife or daughter's husband. પુત્ર કે પુત્રીનો સસરો.
વેવિશાળ, (બ્રીટ્રોથલ) *n*. Betrothal. વિવાહ.

વેશ, -ષ, (ડ્રેસ) *n.* Dress. પહેરવેશ. Guise. રૂપ; સ્વાંગ.
વેશધારી, (ઇમ્પોસ્ટર) *a.* & *n.* Imposter. ઠગ; લુચ્ચું.
વેળા, (ટાઈમ) *n.* Time. વખત; સમય; Delay. વાર.
વૈકુંઠ, *n.* Abode of Vishnu. વિષ્ણુનું ધામ.
વૈકુંઠવાસ, (ડેથ) *n.* Death. મૃત્યુ.
વૈચિત્ર્ય, (સ્ટ્રેન્જનેસ) *n.* Strangeness. વિચિત્રતા.
વૈજ્ઞાનિક, (સાયન્ટીસ્ટ) *n.* Scientist. વિજ્ઞાનશાસ્ત્રી.
a. Relating to science. વિજ્ઞાનને લગતું.
વૈતરો, વૈઠિયો, (લેબરર) *n.* Labourer. વૈતરું કરનાર.
વૈદ,-દ્ય,-રાજ,(ફીઝીશ્યન) *n.* Physician. દવા કરનાર.
વૈદક, *n.* Science of medicine. રોગના નિદાન, ચિકિત્સા વગેરેનું શાસ્ત્ર.
વૈદિક, *a.* Relating to tha Vedas. વેદોને લગતું.
વૈધવ્ય, (વીડોહુડ) *n.* Widowhood. વિધવાપણું; રંડાપો.
વૈભવ, (સ્પ્લેન્ડર) *n.* Splendour. વિભવ. [ખિન્નતા.
વૈમનસ્ય, *n.* Estrangement. વેર; દ્વેષ. Sadness.
વૈર, -ભાવ, (એન્મીટી) *n.* Enmity. વેર.
વૈરાગ,-ગ્ય, (એસેટીસીઝમ) *n.* Asceticism. વિરક્તિ.
વૈરાટ, (વાસ્ટ) *a.* Vast. વિશાળ; વિસ્તૃત.
વૈવાહિક, *a.* Relating to marriage. લગ્નસંબંધી.
વૈવિધ્ય, (ડાયવર્સીટી) *n.* Diversity. વિવિધતા.
વૈશ્ય, *n.* Individual of the mercantile class. વેપાર કરનાર વર્ગનો માણસ.
વૈશ્વાનર, (ફાયર) *n.* Fire. અગ્નિ. God. પરમેશ્વર.
વ્યક્ત, (ક્લીઅર) *a.* Clear. સ્પષ્ટ; ખુલ્લું.

વ્યક્તિ, *n.* Individual. કોઇ પણ વર્ગનું એક માણસ.
વ્યક્તિત્વ, *n.* Individuality. વ્યક્તિનો વિશેષ ગુણ.
વ્યગ્ર, (પરપ્લેક્સ્ડ) *a.* Perplexed. વ્યાકુળ; અસ્થિર.
વ્યતિત, (ઇલેપ્સેડ) *ad.* Elapsed. વીતી ગયેલું.
વ્યથા, (એગની) *n.* Agony. દુઃખ; પીડા.
વ્યથિત, (પેઇન્ડ) *a.* Pained. વ્યથા પામેલું.
વ્યભિચાર, (એડલ્ટરી) *n.* Adultery. પર સ્ત્રી–પુરૂષનો આડો વ્યવહાર. Faithlessness. કર્તવ્યભ્રષ્ટતા.
વ્યય, (એક્સ્પેન્સ) *n.* Expense. ખર્ચ; વાપર.
વ્યવસાય, (ઓક્યુપેશન) *n.* Occupation. ધંધો.
વ્યવસાયી, (ઇન્ડસ્ટ્રીયસ) *a.* Industrious. ઉદ્યોગી.
વ્યવસ્થા, (ઓર્ડર) *n.* Order. બંદોબસ્ત; ગોઠવણ.
વ્યવસ્થાપક, (ડીરેક્ટર) *n.* Director. વ્યવસ્થા કરનાર.
વ્યવસ્થિત, (રેગ્યુલર) *a.* Regular. બરાબર ગોઠવેલું.
વ્યવહાર, (ઇન્ટરકોર્સ) *n.* Intercourse. સંબંધ. Dealing. ધંધો.
વ્યવહારકુશળ, –દક્ષ, (પ્રેક્ટીકલ) *a.* Practical. વ્યવહારૂ. Clever. ચતુર.
વ્યસન, *n.* Habit. ટેવ; લત. Vice. માદક પદાર્થ લેવાની ટેવ.
વ્યસની, *a.* Habituated. વ્યસનવાળું.
વ્યંગ્ય, –જના, (આયરની) *n.* Irony. કટાક્ષ; વક્રોક્તિ.
વ્યંજન, (કોનસોનંટ) *n.* Consonant. સ્વરની મદદ વિના ઉચ્ચાર થઇ ન શકે તેવો અક્ષર.
વ્યાકરણ, *n.* Grammar. ભાષાના શુદ્ધ પ્રયોગો, નિયમો વગેરેનું શાસ્ત્ર.
વ્યાકુલ,–ળ, (એજીટેટેડ) *a.* Agitated. વિહ્વળ; ગાભરૂં.
વ્યાખ્યા, (ડેફીનીશન) *n.* Definition. વસ્તુનું પૂરતું વર્ણન.

વ્યાખ્યાન, (લેકચરર) *n.* Lecturer. વ્યાખ્યાન કરનાર.
વ્યાખ્યાન, (સ્પીચ) *n.* Speech. ભાષણ.
વ્યાજ, (ઈન્ટરેસ્ટ) *n.* Interest. નાણાં વાપરવા બદલ મૂળ રકમ પર આપવો પડતો વધારો.
વ્યાધિ, (ડીસીઝ) *n.* Disease. રોગ. [વિશાળ.
વ્યાપક,-પી, (કામ્પ્રીહેન્સીવ) *a.* Comprehensive.
વ્યાપાર, (બીઝનેસ) *n.* Business. ધંધો; વેપાર.
વ્યાયામ, *n.* Excercise. કસરત. [કસરતશાળા.
વ્યાયામમંદિર,-શાળા, (જીમનેસ્યમ) *n.* Gymnasium.
વ્યાસ, (ડાયામીટર) *n.* Diameter. વર્તુળના મધ્યબિંદુમાંથી પસાર થઇને તેના પરીઘને બે બાજુ અડતી લીટી. Width. જાડાઈ. [સ્થાન.
વ્યાસપીઠ, (ડાયસ) *n.* Dias. કથાકારને બેસવાનું ઊંચું
વ્યુત્પત્તિ, *n.* Derivation. શબ્દની મૂળ ઉત્પત્તિ.
વ્યુહ,-રચના, *n.* Battle-array. સૈન્યની ગોઠવણી.
વ્યોમ, (સ્કાય) *n.* Sky. આકાશ.
વ્રત, (વાઉ) *n.* Vow. નિયમપૂર્વક આચરવાનું પુણ્યકામ.

શ

શ, The thirtieth consonant of the Gujarati Alphabet, of the palatal class. ત્રીસમો ગુજરાતી વ્યંજન; ચાર ઉષ્માક્ષરોમાંનો એક.
શક, (ડાઉટ) *n.* Doubt. વહેમ; શંકા. Era. સંવત.
શકટ, (કાર્ટ) *n.* Cart. ગાડું. [શક જતો હોય એવું.

શકદાર. *a.* & *n.* One under suspicion. જેના પર
શકમંદ, શંકાસ્પદ, *a.* Doubtful. શંકાવાળું.
શકરો, (ફાલ્કન) *n.* Falcon. બાજ પક્ષી.
શકવું, *vt.* Be able. શક્તિમાન થવું.
શકુંત, (પીકૉક) *n.* Peacock. મોર. Bird. પક્ષી.
શકે, *conj.* I think; possibly. જાણે કે.
શક્તિ, (એબીલીટી) *n.* Ability. સામર્થ્ય; બળ.
શક્ય, (પૉસીબલ) *a.* Possible. કરી શકાય તેવું.
શક્યતા, *n.* Possibility. સંભવ.
શખ્સ, (મેન) *n.* Man. માણસ. [એક સાધન.
શગડી, (ફાયર-પૅન) *n.* Fire-pan. કોલસા બાળવાનું
શઠ, (કનીંગ) *a.* & *n.* Cunning. લુચ્ચું; ધૂર્ત.
શઠતા, *n* Cunningness. લુચ્ચાઇ.
શણ, (હેંપ) *n.* Hemp. એક છોડ.
શણગારવું, (એડોર્ન) *vt.* Adorn. વસ્ત્રઘરેણાં પહેરાવવાં.
શત, (હંડ્રેડ) *a.* Hundred. સો.
શતાબ્દિ,(સેન્ટીનરી) *n.* Centinary. સો વર્ષનો ઉત્સવ.
શત્રુ, (એનીમી) *n.* Enemy. દુશ્મન. [Century. સૈકું.
શત્રુતા, -ત્વ, -વટ, *n.* Enmity. દુશ્મનાઇ.
શનિવાર, *n.* Saturday. અઠવાડિયાનો સાતમો વાર.
શપથ, (ઓથ) *n.* Oath. સોગંદ; કસમ.
શબ, (કૉર્પ્સ) *n.* Corpse. મડદું.
શબ્દ, *n.* Sound. અવાજ. Word. અર્થયુક્ત એકથી વધારે અક્ષરોનો સમુચ્ચય. [શબ્દોના સંગ્રહનો ગ્રંથ.
શબ્દકોશ,-ષ,(ડીક્ષનરી) *n.* Dictionary. ભાષાના

શબ્દાળુતા, (વર્બોસિટી) *n*. Verbocity. અર્થ થોડો પણ શબ્દોની ભરમાર હોવી તે. [don. ક્ષમા.
શમ, –તા, (ટ્રાંક્વીલીટી) *n*. Tranquility.શાંતિ. Par-
શમવવું, *vt*. Tranquilize.શાંત પાડવું તે. [નાશ પામવું.
શમવું, *vt*.Be cooled down.શાંત પડવું.Disappear.
શમશેર, (સ્વૉર્ડ) *n*. Sword. તલવાર.
શયતાન, (સેટન) *n*. Satan. ઈશ્વર સામે બળવો કરનાર એક ફિરસ્તો; બદમાસ.
શયન. (સ્લીપીંગ) *n*. Sleeping. સૂવું તે.Couch.પથારી.
શયનગૃહ. *n*. Sleeping apartment. સુવા માટેનો
શય્યા, (બેડ) *n*. Bed. પથારી. [ઓરડો.
શર, (ઍરો) *n*. Arrow. બાણ. Law. નિયમ.
શરણ, –ણું, (પ્રોટેક્શન) *n*. Protection. આશ્રય.
શરણાગત, *n*. Fugitive. શરણે આવેલું.
શરત, (કંડીશન) *n*. Condition. હોડ; બોલી. [તેવું.
શરતી, (કંડીશનલ) *a*. Conditional. શરત કરી હોય
શરદી. (ડૅમ્પ) *n*. Damp. ભેજ; ઠંડી. Cold. સળેખમ.
શરમ, (શેમ) *n*. Shame.લજ્જા. Reputation. આબરૂ.
શરમાવવું. *vt*. Put to shame. શરમાય એમ કરવું.
શરમાવું, *vt*. Be ashamed. શરમ આવવી.
શરમાળ, (બૅશફુલ) *a*. Bashful. શરમવાળું. [ગયેલું.
શરમિંદું, *a*. Ashamed. શરમથી ઝંખવાણું પડી
શરવું, *a*. Sharp at hearing. તીક્ષ્ણ કાનનું.
શરાફ, (બેંકર) *n*. Banker. નાણાવટી.
શરાબ, (વાઈન) *n*. Wine. દારૂ.

શરાબી, (ડ્રંકાર્ડ) *n.* Drunkard. દારૂ પીનાર.
શરીફ, *a.* High born. ઊંચા કુળનું. Noble.પ્રતિષ્ઠિત.
શરીર, (બૉડી) *n.* Body. દેહ.
શરીરરચના. (એનેટોમી) *n.* Anatomy. શરીરની રચના.
શરીરવિદ્યા.—શાસ્ત્ર. *n.* Physiology. શરીરની રચનાનું
શરીરસંપત્તિ, (હેલ્થ) *n.* Health. આરોગ્ય. [શાસ્ત્ર.
શરૂઆત, (બીગીનીંગ) *n.* Beginning. પ્રારંભ.
શસ્ત્ર. *n.* Weapon. હથિયાર.
શહીદ. *n.* Martyr. ધર્મ અર્થે પ્રાણ અર્પનાર.
શહુર. (એબીલીટી) *n.* Ability. આવડત; હોશ. [રાજા.
શહેનશાહ, (એમ્પરર) *n.* Emperor. સમ્રાટ; રાજાઓનો
શહેર, (સીટી) *n.* City. નગર; મોટું ગામ. [કે તે સંબંધી.
શહેરી, *n.* Citizen. શહેરમાં વસનાર. *a.* Civil. શહેરનું
શંકર,—ભુ, (શીવ) *n.* Shiva. મહાદેવ. [કલ્પિત ભય.
શંકા, *n.* Suspicion. શક; સંદેહ. Misgiving.
શંકુ, (કોન) *n.* Cone. ઉપર જતાં ગોળ થતી ઘન આકૃતિ.
શંખ, (કોંચ શેલ) *n.* Conch shell. એક જાતના દરિયાઇ પ્રાણીનું કોટલું—જે ફૂંકવાથી અવાજ થાય છે.
શંખજીરૂં, *n.* Silicate. of magnesia. એક ઔષધિ.
શંઢ, (યુનક) *n.* Eunuch. નપુંસક.
શંભુમેળો, *n.* Misellany. ખીચડો. [કંદ, ફળ, ભાજી.
શાક, (વેજીટેબલ) *n.* Vegetable. ખાઈ શકાય તેવાં
શાકાહારી, *n.* & *a.* Vegeterian. અન્નાહારી.
શાખ, (રેપ્યુટેશન) *n.* Reputation. આબરૂ. Testimony. સાક્ષી. Attestation. સહી કરવી તે.

શાખા, (બ્રાંચ) *n*. Branch. ડાળી. Division. વિભાગ.
શાગરીત,-દ,-ગિર્દ, (ડીસાયપલ) *n*. Disciple. શિષ્ય;
શાણું, (વાઇઝ) *a*. Wise. ડાહ્યું; ચતુર. [ચેલો.
શાન, (શો) *n*. Show. ભભકો. Appearance. દેખાવ;
શાપ, (કર્સ) *n*. Curse. બદદુવા. [છટા.
શાપિત, (કર્સ્ડ) *a*. Cursed. શાપ પામેલું.
શાબાશ, (બ્રાવો) *int*. Bravo. ધન્ય; વાહ !
શાબાશી, (એપ્લોઝ) *n*. Applause. ધન્યવાદ; વખાણ.
શામિયાનો, (ટેન્ટ) *n*. Tent. તંબુ. [ched. જોડેલું.
શામિલ, (જોઇન્ડ) *a*. Joined. સામેલ; જોડાયેલું. Atta-
શાયર,-હેર, (પોયેટ) *n*. Poet. કવિ. Scholar. વિદ્વાન.
શારદા, *n*. Goddess of learning. સરસ્વતી.
શારદાપીઠ, *n*. University. વિદ્યાપીઠ. [મહેણાં મારવાં.
શારવું, (બોર) *vt*. Bore. કાણું પાડવું. Taunt.
શાર્દૂલ, (ટાયગર) *n*. Tiger. વાઘ. [વાનું કિંમતી વસ્ત્ર.
શાલ, (શૉલ) *n*. Shawl. ઊનનું ભરેલી કિનારનું ઓઢ-
શાલા,-ળા, (સ્કુલ) *n*. School. નિશાળ.
શાશ્વત, (પરમેનન્ટ) *a*. Permanent. નિત્ય.
શાસન, (પનીશમેન્ટ) *n*. Punishment. શિક્ષા. Rule. અમલ. Command. હુકમ. Sermon. ઉપદેશ.
શાસ્ત્ર, (સાયન્સ) *n*. Science. કોઇ પણ વિષયનું તાત્વિક તેમજ વ્યવસ્થિત જ્ઞાન. Scripture. ધર્મગ્રંથ.
શાસ્ત્રોક્ત, (લૉફુલ) *a*. Lawful. શાસ્ત્રમાં કહેલું.
શાહ, (કીંગ) *n*. King. મુસલમાન રાજા. Banker.
શાહજાદી, (પ્રીન્સેસ) *n*. Princess. રાજકુંવરી. [શરાફ.

શાહજાદો, (પ્રિન્સ) *n.* Prince. રાજકુંવર.
શાહમૃગ, *n.* Ostrich. આફ્રિકાનું એક મોટું પક્ષી.
શાહી, (રૉયલ) *a.* Royal. શાહ સંબંધી. Relating to the Govt. સામ્રાજ્યને લગતું. *n.* Ink. લખવામાં વપરાતો રંગીન પ્રવાહી પદાર્થ. [તેવો કાગળ.
શાહીચૂસ, *n.* Blotting-paper. શાહીને ચૂસી લે
શાહુકાર, (બેંકર) *n.* Banker. શરાફ.
શાહુકારી, (ઓનેસ્ટી) *n.* Honesty. પ્રમાણિકતા.
શાહુડી, (પોર્કુપાઈન) *n.* Porcupine. એક પ્રાણી.
શાહેદી, (એવીડંસ) *n.* Evidence. પુરાવો.
શાંત, *a.* Calm. શાંતિ ધારણ કરેલું. [Ease. આરામ.
શાંતિ, (ક્વાયટ) *n.* Quiet. ક્ષોભ કે ક્રિયાનો અભાવ.
શિકલ, –ક્લ, (ફેસ) *n.* Face. ચહેરો. Appearance.
શિકસ્ત, (ડીફીટ) *n.* Defeat. હાર. [દેખાવ.
શિકાયત, (કંપલેઈન્ટ) *n.* Complaint. ફરિયાદ.
શિકાર, (હંટીંગ) *n.* Hunting. ગમ્મત, ખોરાક કે કસરત માટે પશુપંખી મારવાં તે; મૃગયા
શિકારી, *n.* & *a.* Hunter. શિકાર કરનાર.
શિક્ષક, (ટીચર) *n.* Teacher. શિક્ષણ આપનાર.
શિક્ષણ, *n.* Toaching. કેળવણી.
શિક્ષણશાસ્ત્ર, *n.* Pedagogy. શિક્ષણનું શાસ્ત્ર. [સજા.
શિક્ષા, *n.* Instruction. જ્ઞાન; બોધ. Punishment.
શિક્ષિત *a.* Educated. શિક્ષણ પામેલું.
શિખર, (પીક) *n.* Peak. પર્વતનું મથાળું. Top. ટોચ.
શિખવણી, (ઈન્સ્ટીગેશન) *n.* Instigation. ભંભેરણી.

શિખવાડવું,–ખાડવું, (એડયુકેટ) *vt.* Educate. ભણાવવું. Instigate. ભંભેરવું. [Flame. જ્યોત.
શિખા, *n.* Look of hair. ચોટલી. Plume. છોગું.
શિખામણ, (ઈન્સ્ટ્રક્શન) *n.* Instruction. બોધ.
શિથિલ, (વીક) *a.* Weak. નરમ; ઢીલું.
શિબિર, (ટેન્ટ) *n.* Tent. તંબુ. Camp. છાવણી.
શિયળ, (ચેસ્ટીટી) *n.* Chastity. સ્ત્રીનું પાવિત્ર્ય; શીલ.
શિયાળ, –ળું, –ળિયું, *n.* Fox. કૂતરાના વર્ગનું એક
શિયાળો, (વીન્ટર) *n.* Winter. ઠંડીની મોસમ. [પ્રાણી.
શિર, *n.* Head. માથું. Top. ટોચ.
શિરછત્ર, (એલ્ડર) *n.* Elder. વડીલ; પાલક.
શિરચ્છેદ, *n.* Beheading. માથું કાપી નાખવું તે.
શિરજોરી, *n.* Co-ercion. જોરાવરી.
શિરતાજ, (ક્રાઉન) *n.* Crown. તાજ. Elder. વડીલ.
શિરસ્તેદાર, *n.* Head clerk. મુખ્ય કારકુન.
શિરસ્તો, (કસ્ટમ) *n.* Custom. ધારો; રિવાજ.
શિરોબિંદુ, (વર્ટેક્ષ) *n.* Vertex. ઊંચામાં ઊંચું બિંદુ.
શિરોમણી, *n.* Best of the kind. ચૂડામણી. Leader. નાયક.
શિલા, (સ્ટોન) *n.* Stone. પથ્થરની છાટ.
શિલાછાપ, *n.* Lithography. શિલાપર કોતરીને કરેલું છાપકામ. [મનાતી એક પૌષ્ટિક ઔષધિ.
શિલાજિત, (બીટુમન) *n.* Bitumen. ડુંગરનો રસ
શિલાલેખ, *n.* Stone inscription. પથ્થર પર કોતરેલો લેખ. [બાંધકામની કળા.
શિલ્પ,–વિદ્યા,–શાસ્ત્ર, *n.* Science of architecture.

શિલ્પકાર, -લ્પી, *n*. Architect. કારીગર; બાંધકામમાં પ્રવીણ માણસ. [શિવનું લિંગસ્વરૂપી પ્રતિક.

શિવલિંગ, *n*. Shiva in the form of a phallus.

શિવાલય, *n*. Temple of Shiva. શિવનું મંદિર.

શિશિર, *n*. Coldest season. પોષ અને માઘની ઠંડી

શિશુ, (ઇન્ફંટ) *n*. Infant. બાળક. [ઋતુ.

શિષ્ટ, (સીવીલ) *a*. Civil. સુશિક્ષિત.

શિષ્ટાચાર, (ફોર્મેલીટી) *n*. Formality. સભ્ય રીતભાત.

શિષ્ય, (ડીસાયપલ) *n*. Disciple. ચેલો.

શિષ્યવૃત્તિ, (સ્કોલરશીપ) *n*. Scholarship. શિષ્યને તેના ખર્ચ પેટે મળતી મદદ. [*a*. Proper. લાયક.

શિસ્ત, (ડીસીપ્લીન) *n*. Discipline. નિયમબદ્ધ વર્તન.

શિંગડું, *n*. Horn. પશુના માથા પરનો અવયવ.

શીખવવું, (ટીચ) *vt*. Teach. ભણાવવું.

શીખવું, (લર્ન) *vt*. Learn. ભણવું. [જલદી.

શીઘ્ર, (ક્વીક) *a*. Quick. સત્વર. *ad*. Quickly.

શીત, -લ, -ળ, -ળું, (કોલ્ડ) *a*. Cold. ઠંડું; ટાઢું.

શીતકટિબંધ, *n*. Frigid zone. ધ્રુવ આસપાસનો પ્રદેશ.

શીતજ્વર, (મેલેરીયા) *n*. Malaria; ague. ટાઢિયો તાવ.

શીતલા, -ળા, (સ્મોલ-પૉક્ષ) *n*. Small-pox. બળિયા.

શીલ, -ળ, (નેચર) *n*. Nature. સ્વભાવ. Conduct. વર્તન. Character. ચારિત્ર. Suffix. પ્રત્યય છે, જેમકે;

શીશી, -શો, (બોટલ) *n*. Bottle. બાટલી-લો. [દાનશીલ.

શુક, (પેરટ) *n*. Parrot. પોપટ.

શુકન, શકુન, (ઓમેન) *n*. Omen. શુભાશુભ.

શુક્રવાર, *n.* Friday. અઠવાડિયાનો છઠ્ઠો દિવસ.
શુદ્ધ, (ક્લીન) *a.* Clean. સ્વચ્છ. Pure. પવિત્ર.
શુદ્ધિ, (પ્યોરીટી) *n.* Purity. પવિત્રતા.
શુભ, (ઑસ્પીશ્યસ) *a.* & *n.* Auspicious. કલ્યાણકારી.
શુભ્ર,–ક્લ,(વ્હાઇટ) *a.* White. સફેદ. Bright. ઉજ્જવળ.
શુમાર, (ગેસ) *n.* Guess. સુમાર; અડસટ્ટો. Counting.
શુશ્રૂષા, (સર્વીસ) *n.* Service. સેવા;ચાકરી. [ગણતરી.
શુષ્ક, (ડ્રાય) *a.* Dry. સૂકું; રસ વગરનું. [નામ.
શું, (વ્હૉટ) *prep.* What. વસ્તુવાચક પ્રશ્નાર્થ સર્વ-
શુદ્ર, *n.* Individual of the lowest class. સૌથી હલકી વર્ણનો માણસ.
શૂન,–ન્ય, (ડૉટ) *n.* Dot. મીંડું. *a.* Empty. ખાલી.
શૂન્યકાર, *n.* Dead silence. નિરવતા.
શૂરવીર, (બ્રેવ) *a.* & *n.* Brave. બહાદુર.
શૂરાતન, શૌર્ય, (બ્રેવરી) *n.* Bravery. વીરતા. [જેવું દરદ.
શૂલ,–ળ, (પ્રીક) *n.* Prick. કાંટો. Colic. કાંટો ભોંકાયા
શૂળી, (ગૅલોઝ) *n.* Gallows. પ્રાણ લેવાનું એક સાધન.
શૃંખલા, (ફેટર્સ) *n.* Fetters. બેડી; સાંકળ. [શિંગડું.
શૃંગ, (પીક) *n.* Peak. શિખર. Top. ટોચ. Horn.
શૃંગાર, *n.* Love affairs. વિલાસ; રતિ.
શેક, (ફોમેન્ટેશન) *n.* Fomentation. શેકવું તે.
શેકવું, (ફોમેન્ટ) *vt.* Foment. શેક કરવો. Bake. દેવતા પર નાખી ચડાવવું.
શેખી, (બોસ્ટીંગ) *a.* & *n.* Boasting. પતરાજી.
શેઠ,–ઠિયો, *n.* Master. ધણી; માલિક. Merchant.

શેડ. *n.* Jet of water. ધારા; ધાર. [વેપારી; શાહુકાર.
શેતરંજ, (ચેસ) *n.* Chess. એક રમત.
શેતરંજી, (કાર્પેટ) *n.* Carpet. એક રંગીન પાથરણું.
શેર, *n.* Pound; weight of 40 tolas. ચાળીસ
તોલાનું માપ; મણનો ચાળીસમો ભાગ. Lion. સિંહ.
શેરડી,-લડી, *n.* Sugar-cane. એક વનસ્પતિ જેના સાંઠા-
માંથી ખાંડ ગોળ બને છે. [કરેલું ટૂંકું ટિપ્પણ.
શેરો, *n.* Endorsement. અરજી વગેરે પર અધિકારીએ
શેષ. (રીમેઈનીંગ) *a.* & *n.* Remaining. બાકી વધેલું.
શૈથિલ્ય, (લેક્ષીટી) *n.* Laxity. મંદતા.
શૈલી, (મોડ) *n.* Mode. ઢબ. રિત. Style. લખાણની રીત.
શૈવલિની, (રીવર) *n.* River. નદી.
શૈશવ, (ચાઈલ્ડહુડ) *n.* Childhood. બાળપણ.
શોક, (ગ્રીફ) *n.* Grief. ખેદ; દિલગીરી.
શોકકારક, -કારી, -જનક, *a.* Sorrowful. શોક ઉત્પન્ન
શૉક, *n.* Co-wife. પતિની બીજી સ્ત્રી. [કરાવે તેવું.
શોખ. (લાઈકીંગ) *n.* Liking. ઇચ્છા. Desire. હોંશ.
શોગટાબાજી, *n.* Game of chess. એક રમત.
શોચ,-ના, (રીગ્રેટ) *n.* Regret. શોક; ફિકર; પસ્તાવો.
શોચનીય, *a.* Regrettable. શોચ કરવા યોગ્ય.
શોણિત, (બ્લડ) *n.* Blood. લોહી.
શોધ, (સર્ચ) *n.* Search. શોધવું તે; ખોળ; તપાસ.
શોધખોળ, *n.* Investigation. શોધ કરવી તે.
શોધવું, *vt.* Search. ખોળવું. Examine. તપાસવું.
શોભવું, (શાઇન) *vt.* Shine. સુંદર દેખાવું. [આબરૂ.

શોભા, (બ્યુટી) *n.* Beauty. સૌંદર્ય. Reputation.
શોભાયમાન, -ભિત, -ભીતું, (એલીગંટ) *a.* Elegant.
શોષ, (થર્સ્ટ) *n.* Thirst. તરસ; પ્યાસ. [શોભાવાળું.
શોષ, *n.* Absorbing. શોષી લેનારૂં. [નાખવું.
શોષવું, *vt.* Absorb. ચૂસી લેવું. Dry up. સૂકું કરી
શોચ, (પ્યોરીટી) *n.* Purity. સ્વચ્છતા; પવિત્રતા.
શ્મશાન, -ભૂમિ, *n.* Burial ground. મડદાં બાળવાનું
શ્યામ, -મલ, (બ્લેક) *a.* & *n.* Black. કાળું. [સ્થાન.
શ્રદ્ધા, (ફેથ) *n.* Faith. આસ્થા; વિશ્વાસ.
શ્રમ, (લેબર) *n.* Labour. મહેનત. [ગુજરાન મેળવનાર.
શ્રમજીવી, *n.* Labourer. શારીરિક શ્રમ કરી
શ્રવણ, *n.* Jain or Buddha monk. જૈન અથવા
શ્રમિત, (ટાયર્ડ) *a.* Tired. થાકેલું. [બૌદ્ધ સાધુ.
શ્રવણેંદ્રિય, (ઇયર) *n.* Ear. કાન.
શ્રાદ્ધ, *n.* Obsequies. પિતૃઓની તૃપ્તિ માટે શ્રદ્ધાથી
શ્રાપ, (કર્સ) *n.* Curse. શાપ; બદદુવા. [કરાતી તર્પણ ક્રિયા.
શ્રાવ્ય, (ઑાડીબલ) *a.* Audible; to be heard. સાંભ-
શ્રાંતિ, (ફેટીંગ) *n.* Fatigue. થાક. [ળવા યોગ્ય.
શ્રીફળ, (કોકોનટ) *n.* Cocoa-nut. નાળિયેર.
શ્રીમંત, (રીચ) *a.* Rich. ધનવાન.
શ્રીમાન, -યુત, (રીચ) *a.* Rich. ધનવાન. *n.* Term of respect. નામની આગળ વપરાતો આદરસૂચક શબ્દ.
શ્રુત, (હર્ડ) *n.* Heard. સાંભળેલું. [તે.
શ્રુતલેખન, (ડીક્ટેશન) *n.* Dictation. સાંભળીને લખવું
શ્રુતિ, (હીયરીંગ) *n.* Hearing. સાંભળવું તે. Ear-

report. સાંભળેલી વાત. Vedas. વેદ. Sound. અવાજ.
શ્રેણિ,-ણી, (સીરીઝ) *n*. Series. હાર; પંક્તિ. [કલ્યાણ.
શ્રેય, (એબ્સોલ્યુશન) *n*. Absolution. મોક્ષ. Welfare.
શ્રેષ્ઠ, (બેસ્ટ) *n*. Best. ઉત્તમ.
શ્રોતાજન,-વર્ગ, (ઑડીયંસ) *n*. Audience. સાંભળ-
શ્લાઘા, (પ્રેઝ) *n*. Praise. પ્રશંસા. [નારાઓનો સમુદાય.
શ્લોક, (સ્ટાન્ઝા) *n*. Stanza. ચાર ચરણનું પદ.
શ્વાન, (ડૉગ) *n*. Dog. કૂતરો. [તે. Panting. હાંફ.
શ્વાસ, (બ્રેથ) *n*. Breath. નાકથી વાયુ લેવો મૂકવો
શ્વાસોશ્વાસ, (રેસ્પીરેશન) *n*. Respiration. શ્વાસ લેવો-
શ્વેત, (વ્હાઈટ) *a*. White. સફેદ. [મૂકવો તે.

ષ

ષ, The thirty first consonant of the Gujarati Alphabet, of the lingual class. ચાર ઉષ્માક્ષ-
ષટ, *a*. Six. છ. [રોમાંનો બીજો-એકત્રીસમો વ્યંજન.
ષટક, *n*. Collection of six. છનો સમૂહ.
ષટકોણ,-ણાકૃતિ, (હેક્ઝેગોન) *n*. Hexagon. છ ખૂણાવાળી આકૃતિ. [ભમરો.
ષટપદ *a*. & *n*. Six-legged. છ પગવાળું. Wasp.
ષડયંત્ર, (કોન્સપીરસી) *n*. Conspiracy. કાવત્રું.
ષંઢ, (ઇમ્પોટંટ મેન) *n*. Impotent man. નપુંસક.
ષોડશ, (સીક્સટીન) *a*. Sixteen. સોળ.
ષોડષી, *n*. Collection of sixteen. સોળનો સમૂહ.

સ, The thirty second consonant of the Gujarati Alphabat, of the lingual class. ચાર ઉષ્માક્ષરોમાંનો ત્રીજો. *prep.* With. સાથે; સહિત. Prefix. ઉપસર્ગ છે, જેમકે; સહકુટુંબ; સપિંડ; સપૂત.
સકર્મક, (ટ્રાન્ઝીટીવ) *a.* Transitive. જેને કર્મ હોય [એવું.
સકર્મી, (લકી) *a.* Lucky. ભાગ્યશાળી.
સકલ, –ળ, –ળું, (એન્ટાયર) *a.* Entire. બધું; તમામ.
સકારણ, *a.* Having an object. કારણવાળું.
સક્રિય, (એકટીવ) *a.* Active. ક્રિયાયુક્ત
સખત, –પ્ત, (હાર્ડ) *a.* Hard. કઠણ. Firm. મજબૂત.
સખતી,-તાઈ,(સીવીયરીટી) *n.* Severity. કડકાઇ;જુલમ.
સખા, (ફ્રેંડ) *n.* Friend. મિત્ર. [ઉદારતા.
સખાવત, (ચેરીટી) *n.* Charity. દાન. Generosity.
સખી, *a.* Generous. ઉદાર. *n.* Female friend.
સખેદ, *ad.* With regret. ખેદ સાથે. [સાહેલી.
સગપણ, *n.* Relation. સગાઇ. Betrothal. વિવાહ.
સગર્ભા, (પ્રેગનંટ) *a.* Pregnant. ગર્ભવંતી.
સગવડ, (કનવીનીયંસ) *n.* Convinience. જોગવાઇ.
સગીર, (માઈનોર) *a.* Minor. કાચી ઉંમરનું.
સગું, –વહાલું, *a.* & *n.* Relative. એક લોહીથી કે લગ્ન સંબંધથી જોડાયેલું–તેવું માણસ.
સગોત્ર, *a.* Of the same race. એક જ ગોત્રનું.
સચિત્ર, *a.* Illustrated. ચિત્રોવાળું.
સચિવ, (મીનીસ્ટર) *n.* Minister. પ્રધાન.

સચેત, –ન, –જગ, (કૉંશ્યસ) *a*. Conscious. ચેતનાવાળું. Careful. સાવધ. [ન જાય એવું.

સચોટ, (ફર્મલી) *a*. & *ad*. Firmly. અચુક; નિષ્ફળ

સચ્ચાઇ, (ઑનેસ્ટી) *n*. Honesty. પ્રમાણિકતા.

સચ્ચિદાનંદ, *n*. Supreme Being. પરમાત્મા.

સજડ, –જ્જડ, (ટાઇટ) *a*. Tight. મજબૂત; દૃઢ. [સખી.

સજની, *n*. Sweetheart. પ્રિયા. Female friend.

સજલ, –ળ, *a*. Full of tears. આંસુથી ભરેલું.

સજવું, (ઇક્વીપ) *vt*. Equip. ધારણ કરવું. Decorate. [શણગારવું.

સજા, *n*. Punishment. શિક્ષા; દંડ.

સજાતિ, –તીય, (હોમોજીનસ) *a*. Homogenous. એક [જાતિ કે વર્ગનું.

સજીવ, *a*. Animate. જીવવાળું.

સજોડે, *ad*. Both together. પતિ કે પત્નીની સાથે.

સજ્જ, –જ, –જ્જિત, (પ્રીપેર્ડ) *a*. Prepared. તૈયાર થયેલું

સજ્જન, (જેન્ટલમેન) *a*. Gentleman. સદ્‌ગૃહસ્થ; સભ્ય.

સટકવું, (રન અવે) *vt*. Run away. નાસી જવું.

સટ્ટો, (સ્પેક્યુલેશન) *a*. Speculation. લાભનું લેખું માંડીને કરેલું સોદાનું સાહસ.

સડક, *n*. Main road. મુખ્ય રસ્તો. *a*. Stiff. તંગ.

સડવું, (રૉટ) *vt*. Rot. કોહી જવું.

સડસડાટ, –ડેડાટ, (સ્વીફ્ટલી) *ad*. Swiftly. ઝપાટાબંધ.

સડો, (રૉટ) *n*. Rot. કોહવાટ. Corruption. ભ્રષ્ટતા.

સઢ, *n*. Sail of a ship. પવન ભરાઇને વહાણને ગતિ મળે તે માટે વહાણના થાંભલાને બાંધવામાં આવતું કપડું.

સણકો, *n* Shooting pain. શૂળ ભોંકાતી હોય તેવું દરદ.

સતત, (કન્ટીન્યુઅલી) *a.* & *ad.* Continually. હંમેશ;
સતાવવું, (હેરેસ) *vt.* Harass. પજવવું. [ચાલુ.
સતી, *n.* Chaste and virtuous wife. પતિવ્રતા સ્ત્રી.
સતીત્વ, (ચેસ્ટીટી) *n.* Chastity. પાતિવ્રત્ય. [જાગૃત.
સતેજ, (બ્રાઈટ) *a.* Bright. પ્રકાશયુક્ત. Awakened.
સત્કર્મ,–કાર્ય, *n.* Virtuous action સારૂં કાર્ય.
સત્કાર, (રીસેપ્શન) *n.* Reception. સ્વાગત. [બળ.
સત્તા, (ઓથોરીટી) *n.* Reception. અધિકાર. Power.
સત્તાવાર, *n.* Authority. સત્તાયુક્ત; પ્રમાણિત.
સત્વ, (ઈસેન્સ) *n.* Essence. સાર.
સત્ય,–ત, (ટ્રુ) *a.* True. સાચું. *n.* Truth. સાચી વાત.
સત્ય,–પરાયણ, (ટ્રુથફુલ) *a.* Truthful. સાચને જ
વળગી રહેનારૂં. [આગ્રહ.
સત્યાગ્રહ, *n.* Fight for the truth. સત્યપાલનનો
સત્યાનાશ, *n.* Utter destruction. પાયમાલી; નખ્ખોદ.
સત્ર, (ટર્મ) *n.* Term. સમય; ગાળો. Sacrifice. યજ્ઞ.
સત્વર, (ક્વીક) *a.* & *ad.* Quick. જલ્દી.
સદન, (ડવેલીંગ) *n.* Dwelling. રહેઠાણ; ઘર.
સદર, (ચીફ) *n.* Chief. મુખ્ય; વડું. Said. સદરહુ.
સદરપરવાનગી, *n.* Full permission. જેમ ફાવે તેમ
કરવાની કુલ મુખત્યારી. [પૂર્વોક્ત.
સદરહુ, (અફોરસેડ) *a.* Aforesaid. આગળ જણાવેલું;
સદરો, *n.* Short-leaved loose shirt. ટૂંકી બાંયનું
સદવું, (સ્યુટ) *vt.* Suit. માફક આવવું. [ખુલતું પહેરણ.
સદંતર, *ad.* Forever. સદાને માટે. Completely. સર્વદા

સદા,-કાળ,-સર્વદા,(ઓલવેઝ)*ad.* Always. સદાને માટે.
સદાચરણ,-ચાર. *n.* Good conduct. સદ્વર્તન.
સદાવ્રત, (આલ્મોનરી) *n.* Almonry. અન્નક્ષેત્ર; ભૂખ્યાંને રોજ અન્ન આપવાનું સ્થળ.
સદી, (સેનચ્યુરી) *n.* Century. સૈકો.
સદેહે, (બોડીલી) *ad.* Bodily. દેહ સાથે.
સદ્ગત, (ડેડ) *a.* Dead. મૃત.
સદ્ગતિ,(સાલ્વેશન) *n.* Salvation. મોક્ષ પ્રાપ્તિ.
સદ્ગુણ, (વરચ્યુ) *n.* Virtue. સારો ગુણ.
સદ્ગૃહસ્થ, *n.* Gentleman. સજ્જન; પ્રતિષ્ઠિત માણસ.
સદ્ભાગ્ય, (લક) *n.* Luck. સારૂં નસીબ.
સદ્ભાવ, (એફેકશન) *n.* Affection. સ્નેહની લાગણી.
સધવા, *a.* & *n.* Whose husband is living. સૌભાગ્યવતી.
સન, (ઈરા) *n.* Era. શક; સંવત.
સનદ,-નંદ, *n.* Royal mandate. પરવાનો,-નગી.
સનદી, *a.* Commissioned. સનંદ ધરાવતું.
સનાતન, (ઇટરનલ) *a.* Eternal. શાશ્વત. Ancient. પ્રાચીન.
સનેપાત,-ન્નિપાત,(ડીલીરીયમ) *n.* Delirium. ત્રિદોષ.
સન્માન, (રીસ્પેક્ટ) *n.* Respect. સત્કાર. Honour. પ્રતિષ્ઠા.
સન્માર્ગ, *n.* Right course. નીતિનો માર્ગ.
સપડાવું,-ટાવું, *vt.* Be caught. ફસાવું.
સપનું,-મણું, (ડ્રીમ) *n.* Dream. સ્વપ્ન.[એકસરખું.
સપાટ, (ફ્લેટ) *a.* Flat. ખાડાટેકરા વિનાનું. Even.
સપાટી, (લેવલ) *n.* Level; surface. કોઇપણ વસ્તુનો
સપ્ત,(સેવન) *a.* Seven. સાત. [છેક ઉપરનો સપાટ ભાગ.

સપ્તકોણ,-ભૂજ, *n.* & *a.* Septagon. સાત ખુણાવાળી
સપ્તાહ, (વીક) *n.* Week. અઠવાડિયું. [આકૃતિ.
સફર (જર્ની) *n.* Journey. મુસાફરી.
સફરજન, (પીયર) *n.* Pear. એક ફળ. [વાળું.
સફલ,-ળ (સકસેસફુલ) *a.* Successful. સિદ્ધ; ફળ-
સફળતા, (સકસેસ) *n.* Success. સફળ થવું તે.
સફાળું, *a.* Feeling surprise. બેબાકળું. Sudden.
સફેદ, (વ્હાઈટ) *a.* White. શ્વેત; ધોળું. [ઓચિંતું.
સબબ, (ઓબ્જેક્ટ) *n.* Object. હેતુ. Reason. કારણ.
સબલ,-ળ, (વીગરસ) *a.* Vigorous. બળવાન. [શક્તિ.
સબૂર,-રી,-બર,(પેશંસ) *n.* Patience. ધીરજ; સહન-
સભા, (કોન્ફરંસ) *n.* Conference. મેળાવડો; પરિષદ.
સભાસદ, (મેમ્બર) *n.* Member. સભ્ય.
સભ્ય, *a.* Polite. વિવેકી. *n.* Member. સભાસદ.
સભ્યતા, (કર્ટસી) *n.* Courtesy. સભ્યપણું.
સમ, *n.* Oath. સોગન. *a.* Like. સરખું. [વિદ્યમાન.
સમકાલિન, *n.* Contemporary. એક જ કાળમાં સાથે
સમક્ષ, *a.* & *ad.* In the presence of. રૂબરૂ; નજર
સમગ્ર,-ળંગ, (હોલ) *a.* Whole. બધું; તમામ. [સામે.
સમચોરસ, *a.* & *n.* Square. ચાર ખૂણા અને ચાર
બાજુઓ સરખી હોય તેવી આકૃતિ.
સમજ,-ણ, *n.* Understanding. અક્કલ; જ્ઞાન.
સમજણું,-દાર,-જુ, *a.* Prudent. સમજે એવું.
સમજવું. *vt.* Understand. અર્થ ગ્રહણ કરવો.
સમજૂત,-તી, *n.* Explanation. ખુલાસો; વિવેચન.

સમતોલ, *a.* & *n.* Of equal weight. સરખા વજનનું.
સમદર્શિ,-દ્રષ્ટિ,-બુદ્ધિ, *a.* Impartial. નિષ્પક્ષપાતી.
સમય, (ટાઈમ) *n.* Time. વખત. Period. કાળ.
સમયપત્રક, *n.* Time-table. સમયની ફાળવણીની નોંધ.
સમયસૂચકતા, *n.* Presence of mind. સમયને યોગ્ય તત્કાળ કાર્ય કરવાની બુદ્ધિ. [times. સમય પ્રમાણે.
સમયાનુસાર,-યોચિત, *a.* & *ad.* According to
સમર,-ભૂમિ,-રાંગણ, (બેટલ) *n.* Battle. યુદ્ધ.
સમર્થ, (પાવરફુલ) *a.* Powerful. બળવાન.
સમર્પણ, (ડેડીકેશન) *n.* Dedication. અર્પણ કરવું તે.
સમર્પવું, *vt.* Dedicate. સમર્પણ કરવું. [વાળું.
સમશીતોષ્ણ, *a.* Temperate. સરખી ઠંડી અને ગરમી-
સમસ્યા, (પઝલ) *n.* Puzzle. કોયડો. Hint. સંકેત.
સમાગમ, (મીટીંગ) *n.* Meeting. મેળાપ. Company.
સમાચાર, (ન્યુઝ) *n.* News. ખબર. [સોબત.
સમાચારપત્ર, *n.* Newspaper. વર્તમાનપત્ર.
સમાજ, (સોસાયટી) *n.* Society. એક જ ધર્મ કે આચારવાળો જનસમુદાય. Assembly. સભા.
સમાધાન,-ની, (સેટલમેન્ટ) *n.* Settlement. નિકાલ.
સમાન,-ણું, (ઈકવલ) *a.* Equal. સરખું.
સમાપ્ત, (કંપલીટ) *a.* Complete. પૂર્ણ.
સમાપ્તિ, *n.* End. અંત; છેવટ.
સમારકામ, (રીપેર્સ) *n.* Repairs. દુરસ્ત કરવું તે.
સમારવું, *vt.* Repair. દુરસ્ત કરવું. Cut. કાપવું.
સમારંભ, (સેલીબ્રેશન) *n.* Celebration. ઉત્સવ.

સમાવવું, (ઇન્કલ્યુડ) *vt.* Include. સમાય એમ કરવું.
સમાવું, *vt.* Be contained in. અંદર આવી જવું.
સમાવેશ, *n.* Inclusion. સમાવું તે; સમાસ.
સમાંતર, (પેરેલલ) *a.* Parallel. સમાન અંતરવાળું.
સમિતિ, (કમીટી) *n.* Committee. મંડળી; સભા.
સમીક્ષા, *n.* Investigation. બારીક તપાસ; સમા-
સમીપ, (નીયર) *a.* Near. નજીક; નીકટ. [લોચના.
સમીર, (વીન્ડ) *n.* Wind. પવન.
સમુચ્ચય, (કલેક્શન) *n.* Collection. સંગ્રહ; સમૂહ.
સમુદાય,-મૂહ, (માસ) *n.* Mass. ટોળું.
સમુદ્ર, સાગર, (સી) *n.* Sea. દરિયો.
સમુદ્રફીણ, *n.* Cuttle fish-bone. એક ઔષધિ.
સમૃદ્ધ, (પ્રોસ્પરસ) *a.* Prosperous. આબાદ
સમૃદ્ધિ, *n.* Prosperity. આબાદી. Riches. સંપત્તિ.
સમેટવું, *vt.* Wind up. આટોપવું; એકઠું કરવું.
સમ્રાજ્ઞી, (એમ્પ્રેસ) *n.* Empress. મહારાણી.
સમ્રાટ, (એમ્પરર) *n.* Emperor. રાજાધિરાજ.
સરકવું, *vt.* Slip. લપસવું;ખસવું. Sneak away.છટકવું.
સરકાર, *n.* Government. પ્રજાનું શાસન કરનારી સત્તા.
સરકારી, *a.* Governmental; official. સરકારનું.
સરખામણી, *n.* Comparison. તુલના; મુકાબલો.
સરખાવવું,(કંપેર) *vt.* Compare. મેળવી જોવું. [સપાટ.
સરખું,-રીખું, (ઇક્વલ) *a.* Equal. સમાન. Flat.
સરઘસ,(પ્રોસેશન)*n.*Procession. વરઘોડા જેવો સમુદાય.
સરત, (એટેન્શન) *n.* Attention. ધ્યાન.

સરદાર, (લીડર) *n*. Leader. આગેવાન; નાયક.
સરદારી, *n*. & *a*. Leadership. આગેવાની.
સરનામું, (એડ્રેસ) *n*. Address. નામઠામ વગેરે.
સરપાવ, (રીવૉર્ડ) *n*. Reward. બદલો.
સરભરા, *n*. Hospitality. આદરસત્કાર; સેવાચાકરી.
સરમુખત્યાર, *a*. & *n*. Full powered. કુલ સત્તાવાળું.
સરલ,-ળ (સ્ટ્રેઇટ) *a*. Straight. સીધું. Not difficult. મુશ્કેલ નહિ એવું. Simple. નિખાલસ.
સરવાળો, (ટોટલ) *n*. Total. સંખ્યાઓને ભેગી ઉમેરવી તે–તેથી થતી રકમ.
સરવયું,-વાયું,*n*.Balance-sheet.આખા વર્ષના હિસાબનું તારણ.
સરવું, *vt*. Slip. સરકવું. Be accomplished. પાર પડવું. *a*. Keen in hearing. ઝટ સાંભળે તેવું.
સરસ, *a*. Excellent. ઉત્તમ. Beautiful. સુંદર.
સરસૂબો, *n*. Chief governor. વડો સૂબો.
સરસ્વતી, *n*. Goddess of learning. વિદ્યાની દેવી.
સરહદ, *n*. Boundary. સીમા. Frontier. સીમાડો.
સરંજામ, (મટીરીયલ્સ) *n*. Materials. જોઈતી સામગ્રી.
સરત,-તા, (રીવર) *n*. River. નદી.
સરિયામ, (પબ્લીક) *a*. Public. જાહેર. Chief. મુખ્ય.
સરેરાશ,-રાસર,-રી, (એવરેજ) *n*. & *ad*. Average. નાનીમોટી રકમનો જુમલો કરીને કઢાતું માન.
સરોજિની, *n*. Lotus plant. કમળની વેલ.
સરોવર,-રવર, (લેક) *n*. Lake. મોટું તળાવ.
સર્જક,-નહાર, (ક્રીએટર) *a*. & *n*. Creator. સર્જનાર.

સર્જન, (ક્રીએટીંગ) *n*. Creating. સર્જવું તે; કૃતિ. [જૂનું.
સર્જનજૂનું, *a*. From times immemorial. ઘણું
સર્જન,-રજવું, (ક્રીએટ) *vt*. Creat. નવું રચવું.
સર્પાકાર, (સરક્યુલર) *a*. & *n*. Circular. ગોળ.
સર્વ,-સરલ, (ઑલ) *a*. All. બધું; તમામ.
સર્વજ્ઞ,-દર્શી, *a*. Omnicient. બધું જાણનારૂં.
સર્વત્ર, (એવરીવ્હેર) *ad*. Everywhere. દરેક સ્થળે.
સર્વદા, (ઓલવેઝ) *ad*. Always. હંમેશાં. [આવતો શબ્દ.
સર્વનામ, (પ્રોનાઉન) *n*. Pronoun. નામનો બદલે
સર્વશક્તિમાન, (ઓમનીપોટંટ) *a*. Omnipotent.
સર્વ પ્રકારની શક્તિવાળું. [among all. સર્વમાં ઉત્તમ.
સર્વશ્રેષ્ઠ,-ર્વોચ્ચ,-ર્વોત્તમ,-ર્વોત્કૃષ્ટ,-ર્વોપરી, *a*. Best.
સર્વાનુમત, (યુનેનીમસ) *a*. Unanimous. બધાંને કબૂલ.
સર્વોપયોગી, *a*. Useful to all. સર્વને ઉપયોગી.
સલાટ, *n*. Stone-mason. પથ્થર ઘડનારો. [પ્રકાર.
સલામ, (સેલ્યુટેશન) *n*. Salutation. નમસ્કારનો એક
સલામત, (સેફ) *a*. Safe. સુરક્ષિત; સહીસલામત.
સલામતી, *n*. Safety. સુરક્ષિતતા. Health. આરોગ્ય.
સલાહ, (એડવાઇસ) *n*. Advice. શિખામણ.
સલ્તનત, (એમ્પાયર) *n*. Empire. સામ્રાજ્ય.
સવળું,-ળ, (પ્રોપર) *a*. Proper. સૂલટું; અવળાથી ઊલટું.
સવા, *a*. One and a quarter. એક અને પા. Plant
seeds. એક બીજ.
સવાર, *n*. Morning. વહાણું. Rider. ઘોડેસ્વાર.
સવારી, (પ્રોસેશન) *n*. Procession. વરઘોડો. Riding.

સવાર થવું તે. Passenger. ઉતારૂ. Journey. મુસાફરી.
સવાલ, *n*. Question. પ્રશ્ન. Request. અરજ.
સવિતા, (સન) *n*. Sun. સૂર્ય. God. પ્રભુ.
સવિનય, *a*. & *ad*. Humble. વિનયયુક્ત.
સવિનયભંગ, *n*. Civil disobedience. વિનયપૂર્વકભંગ.
સશક્ત, (પાવરફુલ) *a*. Powerful. શક્તિવાળું.
સશસ્ત્ર, (આર્મ્ડ) *a*. Armed. શસ્ત્રસજ્જ; શસ્ત્ર સાથે.
સસરો, *n*. Father-in-law. વહુ કે વરનો બાપ.
સસલો,-સો. (રૅબીટ) *n*. Rabbit. એક નાનું ચોપગું [પ્રાણી.
સસ્તું, (ચીપ) *a*. Cheap. સોંઘું.
સહ,-હિત, *ad*. With. સાથે. [બીજાને મદદગાર થવું તે.
સહકાર,-યોગ, (કોઓપરેશન) *n*. Co-operation. એક
સહચાર, *n*. Accompaniment. સાથ; સોબત. [પત્ની.
સહચારિણી, -ધર્મચારિણી, -ધર્મિણી, *n*. Wife.
સહજ, (નેચરલ) *a*. Natural. કુદરતી; સ્વભાવિક.
સહનશક્તિ,-શીલતા, *n*. Forbearance. સહન કરવાની [શક્તિ.
સહનશીલ,-હિષ્ણુ, (પેશંટ) *a*. Patient. શાંત.
સહવાસ, *n*. Dwelling with. સાથે વસવું તે.
સહસા, (રેશલી) *ad*. Rashly. ઉતાવળે.
સહસ્ર, (થાઉઝન્ડ) *a*. Thousand. હજાર.
સહાનુભાવ,-ભૂતિ, (સીમ્પથી) *n*. Sympathy. સમ- [ભાવ; દિલસોજી.
સહાય, (હેલ્પ) *n*. Help. મદદ.
સહાયકારક,-કારી, (ઑક્ઝીલીયરી) *a*. Auxilliary.
સહાયમાં વપરાતું-કરનારૂં.
સહી, (સીગ્નેચર) *n*. Signature. દસકત; મહું. Female

friend. સખી. *a*. Right. સાચું. *ad*. Accepted. [કબૂલ; નક્કી.
સહુ, (ઑલ) *a*. All. સૌ; સર્વ.
સહૃદય, (કાઇન્ડ) *a*. Kind. દિલસોજ; માયાળુ.
સહેજ,-સાજ, (લીટલ) *a*. & *ad*. Little. થોડું.
સહેલ, *a*. Easy. સહેલું. *n*. Merriment. મોજમજા.
સહેલું.-સટ, (ઇઝી) *n*. Easy. મુશ્કેલ નહિ એવું.
સહેવું, (બેર) *vt*. Bear. સહન કરવું; ખમવું.
સહ્ય, (બેરેબલ) *a*. Bearable. સહી શકાય એવું.
સહ્યભેદ, *n*. Potential mood. કર્મણીપ્રયોગ.
સળગવું, (બર્ન) *vt*. Burn. બળવું.
સળેખમ, (કોલ્ડ) *n*. Cold. શરદી; એક રોગ.
સંકટ, (કૅલૅમીટી) *n*. Calamity. દુઃખ; આફત.
સંકડાવું, *vt*. Be crowded. ભચડાવું.
સંકલન,-ના, *n*. Act of collecting. એકઠું કરવું તે.
સંકલિત,-ચિત,-ગ્રહિત, *a*. Collected. એકઠું કરેલું.
સંકલ્પ, *n*. Resolve. નિશ્ચય; મનસૂબો. Fancy. તરંગ.
સંકુચિત, (નૅરો) *a*. Narrow. સાંકડું.
સંકેત, *n*. Hint. ઇશારો. Prearranged secret arrangement. અગાઉથી કરેલી છૂપી ગોઠવણ.
સંકેલવું, (વીન્ડ અપ) *vt*. Wind up. સમેટી લેવું.
સંકોચ, (વૉન્ટ) *n*. Want. તંગી. Modesty. લજ્જા.
સંકોચવું,-ડવું, (ક્લોઝ) *vt*. Close. બીડી દેવું.
સંકોરવું, *vt*. Stir up. પ્રજ્વલિત કરવું.
સંક્ષિપ્ત, (શૉર્ટ) *a*. Short; concise. ટૂંકું.
સંક્ષુબ્ધ, (પરપ્લેક્સ્ડ) *a*. Perplexed. ખળભળી ઊઠેલું.

સંક્ષોભ, *n*. Commotion. ખળભળાટ; ગભરાટ.
સંખ્યા, (નંબર) *n*. Number. આંકડો.
સંગ, *n*. Association. સંયોગ. Company. સોબત.
સંગમ, *n*. Union. મેળાપ. Junction. મેળાપ. Confluence. બે નદીઓનું મીલન–તે સ્થાન. [સોબત.
સંગાથ,–થાત,–ગતિ, (કંપની) *n*. Company. સાથ;
સંગીત, (મ્યુઝીક) *n*. Music. વાદન. Singing. ગાયન.
સંગીતકાવ્ય, (લીરીક) *n*. Lyric. એક પ્રકારનું કાવ્ય.
સંગીન, *a*. Hard. મજબૂત. *n*. Bayonet. બંદૂકની નળીને છેડે ઘાલવામાં આવતું ભાલા જેવું અણીદાર પાનું.
સંગમરમર, (માર્બલ) *n*. Marble. આરસપહાણ.
સંગ્રહ,–ઘરો,–ચય, *n*. Collection. સંઘરેલો જથો.
સંગ્રહણી,–ઘરણી, (ડીસેન્ટ્રી) *n*. Dysentery. એક રોગ.
સંગ્રહસ્થાન, *n*. Musuem. જાણવાજોગ વસ્તુઓનો
સંગ્રામ, (બૅટલ) *n*. Battle. યુદ્ધ. [સંગ્રહ–તે સ્થાન.
સંઘરવું,–ગ્રહવું,–ચવું. *vt*. Gather. એકઠું કરવું. Hoard. જમા કરવું. [ઘસાવું કે અથડાવું તે.
સંઘર્ષ,–ણ, (ફ્રીકશન) *n*. Friction. બે વસ્તુઓનું
સંચરવું, (ગો) *vt*. Go. જવું. Enter. દાખલ થવું.
સંચળ, *n*. Chloride of sodium. એક ક્ષાર.
સંચાલક, (ડીરેકટર) *n*. Director. ચલાવનાર.
સંચો, (મશીન) *n*. Machine. યંત્ર.
સંજોગ, (કોઇનસીડન્સ) *n*. Coincidence. સંયોગ; ભેટો. Circumstance. પરીસ્થિતિ.
સંજ્ઞા, *n*. Conciousness. ભાન; ચેતના. Underst-

anding. જ્ઞાન; સમજ. Gesture. સાન. Name. નામ.
સંડોવવું,(ઇમ્પલીકેટ) *vt*. Implicate. સપડાવવું; સામેલ
સંત, (સેઈન્ટ) *a*. & *n*. Saint. સાધુ પુરુષ. [કરવું.
સંતતિ,-તાન, (પ્રોજેની) *n*. Progeny. બાલબચ્ચાં.
સંતલસ, (આર્ટીફીસ) *n*. Artifice. ખાનગી મસલત.
સંતાડવું, (હાઈડ) *vt*. Hide. છુપાવવું.
સંતાપ, (એફ્લીકશન) *n*. Atfliction. દુ:ખ; ઉદ્વેગ.
સંતાપવું, (હેરેસ) *vt*. Harass. પીડવું.
સંતાવું,*vt*. Be concealed. છુપાવું; ગુપ્ત રહેવું. [પામેલું.
સંતુષ્ટ,-તોષી, (ગ્રેટીફાઇડ) *a*. Gratified. સંતોષ
સંતોષ, (સેટીસ્ફેક્શન) *n*. Satisfaction. તૃપ્તિ; સમા-
સંતોષકારક, *a*. Satisfactory. સંતોષ આપે તેવું.[ધાન
સંદિગ્ધ, (ડયુબીયસ) *a*. Dubious. અસ્પષ્ટ; સંદેહયુક્ત.
સંદેશ,-શો, (મેસેજ) *n*. Message. કહેણ; ખબર.
સંદેહ, *n*. Doubt. વહેમ; શંકા. [Tidings. સમાચાર.
સંધિ, (યુનીયન) *n*. Union. જોડણી. Joint. સાંધો.
Peace. સુલેહ. [અકડાઇ જવાનો રોગ.
સંધિવા, (રહ્યુમેટીઝમ) *n*. Rheumatism. સાંધા
સંધ્યા,-કાલ,-ળ,-સમય,(ઇવનીંગ) *n*. Evening. સાંજ.
સનિપાત,-નેપાત, *n*. Delirium. ત્રિદોષ; મુંઝારો.
સંન્યાસી, (એસેટીક) *n*. Ascetic સાધુ.
સંપ, (યુનીટી) *n*. Unity એકતા; મેળ.
સંપતિ, (રીચીઝ) *n*. Riches. ધન. [શાસ્ત્ર.
સંપત્તિશાસ્ત્ર, (ઇકોનોમીકસ) *n*. Economics. અર્થ-
સંપર્ક, (કોન્ટેક્ટ) *n*. Contact. સંગ; સંબંધ.

સંપૂર્ણ, *a.* Complete. પરિપૂર્ણ. Finished. સમાપ્ત.
સંપ્રદાન, *n.* Giving. આપવું તે. Gift. દાન. [All. બધું.
સંપ્રદાય, (સેક્ટ) *n.* Sect. પંથ. Custom. ધારો.
સંબંધ, *n.* Relation. જોડાણ; સગાઈ. Betrothal. વિવાહ. Acquaintance. સગું.
સંબંધી, (રીલેટીવ) *a.* & *n.* Regarding. બાબતે.
સંબોધવું, *vt.* Address. કહેવું. Explain. સમજાવવું.
સંભવ, (પૉસીબીલીટી) *n.* Possibility. શક્યતા.
સંભવિત, (પૉસીબલ) *a.* Possible. શક્ય. [વસ્તુ.
સંભારણું, (કીપ-સેક) *n.* Keep-sake. યાદગીરી-તેવી
સંભારવું, (રીમેમ્બર) *vt.* Remember. યાદ કરવું.
સંભાવના. *n.* Possibility. શક્યતા. Fancy. કલ્પના.
સંભાષણ, (ડીસ્કોર્સ) *n.* Discourse. વાતચીત.
સંભાળ, (કેર) *n.* Care. તપાસ; કાળજી.
સંભાળવું, *vt.* Take care. સંભાળ રાખવી.
સંમતિ, (એપ્રુવલ) *n.* Approval. અનુમતિ. Agreement. કબુલાત. [પ્રતિષ્ઠા.
સંમાન, (રીસ્પેક્ટ) *n.* Respect. સન્માન. Credit.
સંમેલન, (ગેધરીંગ) *n.* Gathering. મેળાવડો.
સંયમ, -મન, *n.* Restraint. નિગ્રહ. Check. દાબ.
સંયુક્ત, (જોઈન્ટ) *a.* Joint. જોડાયેલું; યુક્ત.
સંયોગ, -જન, (યુનીયન) *n.* Union. જોડાવું કે ભેગા થવું તે. Connection. સંબંધ. Mixture. મેળવણી.
સંયોગીભૂમિ, -મી, (ઇસ્થમસ) *n.* Isthmus. જમીનના બે મોટા પ્રદેશોને જોડનારી જમીનની સાંકડી પટી.

સંરક્ષણ, (પ્રોટેક્શન) *n*. Protection. રક્ષણ.
સંલગ્ન, (એટેચ્ડ) *a*. Attached. ચોટેલું; વળગેલું.
સંવત, *n*. Era of Vikrama. વિક્રમ સંવત.
સંવત્સર, (યર) *n*. Year. વર્ષ.
સંવત્સરી, *n*. Anniversary. વાર્ષિક મરણતિથિ.
સંવનન, (કોર્ટશીપ) *n*. Courtship. પ્રેમ કરવો તે.
સંવાદ, (ડાયાલોગ) *n*. Dialogue. ચર્ચા; વાતચીત.
સંશય, (ડાઉટ) *n*. Doubt. વહેમ. Fear. દહેશત.
સંશોધન, (રીસર્ચ) *n*. Research. શોધખોળ.
સંસદ, (સોસાયટી) *n*. Society. સભા. [સોબત.
સંસર્ગ, (કૉન્ટેક્ટ) *n*. Contact. સંબંધ. Association.
સંસાર, (યુનીવર્સ) *n*. Universe. જગત. Illusion. માયા. Affairs of life. ગૃહસંસાર.
સંસ્કરણ, (એડીશન) *n*. Edition. આવૃત્તિ.
સંસ્કારી, (પોલીશ્ડ) *a*. Polished. સારી કેળવણી પામેલું.
સંસ્કૃત, (કલચર્ડ) *a*. Cultured. સંસ્કાર પામેલું. *n*. Sanskrit language. ગીર્વાણ ભાષા. [પ્રગતિ.
સંસ્કૃતિ, (સીવીલીઝેશન) *n*. Civilisation. સામાજિક
સંસ્થાન, *n*. Colony. વસાહત. State. રજવાડું.
સંસ્મરણ, –સ્મૃતિ, *n*. Reminisciences. પૂર્વસ્મરણ.
સંહાર, (મેસૅકર) *n*. Massacre. કતલ; નાશ.
સંહારવું, –હરવું, *vt*. Massacre. સંહાર કરવો.
સાકર, *n*. Sugar-candy. ખાંડના પાસાદાર ગાંગડા.
સાક્ષર, (સ્કૉલર) *n*. Scholar. વિદ્વાન; પંડિત.
સાક્ષાત્કાર, *n*. Manifestation. નજરોનજર જોવું તે.

સાક્ષી, (વીટનેસ) *n.* Witness. સાહેદી. Evidence. સાખ.
સાખ, *n.* Attestation. સાક્ષી. Credit. આબરૂ.
સાગ, -વાન, *n.* Teak-wood. જેનાં ઇમારતી લાકડાં બને
સાગરીત, -દ, *n.* Disciple. ચેલો; શિષ્ય. [છે તે ઝાડ.
સાચ, (ટ્રુથ) *n.* Truth. સત્ય.
સાચવણ, -ણી, -ટ, (કેર) *n.* Care. સંભાળ.
સાચવવું, *vt.* Take care of. સંભાળ રાખવી. Pre-
સાચું, *a.* True. ખરૂં; સત્ય. [serve. જતન કરવું.
સાચે, (ઇન્ડીડ) *ad.* Indeed. ખરેખર. [સરસામાન.
સાજ, -સરંજામ, (ઇક્વીપમેન્ટસ) *n.* Equipments.
સાજું, *a.* Healthy. તંદુરસ્ત. Unbroken. ભાગેલું
સાટકો, (લેશ) *n.* Lash. ચાબૂક; કોરડો. [નહિ એવું.
સાટું, (બાર્ગેઇન) *n.* Bargain. સોદો; કબાલો. Cont-
સાટે, *ad.* In return for. ના બદલામાં. [ract. કરાર.
સાણશી, -સી, *n.* Kind of tongs. પકડ જેવું સાધન.
સાત્વિક, (વરચ્યુઅસ) *a.* Virtuous. સદ્ગુણી. Hon-
est. પ્રમાણિક. Mild. નરમ. [ation. સહકાર
સાથ, (કંપની) *n.* Company. સોબત. Co-ope-
સાથળ, (થાય) *n.* Thigh. જાંઘ.
સાથી, (કંપેનીયન) *n.* Companion. સોબતી; મદદગાર.
સાથે, (વીથ) *ad.* With. જોડે; સંગાથે.
સાદ, (વૉઇસ) *n.* Voice. અવાજ; ઘાંટો. Cry. બૂમ.
સાદડી, (મૅટ) *n.* Mat. ચટાઇ. [માનસહિત.
સાદર, (નોન) *a.* Known. જાણીતું. *ad.* Respectfully.
સાદું, (સીમ્પલ) *a.* Simple. ભપકો કે આડંબર

વિનાનું. Plain. સીધું. Neat. કોરું. [સામગ્રી.
સાધન, (મીન્સ) *n.* Means. ઉપાય. Materials.
સાધના, (વર્શીપ) *n.* Worship. સાધવાની ક્રિયા.
સાધવું, (એકોમ્પલીશ) *vt.* Accomplish. પાર પાડવું.
સાધારણ, (કોમન) *a.* Common. સામાન્ય; બધાને લાગુ પડે તેવું. General. ખાસ નહિ એવું. [પવિત્ર.
સાધુ, (સેજ) *n.* Sage. ત્યાગી; બાવો. *a.* Holy.
સાંધ્ય, *a.* Attainable. સાધી શકાય તેવું.
સાન, (હીંટ) *n.* Hint. ઈશારો; સંકેત. Wink. આંખ-મચકારો. Sense. અક્કલ. Self-respect. સ્વમાન.
સાનુકૂલ,-ળ, (ફેવરેબલ) *a.* Favourable. અનુકૂળ.
સાપ, સર્પ, (સ્નેક) *n.* Snake. એક ઝેરી પ્રાણી.
સાપ્તાહિક, (વીકલી) *a.* & *n.* Weekly. અઠવાડિક.
સાફ, (ક્લીન) *a.* Clean. સ્વચ્છ. Plain. સપાટ.
સાબર, *n.* Stag. શિંગડાવાળું હરણ જેવું એક પ્રાણી.
સાબરશિંગુ,-શીંગું, *n.* Stag-horn. સાબરનું શિંગડું.
સાબાશ,-શી,-જુઓ 'શાબાશ.'
સાબિત, (પ્રુવડ) *a.* Proved. સિદ્ધ; પુરવાર.
સાબિતી, (પ્રુફ) *n.* Proof. પુરાવો; ખાતરી. [તેવો પદાર્થ.
સાબુ,-બૂ, *n.* Soap. ક્ષાર અને તેલ મિશ્રિત મેલ કાપે
સામનો, (ઓપોઝીશન) *n.* Opposition. સામે થવું તે; વિરોધ. [નિયત સમયે પ્રગટ થતું છાપું.
સામયિક, *a.* Timely. સમયોચિત. *n.* Newspaper.
સામર્થ્ય, (સ્ટ્રેગ્થ) *n.* Strength. બળ; શક્તિ. [યોદ્ધો.
સામંત, *n.* Petty chief. ખંડિયો રાજા. Warrior.

સામાજીક, (સોશ્યલ) *a.* Social. સમાજ સંબંધી.
સામાન, (ગુડ્ઝ) *n.* Goods. સામગ્રી; સાહિત્ય.
સામાન્ય, (કોમન) *a.* Common. ખાસ નહિ એવું. General. સાધારણ. [વર્ગને લાગુ પડતું નામ.
સામાન્ય નામ, *n.* Common noun. કોઇ એક આખા
સામુદ્રધુની, *n.* Strait. બે મોટા સમુદ્રને જોડનારી
સામું, *a.* Opposite. સામે આવેલું. [પાણીની ખાડી.
સામ્ય, *n.* Equality. સમાનતા. [રાજ્યોનો સમૂહ.
સામ્રાજ્ય, *a.* Empire. એક હકુમત નીચે આવેલાં અનેક
સાયંકાલ, –ળ, (ઇવનીંગ) *n.* Evening. સાંજ.
સાર, (બેસ્ટ) *a.* Best. ઉત્તમ. *n.* Essence. કસ; સત્વ. Summary. સારાંશ. Profit. લાભ. Zeal. ઉમંગ.
સારવાર, (નર્સીંગ) *n.* Nursing. સેવાચાકરી; બરદાસ્ત.
સારવું, (બોર) *vt.* Bore. કાણું પાડવું.
સારંગ, *n.* First mate of the ship. વહાણના કપ્તાનનો મદદનીશ. Tune. રાગ. Antelope. મૃગ.
સારંગી, (ફીડલ) *n.* Fiddle. એક તંતુવાદ્ય.
સારાંશ, (સબસ્ટંસ) *n.* Substance. ભાવાર્થ; મતલબ.
સારીગમ, *n.* Notation. સંગીતના સાત સ્વર.
સારૂ, *ad.* For. ને માટે; વાસ્તે. [સમસ્ત. *int.* Well. ભલે.
સારૂં, *a.* Good. શુભ. Beautiful. સુંદર. Whole.
સાર્વજનિક, *a.* Public. જાહેર. Common. સર્વ લોકનું.
સાલ, (હીન્ડ્રન્સ) *n.* Hindrance. નડતર. Year. વર્ષ.
સાલવું, (પીંચ) *vt.* Pinch. ખટકવું. Ache. દુઃખ થવું.
સાલાર, (ચીફ) *a.* Chief. આગેવાન; મુખ્ય.

સાલિયાણું, (એન્યુઇટી) *n*. Annuity. વર્ષાસન.
સાવ, (હોલી) *ad*. Wholly. તદ્દન. [ઓરમાયું.
સાવકું, *a*. Related to a different mother.
સાવચેત,-વધ,-વધાન, *a*. Careful. હોંશિયાર. Vigi-
સાવજ, (ટાઇગર) *n*. Tiger. વાઘ. [lant. સચેતન.
સાવચેતી, -ધાની, (વીજીલંસ) *n*. Vigilance. જાગૃતિ.
સાવરણી, (બ્રુમ) *n*. Broom. પૂંજો વાળવાનું સાધન.
સાવિત્રી, *n*. Sun-beam. સૂર્યનું કિરણ. Gayatri.
સાશંક, (ડાઉટફુલ) *a*. Doubtful. શંકાવાળું.[ગાયત્રી.
સાસુ, *n*. Motehr-in-law. વર કે વહુની મા.
સાહસ, (એડવેન્ચર) *n*. Adventure. જોખમભરેલું કામ.
Rash act. અવિચારી કામ. Boldness. હિમ્મત.
સાહસિક, -સી *a*. Enterprising. સાહસ કરનારૂં.
સાહાય્ય,-ય્ય, (હેલ્પ) *n*. Help. મદદ. [વાઙ્મય.
સાહિત્ય, *n*. Implement.સાધન;સામગ્રી. Literature.
સાહેબ, (ઓનર) *n*. Owner. ધણી. Big man. મોટો
માણસ. European. ટોપીવાળો. God. ઈશ્વર.
સાહેલી, *n*. Female friend. સખી.
સાળ, (લુમ) *n*. Loom. કપડાં વણવાનું ઓજાર.
સાળવી, (વીવર) *n*. Weaver. કપડાં વણનાર; વણકર.
સાળી, *n*. Sister-in-law. વહુની બહેન.
સાળો, *n*. Brother-in-law. વહુનો ભાઇ.
સાંકડું, (નેરો) *a*. Narrow. પહોળાઇમાં ઓછું.
સાંકળું, *n*. Anklet. પગનું ઘરેણું. [સંકેતવાળું.
સાંકેતિક, *a*. Technical. પારિભાષિક. Symbolic.

સાંખવું, *vt*. Bear. સહન કરવું. Tolerate.ક્ષમા કરવી.
